“ વૈદ્યકલ્પતરૂ ” મ

આંખના રો

કિંમત રૂ૦

"વૈદ્યકલ્પતરૂ" માસિકની ૨૯ મા વર્ષની ભેટ.

આંખના સામાન્ય રોગો.

લેખક,

જાદવજી હંસરાજ વૈદ્ય.

ડી. ઓ. એમ. એસ. (લન્ડન) એલ. એમ. એન્ડ એસ. (મુંબઈ)
કનસલ્ટીંગ ઓફથેલમીક સરજ્યન બમનજી દીનશા પીટીટ પારસી
જનરલ ઈસ્પીતાલ, મુંબઇ યુનીવર્સીટીની એમ. બી બી. એસ. ની
પરીક્ષામાં નેત્રરોગના પરીક્ષક, માજી ચીફ મેડીકલ ઓફીસર
કચ્છ રાજ્ય, નામદાર કચ્છાધિપતિ મહારાવશ્રીજીના
માજી રાજવૈદ્ય ઈત્યાદિ.

પ્રકાશક,

વૈદ્ય રવીશંકર જટાશંકર ત્રિવેદી.
તંત્રી "વૈદ્યકલ્પતરૂ."
નં. ૭૪ રીચીરોડ, અમદાવાદ.

સંવત ૧૯૮૦. ઇ. સ. ૧૯૨૪.
પ્રથમ આવૃત્તિ. પ્રત ૨૦૦૦.

કિંમત રૂ. ૧-૪-૦.

અમદાવાદ—સલાપોસ રોડ,
શ્રી ડાયમંડ જ્યુબીલી પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

શ્રાધાંજલિ.

વૈદ્યરાજ હંસરાજ આણંદજી તે મારા પરમ પૂજ્ય સ્વર્ગસ્થ
પિતાજી, જેઓએ परोपकाराय सतां जिवितम् એ સૂત્ર
પ્રમાણે પોતાનું આખું જીવન કચ્છના ગરીબ અને તવંગર
દરદીઓની સેવામાં ગાળેલું, પોતાના શરીરની પણ
દરકાર ન કરતાં દરદીઓની રાત દિવસ માવજત
કરવી એજ જેમનો વ્યવસાય હતો, કચ્છ
આખાના અને ખાસ કરી ભુજના પ્રજાજનો
તેમજ રાજ્યકુટુંબ જેને આજ દિવસ
સુધી પણ એક આદર્શ વૈદ્ય
તરીકે યાદ કરે છે, તેઓને
મારી पुत्रस्य पुत्रता તરીકે
આ શ્રાધાંજલિ
અર્પણ કરૂં
છું.

ભાટીઆ સદ્ગૃહસ્થ રાજવૈદ વૈદરાજ ઠક્કર હંસરાજભાઇ આણંદજીનું જીવન વૃત્તાંત.

લખનાર ભુજનિવાસી મકનજી વાસુદેવ ભટ્ટ.

શાર્દૂલ વિક્રીડિત વૃત્તઃ

જેને આ અવની વિષે અવતરી સત્કાર્ય તો ના કર્યા,
જેણે જન્મ ધરી કરી પરતણાં દુઃખો ન કોડે હર્યાઃ
જેણે કીર્ત્તિ સુવાસથી અમરનાં પદ્દની ન પ્રાપ્તિ કરી,
તેણે જન્મ ધર્યો મુકુંદ અમથો ચાલ્યો જ ફેરો ફરી. ૧

જગદોત્પાદક જગતના નાથ શ્રી જગદીશ્વરે આ સમસ્ત સૃષ્ટિમાં ઉદ્દભિજ, અંડજ, સ્વેદજ અને જરાયુજ એમ ચાર જાતિના જીવોની ઉત્પત્તિ કરી છે, તેમાંથી જરાયુજ જાતિમાં સૃષ્ટાએ સર્વોત્તમ અમૂલ્ય મનુષ્ય દેહ સરજેલ છે. એ દેહધારી મનુષ્યોના વેદે ચાર વર્ણ સ્થાપ્યા છે. બ્રાહ્મણ, ક્ષત્રી, વૈસ્ય અને શુદ્ર. તથા તે વર્ણનાં ચાર આશ્રમ બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થ અને સન્યસ્થ એમ નિર્માણ કરેલ છે. પ્રત્યેક જાતિમાંના દેહધારી મનુષ્યે પોતપોતાનાં આયુષ્ય પ્રમાણે પ્રત્યેક આશ્રમમાં વેદ વચનાનુસાર સદ્દગુણો ગ્રહી સદ્દવર્તને વર્તી દેહ જન્મનું સાર્થક કરી આત્માને અક્ષય સુખનો ભોક્તા બનાવવા માટે મોક્ષ મેળવવાનો છે. એ સર્વોત્તમ્ સત્કાર્ય મોક્ષ મેળવવામાં ફળીભુત થવાને આ ઉત્તમ મનુષ્ય દેહ કે જે અનેક કોટિ યોનીઓમાં જન્મ ધારણ કર્યા પછી પરમાત્માની પૂર્ણ કૃપાથી પ્રાપ્ત થાય છે, તેને ચિરકાળ ટકાવી રાખવાથી આયુષ્ય પણ અધિક લંબાય તે કારણે એવા ઉત્તમ દેહનું પૂર્ણ સંભાળથી રક્ષણ કરવાની કાર્ય સાધનામાં તત્પર રહેવું એજ મનુષ્યોનું મુખ્ય કર્તવ્ય છે.

આયુષ્ય નિર્માણમાં તેવા ઉત્તમ દેહને આધિ–ઉપાધી–વ્યાધિથી

અસ્ત જોવાય છે અને તે નિમિત્તે આયુષ્યમાં ન્યૂનતા થવાનું કલ્પાય છે. તે જીવ દેહને તેથી રક્ષવા અને આયુષ્યમાં વૃદ્ધિ કરવા મનોનિગ્રહ સમદમાદિ યોગો, પ્રાણાયામ તથા ઔષધોપચારોની આવશ્યક છે અને તેમ કરવાથી આયુષ્યમાં વૃદ્ધિ થતાં તે મનુષ્યદેહ પોતાનું તથા અન્ય જીવોનું અધિક કલ્યાણ કરવા શક્તિવાન થાય છે, જીવ દેહને તેવી વ્યાધિયોથી મુક્ત કરવા વિશેષમાં સંત સમાગમ, સદ્દગુરૂ સેવા, શ્રદ્ધાદિ સદ્દગુણો સાથે ભગવદ્ ભક્તિ અને વૈદ, હકીમો તથા ડાક્ટરોની પણ સહાયની આવશ્યકતા છે; માટે મનુષ્યે દુર્લભ દેહ જીવના રક્ષણાર્થે આયુષ્ય નિર્માણમાં તેવી સહાય મેળવી આનંદી જીવન ગાળી પોતાના દેહાત્માનું અને અન્ય જગ જીવોનું વિશેષ કલ્યાણ કરવા સમર્થ થવું એજ ઉત્તમ પુરૂષોનું અત્યોત્તમ કાર્ય તથા તેનાં જીવનનું સાર્થક છે.

આ જગતમાં જન્મધારી મનુષ્યોમાંથી જેનું હૃદયકમળ પવિત્ર સદ્દગુણોથી સદા પ્રફુલિત છે, તથા જેનું સદ્દવર્તન અને જેની નિર્મળ પ્રેમ લાગણીવાળી પરોપકારી મનોવૃત્તિએ અન્યજનોના અંતરમાં પોતાનાં સદાચારી સદ્દવર્તનની પૂર્ણ છાપ પાડી છે; વળી જે જનકલ્યાણ કરવામાં સતત અનુરાગી આગ્રહી છે, તેવા પુરૂષરત્નનો **कालो जगत् भक्षक** એ નિયમે દેહાન્ત તો થાય છે, તો પણ તેની સુવાસના તથા ઉજવળ કીર્ત્તિ જગતમાં જન વદને ગવાતી જોવાય છે અને તેથી તેવા વીર નરરત્નો આલોક પરલોકમાં પોતાનું નામ અમર કરી રહ્યા છે એવાં અનેક શાસ્ત્રોનાં પ્રમાણ વચનો છે, તો પછી તેવા પુરૂષોએ પોતાના દેહનું, જન્મનું, જીવનનું અને આત્માનું સર્વોત્તમ કલ્યાણ કર્યું, એમ માનવું પણ ઉચિત ગણાય. આવાં પ્રમાણ વચનાનુસાર જે પુરૂષ પોતાનાં સદ્દગુણ સદાચાર અને સદ્દવર્તનથી આ લોકમાં પોતાની ઉજવળ કીર્ત્તિનો પ્રસાર કરી પોતાનું નામ અમર પદમાં મૂકી સ્વધામ સંચર્યા છે તેમાંના એક પુરૂષ લોકપ્રિય પરોપકારી નરરત્ન વૈદરાજ હંસરાજભાઇ જે પ્રભુ

કૃપાથી પરમાત્માના અક્ષય ધામમાં નિવાસ કરી રહ્યા છે, તે મારા મિત્રવર્ય હોતાં તેના જીવન સંબંધમાં આ સ્થળે હું બે શબ્દ લખવા ઉચિત ધારૂં છું. કારણ કે દેહની વ્યાધિ ટાળી તેનું સંરક્ષણ કરવાનું મુખ્ય સાધન વૈદ અને ઔષધ છે; આ ગ્રંથ પણ વૈદકનો છે. અને તેના કર્ત્તા પણ લોકપ્રિય માનનીય યશસ્વી સભ્ય સુજ્ઞ સદ્‌ગુણી તથા વિબુધ બુદ્ધિશાળી વિદ્વાન મહાન ઉત્તમ પદધારી વૈદ ડાક્ટર છે. આ જીવન વૃત્તાંત પણ વૈદરાજનું લખવું છે અને તેઓ આ ગ્રંથકર્તાના પુજ્ય પિતાશ્રી છે. એટલે સ્વર્ગસ્થ વૈદરાજ હંસરાજભાઇનું જીવન વૃત્તાંત આ સ્થળે લખવું ઉત્તમ માની મારા પરિચય અને અનુભવાનુસાર ટુંકામાં નીચે પ્રમાણે લખું છું:-

વૈદ નરરત્ન ઠા. હંસરાજભાઇનો જન્મ સામાન્ય સ્થિતિનાં માતાપિતાને ઘેર કચ્છ પ્રાંતના ભુજ તાલુકાનાં ગામ નીરોણામાં સદ્‌ગુણી સુશીળ સતી માતુશ્રી જમનાંબાઇના ઉદરથી સાં. ૧૯૦૨ માં થયો હતો. તેમના પુજ્ય પિતાશ્રી ઠા. આણંદજી તેજપાળ સ્વભાવે શાન્ત સાદા સદ્દવર્તનવાળા પવિત્ર રહેણી કરણી સાથે ભલા ભગવદ્ ભક્ત હતા. તેમને પાંચ પુત્ર રત્ન હતાં. પુત્રીનો અભાવ હતો. એવા છ પુત્ર પરિવાર વાળા પ્રતિષ્ઠિત ભાગ્યશાળી તેના પિતાશ્રીની લક્ષ્મી સંબંધીની સ્થિતિ નબળી હોવાથી વૈદ હંસરાજ પોતાનું જન્મ ભૂમિસ્થાન ગામ નીરોણા તજી ત્રણ વર્ષની નાની વયે રાજનગર ભુજમાં પોતાને મોસાળ નાના ગોકુળદાસ છત્તાણીને ઘેર આવી રહ્યા હતા. ઠા. ગોકુળદાસના પુત્ર રત્ન જે રામભા જે નાડી પરીક્ષામાં સર્વોત્તમ પ્રતિષ્ઠિત કુશળ રાજવૈદ હતા; ત્યાં રહી તેમણે વૈદકના વિવિધ શ્રેષ્ઠ ગ્રંથોનો બુદ્ધિ બળે ઉત્સાહથી ઉત્તમ અભ્યાસ કરી, શરીર રોગ ચિકિત્સા અને નાડી પરીક્ષાદિનો પૂર્ણ અનુભવ લઇ, વૈદના કાર્યમાં તે કુશળ થયા. તેનામાં બુદ્ધિની પ્રબળતા, ચપળતા સાથે સ્મરણ શક્તિ અધિક હતી. વિશેષમાં આત્મ કાર્યમાં યશસ્વી અને કુશળ થવાની ઉત્સાહી આગ્રહી મનોવૃત્તિ હતી, તેથી

તેમણે પોતાની સત્તર વર્ષની અવસ્થાએ એટલે સંવત્ ૧૯૧૯ માં વૈદના સ્વયં ધંધાનો આરંભ રાજનગર ભુજમાં કર્યો. તેનાં ઉત્સાહી પવિત્ર હૃદયમાં ઉચ્ચ સદ્ગુણોએ વાસ કરેલો તેથી પરમાત્માની પૂર્ણ કૃપા મેળવી પોતાનાં વૈદ કાર્યમાં પ્રતિદિન સુયશ પ્રાપ્ત કરી તેમાં તે આગળ પડતા થયા. તેમણે પોતાનાં સરળ વર્તન અને નમ્ર કોમળ મધુર વચનોથી તથા અક્રોધી આનંદી પરોપકારી પરપિડગ્રાહી, નિર્લોભી પ્રેમાળ લાગણી સાથે ભલા સ્વભાવવાળી મનોવૃત્તિથી જનમંડળના અધિક વિશ્વાસપાત્ર થઇ અધિકાધિક લોકપ્રિય થવા લાગ્યા.

વૈદ્યવિદ્યાવીર તે ભાગ્યશાળી પુરૂષનું શરીર સ્થૂલ નહિ તેમ પાતળું પણ નહોતું. લાંબુ નહિ તેમ ટુંકું નહોતું, કિન્તુ મધ્યમ કદનું સુંદર ઘાટીલું હતું. ચાલ હસ્તી સમાન ધીમી ઝુલતી હતી. મુખમુદ્રા ગંભીર અને શાન્ત તથા લલાટ પ્હોળુ તેજસ્વી હતું. વર્ણ ગૌર હતો. શરીર અંગોનાં સામુદ્રિક ચિન્હો પણ સારાં હતાં. તેને જોતાંજ જોનારને ત્વરિત છાપ પડતી કે આ કોઇ ઉત્તમ પ્રારબ્ધી ભાગ્યશાળી પુરૂષ છે. તેનાં સુભાગ્ય કીર્ત્તિ તથા યશ-નામના અને સામુદ્રિક ચિન્હોનો અધિક લાભ લેવાનો અને લોકોની અધિક પ્રીતિ સંપાદન કરી લોકપ્રિય થવાનો સમય તેની ૩૩ વર્ષની ભરયુવાનીમાં સંવત્ ૧૯૩૫ માં આવ્યો. તે સાલમાં ભયંકર પ્રચંડ જ્વર (તાવ) વ્યાધિએ અનેક રૂપે પોતાનું કાળ સ્વરૂપ પ્રકટયું અને કચ્છ દેશમાં તથા વિદેશમાં વસતા મનુષ્યો ઉપર પોતાની પ્રબળ શક્તિ તેણે ચલાવવા માંડી. તેવા પ્રબળ તાવ શત્રુનો યુદ્ધમાં પરાભવ કરી જય મેળવવા વીર વૈદ હંસરાજ ઉત્તમ ઔષધોપચાર રૂપી શસ્ત્રાસ્ત્રથી સજ્જ થઇ તેના સામે ભેટયા. તે તાવે પોતાનો પ્રયોગ મનુષ્યો ઉપર એવાં બળથી ચલાવ્યો કે તેમાંનાં કેટલાંકનાં તો એક બે ત્રણ દિવસમાં જીવન હરિ તેને સ્વધામ પોહોંચાડવા માંડયાં. તેવા પ્રચંડ પાંત્રીસા તાવકાળમાં પોતે અભયતાથી તેનો પરાભવ કરવા બે માસ નિદ્રાનો ત્યાગ કરી પોતાનાં ઔષધાદિરૂપ

સજ્ઞ અગ્નઆદિથી તથા પોતાના ઉત્તમ પુરૂષાર્થ પરિશ્રમથી અહર્નિશ લાંબો સમય લડત ચલાવી, તેનો પરાભવ કરી, ઘણાં મનુષ્યોની સંપૂર્ણ રીતે રક્ષા કરી હતી. એવાં ઘણાં દૃષ્ટાંતો છે કે પાંત્રીસા તાવમાં ચોકા ઉપર નાંખેલાં ઘણાં મનુષ્યોને વૈદ હુંસરાજે પોતાના ઔષધોપચારોથી ઉગાર્યા હતા. તેમાંનાં કેટલાંક મનુષ્યો હમણાં પણુ આયુષ્ય ભોગવતાં જણાય છે. તે સમયથી તેની નામના સાથે સુયશ અને ઉજ્વળ કીર્તિ વધારે પ્રસર્યાં. તથા લોકોની શ્રદ્ધા, ભક્તિ અને વિશ્વાસ તેનામાં અધિક સ્થપાયાં. એટલે વૈદરાજ હુંસરાજ વિશેષ પ્રસિદ્ધિમાં આવી અધિક લોકપ્રિય થઇ પડયા.

વૈદ હુંસરાજભાઇએ પોતાનાં સ્વબાહુ બળે આપકર્મી થઇ પ્રધાન મંડળમાં અને અન્ય મુસદ્દી તથા સર્વ પ્રજા વર્ગમાં ઉત્તમ વૈદ વિદ્યા બળે અને સદ્દ્વર્તને તથા નિર્લોભી અને નમ્રગુણે પ્રતિદિન અધિક લોકપ્રીય થઇ વિશેષ નામના મેળવતા ગયા એટલે જનમંડળમાં તે વૈદરાજ મનાયા. દેશવિદેશમાં તથા રાજદરબારમાં પણુ તેની સત્કીર્તિએ વિશેષ વૃદ્ધિ કરી; તેથી ભૂપતિ ભૂષણુ નૃપેંદ્રમણિ શ્રેષ્ઠ સદગુણી વર્તમાન કચ્છાધિપતિ શ્રીમન્મહારાજાશ્રીએ તથા તેનાં રાજકુટુંબે પૂર્ણ કૃપાથી તેને રાજવૈદ સ્થાપ્યા; અને વિશેષમાં ગુણુગ્રાહી જનપરીક્ષક કચ્છ ભૂપતિ શ્રી ખેંગારજી સવાઇ બહાદુર જી. સી. આઇ. ઈ., જી. સી. એસ. આઇ. પદ ધારનાર નૃપવરે વૈદરાજનો જનહિતાર્થે વિશેષ પરીશ્રમ પેખી તેની વૈદવિદ્યાનું નિરક્ષણુ કરી રાજવૈદના વિશેષ માનમાં રાજખર્ચે તેને બેસવા માટે અશ્વવાહન તથા કોરી ૧૨૦૦નું વર્ષાસન કરી આપ્યું. આવું ઉત્તમ રાજમાન અને સર્વની પૂર્ણ કૃપા મેળવ્યા છતાં તે પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં સુધી તેવાં માનમદથી કદિ છલકયાજ નહોતા. પોતાનાં સાદા વર્તનથી તે નિરાભિમાની વૈદે પોતે જાતે તે અશ્વવાહનનો ઉપયોગ કદિ કર્યોજ નહિ; તેનાં એવાં મદરહિત સરળ સાદાં વર્તન માટે તેને ધન્યવાદજ ઘટે છે. તેના અપરિચિત જનને

મારા લખવામાં કદિ કંઇ અતિશયોક્તિ લાગશે કિન્તુ સત્ય વાત નિર્ભયતાથી લખવી જ જોઇએ. કચ્છ રાજ્યના તે વખતના રા. રા. ચીફ મેડીકલ ઓફીસર ડાક્ટરસાહેબ વૈદની પ્રસંશા સાંભળી તેના ઉપર સર્વદા અપ્રસન્ન રહેતા. તો પણ તે વૈદ પોતાની સહનશીળ- તાથી તેમનું માન સાચવી આત્મકાર્ય નિર્ભયતાથી અડગપણે કર્યાજ જતા. ગંગોદક સમાન પવિત્ર મનનાં સૌ. શ્રી પાટમહારાણી તથા શ્રી રાજકુમારો આદિ રાજકુટુંબ બાધા ઉપચાર માટે ડૉક્ટરની દવા દેખાવ માટે મંગાવતા, પરંતુ સત્ય શ્રદ્ધા તો આ વૈદમાંજ એટલે ઔષધ પડીકાં તો આ વદનાંજ લઇ બાધા મુક્ત થતાં. પ્રધાન મંડળમાંના કેટલાક તો ડાક્ટરની દવા મંગાવતાજ નહિ, અને જે મંગાવતા તે પણ રાજકુટુંબની રીતેજ કરતા. પ્રજાવર્ગમાંનાં કેટલાંકનું વર્તન પણ તેમજ હતું; વ્યાધિ ટાળવામાં તે ઘણા પ્રવીણ અને કુશળ એટલે સર્વે જનો તેનાં ઔષધોનો ઉપચાર કરતા. વ્યાધિગ્રસ્ત નિર્ધન જનો તથા કેટલાંક અન્ય જનો તેને દૈવી વૈદ માનતા; અને તેનામાં એવી શ્રદ્ધા રાખતાં કે તેનાં પડીકાં ઔષધ અને તેનું ગૃહાગમન જાણે પોતાને વ્યાધિ મુક્ત કરી આરોગ્યતા જ આપશે એવું માનતાં અને પરમાત્માની પૂર્ણ કૃપાથી અને વૈદની યશરેખાની પ્રબળતાથી થતું પણ તેમજ. એવી શ્રદ્ધા ભાવનાવાળાં મનુષ્યોનાં ઘણાં દૃષ્ટાંતો છે. તે લખતાં ઘણું લંબાણ થાય એટલે લખ્યાં નથી. વ્યાધિગ્રસ્ત દરિદ્રીના તે જીવન સ્તંભ આધાર હતા; પશ્ચાત સમયમાં દેશી સાથે તે કેટલીક ઇંગ્લીશ દવાનો ઉપયોગ કરતા. તેની ઉજવળ કીર્તિ કિરણો વિદેશમાં પણ અધિક પ્રસરેલાં તેથી ઉદ્યમાર્થે વસતા દેશના વ્યાધિગ્રસ્ત વિદેશવાસીઓ વ્યાધિમુક્ત થવા વૈદરાજ હંસ- રાજભાઇ પાસે ભુજ આવતા અને તેઓ તેના ઔષધોપચારોથી વ્યાધિ મુક્ત થઈ પ્રસન્નતાથી પાછા પોતાના ઉદ્યમાર્થે વિદેશ વિચ- રતાં અદ્યાપિ તેના ગુણો ગાતાં—ઘણાં જનો જોવાય છે. ન્હાનાં બાળ- કોને વ્યાધિથી મુક્ત કરવામાં તે સર્વોત્તમ વૈદ હતા; સ્નેહ સંબંધ અને નાતો સાચવવાનો તથા સ્વામિ ભક્તિનો ગુણ તેનામાં શ્રેષ્ઠ

હતો; નાડી અને વ્યાધિ પરીક્ષામાં તથા શરીર ચિકિત્સા કરવામાં તે અતિ પ્રવીણુ હતા; નિયમિત રહેવાની સાથે તે મિતાહારી હતા; વ્યવહાર પક્ષમાં તે વધારે ભાગ લેતા નહિ; સ્વજ્ઞાતિમાં અને રાજ્ય પ્રજાવર્ગમાં તે અગ્રણી ગણાતા; પરંતુ જ્ઞાતિ કાર્ય વ્યવહારાદિમાં તે ઓછું લક્ષ આપતા; નરમાસથી મધુર વચને ગંભીર પણ અર્થયુક્ત બહુ થોડું બોલતા; તેનું મુખારવિંદ હસતું આનંદી નિર્ખાતું; પરમાત્માની કૃપાથી શરીર સંપત્તિ પણ સારી હતી; કચ્છ પ્રાંતમાં અને ભુજમાં વર્તમાન સારા વૈદો છે, પરંતુ તેમનાથી વૈદ હંસરાજ ભાઇની ખોટ બધી રીતે પૂરી પાડી શકાય તેમ નથી; "તે તો તેજ હતા" એવું અદ્યાપિ અનેક જનો એક અવાજે બોલે છે. તેમણે પોતાનાં જીવનમાં વૈદકાર્યકુશળતાથી અને નમ્ર સદ્‌વર્તનથી સારી સંપત્તિ પ્રાપ્ત કરી હતી; પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં સુધીમાં તેમણે નિર્મળ મને અને સદગુણોએ એક સરખી સરળ રહેણી કરણી રાખી હતી; એવા લોકપ્રિય, વૈદરત્ન, રાજવૈદ, હંસરાજ વૈદનાં નામને આથી અનેકવાર અભિનંદ આપવું ઉચિત છે.

આ જગતમાં જેનો "ઉદય તેનો અસ્ત" "નામ તેનો નાશ" અને "જન્મ તેનું મરણુ" એવા સૃષ્ટિક્રમ નિયમાનુસાર આયુષ્ય નિર્માણુ પ્રમાણે રાજવૈદ હંસરાજભાઇનો પણ અવસાન કાળ આવ્યો; તેણે અનેક જનમંડળનાં અનેક આશિર્વચનો મેળવી ૬૭ વર્ષની અવસ્થાએ સંવત ૧૯૬૯ ના શ્રાવણ વદિ ૧૨ ની તિથિએ આ ક્ષણિક અસાર સંસાર ત્યજી પરમાત્માના અક્ષય ધામમાં નિવાસ કર્યો; તેના અવસાન કાળથી તેની વિદ્યાએ, પ્રેમાળ નિર્મળ લાગણીએ, નમ્ર સાદાં સદ્‌વર્તને, સદ્‌ગુણોએ અને વિશેષ લોકપ્રિયતાએ સર્વત્ર જનમંડળમાં અત્યંત શોક છવરાવ્યો. છેવટ પરમાત્મા પ્રત્યે મારે માત્ર એટલીજ પ્રાર્થના નમ્રતાથી કરવાની કે એવા લોકપ્રિય, વૈદમણી, પરોપકારી નરરત્ન રાજવૈદ હંસરાજભાઇના પવિત્ર તેજસ્વી આત્માને આપ આપનાં તેજોમય સ્વરૂપમાં સર્વદા સમાવો વિરામો. અસ્તુઃ

સ્વધામવાસી રાજવૈદ હંસરાજભાઇએ પોતાની પાછળ બે પુત્રરત્ન જાદવજી તથા નરશી મૂક્યાં છે; પુત્રી રત્નનો તેને અભાવ હતો; તેમાંથી જ્યેષ્ઠ પુત્ર નરરત્ન જાદવજીભાઇએ જેનો જન્મ તેમનાં ગંગોદક સમાન પવિત્ર સદ્‌ગુણી સુશિળ પ્રતિવ્રતા માતુશ્રી પૂરબાઇ કાનજીનાં ઉદરથી સંવત ૧૯૪૦ ના આષાડ સુદિ ૧૫ ની તિથિએ થયો; તેમણે પોતાના ઉચ્ચ બુદ્ધિબળથી અને પ્રબળ શિઘ્ર સ્મરણ શક્તિથી ગુજરાતી તથા અંગ્રેજી વિદ્યાનો મેટ્રિક સુધીનો અભ્યાસ રાજનગર ભુજમાંજ નાની વયે પૂર્ણ કરી મેટ્રિકની પરીક્ષામાં ફળીભુત થયા; ત્યાર પછી મુંબઇમાં આવી કૅાલેજનું શિક્ષણ લઇ પશ્ચાત્‌ માનનીય રાજ્યની સ્કૅાલરશીપ મેળવી મેડીકલ કૅાલેજમાં ઉત્તમ અભ્યાસ કરી એલ. એમ. એન્ડ એસ. આદિનાં શ્રેષ્ઠ પદ પામ્યા; ડૅાક્ટરનો અભ્યાસ પૂર્ણ થતાં મુંબઇથી ભુજ આવી પોતાનાં માતપિતાશ્રીની અને કુટુંબની સેવામાં રહી સ્વતંત્ર ઇસ્પિતાલ ઉઘાડી, અંગ્રેજી ધોરણે ડૅાક્ટરનાં કાર્યની શરૂઆત કરી; તેનામાં પણ પોતાના પિતાશ્રીના જેવાજ ઘણા ઉચ્ચ સદ્‌ગુણો હોતાં તેમણે મહારાજા, રાજકુંટુંબ અને પ્રજા વર્ગમાં વિદ્યા બળે ઉત્તમ કીર્તિ, નામના, સુયશ સાથે મેળવી સર્વના ઉત્તમ માનનીય થયા; તેમના પિતાશ્રી હંસરાજભાઇના અંતરમાં એવી ઉંડી અભિલાષા હતી કે " મારો પુત્ર કચ્છ રાજ્યમાં ચીફ મેડીકલ હાફીસર થાય. " તે તેમની અભિલાષા અંતરયામી ઇશ્વરે કૃપા કરી તરત પૂર્ણ કરી; વર્તમાન કચ્છાધિપતિ શ્રીમન્મહારાજા શ્રી ખેંગારજી સવાઇ બહાદુરે ડૅાક્ટર જાદવજી ભાઇના સદ્‌ગુણો પરખી સદ્ભાવઘાદીની નિરીક્ષા કરી કચ્છ રાજ્યના ચીફ મેડીકલ હૅાફીસરની વિશ્વાસુ ઉત્કર્ષ પદવી શ્રેષ્ઠ દરમાયાથી કચ્છીને પ્રથમ આપી. જે પદ પામવાને તે બધી રીતે યોગ્યજ હતા; તેમણે વિદ્યા બળથી અને પુરૂષાર્થી ઉદ્યોગથી પોતાનાં સર્વોત્તમ પદ કાર્યને અધિક દીપાવ્યું; તથા મહારાજા શ્રીજીને, રાજકુટુંબને અને પ્રજાવર્ગને પોતાનાં કાર્ય વર્તનથી પરિપૂર્ણ સંતોષ આપ્યો.

પશ્ચાદ તેમનો વિચાર ચક્ષુ (આંખ)ની ઉત્તમ આધક વિદ્યા શીખવાનો થતાં રાજ્યની પૂર્ણ કૃપા મેળવી ઇગ્લિાંડ ગયા. ત્યાં રાયલ્લ આઇ ઓસ્પીટલમાં દાખલ થઇ, તિવ્ર બુદ્ધિ બળે આંખનો ઉચ્ચ અભ્યાસ કરી, છ મહિનાના ટુંકા સમયમાં કૉલેજ ઓફ ફીઝીશીયન એન્ડ સર્જન ઓફ લંન્ડનની સર્વ અભ્યાસીઓથી શ્રેષ્ઠ પરીક્ષા પસાર કરી ડી. ઓ. એમ. એસ.નું પદ પ્રાપ્ત કર્યું; ઇંગ્લાંડથી સ્વદેશ કચ્છમાં આવી કચ્છ મહારાજાશ્રીની, તેમનાં રાજકુટુંબની તથા પ્રજાવર્ગની તેમના ઉપર પૂર્ણ કૃપા અને ભુજમાં રહેવાનો અત્યાગ્રહ છતાં સમયસૂચક તે વિબુધ વીર નરે સમયની અનુકુળતા જોઇ મહાન ડૉક્ટરનું પદ મૂકી રાજવૈભવ, સ્વવતનનું શ્રેષ્ઠ સુખ ત્યાગી પોતાની આંખ વિદ્યા ઉદ્યોગને વિશેષ વિસ્તારવા માટે સંવત ૧૯૭૬ માં મુંબઇ આવી **આંખના** (ચક્ષુના) ડૉક્ટરના નામથી પ્રસિદ્ધ થયા; અને તેમાં તેમણે નામના સાથે ઉત્તમ કીર્ત્તિ પ્રાપ્ત કરી છે અને વિશેષ પ્રાપ્ત કરતા જાય છે. અંતરયામી ભક્તવત્સલ શ્રી ભગવત્ પાસે તેમના શ્રેયાર્થે અંતમાં મારી નમ્ર અરજ એજ છે કેઃ-અક્ષયધામવાસી વૈદરાજ હંસરાજભાઇના આ વડીલ પુત્ર જાદવજીભાઇ જે વિદ્યાવીર પરોપકારી નરવર છે તેને શ્રી પરમાત્મા પૂર્ણ કૃપા કરી દીર્ઘાયુષ્ય આપી પ્રતિદિન અધિકાધિક ઉત્તમ યશનામી કરી, મનકામના પૂરી, અખંડ સુખસંપત્તિ સાથે સુવંશની વૃદ્ધિ કરી, અધિક ઉન્નતિ આપી, કલ્યાણ કરી નિરંતર રક્ષો; તથા વિશેષમાં તેના ભ્રાતૃ અને પુત્રપરિવાર કુટુંબ વર્ગને પણ દીર્ઘાયુશ આપી સર્વદા રક્ષી તેનું કલ્યાણ કરો. તથાસ્તુઃ

શાર્દૂલ વિક્રીડિત વૃત્ત.

જેણે આ અવની વિષે અવતરી સત્કાર્ય કોડે કર્યાં,
જેણે જન્મ ધરી કરી પરતણાં દુઃખો જ હેતે હર્યાં;
જેણે કીર્તિ સુવાસથી અમરનાં પદ્દનીજ પ્રાપ્તી કરી;
તેણે શ્રેય મુકુંદ જન્મનું કર્યું સંસાર સિંધુ તરી. ૧

પ્રસ્તાવના.

મારૂં “ નેત્રરોગ નામનું પુસ્તક લખી, છપાવવા માટે “વૈદ્ય કલ્પતરૂના” તંત્રી વૈદ્યરાજ રવીશંકર જટાશંકર તરફ મોકલી આપ્યું. તેઓએ તે પુસ્તક પહેલેથી છેલે સુધી વાંચ્યું. વાંચતાં તેની લેખનશૈલી તેમને પસંદ આવી. “ વૈદ્યકલ્પતરૂ ” માસિકને અંગે દરવર્ષે એક પુસ્તક ભેટ આપવાનું ધોરણ છે. આ વર્ષે આંખના વિષય ઉપર એકાદ પુસ્તક જો ભેટ તરીકે આપવામાં આવે તો વાંચકવર્ગને ઉપયોગી થશે એમ ધારી તેમણે આંખના વિષય ઉપર એક પુસ્તક મારે હાથે લખાવવાનું નક્કી કર્યું અને મને તેવું પુસ્તક લખી આપવા પત્ર લખ્યો. તેઓના પત્રમાં ખાસ માગણી એ હતી કે “દરેક કુટુંબના માણસો, મોટી ઉમરના બાળકો, સ્ત્રીઓ તેમજ ગામડાના અજ્ઞાન માણસોને ઉપયોગી થઈ પડે એવી જાતનું ” પુસ્તક મારે લખવાનું બની શકે તો ગુજરાતી વાચક વર્ગની એક સેવા થઇ ગણાશે. મારૂં “ નેત્રરોગ ” છપાવી આપવામાં તેમણે જે મહેનત લીધેલી તે એટલી બધી હતી કે તેનું હું મારા ઉપરનું તેમનું એક ઋણ ગણું છું. જો આ પુસ્તક હું લખી આપી શકું તો તે ઋણનો કંઇક ભાગ હું ઉતારી શકું તેમજ સદ્દગત વૈદ્યરાજ જટાશંકર લીલાધર ત્રિવેદી તેમજ ભાઇ રવિશંકરભાઇએ મારી સાથે રાખેલ સ્નેહને યોગ્ય એક સ્નેહી તરીકે તેમના માસિક “ વૈદ્યકલ્પતરૂ ” ની કંઇક સેવા બજાવી શકું એ ઇરાદાથી તેમની માગણી મેં સ્વીકારી. વિશેષમા આ ભેટનું પુસ્તક નવેમ્બરની શરૂઆતમાં તેમને આખું મળી જાય તો જ ગ્રાહકોને ડીસેમ્બરની આખરીએ તે પુસ્તક ભેટના પુસ્તક તરીકે વહેંચી શકાય. આ માગણી થઇ ત્યારે લગભગ સપ્ટેમ્બર માસ પૂરો થવા આવેલો. મેં ધારેલું કે એક મહિનામાં પુસ્તક હું પુરૂ કરી શકીશ, પણ મુંબઇની પ્રવૃત્તિવાળી જીંદગીમાં તેટલો વખત હું બચાવી શક્યો નહિ અને પુસ્તક જાન્યુ-

આરીની ૧૫ મીથી પહેલાં હું વૈદ્યરાજના હાથમાં મુકી શક્યો નહિં. સ્વાભાવિક રીતે " વૈદ્યકલ્પતરૂ "ના સુજ્ઞ ગ્રાહકો, જેઓને ઘણા વર્ષો થયાં નિયમીત વર્ષની શરૂઆતમાં જ ભેટનું પુસ્તક મળી જતું તેમને કદાચ અસંતોષ થયો હશે પણ તે ખાતે " વૈદ્યકલ્પતરૂ " માસિકના તંત્રીજીનો કશો દોષ નથી. જે દોષ છે તે મારો છે અને આશા રાખું છુંકે " વૈદ્યકલ્પતરૂ " ના સુજ્ઞ ગ્રાહકો તેમને ભેટનું પુસ્તક મળવામાં થયેલી ઢીલને માટે મને ક્ષમા આપશે.

ઉપર કહેલા સંજોગોને લીધે પુસ્તક લખવામાં ઘણી જ ઉતાવળ કરવી પડે છે અને તેને લીધે જેવું નવું પુસ્તક લખવા મારી ધારણા હતી તેમાં ઘણીજ ન્યુનતા રહેલી છે એમ મને પોતાને જણાય છે અને તેવું વાંચકવર્ગ પાસે કબુલ કરવામાં મને જરા પણ સંકોચ થતો નથી.

આ નાનું પુસ્તક લખવાનો એકજ હેતુ છે તે એ કે આંખ એ શરીરનું પ્રધાન અંગ છે. તેના સિવાય ગમે તેવો બુદ્ધિશાળી માણુસ પણ પોતાને તેમજ જનસમાજને લગભગ નકામા જેવો થઇ પડે છે. શરીરનો આ ભાગ જેટલો ઉપયોગી છે તેટલેજ અંશે નાજુક છે. કેટલાક લોકો કહે છે તે પ્રમાણે " પાણીનો પરપોટો " છે. દરદીની અજ્ઞાનતાને લીધે અથવા દરદ થયા પછી યોગ્ય ઉપચારોને અભાવે લાખો નહિં પણ કરોડો ચક્ષુઓ ગયાં હશે. આવી અજ્ઞાનતા કંઇક ઓછી થાય અને તેને ઓછી થવામાં સાધનભુત થાય એવા જ હેતુથી આ પુસ્તક લખેલું છે. નાના શહેરો અને ગામડાઓમાં કુશળ નેત્ર વૈદ્યો હોતા નથી. હોય છે તો બહુ દૂર હોય છે. ત્યાં તરતમાં ગામડાના લોકો આળસથી કે સાધનના અભાવે પહોંચી શકતા નથી અથવા પહોંચતા નથી. આવા લોકોને મુંઝવણ વખતે કંઇક મદદ મળે અને " હવે શું કરવું " એમ જ્યારે તેમનો આત્મા પુકારે ત્યારે તેમને યોગ્ય સુચનાના બે શબ્દો ક્યાંકથી મળી આવે એ આ પુસ્તકનો બીજો હેતુ છે. ગામડા અને નાના શહેરોના વૈદ્ય ડાક્ટરોને તેવો સાથી આપવાના ઇરાદાથી " નેત્રરોગ " લખવામાં આવ્યું અને વૈદ્ય ડાક્ટરો સિવાયના જિજ્ઞાસુ કે મુંઝાયલા વર્ગને સલાહ આપનાર તરીકે "આં-

ખના સામાન્ય રોગો" લખ્યું. એ બે પુસ્તકો કેટલે દરજ્જે જનસમાજને ઉપયોગી થાય છે તે યોગ્ય પુરૂષોના અભિપ્રાયોથી જ જણાશે.

ઉપર કહ્યું તે પ્રમાણે આ પુસ્તક વૈદ્ય ડાક્ટરો માટે નથી. તેમને માટે "નેત્રરોગ" છે. આ પુસ્તક સાધારણ વાંચકવર્ગ માટે છે; એટલે આ પુસ્તકમાં બતાવેલા ઉપાયો અને ઔષધો પણ બની શકે ત્યાં સુધી સાદાં, સરલ અને સહેલાઇથી મળી શકે એવાંજ દાખલ કરેલાં છે. જ્યાં શસ્ત્રક્રિયા સિવાય દરદ નજ મટે એવું હોય ત્યાં માત્ર શસ્ત્રક્રિયાની આવશ્યકતા જ બતાવી છે. શસ્ત્રક્રિયાનું વર્ણન આપ્યું નથી. ભાષા પણ બની શકે ત્યાં સુધી સાદી અને સરળ વાપરી છે. કદાચ કોઇ કોઇ જગોએ જરા આકરા શબ્દો વાપરવા પડયા છે પણ તે ન છુટકે જ વાપર્યા છે. કેટલીક ઉપયોગી સુચનાઓ એક કરતાં વધારે વખત ફરી ફરીને લખી છે, તે એટલાજ માટે કે વાંચક વર્ગને સારી રીતે યાદ રહે અને તેના ઉપર તેનું ધ્યાન એક કરતાં વધારે વખત ખેંચાય.

આ પુસ્તક લખવામાં કોઇ પણ ઇંગ્રેજી કે ગુજરાતી પુસ્તકની સહાયતા લેવામાં આવી નથી એટલે કદાચ વિષયોની ગોઠવણ બરોબર ન થઇ હોય એમ કોઇ વાંચકને જણાય તો તેણે તેવી સુચના કૃપા કરી લખી મોકલવી કે જેથી બીજી આવૃત્તિમાં તે પ્રમાણે સુધારો કરી શકાય.

ઉપર કહ્યું તે પ્રમાણે આ પુસ્તક ગામડાના અને નાના શહેરના રહેવાસીઓની જરૂરીઆતો કેટલેક અંશે પુરી પાડવાના ઇરાદાથી લખવામાં આવ્યું છે. તેવા થોડા ઘણા લોકોને પણ આ પુસ્તકથી કંઇ પણ ફાયદો થશે અને થોડી ઘણી પણ આંખો જતી બચશે તો પણ લેખકે લીધેલો યત્ કિંચિત્ત શ્રમ સફળ થયેલો ગણાશે.

વોરડનરોડ મુંબઇ.
તા. ૧૫ મી જાન્યુઆરી ૧૯૨૪

જાદવજી હંસરાજ.

પ્રકાશકનું નિવેદન.

ચાલુ સને ૧૯૨૪ની સાલ માટે ગ્રાહકોને ભેટ તરીકે કયું પુસ્તક આપવું તેનો વિચાર કરતાં નિશ્ચય થયો કે ઘરના આંગણે ઓછા ખર્ચમાં ગરીબ અને મધ્યમ વર્ગના માણસો પોતાનાં કેટલાંક દરદોનો, સમજીને અટકાવ અને ઉપાય કરી શકે અને આવાં દરદોમાં આંખનો વિષય અમોને આ જમાનામાં સૌથી વધારે અગત્યનો લાગ્યો કેમકે જીવનકલહ અને મોંઘવારીના ચાલુ જમાનામાં ઘી, દુધ અને છાશના અભાવે તામસ અને ઉગ્ર ખોરાક અને પીણાંનો પ્રચાર વધ્યો છે તેથી કરીને આંખો નબળી પડતી જાય છે અને આંખના દરદો બેસુમાર વધી પડયાં છે. ગામડાં કરતાં શહેરોની રહેણી કરણી અને આહાર વિહાર, ધૂળ, ગંદકી અને રોશની વિગેરે કારણથી આંખો વધારે બગડવા માંડી છે અને ઘણા લોકો પોતાના અજ્ઞાનથી અગર લેભાગુ ચિકિત્સકોના ઉપચારોથી એક અગર બીજી રીતે પોતાની આંખ કે દૃષ્ટિ બગાડી બેસે છે, તેમ થતું અટકાવવા સાવચેતી અને સૂચનારૂપે એક પુસ્તક બહાર પાડી ભેટ તરીકે આપવું.

આંખ જેવા નાજુક અને ઘણા ઉપયોગી વિષયનું અનેકવિધ જ્ઞાન ધરાવનારા મુંબાઇના પ્રસિદ્ધ ડૉ. જાદવજી હંસરાજને અમે આ પુસ્તક લખી આપવા પૂછાવતાં તેમણે અમારી માગણીનો તરત જ સ્વીકાર કરી આ પુસ્તક લખી આપ્યું તે માટે તેમનો અમે આભાર માનીએ છીએ. આંખના સામાન્ય રોગોને લગતું આ પુસ્તક "વૈદ્યકલ્પતરૂ" માસિકના ગ્રાહકોને ૧૯૨૪ની ભેટ તરીકે આપવામાં આવ્યું છે અને ગ્રાહક સિવાયના બીજા લોકોને તે રૂા. ૧–૪–૦ ની કીમતે આપીશું. આશા છે કે આ પુસ્તક અમારા ગ્રાહકો પોતે વાંચીને બીજાને વંચાવી આંખ જેવા નાજુક અવયવને સંભાળવાના અને તેના કેટલાંક દરદોથી વાકેફ થવાના જ્ઞાનનો ફેલાવો કરશે.

અમદાવાદ. લી.

તા. ૧–૨–૧૯૨૪. વૈદ્ય રવિશંકર જટાશંકર ત્રિવેદી.

અનુક્રમણિકા.

વૈદ્યક ગ્રંથો તથા નિબંધો.

ઘરવૈદ્ય.

Family Medicine.

વૈદ્યકના અભ્યાસીઓ માટે ઉપયોગી ગ્રંથ.

વૈદ્યકના ગુજરાતી ગ્રંથોમાં આ ગ્રંથ સૌથી ઉપયોગી સસ્તો અને સચિત્ર ઉત્તમ ગ્રંથ સિદ્ધ થઇ ચુકયો છે.

વૈદ્યો, ડાકટરો અને દવાના વેપારીઓને અતિ ઉપયોગી છે.

આ ગ્રંથમાં સૃષ્ટિક્રમ, શરીર-જીવ, શારીરસ્થાન (રચના) ઇન્દ્રિયવિજ્ઞાનશાસ્ત્ર, સૂત્રસ્થાન, ખાનપાન, નિદાનસ્થાન, દેશી તથા અંગ્રેજી નિદાનનું સ્વરૂપ, ઔષધ યોજના, અનુપાન, પથ્યાપથ્ય, વનસ્પતી, ઔષધો, યુનાની ઉપાયો, નુસ્ખાઓ, અંગ્રેજી ઔષધો, નુસ્ખાઓ, ચિકિત્સાસ્થાન (ઘણીજ છુટ ચર્ચા સાથે). વિષચિકિત્સા વગેરે અનેક ઉત્તમ વિષયોનો સમાવેશ કરી ગ્રંથને જેમ બને તેમ ઉપયોગી કરવામાં આવ્યો છે.

ઘરમાં રાખવાથી વૈદ્ય ડાકટરની ગરજ સારે તેવો આ ગ્રંથ છે. રોયલ ૮ પેજી. ૮૦૦ પૃષ્ઠ. આવૃત્તિ ૬ ઠી કીમત રૂ. ૬-૦-૦ પોસ્ટેજ જુદું.

સારી સંતતિ.

સુદ્રઢ, સુંદર અને સદાચારી બાળકો ઉત્પન્ન કરવાં એ માબાપોના હાથમાં છે, એ વાત આર્ય વૈદ્યક અને અંગ્રેજી વૈદ્યકના પ્રમાણો સાથે સિદ્ધ કરી આપનાર શાસ્ત્ર.

પરણેલાં જોડાંઓએ જરૂર વાંચવા યોગ્ય; આવૃત્તિ ત્રીજી, કીમત રૂ. ૨-૦-૦.

ધાત્રીશિક્ષા.

સુવાવડ સંબંધી સંવાદરૂપ શાસ્ત્રીય ગ્રંથ.

ગર્ભાવસ્થામાં થતાં દરદોના ઉપાયો તથા પાળવાના નિયમો,

પ્રસવ માટે પ્રાથમિક તૈયારીઓ, પ્રસવની ત્રણ અવસ્થાઓનું વર્ણન, કસુવાવડનાં કારણો અને ઉપાય. સુવાવડીની સારવાર તથા બાળક ઉછેરવાના નિયમો એક સુવાવડીને મીડવાઇફ સમજાવે છે. આવૃત્તિ ૨ જી, કી. ૨-૦-૦.

રોગીપરિચર્યા.

દરદીની સારવાર, માંદાની માવજત વિષે સંપૂર્ણ જ્ઞાન મેળવવાનો ગ્રંથ. દરેક કુટુંબમાં આ ગ્રંથ હોવો જોઇએ.

ગુજરાતી ભાષામાં આ વિષયનો આ પ્રથમ ગ્રંથ છે. કીંમત રૂ. ૨-૦-૦.

ગરીબોનો વૈદ્ય.

દરેક દરદની સામાન્ય સમજણ સાથે પોતાની મેળે કરી લેવાય એવા અનેક સરળ અને સસ્તા ઉપાયોનો સંગ્રહ. આ પુસ્તક શહેરી તેમજ ખાસ કરી ગાંમડાના લોકોને બહુજ ઉપયોગી છે. કીંમત રૂ. ૨-૪-૦.

સ્ત્રીઓનો વૈદ્ય.

સ્ત્રીઓનાં ખાસ દરદો, તેનાં લક્ષણો, કારણો તથા ઉપાયોનો ગ્રંથ. લોકોમાં હજુ સ્ત્રીઓના દરદો સંબંધી ઘણું અજ્ઞાન ચાલે છે તે દૂર કરવા માટે આ પુસ્તકમાં દરદોનું શાસ્ત્રીય વર્ણન અને તેના દેશીવિદેશી સહેલા ઉપાયોનો સંગ્રહ આપવામાં આવ્યો છે. પુસ્તક દરેક ઘરમાં રાખવા લાયક છે. કીંમત રૂ. ૧-૧૨-૦.

બાળકોનો વૈદ્ય.

બાળકોનાં ખાસ દરદો, તેનાં લક્ષણો, કારણો તથા ઉપાયોનો ગ્રંથ; બાળકોના અકાળ મરણની સમજુતી, તેની માવજત, શરીર સ્થિતી, બાળકો સુંદર અને સુદૃઢ કેમ બની શકે તથા મોટપણે

લાંબુ આયુષ્ય કેવી રીતે પ્રાપ્ત કરી શકે એ દરેક વિષયોની ચર્ચાથી પુસ્તક ઉપયોગી બન્યું છે. કીંમત રૂ. ૨–૦–૦.

જ્વર ચિકિત્સા.

સર્વ પ્રકારના તાવોનું શાસ્ત્રીય વર્ણન, લક્ષણ, કારણો અને ઉપાયોનો ગ્રંથ. કીંમત રૂ. ૨–૦–૦.

યુવાવસ્થાનો શિક્ષક.

જુવાન સ્ત્રી પુરૂષોના કર્તવ્ય તથા ફરજનો આદર્શ શિક્ષક નીતિ તથા સદાચારનું ઉંચું શાસ્ત્ર તથા સંસાર સાગરની એક દીવાદાંડી સમાન છે. વાંચનારને ઉંચી ભુમિકામાં લઈ જનારો ગ્રંથ છે દરેક જુવાન સ્ત્રી પુરૂષે અવશ્ય વાંચવો. આવૃત્તિ પાંચમી કીં. ૧–૪–૦

દિનચર્યા.

મનુષ્યે પોતાની ચર્યા સવારથી ઉઠીને રાત્રે સુવાના વખત પર્યંત કેવી રાખવી કે જેથી તે સંપૂર્ણ તંદુરસ્ત રહી શકે તથા આહાર વિહાર અને રૂતુઓના નિયમો સમજી પોતાની પ્રકૃતિને અનુકુળ વર્તન કરી શકે તે સંબંધી સંપૂર્ણ માહિતી આ પુસ્તકની અંદર આપવામાં આવી છે. આ પુસ્તક બાળકોને માર્ગદર્શક જેવું છે અને પુખ્ત ઉંમરના માણસો માટે સલાહકાર મિત્રની ગરજ સારે તેવું છે. કીં. રૂ. ૧–૪–૦.

ખાનપાન.

ખાનપાનની વસ્તુઓના વૈદ્યક દષ્ટિથી જણાતા ગુણદોષ, કયા કયા પદાર્થો કયાં કયાં દરદોમાં અનુકૂળ છે કે પ્રતિકૂળ છે, કઇ રૂતુમાં કયા પદાર્થો ખાવા લાયક અને કયા ન ખાવા લાયક છે, તેનું ઉપયોગી જ્ઞાન આ પુસ્તકમાં આપવામાં આવ્યું છે. દરેક ઘરમાં આ પુસ્તક હોવું જ જોઇએ. નિત્યના ખોરાક તરીકે વપરાતી

વસ્તુઓ તૈયાર કરવાની સૂચના સાથે પાકશાસ્ત્રના નિયમો પણ આપેલા છે. કીં. રૂ. ૨-૦-૦.

નિર્બળતા.

"નિર્બળતા"નું ખરૂં સ્વરૂપ, તેનાં ચોકસ કારણો, તેના જુદા જુદા પ્રકારો, તે સંબંધી જુવાન વર્ગની ગેરસમજુત, ઉપાયો સંબંધી ભૂલો અને મૂર્ખાઇઓ, અને છેવટ "નિર્બળતા" દુર કરવાના વાસ્તવિક કુદરતી ઉપાયોનું બહુ ઉપયોગી વર્ણન આપીને "નિર્બળતા"નાં સ્વપ્નામાં ફાંફાં મારતા લોકોનાં જ્ઞાન ઉપર મોટું અજવાળું પાડેલું છે. કી. રૂ. ૦-૮-૦.

કબજીયત-મળાવરોધ.

આંતરડાં નબળાં પડવાને લીધે ઝાડો કુદરતી રીતે પોતાની મેળે છુટે નહીં, થોડો આવે કે ગંઠાઇ જાય, એવા નળબંધ વાયુના જુના દરદને મલાવરોધ કહે છે તેનું વર્ણન તથા ઉપાયો. કી. ૦-૬-૦

વાજીકરકલ્પતરૂ.

પુરૂષત્વ અને સ્ત્રીત્વ પ્રાપ્ત કરવાના કુદરતી તેમજ ઔષધના ઉત્તમ નિર્ભય ઉપાયો. આ નિબંધ વાંચ્યા પછી જુવાન લોકો જાહેરખબરની જાળમાંથી છુટા થઇ જાય છે. કીં. રૂ. ૦—૬—૦.

આરોગ્ય રહેવાના ઉપાયો.	કી. ૦-૨-૦.
બાળલગ્ન.	૦-૨-૦.
બ્રહ્મચર્ય.	૦-૩-૦.
આચારો અને આરોગ્યની એકવાકયતા.	૦-૨-૦.
વિધવા વિવાહ વિષે વિચાર.	૦-૧-૦.
જૈનધર્મ અને વૈદ્યકશાસ્ત્ર.	૦-૧-૦.
સાસરે જતી પુત્રીને માની શીખામણ.	૦-૧-૬.

આંખના સામાન્ય રોગો.

પ્રકરણ ૧ લું.

જન્મથી પાંચ વર્ષની વય સુધીના બાળકની આંખમાં થતાં સામાન્ય રોગો.

ગર્ભાવસ્થામાં ગર્ભની આંખ બંધ હોય છે. બન્ને પોપચાં બારીક ત્વચાથી એકબીજાને જોડાયલાં હોય છે. પ્રસવ થવાના થોડા-એક દિવસો પહેલાં બન્ને પોપચાં છુટાં પડે છે. આંખ બંધ હોવાથી તેમાં કોઇ જાતનો વરમ થવો શક્ય નથી એમ અનુમાન બાંધી શકાય છે; તે છતાં કેટલાક બાળકોની આંખોમાં ફુલાં જેવી અપારદર્શકતા જન્મ પછી તરત જ જોવામાં આવે છે. આ અપારદર્શકતા વરમ સિવાય હોઇ ન શકે એમ માનવાને પુરતાં કારણો છે. આવી જાતની અપારદર્શકતા પેદા કરનારા વરમ જન્મથી થોડા દિવસ પહેલાં જ થતા હોવા જોઇએ એમ ધારી શકાય છે.

બાળકના જન્મ પછી કેટલાક બાળકોમા આખ સંબંધી ખોડ-ખાપણો જોવામાં આવે છે. આવી ખોડખાપણોમાં મુખ્ય નીચે મુજબ છે:—

(૧) બન્ને પોપચાં એકબીજાને ચોટેલાં હોય છે. આવાં એક કરતાં વધારે બાળકો અમે જોયાં છે. બે પોપચાં વચ્ચે ફાટ હોવાને બદલે બે પોપચાં એક બીજાથી જોડાયેલાં હોય છે. આવી સ્થિતિમાં કેટલીક વખત ડોળો પણ પુરતી રીતે વિકાસને પામેલો હોતો નથી. જો ડોળો વિકાસને પામેલો ન હોય તો પોપચાં જુદાં કર્યા પછી પણ બાળકની દૃષ્ટિ પડતી નથી. આવો એક બાળક અમે કેટલાંક વર્ષ પહેલાં જોયેલો. જન્મ પછી બીજે દિવસે માવજત કરનારી સ્ત્રીઓનું ધ્યાન ખેંચાયું કે બાળક આંખ ઉઘાડી શકતું નથી. તે જ વખતે અમને બતાવવા માટે લઇ ગયા. ત્યાં જઇ જોયું તો બન્ને આંખના

બન્ને પોપચાં બારીક ત્વચાથી સંધાયલાં હતાં. શસ્ત્રક્રિયા કરી પોપચાં જુદાં કર્યા પણ જ્યારે અંદર જોયું કે બાળકને આંખના ડોળા જ નથી ત્યારે અમારી નિરાશાનો પાર ન રહ્યો, કારણકે આ બાળક બિચારો જન્માંધજ રહેવાનો હતો તેવો અભિપ્રાય તેના માવિત્રોને આપવો પડ્યો. ઉપર કહ્યું તેમ જ્યારે પોપચાં જોડાયેલાં હોય ત્યારે શસ્ત્રક્રિયા વગર બીજો ઉપાય રહેતો નથી, માટે સારા નેત્રવૈદ્ય પાસે શસ્ત્રક્રિયા જન્મ પછી જેમ બને તેમ તરત કરાવવી.

(૨) કેટલાંક બાળકોનો આંખનો ડોળો ઘણો નાનો હોય છે અને કેટલાંકને ડોળો બિલકુલ હોતો જ નથી. જો ડોળો નાનો હોય તો ડોળાના પ્રમાણમાં આંખના બધા ભાગો બહુ નાના હોય છે. આવાં બાળકોની દૃષ્ટિ કેટલેક દરજ્જે ઓછી જ રહે છે. વળી આવાં બાળકોની આંખના ડોળા સતત્ ચાલ્યા જ કરે છે એટલે આવાં બાળકો મોટા થવા છતાં પણ ડોળાને સ્થિર રાખી શકતાં નથી. કેટલાંક બાળકોની આંખોમાં અંદરના કાળા પડદામાં એક નાની ફાટ (કીકીથી કરી નીચે સુધી) હોય છે. આવા મનુષ્યોમાંના કેટલાંકની આંખો ૨૦–૩૦ વર્ષ સુધીમા આસ્તે આસ્તે બગડતી જાય છે અને છેવટે બહુ થોડી જ દૃષ્ટિ રહે છે. આવા છોકરા છોકરીઓને યોગ્ય ઉમરે પહોંચે ત્યારે જરૂર જણાય તો યોગ્ય ચસ્માં અપાવવાં જોઇએ, કારણકે ડોળો નાનો હોવાથી તેમની નજર સંપૂર્ણ હોતી નથી; પણ ચસ્માંના ઉપયોગથી કદાચ તે સુધરે છે.

જો ડોળો નહિ જેવો જ હોય અથવા ન જ હોય તો તેનો ઉપાય તો ધન્વંતરિ ભગવાન પણ કરી શકે એમ નથી.

(૩) કેટલાંક બાળકોને જન્મ વખતે જ આંખમાં મોતીઓ હોય છે. જો બાળકની મા કે કુટુંબના સ્ત્રી પુરૂષો પૈકી કોઈ હુશિયાર માણસ હોય તો બાળકને રમાડતી વખતે અથવા તેની આંખમાં આંજણ આંજતી વખતે કીકીની ધોળાશ ઉપર તેનું ધ્યાન ખેંચાય છે. કુદરતી રીતે બાળકની કીકી ગોળ, અને તદન કાળા રંગની હોવી

જોઇએ; તેને બદલે જ્યારે મોતીઓ હોય ત્યારે કીકી તદ્દન ધોળી જોવામાં આવે છે. બુદ્ધિશાળી બાળક ત્રણેક મહિનાનું થતાં રમકડું કે કોઇ ચળકાટ મારતી ચીજને ઝટ દઇ પકડવાની તજવીજ કરે છે. મોતીઓ જો આંખમાં હોય તો કોઇપણ ચળકાટ વાળી ચીજ બતાવવા છતાં બાળક તેને પકડવાની તજવીજ કરતો નથી. ઘંટડી જેવી અવાજ કરતી ચીજ જો વગાડવામાં આવે તો તેને એકદમ ન પકડતાં બાળક આમ તેમ ફાંફાં મારે છે. આ બધાં ચિન્હો ઉપરથી બાળકની માતાને જણાય છે કે બાળકની નજર જોઇએ તેવી નથી. જો મોતીઓ ઘણો વખત સુધી રહેવા દેવામાં આવે તો બાળકનો ડોળો આમ તેમ ચાલુ ચાલ્યા કરે છે.

ઉપાયઃ—જેમ બને તેમ તરત મોતીઓ કઢાવી નાંખવો જોઇએ. જો તેમાં વિલંબ કરવામાં આવશે તો બાળકની આંખનો અંદરનો ભાગ વિકાસ પામતો રહી જશે અને પરિણામે મોતીઓ કઢાવ્યા પછી પણ બાળકની નજર તદ્દન ચોખ્ખી થશે નહિ.

બાળકની આંખ આવવીઃ—કેટલાંક બાળકોને જન્મ પછી બીજે જ કે ત્રીજે દિવસથી આંખમાં ચીપડા વળવા માંડે છે. આંખ જરા લાલ અને સુજેલી જોવામાં આવશે. આ સ્થિતિ બે કારણથી હોઈ શકેઃ—(૧) સાદી આંખ આવી હોય અથવા (૨) આંખમાં પ્રમેહજન્ય વરમ થયો હોય. જો સાદી આંખ આવી હોય તો સોજો બહુ થતો નથી, પોપચાં ઉપર સોજો હોતો નથી, ચીપડા ઓછા થવા માંડે છે અને બે ત્રણ દિવસમાં આંખ સારૂ થઇ જાય છે. જો પ્રમેહજન્ય આંખનો વરમ હશે તો બીજે દિવસે પોપચાં ઉપર સોજો જોવામાં આવશે, આંખનો અંદરનો ભાગ લાલાશ મારતો જોવામાં આવશે, ડોળા ઉપરનું પડ પરપોટા માફક ઉપસેલું દેખાશે અને બાળક ચાલુ વેદનાથી રડ્યા જ કરશે. બીજા બે ત્રણ દિવસ ગયા પછી આંખમાંથી પરૂ જેવું પ્રવાહી નીકળવા માંડશે. સોજો થોડો ઘણો ઓછો દેખાશે અથવા એટલો જ જોવામાં આવશે. બાળક

આંખ મહા મુશ્કેલીથી ઉઘાડી શકશે. વેદના કંઇક ઓછી થવાથી બાળક આગળ જેટલું રડશે નહિં. આવી સ્થિતિ એકાદ બે દિવસ ચાલી ફરી બાળક વધારે રડવા માંડશે; કારણકે અંદર વેદના ફરી શરૂ થશે. આ વખતે વેદના થવાનું કારણ જુદું હોય છે. બાળકની આંખમાં દરદના ઝેરને લીધે ઝીણાં અથવા મોટાં ચાંદાં પડવાનું શરૂ થઇ ગયું હશે. આ ચાંદાંઓ ઊંડા થતાં જાય છે અને છેવટે ફૂટે છે. ફુટવાની સાથે ડોળાની અંદરથી કેટલાંક તત્વો નીકળી જાય છે અને અંદરનો કાળો પડદો ચાંદાના ફુટવાને લીધે થયેલા છેદમાં સપડાઇ જાય છે. પરિણામે બાળકની નજર બંધ થઇ જાય છે. ઘણે ભાગે દરદ બન્ને આંખમાં આવે છે; અને બન્ને આંખો જાય છે. જો યોગ્ય અને ખંતપૂર્વક ઇલાજ શરૂઆતથી જ કરવામાં આવે તો જ બાળકની દૃષ્ટિ બચાવી શકાય છે.

કારણ—આ દરદ થવાનું મુખ્ય કારણ નીચે પ્રમાણે છેઃ-ઘણી સ્ત્રીઓને પ્રદર હોય છે એતો સારી રીતે જાણીતી વાત છે. પ્રદર બે જાતના હોય છેઃ—સાદું પ્રદર અને પ્રમેહ પ્રદર. જે સ્ત્રીઓને પ્રમેહ પ્રદર હોય તેમના બાળકોને જ ઉપર લખ્યો વરમ થાય છે. પ્રસવ વખતે જ્યારે બાળકનું માથું પ્રસવ માર્ગમાથી પસાર થાય છે ત્યારે પ્રમેહજનક જંતુઓમિશ્રીત શ્રાવ બાળકની આંખોને ચોંટેલો હોય છે. આગળ કહેવામા આવશે તે પ્રમાણે જો સંભાળ ન રાખવામાં આવે તો માતાના પ્રસવ માર્ગમાથી ચોટેલું પ્રવાહી કે શ્રાવ બાળકની આંખમાં જાય છે અને ત્યાં દાખલ થઈ વરમ ઉત્પન્ન કરે છે. કેટલીક વખત એવું બને છે કે બાળકની માતાને પ્રદર હોતો નથી પણ સુવાવડ વખતે સારવાર કરનાર “ સુયાણી ” અથવા બીજી બાઇ-માણસને પ્રમેહ-પ્રદર હોય છે અને સ્વચ્છતાની ખામીને લીધે પ્રમેહ-જનક જંતુઓવાળું શ્રાવ બાળકની આંખમાં પહોંચે છે; અને તેથી બાળકની આંખમાં વરમ પેદા થાય છે. આગળના વખતમાં યુરોપના સૂતિકા ગૃહોમાં આવો વરમ એટલા બધા બાળકોની આંખમાં

થતા કે કેટલીક વખત આવા સૂતિકાગૃહો કેટલાક વખતને માટે બંધ કરવાં પડતાં. થોડા વરસ પહેલાં એક જર્મન ડાકટર જેનું નામ ડાકટર ક્રેડે હતું તેણે આવો વરમ અટકાવવાનો ઉપાય શોધી કહાડયો અને તેને પરિણામે આ દરદ ઘણુંજ ઓછું થઇ ગયું. આ ડાકટરની રીત એ હતી કે બાળકના જન્મ પછી તરતજ તેની આંખમાં સીલવર નાઇટ્રેટનું પ્રવાહી (એક ઔંસ પાણીમાં ૧૦ ગ્રેન નાંખી બનાવેલું) નાંખવામાં આવતું. આ રીત ઘણા વરસ સુધી ચાલી. હાલ કેટલાક વખતથી કેટલાક ડાકટરોના નિરીક્ષણને પરિણામે જોવામાં આવ્યું છે કે સીલ્વર નાઈટ્રેટનું પ્રવાહી બાળકની આખમાં નાંખવાથી એક જાતનો વરમ પેદા થાય છે. અલબત આ વરમ પ્રમેહજન્ય જંતુઓને લીધે ઉત્પન્ન થતા વરમ કરતાં જૂદો અને ઘણોજ ઓછો હોય છે પણ એટલો વરમ પણ ન થાય એ કારણથી એક ઔંસ પાણીમાં ૫ ગ્રેન સીલવર નાઇટ્રેટ નાંખી બનાવેલું પ્રવાહી વાપરવા માંડયું અને તેની અસર પણ લગભગ એવી જ જોવામાં આવી.

ઉપચાર—આ દરદના ઉપચાર બે જાતના હોય છેઃ-દરદને થતું અટકાવવાના અને થયા પછી મટાડવાના. દરદ થતું અટકાવવાના ઉપાયઃ-જો બાળકની માતાને પ્રદરનો વ્યાધિ હોય તો બચ્ચું જન્મે કે તરતજ તેનું મોઢું એક સાફ કપડાંથી લૂછી નાંખવું. આંખને ઉઘાડયા સિવાય આંખની આજુબાજુના ભાગને પણ બરોબર લૂછી નાંખવો. પછી આંખ ઉઘાડી ઉપર લખ્યા ૫ ગ્રેન વાળા પ્રવાહીનાં એક બે ટીંપાં આંખમાં નાંખી દેવાં. બની શકે ત્યાં સુધી ઉપર પ્રમાણે મોઢું લૂછયા પહેલાં અને ટીંપાં નાંખ્યા પહેલાં બાળકનું મોઢું ધોવરાવવું નહિ; કારણ કે મોઢા ઉપર ચોંટેલા પ્રદર-સ્રાવનો થોડો ઘણો ભાગ બાળકની આંખમાં જાય છે અને તેને લીધે દરદ થવાનો સંભવ વધારે રહે છે.

દરદ થયા પછી કરવાના ઉપાય—જો ગામમાં કોઈ સારો નેત્રવૈદ્ય અથવા તે નહિં તો સારો ડાકટર હોય તો તેની સારવારમાં

બાળકને રાખવું એ જ ઉત્તમ રસ્તો છે. જો તેવો કોઇ યોગ્ય ઉપચારક ન મળે તો દિવસમાં ત્રણ ચાર વખત કે તેથી પણ વધારે વખત બાળકની આંખને બોરીક એસીડના પ્રવાહીથી ધોવી. બોરીક એસીડનું પ્રવાહી નવસેકું વાપરવું. બોરીક એસીડનું પ્રવાહી બનાવવા માટે બોરીક એસીડનો ભુકો ૩૦ ઘઉં ભાર લેવો. બોરીક એસીડ હવે તો લગભગ દરેક ઠેકાણે ગાંધીઓને ત્યાં પણ મળે છે. એક ચાનો પ્યાલો ભરી ચોખું મીઠું પાણી સાફ લુગડાથી ગળી એક તપેલામાં નાંખવું અને પછી પાણીને ઉકાળવું. જ્યારે પાણી ઉકળે ત્યારે બોરીક-એસીડનો ભૂકો અંદર નાંખી દેવો. જ્યારે ભૂકો પાણી સાથે બરોબર મળી જાય ત્યારે પ્રવાહી તૈયાર થયું એમ સમજવું. જ્યારે એ પ્રવાહી ટંડું થાય ત્યારે ઉપયોગમાં લેવું. આ બોરીક એસીડના પ્રવાહીથી ધોઇ આરજીરોલનાં ટીપાં નાંખવાં. આરજીરોલ નામની એક કાળી દવા રૂપાંમાંથી બનાવેલી આવે છે, તેનો ભુકો ૨૫ ગ્રેન લઇ એક ઔંસ વરસાદના પાણીમાં મેળવી તેના ટીપાં બનાવવાં. આરજીરોલ ન મળે તો કાસ્ટીકના ટીપાં બનાવવાં. એક ઔંસ પાણીમાં બે ગ્રેનથી વધારે કાસ્ટીક નાખવું નહિં. ગ્રેન એટલે આશરે એક ઘઉં ભાર સમજવું. જો તે પણ ન મળે તો જસતના ફુલ ગ્રેન ૪ ચાર એક ઔંસ પાણીમાં નાંખી તેનાં, અથવા તે પણ ન મળે તો ફુલાવેલી ફટકડી ગ્રેન ૪ એક ઔંસ પાણીમાં મેળવી તેના ટીપાં દિવસમાં બે વખત નાખતા રહેવું. આ ઉપાયો કરવા છતાં પણ જો આંખમાં ફુલાં જોવામા આવે તો તરત કોઇ સારા નેત્રવૈદ્ય પાસે પહોંચી જવું. આ દરદમાં આંખમાંથી નીકળતું પરૂ જેવું પ્રવાહી બહુ ચેપી હોય છે; માટે તે બીજી કોઇ તંદુરસ્ત આંખને લાગે નહિં તેની સંભાળ રાખવી.

જન્મ પછી જો બાળકની આંખ તંદુરસ્ત હોય તો તેને બને ત્યાં સુધી કંઇ પણ કરવું નહિં. માત્ર દરરોજ એક બે વખત સહજ ગરમ પાણીથી આંખને ધોઇ નાંખવી. પહેલાં થોડા દિવસ (જનમ

પછી) સુધી બાળકને બહુ અજવાળું બતાવવું નહિં. કુદરતે એવી ગોઠવણ કરેલી છે કે લગભગ પંદરેક દિવસ સુધી વધારે અજવાળું હોય તો બાળક આંખ બંધજ કરી મુકે છે. આથી આપણે સૂચના લેવાની છે કે બાળકને પહેલાં પંદર દિવસ સુધી વધારે અજવાળામાં લઇ જવું નહિ.

કાજળ અથવા આંજણુ—કચ્છ, ગુજરાત, અને કાઠીયાવાડ તરફ બચ્ચાંને જન્મથી જ આંખમાં કાજળ આંજે છે. હિંદુસ્તાનના બીજા ભાગોમાં આ રિવાજ ચાલે છે કે નહિં તેની અમને માહિતી નથી. કાજળની મેશ અને ઘીને મેળવી આંજણુ બનાવે છે. મેશ ઘીની કે તલના તેલના દીવા વડે બનાવેલી હોય છે. એક (કોડીયામાં) ઘી કે તેલ પૂરી તેમાં જાડી વાટ નાંખે છે અને તેને સળગાવે છે. દીવા ઉપર પણ દીવાથી જરા ઉંચે એક તાવડી, કોડીયું કે તવી ઢાંકે છે, દીવો બળવાથી પેદા થતી મેશ પેલી તાવડી, કોડીયાં કે તવી ઉપર બાઝી જાય છે. આખી રાત એ પ્રમાણે રહેવા દઇ સવારે બાઝેલી મેશ ઉતારી લેવામાં આવે છે. પછી એ મેશમા ઘી નાંખી ખુબ મસળવામાં આવે છે અને એ પ્રમાણે તૈયાર થયેલું કાજળ (આંજણુ) ત્રાંબાની કે ચીનીની દાબડીમાં ભરી રાખે છે. પૈસાદાર લોકો રૂપાની દાબડી વધારે પસંદ કરે છે. અમે ઘણી ડોશીઓ પાસેથી સાંભળેલું છે કે બચ્ચાંની આંખમાં જો હમેશ સારૂં બનાવેલું કાજળ આંજવામાં આવે તો બચ્ચાંની આંખ ઉઠતી નથી એટલું જ નહિં પણ તેની નજર સારૂ દીવા જેવી રહે છે. અમારો મત કાજળની બાબતમાં નીચે પ્રમાણે છે:-" કાજળ નાંખવાથી ખાસ ફાયદો હોય એમ અમે માનતા નથી. જો આંખને સ્વચ્છ રાખવામાં આવે અને બહારથી કોઇ દરદનો ચેપ આંખની અંદર દાખલ ન થાય તો કાજળ કે એવી કોઇ બહારની ચીજ સિવાય પણ કુદરત આંખને તંદુરસ્ત રાખી શકે છે. કાજળથી કદાચ એક ફાયદો થતો ગણી શકાય અને તે એ કે આંખમાં જો કંઇ કચરો કે એવું કંઇ પડયું હોય તો કાજળ ચીકા-

સવાળું હોતાં તેનાથી તેવો કચરો નીકળી જાય છે. વળી બાળકની આંખ કાળી લાગવાથી તેની મા, દાદી ઇત્યાદિની નજરે તે બાળક વધારે સુંદર દેખાય છે. સાથે એટલું પણ ભુલી જવું જોઇતું નથી કે એજ કાજળ જોઇએ તેના કરતાં વધારે નાંખી દેવાથી બાલક કદ-રૂપું પણ બની જાય છે. અલબત્ત જો કાજળ ન આંજવામાં આવે તોપણ આંખમાંથી કચરો ઇત્યાદિ કહાડી નાંખવા માટે કુદરતે પુરતી ગોઠવણ રાખી છે. કાજળ નાંખવાથી એક ગેરફાયદો મોટો અમને જોવામાં આવ્યો છે અને તે એ કે જો એક ડબીમાંથી એક કરતાં વધારે બાળકોને કાજળ આંજવામાં આવતું હોય અને એકની આંખમાં કાજળ આંજેલી આંગળી બરોબર સ્વચ્છ કરવામાં આવી ન હોય અને તેવા બાળકની આંખમાં કોઇ ચેપી આંખનું દરદ હોય તો તે બીજા બાળકને પણ ચોંટે છે. કેટલીક કોમોમાં ખીલતું દરદ બહુ જ પ્રચલિત હોય છે. તેના કારણ તરીકે કાજળને દોષિત માનવાને અમને મજબુત કારણો છે. ટુંકામાં કહીએ તો અમારો મત એવો છે કે (૧) કાજળ આંજવાની ખાસ જરૂર નથી. (૨) કાજળથી કાંઇ ખાસ નુકશાન નથી તેમ ખાસ ફાયદો પણ નથી. (૩) કાજળ આંજવું હોય તો દરેક બાળક માટે કાજળની જૂદી જૂદી ડબી રાખવી. (૪) કાજળની ડાબલીમાં આંગળી બોળતાં પહેલાં માતાએ અથવા કાજળ આંજનાર સ્ત્રીએ તે આંગળી સાફ કરવાની ખાસ કાળજી રાખવી.

બાળકની આંખ ધોવરાવવા પછી એક સાફ રૂમાલથી આંખો અને મોઢું લુંછી નાંખવું. આ રૂમાલ દરેક બાળક માટે જૂદો જૂદો રાખવો.

બાળકની માતાને અથવા ઘરમાં બીજા કોઇને આંખમાં ખીલ, આંખ ઉઠવી એવા કોઇ દરદ હોય તો તેણે વાપરેલું લુગડું બાળકની આંખને લગાડવું ન જોઇએ. ખીલનો વ્યાધિ કચ્છ, કાઠીયાવાડ અને ગુજરાત તેમ જ પંજાબ રજપૂતાનામાં સારી રીતે પ્રચલિત છે. આ વ્યાધિ બહુ કષ્ટસાધ્ય છે અને કેટલીક વખત આ વ્યાધિને પરિ-

ણામે આંખનાં ઘણાં દરદો થાય છે અને તેને લીધે ઘણી વખત આંખ જાય છે અથવા તેનાથી દૃષ્ટિને થોડે ઘણે અંશે નુકશાન પહોચે છે. આ દરદ ચેપી છે એટલે એક માણસની આંખમાં આ દરદ હોય તો તે આંખને લગાવેલું લુગડું, હાથ કે આગળી બીજી તંદુરસ્ત આંખને અડે તો તે આંખમાં આ દરદ થવાનો ભય રહે છે; માટે બાળકની આંખ માટે જે રૂમાલ ઇત્યાદિ વાપરવામાં આવે તે બીજો કોઇ વાપરે નહીં તેની ખાસ સંભાળ રાખવા જરૂર છે.

બાળકની આંખ આવવી—બાલ્યાવસ્થામાં આંખ આવવી એ સાધારણ દરદ છે. આ દરદના ચિન્હમાં મુખ્ય નીચે મુજબ છેઃ-બાળક સવારે ઉઠે ત્યારે આખો સહજ ચોંટેલી જોવામાં આવશે. આંખમાંથી ચીકણું, ગુંદરના પાણી જેવું પ્રવાહી નીકળતું હશે, આંખ થોડી ઘણી લાલ જોવામાં આવશે. આ લાલાશ શરૂઆતમાં પોપચાંનાં અંદરના ભાગમાં જ હશે. દરદ આગળ વધે એટલે ડોળાના ભાગમાં પણ દેખાશે. જો દરદ સાધારણ હશે તો આ પ્રમાણે ચિન્હો પાંચ છ દિવસ ચાલી, યોગ્ય ઉપચાર કરવાથી અથવા ઉપચાર વગર પણ દરદ ઓછું થવા માંડે છે અને દસેક દિવસે આંખ તંદુરસ્ત સ્થિતિમાં આવી જાય છે, અથવા સહજ રતાશ રહી જાય છે અને વળી કોઇ ખાસ કારણ મળવાથી દરદ ફરી ઉથલો મારે છે. જો દરદ સખ્ત હોય તો ચિન્હ સખ્ત થવા માંડે છે. ઉપલા પોપચામાં સોજો આવવા માંડે છે અને આંખનું પોપચું ઉથલાવવું બહુ મુશ્કેલ થઇ પડે છે. આગળ જતાં ચીકણા પ્રવાહીને બદલે પરૂ જેવો પ્રવાહી આંખમાંથી નીકળવા માંડે છે. આંખના ડોળા ઉપર રહેલું બારીક પડ ફુલી જાય છે અને તે લાલચોળ બની જાય છે. કેટલીક વખત ડોળા ઉપર રક્તશ્રાવને લીધે લાલ ધાબાં પણ જોવામાં આવે છે. આ સ્થિતિએ દરદ પહોંચતાં આંખમાં ચાંદાં થવાનો ભય ઉત્પન્ન થાય છે. જો દરદને માટે યોગ્ય ઉપચાર ન કરવામાં આવે અથવા ઉપચારને દરદ ન ગાંઠે તો

આંખમાં એક અથવા એક કરતાં વધારે ચાંદા પડવાનું શરૂ થાય છે. દરદી પીડાથી રડતો તો હોય જ છે પણ, હવે રડવું વધારે અને પીડા બતાવનારૂં બને છે. બાળક પોતાના કાનને ખેંચ્યા કરે છે. આ ચિન્હને લીધે તેને કાનમાં દરદ છે એમ કેટલીક "ડોસીમાઓ" સુચવે છે અને કાનમાં વિવિધ પ્રકારનાં ઔષધો નાખવાનું શરૂ થાય છે. દરદ આગળ વધતાં આંખમાં થયેલાં ચાંદાઓ ફુટે છે અને તેને પરિણામે બાળકની આંખમાં ફૂલાં પડી જઇ દષ્ટિને કેટલેક દરજ્જે નુકશાન થાય છે.

કારણ—આજના જંતુવિદ્યાના જમાનામાં દરેક દરદ અમુક પ્રકારના જંતુઓને લીધે જ થાય છે એમ માનવામાં આવે છે. આંખના વરમ અથવા આંખ આવવી એ પણ ત્રણ ચાર જાતનાં જુદાં જુદાં જંતુઓને લીધે છે એમ સિદ્ધ થયું છે. જો સાદી આંખ આવી હોય તો તે જુદાં જંતુઓને લીધે હોય છે. વધારે જોસમાં ઉઠેલી આંખ જુદા જંતુઓને લીધે હોય છે. આ જંતુઓ કોઇ ઉઠેલી આંખમાંથી નીકળતા ચેપી શ્રાવમાં રહેલાં હોય છે અને બીજી તંદુરસ્ત આંખને તેનો સ્પર્શ થતાં તે ચેપ તે આંખમાં જાય છે. આ ચેપ આંગળીથી, રૂમાલથી, ટુવાલથી કે એવી કોઇ ચીજ જે દરદીએ વાપરી હોય અને તેનો સ્પર્શ તંદુરસ્ત આંખને લાગે તો તે દરદ તંદુરસ્ત આંખમાં શરૂ થાય છે. માત્ર દુઃખતી આંખવાળા દરદીની પાસે ઉભા રહેવાથી જ દરદને ચેપ લાગે છે એ માન્યતાને આજે થોડા જ નેત્રવૈદ્યો ટેકો આપે છે. આગળના વખતથી આપણા લોકોમાં એવી માન્યતા મજબૂત હોવી જોઇએ એમ કેટલાક રિવાજો ઉપરથી અનુમાન કરી શકાય છે. દાખલા તરીકે દેશી રાજાઓના દરબારોમાં એક એવો સખ્ત કાયદો હતો કે દુઃખતી આંખવાળો કોઇ પણ માણસ રાજ્ય મહેલમાં અથવા રાજાની સમક્ષ જાય નહિ. આ કાયદાનો માત્ર એકજ અર્થ હોઇ શકે કે રાજાની સમક્ષ જવાથી રાજાની આંખ કદાચ ઉઠી આવે. ટુંકામાં કહેવાનું એટલું

જ કે આંખ આવવી એ દરદ ઘણે ભાગે ચેપ લાગવાથી થાય છે. કેટલીક વખત બહુ ઠંડો પવન લાગવાથી, ધુમાડો લાગવાથી, ઘણું રડવાથી, બહુ તાપથી, ધૂળ ઉડવાથી, આંખનો ઉપયોગ બહુ કરવાથી એટલે ઘણો વખત સુધી લખવા વાંચવાથી અને હાલના જમાનામાં સીનેમા બહુ જોવાથી આંખનો વરમ થાય છે.

ઉપચાર—આંખને ઉપર કહેલા બોરીક એસીડના પ્રવાહીથી ધોવી. બોરીક એસીડ ન મળે તો તેને બદલે ચોખ્ખું ટંકણખાર પણ ચાલશે. આંખને ધોવા પછી આરજીરોલના એક ઔંસ પાણીમાં પચીસ ગ્રેન નાંખી બનાવેલાં પ્રવાહીનાં ટીપાં દિવસમાં બે ત્રણ વખત નાખવાં. કૉસ્ટીકનું પ્રવાહી વધારે સારી અસર કરે છે પણ સાધારણ માણસે તે વાપરવું સલામતીભર્યું નથી. કૉસ્ટીકના ટીપાં વાપરવાની બે રીત છે; એક ઔંસ પાણીમાં ૧ થી ૨ ગ્રેન કૉસ્ટીક નાંખી તેના ટીપાં બનાવવાં અને તે દિવસમાં એક થી બે વખત વાપરવાં, અને એક ઔંસ પાણીમાં દશ ગ્રેન કૉસ્ટીક નાંખી તેનું પ્રવાહી બનાવી તે પ્રવાહી પીંછી અથવા રૂનાં પુંભડાંથી ઉથવેલા પોપચાં ઉપર લગાડવું. આ પ્રમાણે કૉસ્ટીકનું પ્રવાહી લગાડવાની રીત નીચે મુજબ છેઃ-એક ઔંસ ડીસ્ટીલ્ડ (વરાળમાંથી બનાવેલું) પાણી અથવા વરસાદનું અધર ઝીલેલું પાણી લઇ તેમાં ૧૦ ગ્રેન સીલ્વર નાઇટ્રેટ ક્રીસ્ટલ્સ નાંખવું. અને એક આસમાની કે કાળા રંગની બાટલીમાં રહેવા દેવું. બે સળી ઉપર થોડું થોડું રૂ (કપાસ) વીંટાળી, સળીઓને ઉપર લખ્યા પ્રવાહીમાં બોળવી. હવે દરદીને ટેબલ ઉપર સુવાડી, અથવા બાળકને તેની માતાના ખોળામાં સુવાડી, પોપચાં ઉથલાવી સળીથી પ્રવાહી પોપચાં ઉપર લગાડવું. જ્યારે પોપચાંના અંદરના ભાગનો રંગ રાતો મટી જરાક સફેદ થાય કે તેજ વખતે ખારા કુવાનું થોડુ પાણી ઉપર રેડવું. એજ પ્રમાણે બીજી આંખમાં લગાડવું. આખા દિવસમાં માત્ર એકજ વખત આ દવા લગાડવી. બાળક રાત્રે સુવે ત્યારે આંખ ચોંટી ન જાય તેને માટે બોરીક એસીડનો

મલમ (૫ ગ્રેન બોરીક એસીડ, વેસેલીન અડધો ઔંસ) અથવા ઘી ચોખ્ખું તેમાં બોરીક એસીડ ગ્રેન ૫ અથવા ઘી અડધા ઔંસમાં ટંખણખારનો ભુકો ગ્રેન ૫ મેળવી તેનો મલમ બનાવી આંખમાં આંજવો, આમાંની કાંઈ પણ વસ્તુ ન મળે તો સારૂં ચોખ્ખું ઘી લગાડવાથી પણ ચાલશે.

આ ઉપરાંત ફટકડીનું પ્રવાહી (એક ઔંસ પાણીમાં ૪ ગ્રેન ફુલાવેલી ફટકડી) નાખવું. જસતના ફુલનું પ્રવાહી. (ઝીક સલ્ફેટ ગ્રેન ૪, પાણી ઔંસ ૧). અફીણનું પ્રવાહી, (અફીણનો અર્ક ટીપાં ૩૦ પાણી ઔંસ ૧) વિગેરે ઓષધો ટીપાં તરીકે વાપરવામાં આવે છે. આંખના પોપચાં ઉપર અફીણ અને ફટકડી પાણીમાં વાટી ચોપડવામાં આવે છે. દેશી દવાઓમાં ચીમેડનો ઉપયોગ આગળના વખતમાં ખુબ થતો. ચીમેડ નાખવાથી બાળકને વેદના બહુ થાય છે પણ કેટલીક વખત ફાયદો પણ સારો કરે છે.

પ્રકરણ ૨ જું.

ફુલાં.

ફુલું એ શબ્દ શુકલમંડળની કોઇ પણ અપારદર્શકતા માટે ચાલુ ભાષામાં વપરાય છે. ખરી રીતે તો ફુલું એટલે મકાઇ કે જારના દાણાને શેકવાથી ધાણી જેવું ફુલેલું કણ કે જે કોઇ પણ ચીજને આકારમાં મળતુ આવતું નથી તે; શુકલમંડળનો જે ડઇઓ નીકળી આવે છે તેનો આકાર આવા ફુલોને મળતો હોય છે એટલે ખરી રીતે આવા ડઇઆનેજ ફુલું કહેવું જોઇએ, પણ ચાલુ ભાષામાં વપરાતો શબ્દ ચાલુ રાખવા આપણે પણ શુકલમંડળની કોઇ પણ નાની મોટી અપારદર્શકતાને ફુલું કહેશું.

ફુલું એક સોઇની અણીથી માંડી નાની દ્રાક્ષ જેવડું થઇ શકે. નાનાં ઝીણાં ફુલાંમાં માત્ર આખના ચળકાટ મારતા કાળા ગોળ ભાગમાં એક સફેદ ગોળ અથવા બીજા આકારનું નાનું ટપકું દેખાય છે. જો તે મધ્યમા હોય તો દૃષ્ટિને હરકત કરે છે. કીકીથી થોડે છેટે આજુબાજુના ભાગમાં હોય તો દૃષ્ટિને કશું નુકશાન કરતું નથી. ફુલું મોટું હોય તો દૃષ્ટિને જરૂર હરકત કરે છે. છેવટે મોટામાં મોટાં ફુલાંમાં આંખના ડોળાનો વચલો કાળો ગોળ ભાગ આખો અથવા લગભગ મોટો ભાગ ફુગી આવી ઉપર ઉપસી આવે છે. આવી સ્થિતિમાં અંદરના ભાગોની વ્યવસ્થામાં એટલે દરજ્જે ખલલ પહોંચે છે કે દૃષ્ટિ નહિં જેવી જ હોય છે અથવા નથી હોતી. હોય છે તો આસ્તે આસ્તે તેનો નાશ થાય છે.

કારણ—નેત્રવૈદ્યોને સુવિદિત છે કે ડોળાના વચલા ભાગમાં જે ઘડીઆળના કાચ જેવો ભાગ છે તે પાંચ પડોનો બનેલો છે. આ પડો પૈકી જે બધાથી ઉપરનું પડ છે તે એવી જાતનું છે કે જો તેમાંનો કોઇ પણ ભાગ નાશ પામે તો તેની જગોએ બીજો જે ભાગ આવે છે (રૂઝને પરિણામે) તે પારદર્શક ન આવતાં

અપારદર્શક અને ધોળા રંગનો આવે છે. આ પ્રમાણે એ પડનો નાશ કરનારી સ્થિતિઓમાં મુખ્ય ડોળાના વચલા ભાગના ચાંદાંઓ (નાનાં કે મોટાં), આંખમાં દંભક પદાર્થ પડવા અથવા આંખના ડોળાના વચલા ભાગમાં કોઇ નાના મોટા હથીયારથી અથવા બાહ્ય પદાર્થથી જખમ થવા. આમાં પણ શુક્લમંડળના ચાંદાંઓ મુખ્ય છે. બાળકની આંખ આવે છે અથવા બીજા કોઇ જાતનો આંખનો વરમ થાય છે ત્યારે બાળક આંખ ઉઘાડતું નથી અને તેથી આંખમાં ચાંદાં પડી આવે છે. આ ચાંદાંઓ જ્યારે રૂઝાય છે ત્યારે તે જગોએ ફુલાં થઇ જાય છે.

ઉપચાર—જો ફુલાં નાનાં હોય અને કીકીથી છેટે હોય તો દૃષ્ટિને હરકત કરતાં નથી એ આગળ કહેવામાં આવ્યું છે. વિશેષમાં આ ફુલાંઓથી બાળકને એક ખોડ પેદા થાય છે. આંખમાં ફુલું હોવાને લીધે છોકરીનું સગપણ સારે ઠેકાણે થતું અટકી જાય છે એવા ઘણા દાખલાઓ અમારા જોવામાં આવ્યા છે, એટલે આવા નાના ફુલાં માટે પણ શરૂઆતથી ખંત રાખી ઉપાયો લાંબો વખત ચાલુ રાખવા. એટલું યાદ રાખવાનું છે કે આવાં ફુલા તદન નાના હોય છતાં તેમને મટતાં મહિનાઓ અને કેટલીક વખત વર્ષો લાગે છે. ફુલાં મોટાં અને ઊંડા હોય તો કોઇ પણ ઉપાયે તદન સાફ થતાં નથી. ડઇઓ નીકળી આવ્યો હોય તો ઘરગતુ ઉપાયો કામે લાગતા નથી એટલું જ નહિં પણ ઘણી વખત નુકશાન કરે છે. ફુલાંઓને માટે ઘરગતુ ઉપાયોમાં સિંહણનું દુધ શ્રેષ્ટ ગણવામાં આવે છે. જો સિંહણનું દુધ સાચું મળે તો થોડો ઘણો ફાયદો કરે છે એમ અમારા અનુભવમાં આવ્યું છે, પણ સાથે એટલું પણ જોવામાં આવ્યું છે કે જેટલા તેનાં વખાણ કરવામાં આવે છે તેટલો ફાયદો તેનાથી થતો અમે જોયો નથી. પહેલાં તો ખરૂં સિંહણનું દુધ મળવું જ મુસ્કેલ થઇ પડે છે અને તેને લીધે ગુલ-બંકાવળીની વાર્તા માંહેલું ઝાડ થઇ પડે છે. કેટલાક બાવા અતીતાં

અને નટ લોકો વિશ્વાસુ લોકોને સિંહણના દુધને નામે ભળતી ચીજો આપી અનેક વાર ઠગે છે. અંગ્રેજી ઔષધમાં પીળો મલમ સારો ફાયદો કરે છે. આ મલમ નીચે પ્રમાણે બનાવવામાં આવે છે:-

યલો ઓકસાઇડ ઓફ મરક્યુરી ગ્રેન ૪ થી ૫. કપુર ભીમસેની અથવા તે ન મળે તો સાદું ગ્રેન ૪. વેસેલાઇન સફેદ ઔંસ ૦ાા.

આ બધી દવાઓને લગભગ એક કલાક ખરલમાં નાંખી ખુબ ઘુંટવી અને મલમ બનાવવો.

આ મલમ દરરોજ રાત્રે સુતી વખતે ફુલાંવાળી આંખમાં આંજણની માફક આંજવો. આ મલમમાં ડાયોનીન નામની ધોળી ભુકી આવે છે તે અડધા ઔંસ મલમમાં ગ્રેન ૨૦ નાંખવાથી વધારે ફાયદો થાય છે.

આ ઉપરાંત પીળાં ટીપાં પણ સારો ફાયદો કરે છે. આ ટીપાંમાં મુખ્ય જસતનાં ફુલ, કેસર, ઇત્યાદિ ચીજો આવે છે. તેની બનાવટ જરા ગુંચવણવાળી હોવાથી અહીં આપી નથી. દેશી દવાઓમાં અસંખ્ય દવાઓ ફુલાં કાપવા માટે વાપરવામાં આવે છે. તેમાં નીચે લખ્યા દવાઓ મુખ્ય છે.

ચંદ્રોદયા લેખન ગોળી—શંખની નાભી, બેહેડાંનો ગર્ભ, હરડે, મણશીલ, પીપર, મરી, કઠ અને વજ એઓને સમભાગે લઇ બકરીના દુધમાં વાટી જવ જેવી લાંબી ગોળી કરવી. આ ગોળીમાંથી એક વટાણા જેટલી કકડી પાણીમાં ઘસી આંખમાં આંજવું.

(૨) કરંજના બીજને ખાખરાનાં ફુલોનાં સ્વરસોની ઘણી ભાવનાઓ આપી તેની વાટ બનાવવી. આ વાટ દિવસમાં એક વખત આંજવી.

(૩) નિર્મળીના ફળને મધમાં ઘસી તેમાં જરાક ભીમસેની બરાસ નાંખીને નેત્રમાં આંજવામાં આવે તો ફુલાં સાફ થાય છે.

(૪) ભીમસેની બરાસના ચૂર્ણને વડના છીરમાં મેળવી આંજવામાં આવે તો બે મહીનાનું ફુલું તરત નષ્ટ થઇ જાય છે.

આ ઉપરાંત બીજી અનેક દવાઓ વૈદ્યક સંબંધી પુસ્તકોમાં વર્ણવેલી છે. આમાંની કઇ કેવું કામ કરે છે તે કહેવાને અમે અશક્ત છીએ.

જો ફુલું કે ફુલાં જુનાં થઇ ગયાં હોય અને ઉપર લખ્યા ઔષધોપચારથી ન મટતાં હોય તો વધારે સખ્ત ઇલાજો લેવા પડે છે. જો ફુલું ડોળાના વચલા ભાગમાં હોય અને શુકલમંડળનો ફુલાંને ફરતો ભાગ સાફ હોય તો તે ભાગમાં છેદ મુકી કનીનિકા મંડળના પડદામાં છેદ કરવામાં આવે છે અથવા બીજા શબ્દોમા કહીએ તો કુદરતી કીકી ફુલાંથી બંધ થઇ જવાથી બીજી કૃત્રિમ કીકી શસ્ત્રક્રિયાથી કરી શકાય છે અને તેને લીધે દરદીની આંખમાં સારી જેવી નજર મેળવી શકાય છે. એટલું અહીં સ્પષ્ટ કહેવું જોઇએ કે આ ક્રિયા કુશળ નેત્રવૈદ્ય સિવાય બની શકતી નથી.

જો ફુલું વચલા ભાગમાં ન હોતાં આજુ બાજુના ભાગમાં હોય અને દરદીને તેથી કદરૂપતા જણાતી હોય તો આ ફુલાં ઉપર રંગ ચડાવી શકાય છે કે જેથી ફુલું હમેશને માટે કાળું થઇ જાય છે અને બારીકીથી જોયા સિવાય બીજા માણસને જોઇ શકાતું નથી. આથી મોટો ફાયદો એ થાય છે કે દરદીની કદરૂપતા મટી જાય છે. વળી જો કીકીનો થોડો ઘણો ભાગ ખુલ્લો હોય તો દરદીની દૃષ્ટિમાં પણ સુધારો થાય છે. આ રંગ ચડાવવાથી કદરૂપતામાં કેટલે દરજ્જે સુધારો થાય છે તેનો કંઇક ખ્યાલ અમારા અનુભવમાં આવેલા એક દરદીની હકીકતથી આવશે. એક રજપુત જ્ઞાતિનો યુવાન લગભગ ૨૦ વીસ વર્ષનો અમારી પાસે ફુલાંને માટે આવ્યો. ફુલું કીકીથી નીચેના ભાગમાં હતું. તેને કહેવામાં આવ્યું કે ફુલું એટલું ઘટ્ટ છે તે નીકળી શકશે નહિ. વળી તેને દૃષ્ટિમાં અડચણ નહોતી એટલે કંઇ કરવાનું નથી એમ તેને કહેવામાં આવ્યું. આથી તેને બહુ નિરાશા પેદા થઈ. કારણ પુછતાં જણાયું કે ફુલાંને લીધે તેનું સગપણ તે દિવસ સુધી થયું નહોતું. જ્યાં જ્યાં કન્યાનું માગું કરવા જતા ત્યાં " આંખમાં ખોડવાળાને કન્યા આપવા

અમારો વિચાર નથી " એમ જવાબ મળતો. " કચ્છભુજની ઇસ્પી- તાલમાં જશે તો તેની ખોડ નીકળી જશે " એમ ઘણા લોકો તર- ફથી કહેવામાં આવતાં તે અમારી પાસે આવેલો અને ઉપર પ્રમાણે અમે અભિપ્રાય આપ્યો. એટલે તેણે પોતાની બધી હકીકત કહી. ત્યારપછી એ ફુલાં ઉપર રંગ ચડાવવામાં આવ્યો અને પરિણામ એ આવ્યું કે જે લોકો પોતાની દીકરી આપવા ના પાડતા હતા તે લોકોએ જ સારી પહેરામણી સાથે પોતાની કન્યા આપી. લગ્ન થયા પછી આ માણસ ખાસ પોતાને મળેલી ફતેહના સમાચાર કહેવા જ કેટલાક ગાઉની મુસાફરી કરી ભુજ આવ્યો. ફુલાં ઉપર રંગ ચડા- વવા માટે શસ્ત્રનો ઉપયોગ કરવો પડે છે અને ખાસ અનુભવ વગર તે થઇ શકતું નથી એટલે બીનઅનુભવી વૈદ્યને હાથે ફાયદા કરતાં નુકશાન થવાનો વધારે સંભવ છે.

પ્રકરણ ૩ જું.

ત્રાંસાઇ.

કેટલાંક સ્ત્રી પુરૂષોમાં આપણે મોટપણે એક આંખ ત્રાંસી જોઇએ છીએ. ત્રાંસી એટલે એક આંખ અંદર અથવા બહાર ફરી ગયેલી હોય છે. આ સ્થીતિ મોટી અવસ્થાઓ આંખમાં રહેલી નસોના લકવાને લીધે થાય છે પણ આ કારણને લીધે આવી સ્થિતિ તો થોડાઓની જ હોય છે. બાકીની બધી ત્રાંસી આંખો નાનપણમાં શરૂઆતથી થયેલી હોય છે. ઘણે ભાગે ત્રાંસાઇ બીજા ત્રીજા વર્ષથી શરૂ થાય છે અને પાંચ છ વર્ષની અવસ્થા સુધીમાં તો સારી રીતે આગળ વધેલી હોય છે. જે આંખ ત્રાંસી હોય તેની નજર બીજી સારી આંખ કરતાં ઘણી ઓછી હોય છે અને કવચિત બિલકુલ હોતી જ નથી. આ પ્રમાણે નજર બંધ થવાની સ્થિતિએ પહોંચતાં આંખને વર્ષો લાગે છે. નાની અવસ્થામાં શરૂ થઇ દરદી યુવાવસ્થા લગભગ પહોંચે ત્યારે જ તેને માલમ પડે છે કે આંખની નજર ઘણી ઓછી છે. કેટલાક દરદીઓને એક આંખમાં નજર ઓછી છે એમ ભાન જ હોતું નથી. જ્યારે કોઇ કારણસર આંખ બતાવવા કોઇ નેત્રવૈદ્ય પાસે જાય છે અથવા કોઇ કારણથી સારી આંખ બંધ કરવા પ્રસંગ આવે છે ત્યારે જ તેને ખબર પડે છે કે એક આંખની નજર ઘણી ઓછી છે. આપણા લોકોમાં એવી માન્યતા સજડ બેઠેલી છે કે કોઇ પણ બાળકની આંખ ત્રાંસી જોવામાં આવે તો "ઇશ્વરનો ઘાટ છે તેનો ઉપાય શું?" એમ સમજી બેસી રહે છે. ખરી રીતે તેમ નથી. ત્રાંસાઇ અમુક કારણોને લીધે જ ઉત્પન્ન થાય છે; અને શરૂઆતથી જ યોગ્ય ઉપચાર કરવામાં આવે તો તે અટકાવી શકાય છે. એટલું યાદ રાખવાનું છે કે જો બાળકની નજર સારી રાખવાની ખાયેશ માબાપને હોય તો દરદના ઉપચાર જેમ બને તેમ નાની અવસ્થાથી

શરૂ કરવા જોઇએ અને બેથી ત્રણ વરસ સુધી ખંતથી ઉપચાર ચાલુ રાખવા જોઇએ. બારેક મહિના ચસ્માં, કસરત વિગેરે ઉપાયો કામે લગાડવામાં આવે છે; તેનાથી ફાયદો ન જોવામાં આવે તો શસ્ત્રક્રિયા કરવામાં આવે છે, અને તેનાથી ત્રાંસાઇ તો મટી જ જાય છે. માત્ર નજર સારી રહેવી ન રહેવી તેનો આધાર શસ્ત્રક્રિયા કયારે કરવામાં આવી તેના ઉપર છે. જો શરૂઆતમાં જ કરવામાં આવી હોય તો નજર સારી રહી શકે છે. આ બાબતમાં માતાઓને અમારી ખાસ ભલામણ છે કે બચ્ચાંને ત્રાંસાઇ જોવામાં આવે કે તરત સારા નેત્ર-વૈદ્યની સલાહ અનુસાર યોગ્ય ઉપચાર ચાલુ કરવા અને ખંતથી એ ઉપચારો પછવાડે મંડયા રહેવું.

પ્રકરણ ૪ થું.

પાંચ વર્ષની ઉમરથી તે યુવાવસ્થા સુધીના રોગો.

આ અવસ્થા દરમ્યાન આંખ ઉઠવી, ફુલાં પડવાં, અને ત્રાંસાઇ થવી એ મુખ્ય દરદો છે, આ દરદો સંબંધી વિવેચન આગળ થઇ ગયું છે. આ ઉપરાંત એક બીજું દરદ આ અવસ્થામાં મુખ્યત્વે કરીને થાય છે અને તે વાફુલાં છે. આ દરદ ઘણે ભાગે નબળી તબીયતના, જેના માબાપો અથવા કુટુંબમાં ક્ષય હોય, ગળામાં કંઠમાળ અથવા ગંડમાળના ગાંઠા હોય, પુરતી હવા અજવાળા વગરનાઓરડામાં રહેતાં હોય તેવા બાળકોને થાય છે. કવચિત મોટી ઉમરના સ્ત્રી પુરૂષોને પણ થાય છે. નાકનો અંદરનો ભાગ પાક્યો હોય તેને પણ આ દરદ વિશેષ જોવામાં આવે છે.

ચિન્હ—આ દરદના ચિન્હ નીચે મુજબ છે:—

દરદીની આંખમાંથી પાણી પડયા કરે છે. આંખ અજવાળામાં તો બિલકુલ ઉઘડી શકતી નથી. અંધારામાં પણ મહા મહેનતે ઉઘાડી શકાય છે. દરદી બહાર નીકળે છે ત્યારે બે હાથે આંખોને ઢાંકે છે. ઘરમાં બેઠેલો હોય ત્યારે એક ખુણામાં નીચું માથું ઘાલી બેસી રહે છે. આંખ ઉઘાડવાની કોશેશ કરતાં આંખમાંથી પાણીની સેરો છુટે છે, અને કવચિત દરદીને છીંકો આવવા માંડે છે. આંખને ખોલી જોવાથી ડોળાના કાળા ભાગની કિનારીમાં અથવા તેનાથી થોડે છેટે એક અથવા એક કરતાં વધારે નાનાં મોટાં ફુલાં જોવામાં આવે છે. આ ફુલાંથી શરૂ થઇ આંખના અંદરના અથવા બહારના ખુલ્લા ભાગ તરફ એક રતાશનું ત્રિકોણાકાર ધાબું જોવામાં આવે છે. ત્રિકોણનો ટોચનો ભાગ ફુલાં તરફ હોય છે. એ ફુલાં ઘણે ભાગે ઊંડાં જતાં નથી તેમ ડોળામાં કાણું પણ પેદા કરતાં નથી પણ કેટલાક દરદીઓમાં એ પ્રમાણે ફુલાં ફુટી તેમાં કાળો પડદો સપડાયાના દાખલા જોવામાં આવ્યા છે. જો યોગ્ય ઉપચાર કરવામાં આવે તો

ફુલાં મટી જાય છે અને કેટલેક વખતે (દિવસો અઠવાડીયાં કે મહિના) પછી ફરી ઉથલો ફરી આવે છે. આ ફુલાંઓ રૂઝાતાં ડોળા ઉપર સફેદ ડાઘાઓ રહી જાએ છે. કેટલીક વખત આ સફેદ ડાઘાઓમાં રક્તશિરાઓ ઉગી નીકળે છે.

ઉપચારઃ—આ દરદને માટે મુખ્ય ઉપાય ત્રણ છે; (૧) સારો ખોરાક અને ખુલી હવા. (૨) પૌષ્ટિક અને લોહી સુધારનાર દવાઓ. (૩) પીળો મલમ અને કેલોમેલ.

આગળ કહેવામાં આવ્યું છે કે દરદીની તબીયત નબળી હોય છે, તેટલા માટે દરદીને સારી, ખુલ્લી, ગામડાંની અથવા દરિયા કિનારાની હવામાં રાખવો. જેમ બને તેમ ખુલ્લી હવામાં દરદી પોતાનો વખત ગાળે એમ ગોઠવણ કરવી. ખોરાક તાકાત વાળો અને જલદી પચે એવો આપવો. દૂધ, ઘી, મલાઈ, માખણ ઈત્યાદિ ચીકણા પદાર્થો વધારે પ્રમાણમાં આપવા. ઈસ્ટન, કોડલીવર ઓઈલ, સીરપ ફેરી આયોડાઈડ, જેવી દવાઓ આપવી. નાકમાં કંઈ દરદ હોય તો તેના યોગ્ય ઉપચાર કરાવવા. આંખને માટે અંગ્રેજી દવામાં બે દવાઓ રામબાણ કામ કરે છે (૧) પીળો મલમ અને (૨) કેલોમેલ.

પીળો મલમ કેમ બનાવવો એ આગળ કહેવામાં આવ્યું છે તે છતાં અહીં ફરી જણાવીએ છીએ કે યલો ઓકસાઈડ ઓફ મરક્યુરી નામની પીળા રંગની પારાની બનાવટની ભુકી આવે છે તે કોઈ નજદીકની દવાશાળામાંથી લેવી. ગ્રેન પાંચ અથવા ઘઉં પાંચ ભાર લેવી. તેમાં અડધો ઔંસ એટલે સવા તોલો સફેદ વેસેલીન અથવા ચોખ્ખું તાજું ઘી નાંખવું. બન્ને દવાઓને અડધો કલાક સુધી ખરલ કરવી. પછી જે મલમ તૈયાર થાય તે કાચના કે ચીનીના વાસણમાં ભરી રાખવો. આ મલમમાંથી દિવસમાં એક વખત આંખમાં આંજવું. દરદ મટી ગયા પછી પણ થોડા વખત ચાલુ રાખવું. કેલોમેલ નામની દવા પણ ભુકીના આકારમાં આવે છે. રંગે ધોળી હોય છે અને વજનમાં ભારે હોય છે. આ પણ પારાની બનાવટ

છે. આ ભુકી પણ બજારમાં દવા વાળાઓને ત્યાં અથવા સારા ગાંધીને ત્યાં અથવા કોઈ પણ ડાક્ટરના દવાખાનામાં મળે છે. આ દવા જુલાબને માટે વપરાય છે. આ દવાનો થોડો ભુકો લઇ આંખમાં રૂના પુંબડાથી કે પીંછીથી ભભરાવવો અથવા છાંટવો. એ પ્રમાણે એકજ વખત કરવું. તેનાથી દરદ અવશ્ય મટે છે. દરદ ઉથલો કરે તો ફરી એજ ઉપચાર ચાલુ કરવા. દરદી આંખ ન ઉઘાડતો હોય તો ઠંડું પાણી આંખ ઉપર છાંટવું.

પ્રકરણ ૫ મું.

ટુંકી નજર, લાંબી નજર ઈત્યાદિ નજરની ખામીઓ.

આ વિષય અહીંઆં લેવાનું કારણ એ કે ટુંકી નજર અને તેને મળતી નજરની ખામીઓ લગભગ પાંચ સાત વર્ષની અવસ્થાએ શરૂ થાય છે અને તે વખતે જો તેની પુરતી સંભાળ રાખવામાં આવે તો દરદ વધતું અટકે છે એટલુંજ નહિં પણ ચસ્માંના ઉપયોગથી બાળક બચી જાય છે. આજના જમાનાના નેત્ર વૈદ્યોએ નક્કી કર્યું છે કે ટુંકી નજરવાળાઓ પૈકી મોટી સંખ્યા જન્મથી ટુંક નજરા હોતા નથી પણ તેમની કેટલીક ટેવો અને સંજોગોને લીધે ટુંકી નજરે પેદા થાય છે. બાળક જ્યારથી લખવા વાંચવાનું શરૂ કરે ત્યારથી માબાપોએ ખાસ સંભાળ રાખવી જોઈએ કે બાળક ચોપડી આંખની નજદીક લે નહિં. તંદુરસ્ત આંખવાળો બાળક લગભગ પંદરેક ઈંચને છેટેથી સાધારણ ટાઈપ વાળી ચોપડી વાંચી શકે છે; હવે જો ટાઇપ બહુ ઝીણાં હોય અથવા ઓરડામાં અજવાળું ઓછું હોય તો બાળકને કુદરતી રીતે ચોપડી નજદીક લાવવી પડે છે. થોડો વખત એ પ્રમાણે ચાલવા દેવામાં આવે તો બાળકની એ ટેવ થઇ જાય છે. આ ટેવથી આંખના ડોળા ઉપર ખેંચાણ થાય છે અને તેને લીધે ટુંકી નજરની શરૂઆત થાય છે. બીજા કેટલાક બાળકો એવા હોય છે કે તેમના આંખના ડોળા જન્મથી જ જોઇએ તેના કરતાં કંઇક લાંબા હોય છે અને તેઓ ઘણી નાની અવસ્થાથી જ ટુંકી નજર વાળા હોય છે; એટલું જ નહિં પણ તેમની ટુંકી નજર ઉત્તરોત્તર વધતી આવે છે અને ૨૦-૨૫ ની અવસ્થા થતાં તો આંખના ડોળામાં એટલા બધા ફેરફારો થઇ જાય છે કે બંધબેસતાં ચસ્માં આપવા છતાં પુરતી નજર થઇ શકતી નથી.

ટુંકી નજર અટકાવવા માટે શું શું કરવું જોઇએ. પ્રથમ એટલું સ્પષ્ટ કહેવું જોઇએ કે ટુંકી નજર અટકાવવા માટે જે કંઇ

કરી શકાય છે તે નાની અવસ્થામાં જ વિશેષ કરીને કરી શકાય છે. (૧) બાળકને જે ચોપડી શરૂઆતમાં વાંચવા આપવામાં આવે તેના અક્ષરો ઝીણા ન હોવા જોઈએ.

(૨) જે ઓરડામાં બાળકને વાંચવા બેસાડયો હોય તેમાં અજવાળું પુરતું આવવું જોઇએ. બની શકે તો ઉત્તર દિશા તરફની બારીમાંથી અજવાળું આવે એવી ગોઠવણ થઇ શકે તો સારૂં. બાળકે પોતાની પીઠ આ બારી તરફ રાખવી જોઇએ. (૩) બાળક ચોપડી આંખની નજદીક લેતો જોવામાં આવે તો તેને તેમ ન કરવા સમજાવવું જોઇએ. તે છતાં પણ આંખની નજદીક ચોપડી રાખે તો કોઇ સારા નેત્રવૈદ્ય પાસે આંખ તપાસાવી યોગ્ય ચસ્માં અપાવવાં જોઇએ. આપણા લોકોમાં, ખાસ કરી સ્ત્રી વર્ગમાં ચસ્માં તરફ એક જાતનો અયોગ્ય તિરસ્કાર હોય છે. જો બાળકની આંખની તપાસને પરિણામે ચસ્માંની જરૂર જણાય તો ચસ્માં વાપરવામાં ઢીલ ન કરવી જોઇએ, કારણ કે તેમ કરવાથી આંખ વધારે બગડે છે, એટલું જ નહિં પણ ત્રાંસાઇ જેવી કેટલીક કષ્ટસાધ્ય સ્થિતિઓ ઉત્પન્ન થાય છે. જો બાળક ટુંકી નજરવાળો છે એમ સાબીત થયું તો તેને યોગ્ય ચસ્માં અપાવવાં જોઇએ એટલું જ નહિં પણ તેને માટે બેઠકની પણ ખાસ ગોઠવણ કરવી જોઇએ. આવા ટુંકી નજર વાળા બાળકો ધણે ભાગે માથું ચોપડીમાં નીચું ધાલી દે છે તેમ ન થવા દેતાં તેની બેઠક એવી રીતે ગોઠવવી કે તેનું માથું બરોબર ઉંચું રહે અને ચોપડી તેની આંખોની સામે લગભગ આવે. આ મતલબથી સાધારણ નીચી ખુરસી અથવા બાકડો રાખવો અને સામે ટેબલ એટલું ઉંચું રાખવું કે ઉપર લખ્યા પ્રમાણે ચોપડી આંખની સપાટી લગભગ રહે. અમેરીકા જેવા સુધરેલા દેશોની નિશાળોમાં પણ ટુંકી નજરવાળા વિદ્યાર્થીઓ માટે ખાસ સગવડ રાખવામાં આવી હોય છે. ત્યાં પ્રાથમિક શાળાઓમાં પણ દરેક વિદ્યાર્થીની ત્રિમાસીક, અથવા છ માસિક શારીરિક તપાસ

કરવામાં આવે છે. જે વિદ્યાર્થીઓ ટુંકી નજરવાળા માલમ પડે તેમને માટે ખાસ સેરા કરવામાં આવે છે. આ સેરા પ્રમાણે શાળાના અધિકારીઓ અમલ કરે છે. એવા વિદ્યાર્થીઓ માટે વર્ગમાં ખાસ બેઠક નિયત કરવામાં આવે છે અને તે બેઠક ઉપર કળા પ્રમાણે તેની ઉંચાઇના પ્રમાણમાં ગોઠવવામાં આવે છે. વિશેષ તેની બેઠક ઉતર તરફની બારી પાસે રાખવામાં આવે છે. પાટીયાંથી તેની બેઠક વધારે દૂર નથી એ પણ ખાસ લક્ષમાં રાખવામાં આવે છે. વળી તેને જે ચોપડીઓ વાંચવા માટે આપવામાં આવે છે તેના અક્ષરો ઝીણા તો નથી તેની ખાત્રી કરવામાં આવે છે. ટુંકી નજર વાળા વિદ્યાર્થીઓ ઘણે ભાગે વાંચવાના શોખીન હોય છે. તેમના આ શોખને મર્યાદિત રાખવા કોશેશ કરવામાં આવે છે અને ઘેર આગળ અમુક કલાકથી વધારે તે ન વાંચે તેને માટે માબાપોને સુચના કરવામાં આવે છે. આ બધી રીતની સંભાળને પરિણામે તે દેશોમાં ટુંકી નજરવાળાનું પ્રમાણ ઓછું થતું આવે છે. બીજી તરફ દિલગી-રીની સાથે કહેવું પડે છે કે હિંદુસ્તાનમાં ટુંકી નજરવાળાનું પ્રમાણ વધતું આવે છે. ટુંકી નજર જો દિવસે દિવસે વધતી આવે તો તેને લીધે આંખની અંદર કેટલાક ફેરફાર થાય છે અને છેવટે નજર હમેશને માટે ઘણી ઓછી થઇ જાય છે જે યોગ્ય ચસ્માં લગાડવાથી પણ બહુ સારી થતી નથી.

લાંબી નજર—જેમ આંખનો ડોળો કુદરતી કરતાં લાંબો હોય તો ટુંકી નજર થાય છે તેમ ડોળો જો કુદરતી કરતાં ટુંકો હોય તો લાંબી નજર થાય છે. કેટલાક વિચાર કરનારા વાંચકોને આ વાત જરા નવાઇ જેવી લાગશે પણ તેઓ જો કોઇ સારા નેત્રવૈદ્ય પાસે જઇ સમજવાની કોશેશ કરશે તો તેઓને સહેલાઇથી સમજી શકશે. આ નાના પુસ્તકમાં આ બાબત સમજાવવા કોશેશ પણ કરી નથી કારણ કે આ પુસ્તકનો એ અધિકાર નથી. લાંબી નજર ઘણે ભાગે જન્મથી હોય છે.

ચિન્હ—લાંબી નજર જો સાધારણ હોય તો દરદીને છેટે જોવામાં અડચણ પડતી નથી. વાંચવાનું શરૂ કરતી વખતે પણ અડચણ જણાતી નથી, પણ થોડો વખત વાંચવા પછી અક્ષર જરા ઝાંખા જણાય છે અને એકબીજામાં મળી જતા હોય એમ જોવામાં આવે છે. એકાદ બે કલાક વાંચવા લખવા પછી વિદ્યાર્થીનું માથું ભારે લાગે છે અને લમણામાં દુઃખવા માંડે છે. જો લાંબી નજર વધારે પ્રમાણમાં હોય તો છેટેની વસ્તુઓ જોવામાં પણ અડચણ પડે છે અને નજદીકથી ઝીણા અક્ષર વાંચી શકાતા નથી. કેટલાક વિદ્યાર્થીઓને આવી કશી અડચણ જણાતી નથી પણ તેઓ માથાના દુઃખાવાની ફરિયાદ કર્યા કરે છે. આ માથાનો દુઃખાવો આંખ તપાસી યોગ્ય ચસ્માં આપવા સિવાય મટતો જ નથી. આ ઉપરથી કેટલાક સારા વૈદ્ય ડાક્ટરો એવો નિયમ પોતાના મનમાં ઘડી રાખે છે કે જ્યારે કોઇપણ દરદીનો માથાનો દુઃખાવો સાધારણ ઉપચારોથી ન મટે ત્યારે આંખની યોગ્ય તપાસ કરાવી લેવી. લાંબી નજર વાળાઓ ઘણી વખત ૩૦–૩૫ ની અવસ્થા સુધી લગભગ નહિં જેવી અથવા થોડી ઘણી અડચણ પડવા છતાં ચસ્માં વિના જ ચલાવી લે છે. ૩૦–૩૫ ની અવસ્થાએ પહોંચતાં તેમને વાંચવામાં–ખાસ કરી રાત્રે અડચણ પડવા માંડે છે અને તે વખતે તેમને ચસ્માં લેવાની ફરજ પડે છે.

ઉપચાર—આંખની પુરતી તપાસ કરાવી યોગ્ય ચસ્માં લેવાં એ જ ઉત્તમ ઉપાય છે. તે સિવાય વિશેષ કંઇ કરવા જેવું હોતું નથી. દરદી આંખનો જોઇએ તેટલો ઉપયોગ કરે તેમાં કશી વાતે અડચણ આવતી નથી તેમ તેથી આંખને કશું નુકશાન થતું નથી.

અનિયમીત દ્રષ્ટિમાં દરદીને શરૂઆતથી જ અડચણ પડવા માંડે છે. દૂરથી જોવામાં તેમ જ લખવા વાંચવામાં સરખી અડચણ પડે છે. દરદીને કશું સ્પષ્ટ દેખાતું નથી. યોગ્ય ચસ્માં લેવા એ જ ઉત્તમ ઉપાય છે.

ચશ્માં સંબંધી બે બોલ:—આજથી થોડાં વર્ષો પહેલાં આપણા લોકોને એવી માન્યતા હતી કે ચશ્માં તો ઘરડાંઓને જ જોઇએ. નાની અવસ્થાના જેટલા સ્ત્રી પુરૂષો ચશ્માં ચડાવે છે તે બધા માત્ર શોખની ખાતર જ ચડાવે છે. આવી 'માન્યતા તેમની અજ્ઞાનતાને લીધે જ હતી. તેઓ એમજ સમજતા કે નાની અવસ્થામાં બધાંની નજર સારી જ હોવી જોઇએ અને માત્ર વૃદ્ધાવસ્થામાં જ ચશ્માંની મદદ લેવી જોઇએ. આવી માન્યતા હોવાનું મુખ્ય કારણ એ હતું કે આગળના વખતમાં ચશ્માં સંબંધી નેત્ર વૈદ્યોનું જ્ઞાન બહુ ઓછું હતું. માત્ર બેતાળા માટે જ કાચ આપવામાં આવતા, અને તેનાથી વાંચવામાં મદદ મળતી. બેતાળા સિવાય બીજી કોઇ આંખની સ્થિતિને ચશ્માંથી ફાયદો થાય છે એ વાત તેમના જ્ઞાનની બહાર હતી. વળી તે વખતે કેટલાક અર્ધદગ્ધ યુવાનીઆઓ થોડું ઘણું અંગ્રેજી ભણ્યા કે ન ભણ્યા પણ માત્ર સાહેબ લોકોની વાંદર નકલ કરવાના ઇરાદાથી જ ચશ્માં વાપરતા. એ લોકો પોતાના મનને એમ ઠગતા કે ચશ્માં ચડાવવાથી અમે સુધરેલા, ભણેલા અને દમામદારમાં ખપીએ છીએ. આવી જ માન્યતાથી ઘણા વર્ષ પહેલાં એક કવિએ કહ્યું હતું કે:-

સુધરી જવાના સાધનોમાં મુખ્ય વસ્તુ આટલી;
ઘડીયાળ, ચશ્માં, બુટ, કર છત્રી, છડી કે બાટલી.

આજે થોડા ગર્ભશ્રીમંતોના નબીરાઓ બાદ કરતાં બાકીના વિદ્યાર્થી વર્ગમાંથી એવા ખોટા ખ્યાલો નાબુદ થયા છે. વળી સાથે ચશ્મા સંબંધી જ્ઞાન એટલે દરજ્જે આગળ વધ્યું છે કે અંધારા ઓરડામાં આંખની તપાસ કરવાથી જ જણાઇ આવે છે કે અમુક આંખને ચશ્માની જરૂર છે કે નહિ. એટલે ખોટી રીતે ચશ્માં લેનારાઓ ફાવી શકતા નથી. આપણા લોકોમાં એક બીજી ખોટી માન્યતા ઘર કરી બેઠી છે અને તે એ છે કે બૈરાંઓથી ચશ્માં કેમ પહેરાય? આ માન્યતા મુંબઇ જેવા શહેરમાં અને ખાસ કરી કેળ-

વણી શેતી કોમોના આ વર્ગમાંથી નીકળી ગઇ છે અને નીકળતી જાય છે પણ કેળવણીથી રહિત રહેલી સ્ત્રીઓમાં હજી એવા ખોટા વિચારો જડ ઘાલી બેઠેલા છે અને ચશ્માંની ગમે તેટલી જરૂર જોવામાં આવે તો પણ તેમને ચશ્માં લેવાનું કબુલ કરાવતાં કેટલીક મહેનત કરવી પડે છે. ટુંકામાં કહેવાનું એટલું જ કે જ્યારે જ્યારે નેત્રવૈદ્યની તપાસને પરિણામે આંખને ચશ્માંની જરૂર જણાય ત્યારે ત્યારે ચશ્માં લેવામાં ઢીલ કરવી નહિં; પછી દરદીની નાની ઉમર હોય કે દરદી સ્ત્રી હોય.

ખીલ—ગુજરાતી ભાષામાં ખીલનાં ઘણાં નામો છે. કેટલાક તેને તાપોડીયાં કહે છે; બીજા કેટલાક તેને ખીલ કહે છે, અને કેટલાક ભાગોમાં તેને માયડ કહેવામાં આવે છે. આ દરદ કોઇપણ અવસ્થામાં થઇ શકે; પણ અમારૂં માનવું એવું છે કે ખીલના જે જે દરદીઓ આપણે જોઇએ છીએ તેમાંના ઘણાખરાઓને દરદની શરૂઆત નાની અવસ્થામાં જ થયેલી હોવી જોઇએ. આ જ કારણથી આ દરદને અહીં લેવાનું વ્યાજબી ધાર્યું છે.

ચિન્હ:—શરૂઆતમાં દરદીને ખાસ ચિન્હો જોવામાં આવતાં નથી. માત્ર વાંચવાથી, ધુમાડો લાગવાથી, અથવા બહુ પ્રકાશ આંખ ઉપર પડવાથી આંખમાંથી પાણી પડે છે. દરદી ઉઠે ત્યારે આંખમાં જાણે કાંકરા પડયા હોય એ પ્રમાણે ખટકો થયા કરે છે. રાત્રે ઉજાગરો હોય તો આ ખટકો વધારે જણાય છે. દિવસના ભાગમાં ખટકો બહુ જણાતો નથી. દરદીની આંખને તપાસતાં આંખમાં સહ જ લાલાશ સિવાય બીજાં કશાં ચિન્હો જોવામાં આવતાં નથી. પોપચાંને ઉથલાવી જોવાથી તેમાં રતાશ સારી રીતે જોવામાં આવે છે. તે ઉપરાંત પોપચાંના અંદરના ભાગમાં ઝીણાં ઝીણાં સાબુદાણા જેવા કંઇક સફેદ રંગના અથવા ગુલાબી રંગના દાણા જોવામાં આવે છે. આ દાણા બધા દરદીઓમાં સરખા કદના હોતા નથી. કેટલાક દરદીઓમાં સારી રીતે મ્હોટા હોય છે અને કેટલાકમાં એટલા બારીક હોય છે કે તે મુશ્કેલીથી જોઈ શકાય છે. આગળ ચાલતાં દરદ જુનું

થાય છે અને જેટલું જુનું થાય છે એટલું જ તે મટવું મુશ્કેલ થાય છે. આ દરદને અંગે આંખમાં ઝીણાં ઝીણાં ચાંદા અવારનવાર થઈ આવે છે અને તે વખતે દરદીને આંખમાં તેમ જ માથામાં અસહ્ય વેદના થાય છે. આ વેદના રાત્રે વધી પડે છે. આંખ લાલચોળ થઈ જાય છે. આંખથી પ્રકાશ બિલકુલ સહન થતો નથી. પાણી સારી રીતે પડે છે. યોગ્ય ઉપચાર કરવાથી થોડે ઘણે દિવસે આ ચાંદાંઓ મટી જાય છે પણ જ્યાં જ્યાં ચાંદાં હોય છે ત્યાં ત્યાં ઝીણાં ઝીણાં ફુલાં રહી જાય છે. જો ફુલું કે ફુલાં મધ્ય ભાગમાં હોય તો દૃષ્ટિને કેટલેક દરજ્જે હરકત પહોંચે છે. આ પ્રમાણે આંખનો દુઃખાવો વર્ષમાં એકાદ બે વખત કે તેથી વધારે વખત ઉપડી આવે છે. જો દરદ તેથી પણ લાંબો વખત ચાલે તો આંખમાં છારી થઇ આવે છે. છારીનું લક્ષણ એ હોય છે કે આંખના ડોળામાં જે ગોળ ચળકતો ભાગ દેખાય છે તેનો ચળકાટ કમી થઇ જાય છે. કાચને આપણે ઘસી નાખ્યા હોય અને જેવો દેખાવ જોવામાં આવે તેવો દેખાવ છારીથી જણાય છે. ઘણે ભાગે છારી આ ગોળ કાળા ભાગના ઉપરના ભાગમાં એટલે જે ભાગ ઉપરના પોપચાથી ઢંકાયલો રહે છે તે ભાગમાં જોવામાં આવે છે. બારીકીથી તપાસ કરતાં જોવામાં આવશે કે આ છારીવાળા ભાગમાં ઝીણી ઝીણી લોહીની નસો પરિઘ ભાગ તરફથી મધ્ય તરફ ઉગેલી છે. જેમ દરદ જુનું થાય તેમ છારી વધારે ઘટ્ટ થતી આવે છે. શરૂઆતમાં નજરમાં સહેજ સાજ ખામી હોય છે પણ જ્યારે છારી વધારે ઘટ્ટ થાય છે ત્યારે દૃષ્ટિ ઘણી ઓછી થઈ જાય છે. કેટલીક વખત તો આ છારીને પરિણામે આંખની અંદરના ભાગમાં સોજો થઇ આવી દૃષ્ટિનો સદંતર નાશ થાય છે. વળી કેટલાક દરદીઓમાં ડોળાનો મધ્ય ભાગ પાતળો પડી જઈ ડઇઆ રૂપે આગળ વધી આવે છે. કેટલાક દરદીઓને ખીલને પરિણામે પરવાળાં થઈ આવે છે. પરવાળાં શબ્દનો અર્થ અહીં સમજાવવો એ જરૂરનું છે. દરેક વાંચકને ધ્યાન હોવું જોઇએ કે પોપ-

ચાંની કિનારીમાં વાળની એક હાર આવેલી છે. ઉપરના અને નીચેના પોપચામાં એક એક હાર છે. વાળની આ હારને પાંપણ કહે છે. ઉપરના પોપચાંમાં આવેલા વાળ જરા નીચે અને બહારની બાજુ વળેલા હોય છે. નીચેનાં પોપચાંના વાળ ઉપર અને બહારની બાજુ વળેલા હોય છે. જુના ખીલને પરિણામે આ વાળની હાર અથવા પાંપણ આંખનાં ડોળા તરફ વળી જાય છે. આ સ્થિતિને પરવાળાં કહે છે. વળી કેટલીક વખત વાળની એક હાર ઉપરાંત બીજી એક હાર વધારાની ઉગી આવે છે. આ વાળ પણ ડોળા તરફ વધેલા હોય છે. વાળ ડોળાને લાગતા હોવાથી આંખમાંથી પાણી પડે છે અને દરદીની નજર ઓછી થતી જાય છે. વળી કેટલાક દરદીઓને શરૂઆતમાં થોડી ઘણી પીડા પણ હોય છે. ખીલને પરિણામે પરવાળાં આવે તેને લાંબો વખત લાગે છે એટલે ખીલની શરૂઆત થયા પછી ઓછામાં ઓછાં પાંચ વર્ષ પહેલાં પરવાળાં આવતાં નથી. આ નિયમમાં એક બે અપવાદો છે. જો પોપચાંના અંદરના ભાગને છોલવામાં આવ્યો હોય અને તેને લીધે પોપચાંનાં ઊંડા ભાગોમાં થોડો ઘણો સોજો આવ્યો હોય તો પરવાળાં વહેલાં આવે છે. આપણા લોકોમાં ખાસ કરી ગામડાઓમાં કેટલીક સ્ત્રીઓ ખીલને સાકરના કટકાથી, કેટલાક મુએલા જનાવરોની જીભથી અથવા એવી બાજી ખડબચડી પણ ગંદી ચીજોથી ઘસે છે. ઘસવાથી લોહી નીકળે છે અને પોપચાંમાં સોજો પેદા થાય છે. જો સોજો વધારે થાય અથવા ઘણી વખત પોપચાંને ઘસવામાં આવે તો પોપચું અંદર વળી જાય છે અને પરવાળાં થઇ આવે છે.

ઉપર આપેલી વિક્રિયાઓ સિવાય ખીલને પરિણામે બીજી પણ કેટલીક સ્થિતિઓ પેદા થાય છે અને આંખને નુકશાન કરે છે; પણ તે બધી સ્થિતિઓનું વર્ણન આવા પુસ્તકમાં કરવાનું દુરસ્ત ધાર્યું નથી. મારા “ નેત્રરોગ ” નામના પુસ્તકમાં તેનું પુરતું વર્ણન જોવામાં આવશે.

ઉપચાર—ખીલના ઉપચારના આપણે બે વર્ગ પાડીએ; ખીલ થતા અટકાવવાના, અને થયેલા ખીલને મટાડવાના. ખીલ થતા અટકાવવાના ઉપાયો લખવા પહેલાં ખીલ કેમ થાય છે તેની થોડી-ઘણી સમજુતી આપીશું તો તેના ઇલાજ પોતાની મેળે કહેવાઇ જશે. આજના જમાનાના નેત્ર વૈદ્યોએ બારીક અવલોકન અને પ્રયોગોને અંતે નક્કી કર્યું છે કે ખીલ થવાનું મુખ્ય કારણ ખીલનો ચેપ છે. જે આંખમાં ખીલ થયા હોય તે આંખને લાગેલો હાથ, અથવા કપડું જેવું કે રૂમાલ, ધોતીઆનો છેડો, ઇત્યાદિ બીજી તંદુરસ્ત આંખને લાગે તો તે આંખમાં ખીલ થઈ આવવાનો દરેક સંભવ રહે છે. નેત્ર વૈદ્યોને પણ આ ચેપથી બચવા માટે બહુ સાવચેત રહેવું પડે છે. ખુલ્લી હવામાં જો ખીલવાળા દરદીઓ સાથે બીજા લોકો હરે ફરે તો તેથી ચેપ લાગતો નથી પણ હવા ઉજાસ વગરના ઓરડાઓમાં ખીલના દરદીઓ સાથે તંદુરસ્ત આંખો વાળા બાળકો અને સ્ત્રી પુરૂષો સુએ તો તેમને આ દરદ થઇ આવે છે એમ અમને અનુભવને પરિણામે જાણવામાં આવ્યું છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે ખીલ અટકાવવાનો મુખ્ય ઉપાય એ છે કે જેની આંખોમાં ખીલ હોય તેવા દરદીઓના રૂમાલ કે કપડાં આપણું મોઢું લુંછવા માટે બિલકુલ વાપરવા નહિં; જે લોકો ગેંડીમાં પાણી ભરી મોઢું ધુવે છે (ઇંગ્રેજી રીતનું અનુકરણ કરી) તેમણે જે કુંડી એવા દરદીઓએ વાપરી હોય તેવી કુંડી પોતે વાપરવી નહીં. બની શકે તો એવા દરદીઓ જે ઓરડામાં સુતા હોય ત્યાં જો પુરતું અજવાળું કે હવા ન હોય તો ત્યાં સુવું નહિં. જો કોઈ પણ કારણસર એવા દરદીની આંખને હાથ લગાડવાનો પ્રસંગ બને તો ત્યાર પછી પહેલાં સાબુથી હાથને ધોઇ નાંખવા અને પછી રસકપુરના પાણીથી અથવા કોલન વોટરથી હાથ ધોઇ નાંખવા.

દરદ થયા પછી કરવાના ઉપચાર—ખીલના દરદીઓએ ધુમાડો, ધૂળ, ધૂપ અને ધુમ્રપાનથી બનીશકે ત્યાં સુધી દૂર રહેવું.

ધુમાડાથી તેમજ ધૂળથી તેમજ ધૂપ એટલે તડકાથી ખીલ વાળી આંખો વધારે ખરાબ થાય છે. ધુમ્રપાન એટલે બીડીથી પણ એજ રીતે નુકશાન થાય છે, બીડીના ધુમાડા આંખમાં જવાથી તેવી આંખોમાંથી પાણી ઝરવા માંડે છે. ખીલવાળા દરદીઓએ બહુ વાંચવા લખવાનું કામ પણ કરવું નહિ. ખીલ માટે દવાઓ અસંખ્ય અજમાવવામાં આવી છે; પણ ખરી રીતે આજ દિવસ સુધી કોઇ પણ દવા રામબાણ તો નથી જ નીવડી. જેમ દરેક દરદ માટે બને છે કે જે દરદનો એક ચોકસ ઉપાય નહિં તેના અસંખ્ય ઉપાય. તેજ પ્રમાણે ખીલને માટે પણ એમજ બન્યું છે. આ બધી દવાઓનું અહીં વર્ણન આપવાથી કશો ફાયદો નથી. આ બધી દવાઓમાં બે ત્રણ દવાઓ મુખ્યત્વે કરીને વાપરવામાં આવે છે. મોરથુથાની સળી એ એક મુખ્ય ઇલાજ ગણવામાં આવે છે, મોરથુથુ વાપરવામાં પહેલાં ત્રણ બાબતો ચોક્કસ કરવી જોઇએ:-

(૧) આંખમાં ડોળા ઉપર લાલાશ ન હોવી જોઇએ. (૨) આંખના ડોળા ઉપર ઝીણા ચાંદાંઓ ન હોવાં જોઇએ. (૩) દરદીની આંખને સૂર્યના પ્રકાશનો બહુ કંટાળો નઆવવો જોઇએ. આ ત્રણ બાબતો જો ન હોય અને ખીલના દાણા સારી રીતે ઉપસેલા જણાતા હોય ;તો મોરથુથા જેવી બીજી એકે દવા કામ કરતી નથી. મોરથુથુ વાપરવાની એક કરતાં વધારે રીતો છે.

(૧) મોરથુથુની સળી ઉથલાવેલા પોપચાં ઉપર ઘસવી. (૨) મોરથુથુનો મલમ બનાવી આંખમાં આંજવો. (૩) મોરથુથુનાં ટીંપાં બનાવી આંખમાં નાંખવાં. (૪) મોરથુથુ અને ફટકડીની સળી બનાવી આંખમાં આંજવી. (૫) મોરથુથુને ગ્લીસરાઇનમાં મેળવી આંખમાં ટીંપાં નાંખવાં.

(૧) મોરથુથુની સળી ઉથલાવેલા પોપચાં ઉપર લગાડવી. આ રીત વધારે પ્રચલિત છે. મોરથુથુનો એક કટકો લઇ તેને જરા પાણી સાથે એક લીસા પથરા ઉપર ઘસી બરોબર લીસી સળી

બનાવવી. પોપચાંને ઉથલાવી તેના ઉપર આ સળી એક કે બે વખત સાધારણ ઝડપથી ફેરવવી પછી તરતજ થોડું વીલાયતી કપાસ લઇ આંખના ખુણામાં દબાવવું. આથી મોરથુથુનું પ્રવાહી ખેંચાઇ આવશે અને આંખના ડોળાને નુકશાન કરશે નહિં. જો આ સંભાળ લેવામાં નહિ આવી હોય તો કેટલાક દરદીઓમાં શુકલમંડળના ચાંદાં થઇ આવે છે અને તેને લીધે ખીલ મટવાને બદલે દરદીનું દરદ વધારે થશે. આ પ્રમાણે મોરથુથુની સળી પહેલા એકાંતરે લગાડવી અને પછી દરરોજ લગાડવી. (૨) કેટલાક નેત્રવૈદ્યો મોરથુથુનો મલમ બનાવી વાપરે છે. એક ઔંસ વેસેલાઇનમાં પાચ ગ્રેન સુધી મોરથુથુ નાંખી મલમ બનાવવામાં આવે છે. (૩) મોરથુથુના ટીંપાં પણ એક ઔંસ પાણીમાં અથવા ગ્લીસરાઇનમાં બેથી ચાર ગ્રેનના પ્રમાણમાં નાંખી બનાવવામા આવે છે. (૪) મોરથુથુની સળી બનાવવાની રીત નીચે મુજબ છેઃ—

૧ તોલો મોરથુથુ, ૧ તોલો ફટકડી, ચાર તોલા સુરોખાર અને ૦। તોલો કપુર ભીમસેની અથવા સાદો લેવો. મોરથુથુ ફટકડી અને સુરાખારને એક ગીનાઇ માટીના વાસણમાં નાખી દેવતા ઉપર ઓગાળવાં. જ્યારે રસ થઈ જાય ત્યારે કપુર અંદર નાખી દેવું અને આ રસને યોગ્ય ઠામમાં નાંખી સળીઓ બનાવવી. આ સળી ઉથલાવેલાં પોપચાં ઉપર દિવસમાં એક વખત ઘસવી. આ ઉપરાત બીજી દવા સીલ્વર નાઇટ્રેટ છે. આ દવાનો ઉપયોગ આંખ આવવાના પ્રકરણમાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે કરવો. અહીં કહેવું જરૂરનું છે કે ખીલ મટવા માટે કોઇપણ યોગ્ય દવા ઓછામાં ઓછી છ મહિના ચાલુ વાપરવી જોઇએ. જો ખીલ જુના હોય તો બાર મહિના સુધી ચાલુ ઉપાયો કરવા જોઇએ. ઉપરની દવાઓ ઉપરાંત નીચેની દવાઓ અમારા અનુભવમાં સારી નીવડી છે. એસીડ ટેનીકનો ભુકો ગ્રેન ૨૦ વીસ, મધ ઔંસ ૧–મેળવી આંખમાં દરરોજ એક વખત આંજવું. સરગવાની સીંગના ઝાડના પાંદડા લઇ તેમને કચરી તેમાંથી ચોકખો રસ કાઢી લેવો. આ રસ એક ચમચો લેવો અને તેમાં

ચાર ચમચા મધ નાંખી મેળવી આંખમાં આંજવું. આ રસ ચાર દિવસથી વધારે સારી હાલતમાં રહેતો નથી. બાવળના પાંદડાનો રસ કાઢી મધ સાથે એ જ પ્રમાણમાં મેળવી આંજવાથી ફાયદો થાય છે. ત્રિફળાના પાણીનો ઉપયોગ કરવાથી પણ ખીલને ફાયદો થાય છે. માયાનો ક્વાથ કરી ઘટ્ટ લુગડાંથી અથવા ફીલ્ટર પેપરથી ગળી આંખમાં ટીંપાં નાંખવાથી સારો ફાયદો થાય છે. ખીલને પરિણામે આંખમાં ચાંદાં થાય અથવા છારી થઈ આવે તો તરત કોઈ યોગ્ય નેત્રવૈદ્યની સલાહ લેવી. પરવાળાં હમેશને માટે શસ્ત્રક્રિયા વગર મટતાં નથી માટે જેમ બને તેમ તરત કોઈ સારા નેત્રવૈદ્ય પાસે શસ્ત્રક્રિયા કરાવવી. ખીલને માટે અનેક શસ્ત્રક્રિયાઓ યોજવામાં આવી છે. જો ઔષધોપચારથી ફાયદો ન થાય તો શસ્ત્રક્રિયા કરાવવી. ખીલમાં થતી છારીને માટે ચણોઠી રાતીનું પાણી ઠીક ફાયદો કરે છે. છએક ચણોઠી લઈ તેને અડધી કચરી તેમાં એક ઔંસ ઠંડુ પાણી નાખી એક દિવસ રાખી મુકવી. ચોવીસ કલાક પછી પાણીને ગળી લઈ એક બે કે ત્રણ દિવસ સુધી દરરોજ એક વખત આંખમાં ટીંપાં નાખવાં. બીજે કે ત્રીજે દિવસે દરદીની આંખ સુજી આવશે અને તેમાંથી પાણી પડવું શરૂ થઈ જશે. ત્રીજે દિવસે ચણોઠીનું પાણી બંધ કરવું અને આંખને દરરોજ ગરમ પાણીથી અથવા બોરીક એસીડના પ્રવાહીથી ધોતા રહેવું. કેટલાક દરદીઓને ચણોઠીના પાણીના વપરાશને લીધે એટલો સોજો થઈ આવે છે કે તેથી ફાયદાને બદલે નુકશાન થાય છે માટે બીનઅનુભવી વૈદ્ય અથવા દરદીએ પોતે ચણોઠીના પાણીનો પ્રયોગ ન કરવો એ સલામતી ભર્યું છે. બોરીક એસીડનો ભુકો સુરમા તરીકે આંજવામાં આવે છે અથવા ઝીણો ભુકો આંખમાં ભભરાવવામાં આવે છે. તેથી કેટલાક દરદીઓને સારો ફાયદો થાય છે. ચાલુ વપરાશ માટે આરજીરોલ અને પ્રોટારગોલ જેવી દવાઓ એક ઔંસ પાણીમાં ૨૦–૨૫ ગ્રેન સુધી નાંખી પ્રવાહી બનાવી દિવસમાં એક બે વખત ટીંપાં તરીકે ઉપયોગમાં લેવી ઠીક છે.

પ્રકરણ ૬ ઠું.

યુવાવસ્થામાં થતા આંખના રોગો.

યુવાવસ્થામાં જેમ શારીરિક આરોગ્યતા સારામાં સારી હોવી જોઇએ તેવીજ રીતે આંખની સ્થિતિ પણ ઉત્તમ પ્રકારની હોવી જોઇએ; અને બને છે પણ તેમજ. જો આંખમાં કોઇ ખીલ જેવા દીર્ઘ વ્યાધિ ન હોય, ટુંકી નજર જેવી આંખમાં ચાલુ નુકશાન કર્તા સ્થિતિ ન હોય અને બહુ લખવા વાંચવાને લીધે અથવા નાટક સીનેમા જોવાને લીધે અયોગ્ય શ્રમ ન પડતો હોય તો ઘણે ભાગે યુવાવસ્થામાં આંખને કોઇ ખાસ વ્યાધિ લાગુ પડતો નથી. માત્ર કોઇ વખત આંખ આવી જાય છે અથવા આંખને અકસ્માત નડે છે. આંખ આવવા સંબધી લખવાનું તે લખાઇ ગયું છે એટલે અહીં આંખને અકસ્માતને પરિણામે થતી ઇજા સંબંધી થોડું લખવાનું છે.

આંખમાં પડતા બહારના પદાર્થો—ઘણી વખત આંખમાં ધૂળ, કોલસાનાં ઝીણાં રજકણો, ઝીણી કાંકરી, ચુનાની ઝીણી કટકીઓ ઇત્યાદિ પદાર્થો પડી જાય છે. આવા પદાર્થો પડવાની સાથે જ આંખમાં ખટકો શરૂ થાય છે. આંખમાંથી પાણી પડવાનું શરૂ થાય છે અને આંખ લાલ થઇ જાય છે. ઘણે ભાગે તો આંખમાંથી પડતા પાણીને લીધે એવા પદાર્થો ધોવાઇ જઇ આંખની બહાર નીકળી જાય છે; પણ કેટલીક વખત બહુ પ્રયત્નો કરવા છતાં પણ આંખમાંથી એવા પદાર્થો નીકળતા નથી. આવા પદાર્થો કહાડવા માટે અનેક ઇલાજો સૂચવવામાં આવે છે. જો બહારનો પદાર્થ દેખાતો હોય તો કપાસની વાટથી અથવા મલમલ જેવા નરમ કપડાની વાટ કરી તેનાથી કહાડી લેવો. આંખને ધોવાથી પણ એવા પદાર્થો બહાર નીકળી આવે છે. વિલાયતી એરંડીઉં તેલ (દીવેલ) ત્રણ ચાર ટીપાં જેટલું આંખમાં નાંખવાથી પણ બહારના

પદાર્થો નીકળી આવે છે, જો આવા ચાલુ ઉપાયોથી પદાર્થ બહાર ન નીકળે તો તેને માટે ઉપલાં પોપચાં અને ડોળાની વચ્ચેની બખોલમાં તપાસ કરવી. ત્યાં જોવામાં આવે તો ત્યાંથી કહાડી લેવો. જો બાહ્ય પદાર્થ આંખના ડોળાના વચલા કાચ જેવા ભાગમાં ચોંટલો હોય તો તેને ઉખેડી કહાડવામાં કેટલીક સંભાળ રાખવાની જરૂર છે. પહેલાં તો જે હથીયારથી કહાડવો હોય તે હથીયાર બરોબર ઉકાળેલું હોવું જોઇએ. આંખમાં નાખવાનું હરકોઇ હથીયાર વાપરતાં પહેલાં સારી રીતે ઉકળતા પાણીમાં રહેવા દઇ, ઠારીને વાપરવું. આમ કરવાનું કારણ હથીયારને જંતુ રહીત કરવાનું છે. આંખને બોરીક એસીડના પ્રવાહી અથવા રસકપુરના પ્રવાહીથી ધોવી જોઇએ. દરદીને પીડા ન થાય તેને માટે આંખમાં થોડું કોકેનનું પ્રવાહી નાંખવું. કોકેનથી આખ સુની થાય એટલે બહુ સંભાળથી બાહ્ય પદાર્થ શુકલમંડળ ઉપરથી ખોદી કહાડવો. કેટલીક વખત પેનસીલની અણી સારી બનાવી, પેનસીલને ઉકળતા પાણીમાં ઉકાળી, ઉપયોગમાં લઇ શકાય છે. ખાસ જરૂર હોય તેનાથી વધારે ઊંડા જવું નહિં. તેમ શુકલમંડળમાં જખમ જેમ બને તેમ નાનો થાય તેની સંભાળ રાખવી. બાહ્ય પદાર્થ કહાડી લીધા પછી આંખને બંધ કરી ઉપર પાટો બાંધી લેવો. જો બાહ્ય પદાર્થ આંખમાં ઊંડો ગયો હોય તો નેત્રવૈદ્ય સિવાય બીજાએ કહાડવા કોશેશ કરવી નહિં. આવી રીતે આંખમાં ઊંડા જનારા પદાર્થોમા લોઢાંની અથવા બીજી ધાતુની કરચલીઓ મુખ્ય હોય છે અને તેવી કરચલીઓ ઘણી વખત આંખના ડોળામાં પેસી જાય છે. આવી રીતે આંખના ડોળામાં ગયેલા પદાર્થો બહુજ જોખમી છે કારણ કે તેવા પદાર્થો સહેલાઇથી બહાર કહાડી શકાતા નથી અને જો વેળાસર ન નીકળે તો તેને લીધે આંખમાં ગંભીર પ્રકારનો સોજો થઇ આંખ ઇજા પામે છે, અથવા અંધાપો આવે છે, એટલું જ નહિ પણ બીજી ન ઇજા પામેલી આંખ પણ જોખમાવાનો બહુ ભય રહે છે. આને

માટે સારામાં સારી સૂચના અમે એટલીજ કરી શકીએ કે જો કોઇ પણ બાહ્ય પદાર્થ આંખના ડોળાની અંદર ગયો હોય તો સારામાં સારા નેત્રવૈદ્યની વેળાસર સલાહ લેવી.

અહીં એક સુચના આપવી જરૂરની છે અને તે એ છે કે કેટલીક વખત ઝીણા બાહ્ય પદાર્થો આંખમાં પડી નીકળી જાય છે પણ દરદી આંખને ચુંથે છે તેથી અથવા બાહ્ય પદાર્થ પડવાથી આંખમાં લાલાસ અને ખટકો ચાલુ રહે છે. ખટકો થતો હોવાથી દરદીને એમજ લાગે છે કે " હજી આંખમાં કસ્તર છે. " બારીકીથી તપાસ કરવા છતાં પણ આંખમાં કોઇ બાહ્ય પદાર્થ જોવામાં આવતો નથી. આવા પ્રસંગે આંખમાં બોરીક એસીડ અને વેસેલીન મેળવી બનાવેલું મલમ થોડું નાંખવાથી ખટકો બંધ થઇ જાય છે. જો આ મલમથી ખટકો ન મટે તો કોકેન ગ્રેન ૫ પાચ અને વેસેલીન ડ્રામ ૨ મેળવી બનાવેલો મલમ આંખમાં નાંખવાથી ખટકો અવશ્ય મટી જશે.

આંખમાં લાલ ધાબાં—જ્યારે આંખ ઉપર મૂઢમાર લાગે છે ત્યારે આંખના ડોળાના ધોળા ભાગમાં લાલ ધાબાં થઇ આવે છે. આ ધાબાં હિંગળોકના રંગ જેવા રંગના હોય છે. આંખના ડોળા ઉપરના બારીક પડ નીચે લોહીની નસ તુટી જવાથી લોહી નીકળવાને લીધે આ ધાબાં થાય છે. આંખ ઉપર મૂઢ માર લાગ્યા સિવાય પણ કેટલીક વખત આવાં ધાબાંઓ જોવામાં આવે છે. જ્યારે મૂઢમાર કારણ ન હોય ત્યારે મોટીઉધરસ, (કુકડીયા ખાંસી) દમનો વ્યાધિ, હૃદયના વ્યાધિ, વૃદ્ધાવસ્થા ઇત્યાદિ કારણો હોય છે.

ચિન્હ—જો મૂઢમાર લાગવાને પરિણામે હોય તો દરદીને બીજા ભાગોમાં ઇજા થવાને લીધે થોડી ઘણી વેદના હોય છે. જો મૂઢમાર લાગ્યા સિવાય હોય તો વેદના બિલકુલ હોતી નથી. દરદીને કોઇ પણ કારણસર અણચિંત્યો લાલ ડાઘ આંખમાં જોવામાં આવે છે. આવો ડાઘ જોતાંજ તેને ભય લાગે છે. કુદરતી રીતે તે

કોઈ ડાક્ટર કે વૈદ્ય પાસે દોડી જાય છે. આવા ડાઘ એકાદ બે દિવસ એજ સ્થીતિમાં રહી પછી આસ્તે આસ્તે દિવસે દિવસે નાના અને ઝાંખા થતા આવે છે. લગભગ બેથી ત્રણ અડવાડીયાં પછી તદ્દન સાફ થઇ જાય છે. દરદીની દૃષ્ટિમાં કોઇ રીતે અડચણ પડતી નથી.

ઉપાય—ખરી રીતે જોતાં આ સ્થિતિને માટે કોઇ ખાસ ઉપાયની જરૂર નથી; કારણ કે કંઇ પણ ઉપાય ન કરવામાં આવે તો પણ આ લાલ ધાબાં પોતાની મેળે સાફ થઇ જાય છે. છતાં પણ દરદીના સંતોષ ખાતર નીચેના ઉપાયોથી ફાયદો થાય છે:- ઠંડા પાણીના પોલ મુકવાથી લોહી સોષાવા માંડે છે. "સ્યુગર-લેડ" અથવા જેને એસેટેટ ઓફ લેડ કહે છે તેનું પ્રવાહી ૫ પાંચ ગ્રેન એક ઔંસ પાણીમાં નાખી, બનાવી, તેના પોલ આંખ ઉપર મૂકવામાં આવે તો તેનાથી લાલાસ જલદી ત્રુટી જાય છે.

આંખના જખમઃ—આંખના જખમ ઘણે ભાગે કોઇ ધાર-વાળા અથવા અણીવાળા હથીયારથી, અથવા પથરના કે ધાતુના નાના મોટા કટકા જોરથી ઉછળી આંખના ડોળામાં લાગે તેથી, અથવા મૂઢમાર બહુ જોરથી વાગવાથી અથવા ખોપરીનું હાડકું તુટી ડોળામાં વાગવાથી થાય છે.

ચિન્હ—દરદીને ઘણે ભાગે પીડા સારી રીતે થાય છે. માત્ર જો જખમ નેત્રબાહ્ય પડ એટલે ડોળાના ધોળા, જાડા પડમાં જ હોય તો પીડા બહુ થતી નથી. રક્તશ્રાવ સાધારણ ઠીક થાય છે, પણ બહુ નહિ. કેટલીક વખત આંખની અંદર રક્તશ્રાવ થાય છે. આ રક્તશ્રાવ જળરૂપ રસના પૂર્વ ખંડમાં હોય અથવા કાચરૂપ રસમાં હોય. દરદીની દૃષ્ટિનો આધાર કયા ભાગમાં જખમ છે, તેના ઉપર હોય છે. જો શુક્લમંડળમાં વચલા ભાગમાં જખમ હોય તો દરદીની દૃષ્ટિ ઘણી ઓછી થઇ જાય છે. જો જખમ ધોળા પડમાં હોય અને અંદરથી કનીનિકાનો પડદો અથવા તંતુરૂપ સમૂહનો કોઈ ભાગ

બહાર ન નીકળ્યો હોય, અથવા એ ભાગો પૈકી કોઇને ઇજા ન થઇ હોય તો નજરમાં બહુ હરકત આવતી નથી. જો એ ભાગોમાંથી કોઇ બહાર નીકળી આવ્યો હોય તો અથવા એ ભાગોમાંથી કોઇ ભાગને ઇજા થઇ હોય તો નજરમાં હરકત આવે છે. નજરનો આધાર બીજી પણ કેટલીક બાબતો ઉપર હોય છે. દાખલા તરીકે સ્ફટિકરૂપ-રસ અથવા જે મોતી જેવો પારદર્શક ભાગ આંખમાં છે તેને ઇજા થઇ હોય તો દરદીને મોતીઓ થાય છે અને તેને લીધે નજર બહુ ઓછી થઇ જાય છે. એ બધા ભાગો બચી ગયા હોય પણ જો અંદરના પડદાનો (જેને આપણે નેત્રદર્પણ કહીએ છીએ) ઇજા થઇ હોય અથવા તેમાં ફાટ પડી હોય અગર તો રક્તશ્રાવ થયો હોય તો પણ નજરમાં અડચણ આવે છે. એક બીજી સ્થિતિ પણ અત્રે લખવાની જરૂર છે અને તે નીચે પ્રમાણે છે:—

કેટલીક વખત આંખ ઉપર મુંઢમાર લાગવાને લીધે નજર એક-દમ બંધ થઇ જાય છે. બારીકમાં બારીક તપાસ કરવા છતાં આંખના કોઇ ભાગને ઇજા થયેલી જોવામાં આવતી નથી. આ સ્થિતિ અંદ-રના પડદાને "કળ વળી ગયાથી" થાય છે; બીજા શબ્દોમાં કહીએ તો પડદાને ધક્કો લાગવાથી તે થોડા વખતને માટે શૂન્ય એટલે કર્તવ્ય-હિન થઇ જાય છે. આંખમાં સોજો આવે છે. જે જગોએ (ધોળા પડમાં) જખમ થયો હોય ત્યાં લાલાશ જોવામાં આવે છે. જો અંદ-રનો ભાગ બહાર નીકળેલો હોય તો કાળો ભાગ જોવામાં આવશે. કીકી ગોળ અને મધ્યસ્થ ન હોતાં એક બાજુ ખેંચાયલી અને અ-નિયમીત હશે. શુકલમંડળમાં જખમ હશે તો તે જગોએ એ ભાગ અપારદર્શક થઇ જશે. મોતીઓ થયો હશે તો કીકીનો ભાગ ધોળા રંગનો દેખાશે.

પરિણામ:—આંખમાં થયેલા જખમના પરિણામનો વિચાર કરવામાં ખાસ બે બાબત લક્ષમાં રાખવાની છે:—પહેલી એ કે જખમ દ્વારા કોઇ બાહ્ય પદાર્થ આંખની અંદર ગયલો છે કે નહિ અને તે

અંદર રહ્યો છે કે નહિ. બીજી બાબત એ કે જખમમાંથી કનીનિકા મંડળનો પડદો, તંતુરૂપ સમૂહનો કોઇ ભાગ, અથવા નેત્ર મધ્ય પડ બહાર આવેલાં છે કે નહિ. જો જખમદ્વારા કોઇપણ બાહ્ય પદાર્થ અંદર ગયો હોય અને તે અંદર રહ્યો ન હોય અને વળી એ બાહ્ય પદાર્થ શુદ્ધ હોય તો આંખને એટલું બધું નુકશાન થતું નથી; દાખલા તરીકે આંખ ઉપર શસ્ત્રક્રિયામાં થતા શસ્ત્રથી થતા જખમો. જો બાહ્ય પદાર્થ અશુદ્ધ હોય તો ઘણે ભાગે આંખની અંદરના ભાગોનો સોજો થાય છે. જો સોજો સાધારણ હોય તો કદાચ આંખ બચી જાય છે અને સોજો બેસી જાય છે. જો સોજો સખત હોય તો જખમવાળી આંખ અવશ્ય જાય છે. વળી વિશેષમાં બીજી તંદુરસ્ત આંખને પણ નુકશાન થવાનો ભય સારી રીતે ઉભેલો હોય છે. જો બાહ્ય પદાર્થ આંખની અંદર રહેલો હોય તો આંખમાં સખ્ત સોજો અવશ્ય થાય છે અને તેને પરિણામે જખમવાળી આંખ જાય છે; એટલું જ નહિં પણ બીજી તંદુરસ્ત આંખને પણ નુકશાન થવાનો ભય સારી રીતે રહે છે.

ઉપાયઃ—આંખનો નાનો કે મોટો કોઇપણ જખમ થયો હોય તો સારામાં સારો રસ્તો એ છે કે દરદીને સારામાં સારા ડાક્ટર પાસે લઇ જવો. જો તેમ ન જ બની શકે તો નીચે પ્રમાણે ઉપાયો અજમાવવાઃ—

ઉકાળેલા પાણીથી, અથવા બોરીક એસીડના ઉકાળેલા પ્રવાહીથી, અથવા રસકપુરના ઉકાળેલા પ્રવાહીથી આંખને ધોવી. આંખ ઉપર કપાસનો (શુદ્ધ કરેલા) પેલ મૂકી પાટો બાંધી લેવો. દિવસમાં એક બે વખત આંખ ઉપર બોરીક એસીડનાં પ્રવાહીનો શેક કરવો. જો દરદીને વેદના દિવસે દિવસે ઓછી થતી આવે તો ઠીક છે, નહિંતો કોઇ સારા ડાક્ટર પાસે જરૂર લઇ જવો. સાથે નજર પણ જોવી. જો નજર સારી હોય તો થોડા દિવસ ઉપર લખ્યા ઉપચાર કરી જોવા; પણ જો નજર જખમ લાગવાની સાથે જ ખરાબ થઇ હોય

તો દરદીને એકદમ કોઇ હૉસ્પીતાલ અથવા ડાક્ટર પાસે પહોંચાડવો.

આંખનું દાઝવું:—કેટલીક વખત આંખમાં એસીડ, ચુનો, ક્ષાર અથવા એવા બીજા દંભક પદાર્થ જવાથી આંખનો ડોળો દાઝી જાય છે. વળી દીવાળીના દિવસોમાં દારૂથી પણ કેટલાક બાળકો દાઝે છે. અણુસમજુ બચ્ચાઓ દારૂને જમીન ઉપર પાથરી, અથવા ખાડો કરી તેમાં દારૂ ભરી સળગાવે છે અને મોઢું દારૂની નજદીક રાખે છે અથવા દારૂ ન સળગતો હોય તો ફુંક મારવા જાય છે એટલે દારૂ એકદમ સળગી ઉઠે છે અને બાળકનું મોઢું તેમજ આંખ દાઝી જાય છે. આવા દરદીઓમાં ડોળો અને મોઢાંની ચામડી દાઝે છે એટલું જ નહિં પણ દારૂમાં રહેલા કોલસાના અસંખ્ય રજકણો આંખમાં ચોટી રહે છે.

ચિન્હ—દરદીને અસહ્ય વેદના થાય છે. આંખ ઉઘાડી શકાતી નથી, પ્રકાશ સહન થતો નથી. દૃષ્ટિમાં ખામી આવી જાય છે. પોપચાં ઉપર સોજો હોય છે.

ઉપાય—આંખમાં એરંડીયું તેલ અથવા ઘી, અથવા તલનું તેલ, અથવા ચોખું વેસેલીન એવી ચીજો આંજવી. જો દારૂથી દરદી દાઝયો હોય અને આંખમાં કોલસાના રજકણો હોય તો ઉકાળેલા પાણીથી આંખને ધોઇ કોલસાના રજકણો કહાડી નાખવા તજવીજ કરવી. આટલું કર્યા ઉપરાંત વિશેષ ઉપચાર કુશળ નેત્રવૈદ્ય સિવાય બીજાએ કરવા નહિ. કોઇ અણીવાળા હથીયારથી કોલસાના રજકણો ખોદી કહાડવાની તો નેત્રવૈદ્ય સિવાય બીજાએ બિલકુલ તજવીજ ન કરવી; કારણ કે જો સંભાળ રાખવામાં ન આવે, અથવા શસ્ત્ર શુદ્ધ ન હોય તો શુક્લમંડળના અસંખ્ય ચાંદાં પડી આવે છે અને આંખને વિશેષ નુકશાન થાય છે.

જો એસીડથી આખ દાઝી હોય તો સોડા બાઇકાર બોન્સ જેવા પદાર્થોનું પ્રવાહી કરી તેનાથી આંખ ધોઇ નાખવી. જો કૉસ્ટીક સોડા, એમોન્યા, કે કૉસ્ટીક સોઢા જેવા પદાર્થોથી આંખ દાઝી

હોય તો થોડો લીંબુનો રસ પાણીમાં નાંખી તેનાથી આંખ ધોવી. ચુનાથી જો દાઝી હોય તો ખાંડને ઉકાળેલા પાણીમાં ઓગાળી તેનાથી આંખ ધોવી. આંખને ધોયા પછી તેમાં તેલ, ઘી, કે વેસેલીન આંજવું. જો શુકલમંડળનાં ચાંદાં થઇ આવે તો તેને લગતા ઉપાયો કરવા.

ઉપદંશ, પ્રમેહ ઇત્યાદિ ગરમીના દરદોને લીધે થતા આંખના વ્યાધિ—આ દરદોને લીધે આંખમાં અનેક વ્યાધિ થાય છે પણ તેમાં વધારે સાધારણ વ્યાધિઓ નીચે પ્રમાણે છેઃ—પ્રમેહને લીધે આંખને સખત સોજો થાય છે. તેના ચિન્હ નીચે મુજબ હોય છે. ઘણે ભાગે દરદીની જનનેંદ્રિયમાથી નીકળતા પરૂનો ચેપ આંખને આંગળીથી કે ધોતીઆંથી કે ટુવાલ દ્વારા લાગે છે. એક બે દિવસ સુધી કંઇ પણ ચિન્હ જણાતાં નથી. ત્રીજે ચોથે દિવસે આંખ સાધારણ ઉઠી હોય તે પ્રમાણે આંખમાંથી પાણી ઝરે છે, ચીકાશવાળો પદાર્થ અથવા ચીપડા બંધાઇ જાય છે અને દરદીને ખટકો થાય છે. બીજે દિવસે આંખનો સખ્ત સોજો થઇ આવે છે. ઉપરના પોપચાં ઉપર સોજો હોય છે. આંખ લાલચોળ થઇ જાય છે. આંખના ડોળા ઉપરનું પડ પરપોટાની માફક કેટલેક ઠેકાણે ફુલી આવે છે. આંખમાં બહુ વેદના થાય છે. દરદીને થોડો ઘણો તાવ આવી જાય છે. કાનની આગળના ભાગમાં વળ ઉપડી આવે છે. આ ચિન્હો ચાર પાંચ દિવસ ચાલ્યા પછી આંખમાંથી પરૂ નીકળવા માંડે છે. પરૂ ખરેખર વહેવા જ માંડે છે અને ગાલ ઉપર તેની સેડો ચાલે છે. આ પરૂમાં અસંખ્ય પ્રમેહ-જનક જંતુઓ હોય છે તેને લીધે આ પરૂ બહુ ચેપી હોય છે. આ ચિન્હો એકાદ બે અઠવાડીયાં ચાલે છે અને ત્યાર પછી ઘટવા માંડે છે.

એક બે કે ત્રણ અઠવાડીયાં સુધી પરૂનું વહેવું જારી હોય છે. તે વખત દરમ્યાન આંખના ડોળામાં ઝીણા અથવા મોટા ચાંદા પડી આવવાનો બહુ સંભવ હોય છે. આ ચાદાં ઘણે ભાગે ઊંડા જાય છે અને યોગ્ય ઉપચાર વખતસર ન કરવામાં આવે તો ફુટે છે અને

તેમાંથી અંદરનો કાળો પડદો બહાર નીકળી આવે છે. જો આમ થાય તો આંખની દૃષ્ટિને થોડું ઘણું નુકશાન થયા વગર રહેતું નથી. આવિ ક્રિયા ઘણે ભાગે બેઉ આંખમાં હોય છે અને તેને લીધે એકાદ પખવાડીયામાં દરદી પોતાની બેઉ આંખની નજર ખોઇ બેસી આંધળો બની જાય છે.

ઉપાય—દરદનું સ્વરૂપ સમજવામાં આવે કે તરત જ ચાંપતા ઉપાયો શરૂ કરવા. આંખને દર કલાકે કે બબ્બે કલાકે ધોવી. ધોવામાં બોરીક એસીડનું પ્રવાહી, ટંકણખારનું પ્રવાહી (એક ઔંસ ઉકાળેલા પાણીમાં પાંચગ્રેન), રસકપુરનું પ્રવાહી, પોટાસ પરમેન્ગનેટનું પ્રવાહી (દશ ઔંસ પાણીમાં બે ગ્રેન નાખવું), ઝીંક પરમેન્ગનેટનું પ્રવાહી, (દશ ઔંસ પાણીમાં બે ગ્રેન) ફુલાવેલી ફટકડીનું પ્રવાહી (એક ઔંસ પાણીમાં એક ગ્રેન), ઇત્યાદિ ઔષધો વાપરવાં. જો બીજું કોઇ ઔષધ ન મળે તો ઉકાળેલું પાણી પણ ફાયદો કરશે. પહેલાં ચાર પાંચ દિવસ સુધી તો આ પ્રમાણે આંખને ધોયા જ કરવી. પાંચ છ દિવસ પછી આંખ આવવાના પ્રકરણમાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે સીલવર નાઇટ્રેટની સળી (ગ્રેન ૧૦ દસ એક ઔંસ પાણીમાં) લગાડવી. દિવસમાં એક જ વખત લગાડવી. સીલ્વર નાઇટ્રેટ ન મળે તો મોરથુથુની સળી લગાડવી. દરરોજ એક જ વખત લગાડવી. બબ્બે ત્રણ કલાકે આંખને ધોવાનું તો ચાલુ જ રાખવું. જો આંખના ડોળામાં ચાંદાં પડી આવે તો તેને માટે ચાંદાંના પ્રકરણમાં આપવામાં આવશે તે ઉપાયો કામે લગાડવા. અહીં ફરી કહેવું જરૂરનું છે કે આ દરદ એટલું ભયંકર છે કે જ્યાં સુધી કોઇ સારો નેત્રવૈદ્ય મળે ત્યાં સુધી તેની જ સલાહ અને મદદ જેમ બને તેમ જલદી લેવી એજ ઉત્તમ રસ્તો છે. જો નેત્રવૈદ્ય કે સારો ડાક્ટર ન મળે તોજ ઉપર લખ્યા ઉપાય કરવા.

ઉપદંશને પરિણામે પણ ઘણા દરદો થાય છે પણ તેમાં કનિનીકા મંડળના પડદાનો અથવા આંખની અંદર રહેલા કાળા, કીકીવાળા પડદાનો સોજો મુખ્ય છે. આ દરદના ચિન્હ નીચે મુજબ છે:—

દરદીની આંખમાં રતાશ થઇ આવે છે. આ રતાશ આખા ડોળા ઉપર હોતી નથી પણ ડોળાના વચલા ભાગમાં જે કાળો ભાગ છે તેની આસપાસના ધોળા ભાગમાં જ આવેલી હોય છે. રતાશ હિંગળાના રંગની ન હોતાં જરા આસમાની રાતી હોય છે. દરદીને આંખમાં અને માથામાં સખ્ત વેદના થાય છે. કીકી સંકોચાયલી હોય છે અને તેની ગતિમાં ન્યુનતા આવી જાય છે. કીકીના પડદાનો રંગ જરા ફરી જાય છે. કાળો હોય તો ભુખરો જણાય છે, રાખોડી રંગનો હોય તો તેમાં લાલાશ ભળે છે. દરદીની દૃષ્ટિમાં હરકત આવવા માંડે છે અને દિવસે દિવસે નજર ઓછી થતી આવે છે. હવે કીકીને તપાસીશું તો તે ગોળ ન હોતાં અનિયમીત દેખાય છે. કેટલીક વખત આ અનિયમીતતા આમજ દેખાતી નથી પણ આંખમાં એટ્રોપીનનું એક ટીપું નાંખી કીકીને પહોળી કરવાની તજવીજ કરીએ છીએ ત્યારેજ દેખાય છે. સોજાને પરિણામે એક જાતનો રસ પેદા થાયછે અને તે કીકીની વચ્ચે આવી જવાથી નજરને વધારે હરકત કરે છે. વળી આજ રસ એક ઝીણા પડ રૂપે કીકીમાં બંધાઇ જાય છે અને તેથી કીકીનો અવરોધ થઇ જાય છે. આજ રસ બંધાઇ જવાને લીધે કીકીની કિનારી નીચેના મોતીઆના પડને ચોંટી જાય છે; અને તેથી પાછળ રહેલું પાણી બહાર આવી શકતું નથી. પાણી અંદર રહેવાથી આંખની અંદર દબાણ વધે છે અને ઝામરવા પેદા થાય છે. ઝામરવા પેદા થતાં દરદીને વેદના વધી પડે છે અને દૃષ્ટિમાં વિશેષ અડચણ આવે છે. કેટલીક વખત સોજાને પરિણામે આંખનો ડોળો નરમ થઇ જાય છે અને દૃષ્ટિ સદંતર બંધ થઇ જાય છે.

ઉપાય—જો કોઇ સારો નેત્રવૈદ્ય ન મળે તો નીચે પ્રમાણે ઉપાયો કરવાઃ-ઉપદંશની ચિકિત્સાને માટે દરદીને પારદની યોગ્ય દવા આપવી. પારાની ગોળી, પારો અને ચાકની બનાવટ વાળી ભુકી (ગ્રેપાઉડર), રસકપુરનું પ્રવાહી ઇત્યાદિ દવાઓ દરદીને ખાવા આપવી. પારાની ગોળીને અંગ્રેજીમાં Blue pill કહે છે. આ ગોળી બેથી

ત્રણ ગ્રેનની વાળવી અને તે દિવસમાં ત્રણ વખત અકેક ગોળી આપવી. ગોળી ગળતી વખતે દરદીએ બને ત્યાં સુધી દાંતને આ ગોળી લગાડવી નહિં. મોઢામાંથી વધારે થુંક નીકળવા માંડે એટલે ગોળી ઓછી કરવી અથવા બંધ કરવી. મોઢું ન આવી જાય તેની સંભાળ રાખવી. ગ્રેપાઉડર (Grey powder) પણ ૨ થી ચાર ગ્રેન સુધી એક વખતમાં અપાય છે. રસકપુરનું પ્રવાહી (Liquor Hydrarg per chloride) એક વખતમાં ૩૦ થી ૬૦ ટીપાં સુધી અપાય છે અને દિવસમાં ત્રણ વખત આપવાનું હોય છે. આ ઉપરાંત પારાની કેટલીક દવાઓ ચામડી નીચે અથવા સ્નાયુમાં પીચકારીથી દાખલ કરવામાં આવે છે અથવા ૬૦૬ નંબર તેમજ ૯૧૪ નંબરની પીચકારીઓ પણ ઉપયોગમાં લેવામાં આવે છે પણ તે ઉપાયો કુશળ ડાક્ટરની મદદ સિવાય લેવા એ સલામતી ભરેલું નથી. આંખમાં નાંખવાની દવામાં એટ્રોપીન મુખ્ય છે. એટ્રોપીન પ્રવાહીરૂપે અથવા મલમ તરીકે વાપરવામાં આવે છે. પ્રવાહી બનાવવા માટે એક ઔંસ પાણીમાં ૪ ગ્રેન એટ્રોપીન સલ્ફેટ નાંખવું. મલમ બનાવવા માટે એક ઔંસ સફેદ વેસેલાઇનમાં ૪ ગ્રેન એટ્રોપીન (એટ્રોપીન સલ્ફેટ નહિં) નાંખવું. આ ટીપા અથવા મલમ દરદના જોરના પ્રમાણમાં દિવસમાં એક બેથી ચાર વખત સુધી નાંખવા. એટ્રોપીન ન મળી શકે તો ધંતુરાના પાનનો રસ આંખમાં નાંખવાથી પણ ઠીક અસર થાય છે. દરદીના લમણાં ઉપર ચારથી છ જળો લગાડવી. આંખ ઉપર ગરમ પાણીનો, ખસખસના ડોડવાનો, અથવા બોરીક એસીડના પ્રવાહીનો શેક કરવો. જો ઝામર પેદા થાય તો શસ્ત્રક્રિયા સિવાય બીજો રસ્તો રહેતો નથી.

પ્રકરણ ૭ મું.

પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થામાં થતાં દરદો.

બેતાળાંઃ—જો માણુસની આંખ તદ્દન તંદુરસ્ત હોય તો લગભગ બેતાળીસ વર્ષે લખવા વાંચવામાં અડચણુ પડવા માંડે છે. શરૂઆતમાં દિવસે વાંચવામાં અડચણુ આવતી નથી પણુ રાત્રે વાંચવામાં અને ખાસ કરી અજવાળું પુરતું ન હોય ત્યારે વાંચવામાં અડચણુ પડે છે. મુંબઇ જેવા શહેરોમાં જ્યાં બહુ પ્રકાશવાળી વીજળીની બતીઓને આંખ ટેવાઇ ગઇ હોય ત્યાં વસનારાઓને જ્યારે તેઓને સાદી તેલની બતીથી અથવા મીણુબતીથી વાંચવું પડે છે ત્યારે આવી મુશ્કેલીનો પ્રથમ ભાસ થાય છે. જાડા અક્ષરો હોય તો તે વાંચી શકાય છે પણુ ઝીણા અક્ષરો વાંચવામાં અડચણુ પડે છે. ચોપડીને આંખેથી છેટે રાખવાથી અક્ષરો જરા ઠીક દેખાય છે પણુ આંખની નજદીક એટલે ચૌદ ઇંચની અંદર લેવાથી અક્ષરો જોવામાં અડચણુ પડે છે. આસ્તે આસ્તે દિવસના ભાગમાં પણુ અડચણુ પડવા માંડે છે અને છેવટે ચસ્માંની મદદ વગર વાંચવું મુશ્કેલ થઇ પડે છે. જો દરદીનું કામ લખવા વાંચવાનું વધારે હોય તો તો તેને શરૂઆતમાંજ નેત્રવૈદ્ય અથવા ચસ્માવાળાની જરૂર પડે છે. જો ચસ્માવાળાને ત્યાં દરદી જઇ ચડે છે તો તે + ૦.૫ થી શરૂ કરે છે અને દરદીની અનુકુળતા પ્રમાણે વધારે ને વધારે નંબરનો કાચ ચડાવ્યે જાય છે અને છેવટે એવો કાચ આપે છે કે જેનાથી દરદીને સ્પષ્ટ દેખાયછે એટલું જ નહિ પણુ અક્ષરો મોટા દેખાય છે.

ઉપાય—બેતાળાંને માટે એકજ ઉપાય છે અને તે ચસ્માં છે. ૪૦-૪૫ વર્ષની અવસ્થા સુધી + ૧ સુધીનો કાચ કામ આવે છે, ૪૫ થી ૫૦ સુધી + ૨ સુધીનો કાચ કામ આવે છે, ૫૦ થી ૫૫ સુધી + ૩ સુધીનો કાચ કામ લાગે છે, ૫૫ થી ૬૦ સુધી + ૪ નો કાચ ઉપયોગી થાય છે અને ૬૦ વર્ષની અવસ્થા પછી +

૪·૫ સુધીનો કાચ વાંચવામાં ઠીક મદદ કરે છે. + ૪·૫ ની ઉપરના કાચની કોઈ પણ કાળે જરૂર પડતી નથી. ઉપર જે કહ્યું તે તંદુરસ્ત આંખ વાળા માટે કહ્યું. જો આંખમાં દીર્ઘ દૃષ્ટિ અથવા લાંબી નજર હોય તો દરદીને ૪૦ વર્ષની અવસ્થા પહેલાંજ વાંચવામાં અડચણ પડવા માંડે છે; અને ચસ્માંથી અડચણ ટળી જાય છે. જો દરદીની ટુંકી નજર હોય તો ૪૦ ને બદલે ૫૦ કે ૬૦ વર્ષ સુધી પણ દરદીને ચસ્માં વગર લખવા વાંચવામાં અડચણ પડતી નથી. આ ઉપરથી વાંચનારને સ્પષ્ટ સમજાયું હશે કે જે લોકો ૬૦ અને ૭૦ વર્ષની અવસ્થાએ "દીવા જેવું દેખાવાની" બડાઇ મારે છે તેઓ ખરી રીતે તંદુરસ્ત આંખ વાળા નહિ પણ ટુંકી નજર વાળા હોય છે. બેતાળાંના ચસ્માં લેતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે:-(૧) બેતાલીસ વર્ષની કે ચાલીસની ઉપરની અવસ્થાએ જે જે ઝાંખાસ દેખાય છે તે બધી બેતાળાંને લીધે જ હોય એમ નથી; એટલું જ નહિં પણ ઝામર જેવા આંખને સારી રીતે નુકસાન કરનારા વ્યાધિઓ ચાલીશ વર્ષની અવસ્થા લગભગજ શરૂ થાય છે; એટલે ચાલીસ પછી ઝાંખાશ આવવા માંડે ત્યારે ચસ્માંવાળા પાસે ન દોડતાં બની શકે તો કોઇ સારા નેત્રવૈધની સલાહ લેવી, કે જેથી કોઇ ગંભીર વ્યાધિ તો આંખમાં નથી શરૂ થતો તેની ખાત્રી થાય. (૨) ચસ્માંવાળાઓ ઘણે ભાગે જોઇએ તેના કરતાં વધારે આકરા નંબરો આપી દેછે; કારણ કે દરદીને તો જે કાચથી અક્ષર મોટા દેખાય તેવો કાચ તે વધારે પસંદ કરે છે, અને અક્ષર મોટા માત્ર જોઇએ તેના કરતાં આકરા કાચથી જ દેખાય છે એટલે દરદી આકરા નંબરના કાચ લેવાની ભૂલ કરે છે અને ચસ્માંની એક જોડ વધારે વેચાય એમાંજ જેનો નફો રહ્યો છે એવો ચસ્માંવાળો તે ભૂલમાં મદદ કરે છે. ટુંકામાં કહેવાનું એટલું જ કે ચાલીસેકની અવસ્થા લગભગ જ્યારે ઝીણા અક્ષરો, ખાસ કરી રાત્રિને ભાગે જોવામાં અડચણ

પડે ત્યારે કોઇ સારા નેત્રવૈદ્ય પાસે આંખની તપાસ કરાવી, કોઇ વ્યાધિ તો નથી તેની ખાત્રી કરાવી, આંખને બરોબર બંધ બેસતા નંબરના ચશ્માં લેવાં.

બેતાળાંની બાબતમાં એક બીજી પણ હકીકત ધ્યાનમાં લેવાની છે. બેતાળાં થવાનાં મુખ્ય બે કારણ છેઃ-(૧) સ્ફટિક રૂપ રસ અથવા મોતીઆના કાચની વધતી જતી કઠણતા અને (૨) તંતુ રૂપ સ્નાયુની નબળાઇ છે.

(૧) સ્ફટિકરૂપ રસ અથવા મોતીઆનો કાચ જન્મ વખતે તદન નરમ હોય છે. તે એક પારદર્શક, સ્થિતિસ્થાપક, અને બહુ બારીક પડમાં વીંટાયલો છે. જેમ જેમ ઉમર મોટી થતી આવે છે તેમ તેમ આ કાચ જેવો પદાર્થ વધારે વધારે કઠણ થતો આવે છે. છેવટે ચાલીસ વર્ષની અવસ્થાએ સારી રીતે કઠણ થઇ જાય છે. આપણે દૂર તેમ જ નજદીક બરોબર સફાઇથી જોઇ શકીએ છીએ તેનું કારણ આ સ્ફટિક રૂપ રસ છે. જયારે આપણે નજદીક જોઇએ છીએ ત્યારે આ ભાગ વધારે બાહ્ય ગોળ બને છે અને તેથી આપણે નજદીકની વસ્તુઓ તેમ જ અક્ષરો વિગેરે સાફ જોઇ શકીએ છીએ. ચાલીસ વર્ષની અવસ્થાએ આ ભાગ એટલે દરજ્જે કઠણ થાય છે કે તે જોઇએ તેટલો બાહ્ય ગોળ થઇ શકતો નથી અને તેથી + ૧ જેટલી શક્તિ તેમાં ઓછી થાય છે, + ૧ નો કાચ આંખ આગળ મુકવાથી (ચશ્માંરૂપે) આ અડચણ દૂર થાય છે.

(૨) **તંતુરૂપ સ્નાયુની નબળાઇ**—ઉપર કહ્યું તે પ્રમાણે સ્ફટિક રૂપ રસની બાહ્યગોળતામાં વધારો થવાથી આપણે નજદીકની ચીજો સ્પષ્ટ જોઇ શકીએ છીએ. આ ક્રિયા તંતુરૂપ સ્નાયુના સંકોચ પામવાથી થાય છે. જયારે તંતુરૂપ સ્નાયુમાં કોઇ પણ કારણથી નબ-ળાઇ આવી જાય છે ત્યારે તેનો સંકોચ જોઇએ તેટલો થતો નથી અને તેથી સ્ફટિક રૂપ રસની બાહ્ય ગોળતામાં ન્યુનતા આવે છે.

જ્યારે કોઇ પણ વ્યાધિથી દરદીનું શરીર નબળું થાય છે ત્યારે તંતુરૂપ સ્નાયુ પણ નબળો થાય છે. આને વખતે દરદી ચાલીસ કરતાં પાંચેક વર્ષ નાનો હોય તોપણ તેને + ૧ કે + ૨ કાચ વિના ઝીણા અક્ષરો સ્પષ્ટ દેખાતા નથી. શરીર ફરી તંદુરસ્ત થાય છે અને શક્તિ આવે છે ત્યારે ચસ્મા ઉતરી જાય છે.

જે દરદીઓને મધુપ્રમેહ જેવા શરીરને અશક્ત કરનારા વ્યાધિઓ હોય છે તેમને બેતાળાંના ચસ્માં ચાલીસ વર્ષની અવસ્થાથી પણ પહેલાં વાપરવા જરૂર પડે છે.

પ્રકરણ ૮ મું.

મોતીઓ-પદડ-પડળ.

આંખની અંદર ગોળ, પારદર્શક, મોતી જેવો પણ કાચના રંગ જેવો એક પદાર્થ આવેલો છે. આરોગ્ય સ્થિતિમાં આ ભાગ તદન પારદર્શક છે, પણ કેટલાંક કારણોને લીધે આ ભાગ અપારદર્શક થઇ જાય છે. આ સ્થિતિને મોતીઓ અથવા પદડ કે પડળ કહે છે.

સામાન્ય લોકોમાં મોતીઆ સંબંધી કેટલીક ભુલભરેલી માન્યતા છે. ઘણા લોકો એમ માને છે કે મોતીઓ તો વૃદ્ધાવસ્થામાંજ આવે છે. જ્યારે કોઇ નાની અવસ્થાના દરદીને તપાસી અમારા તરફથી મોતીઆનો અભિપ્રાય આપવામાં આવે છે ત્યારે સાથે આવેલા કેટલાક લોકો "આટલી અવસ્થામાં મોતીઓ આવે ખરો કે!" આમ પ્રશ્ન કરે છે, આ તેમનો પ્રશ્ન સ્વાભાવિક છે કારણ કે ઘણે ભાગે મોતીઓ ૩૫-૪૦ વર્ષની અવસ્થા પછી આવે છે પણ કેટલાક દરદીઓને તેથી ઘણી નાની અવસ્થામાં મોતીઓ આવે છે. પ્રકરણ પહેલામાં કહ્યું છે તે પ્રમાણે મોતીઓ જન્મથી જ હોઇ શકે, તેમજ જીંદગીના પહેલા ત્રણ ચાર વર્ષમાં પણ આવી શકે. જેને મધુપ્રમેહનું દરદ હોય તેને નાની અવસ્થામાં મોતીઓ આવવાનો સંભવ ગણી શકાય. કેટલાક નેત્રવૈદ્યો એમ માને છે કે જેને ઉપદંશનો વ્યાધિ થઇ ગયો હોય તેને મોતીઓ થવાનો સંભવ વધારે હોય છે.

મોતીઆ સંબંધી સામાન્ય વિચારોઃ—મોતીઓ ઠંડા મુલકોમાં થાય તેના કરતાં ગરમ દેશોમાં ઘણા વધારે પ્રમાણમા થાય છે એમાં કશો શક નથી. દરિયા કિનારેના પ્રદેશોમાં થાય તેના કરતાં રેતાળ ઉષ્ણ પ્રદેશોમાં વધારે થાય છે. હિંદુસ્તાનમાં મોતીઆના વધારેમાં વધારે દરદીઓ પંજાબમાં જોવામાં આવે છે. તેનાથી ઉતરતો ભાગ રજપૂતાના છે. કચ્છ, કાઠીયાવાડ અને ગુજરાતમાં પણ મોતીઆના ઘણા દરદીઓ જોવામાં આવે છે. વળી દક્ષિણમાં જતાં

મદ્રાસ તરફ ઘણા દરદીઓ મળે છે. બંગાળામાં કંઇક ઓછો થતો જણાય છે. ટુંકામાં જે ભાગોમાં ગરમી સખ્ત અને તે પણ સુકી ગરમી સખ્ત ત્યાં મોતીઆના દરદીઓ વધારે પ્રમાણમાં થાય. વિલાયત અને યુરોપ જેવા ઠંડા મુલકોમાં મોતીઆના દરદીઓ બહુ થોડા પ્રમાણમાં જોવામાં આવે છે.

ચિન્હ—મોતીઆની શરૂઆત બહુ જ આસ્તે આસ્તે થાય છે. શરૂઆતમાં કેટલાક વખત સુધી તો દરદીને માત્ર એટલું જ જણાય છે કે જાણે ઝાકળ કે ધુમસ પડી હોય. ચીજો વસ્તુઓ બધી દેખાય છે પણ સહેજ ઝાંખી. જો મોતીઓ મધ્યસ્થ હોય તો આ ઝાંખાશ સવાર સાંજ એટલી અડચણકર્તા જોવામાં આવતી નથી; પણ બપોરના વખતમાં બહુ હરકત કરે છે. સૂર્યની સામે અથવા પ્રકાશની સામે વધારે ઝાંખાશ દેખાય છે. બત્તીના પ્રકાશની સામે વધારે અડચણ આવે છે. આમ થવાનું કારણ એ હોય છે કે પ્રકાશ આંખ ઉપર પડવાથી કીકીનો સંકોચ થાય છે. મોતીઆ વાળો અપારદર્શક ભાગ બરોબર વચમાં હોવાથી માત્ર તેજ ભાગ ખુલ્લો રહે છે. બાકીનો ભાગ કીકીના સંકોચાવાથી બંધ થઈ જાય છે એટલે દરદીને નજરમાં બહુજ હરકત પડે છે. એક બીજા ચિન્હની પણ બુદ્ધિશાળી દરદી ફરિયાદ કરે છે. જ્યારે તે દીવા અથવા બત્તી સામે જુવે છે ત્યારે જાણે દીવામાંથી કિરણો ફૂટતાં હોય તેવો ભાસ તેને થાય છે.

જેમ જેમ મોતીઓ આગળ વધતો આવે છે તેમ નજર વધારે ને વધારે ઓછી થાય છે. જો મોતીઓ મધ્યસ્થ હોય તો હાલવા ચાલવામાં હરકત પડે તેના કરતાં લખવા વાંચવામાં વધારે હરકત પડે છે. જો મોતીઓ આજુ બાજુના ભાગમાં વધારે હોય તો લખવા વાંચવા કરતાં હાલવા ચાલવામાં અડચણ વધારે પડે છે. કેટલાક વખત સુધી તો દરદી જેમતેમ મુશ્કેલીથી પોતાનું કામ ચલાવે છે પણ છેવટે જ્યારે મોતીઓ પાકવા ઉપર આવે ત્યારે તેની નજર

એટલી ઓછી થઇ જાય છે કે તે પોતાનું કામકાજ કરી શકતો નથી. જો મોતીઓ એકજ આંખમાં હોય અને બીજી આંખ ચોખી હોય તો દરદીને પોતાના કામમાં અડચણ આવતી નથી. કેટલાક દરદીઓને બે આંખમાં સાથેજ મોતીઓ આવવો શરૂ થાય છે. પછી બે આંખોમાં સરખોજ આગળ વધે અથવા એકમાં વધારે ઝડપથી વધે અને બીજી આંખમાં ઓછી ઝડપથી વધે. વળી કેટલીક વખત એવું બને છે કે એક આંખમાં મોતીઓ આવી જાય, પાકી જાય અને ઉતરાવવામાં પણ આવે તે છતાં બીજી આંખ તદન સાફ હોય, એ-ટલુંજ નહિં પણ ત્યાર પછી ઘણા વર્ષો સુધી બીજી આંખ સાફ રહે. જ્યારે બેઉ આંખમાં સાથેજ મોતીઓ પાકે છે ત્યારે દરદી પરાધીન થઈ જાય એટલે દરજ્જે દૃષ્ટિ બંધ થઈ જાય છે. જો મોતીઓ એક આંખમાં વધારે અને બીજી આંખમાં થોડો પાકેલો હોય તો બે આંખ વચ્ચે નજરમાં ફેર હોય છે. વળી એક આંખમાં પાકી ગયો હોય અને બીજી આંખમા થોડો કાચો હોય તો જે આંખમાં કાચો હોય તે આંખની થોડી નજર હોય છે. મોતીઓ જ્યારે તદન પાકી ગયો હોય છે અને બીજી બધી રીતે નજર બંધ થાય છે ત્યારે પણ દરદી પોતાની આંખ આગળ પોતાનો હાથ હાલતો ચાલતો જોઈ શકે છે; તેનજ બારણું કે બારી ક્યાં છે તે પણ બતાવી શકે છે. વળી રાત્રે ઘરમાં દીવો ક્યાં છે તે પણ કહી શકે છે. મોતીઓ શરૂ થાય ત્યાંથી કરીને તે તદન પાકો થઇ જાય ત્યાં સુધી કોઈ પણ દિવસ દરદીને આખમાં કે માથામાં બિલકુલ પીડા હોતી નથી. જો માથામાં કે આંખમાં સહેજસાજ પણ કઠાપો કે વેદના હોય તો મોતીઆ સિવાય બીજું કોઇ દરદ આંખમાં છે એમ સ્વાભાવિક શંકા રહે છે.

મોતીઓ કાચો છે કે પાકો એ જાણવા માટે દરદીને જિજ્ઞાસા થાય છે. ઘણે ભાગે જેને નેત્ર વિદ્યાનો ખાસ અભ્યાસ હોતો નથી તેઓ તો મોતીઆના રંગ ઉપરથી કાચો પાકો કહે છે. જો

મોતીઆનો રંગ તદન ધોળો દેખાય તો "મોતીઓ પાકયો છે" એમ કહે છે. અલબત આખો મોતીઓ જયારે ધોળો દેખાય ત્યારે તેને પાકો કહેવામાં ઘણે ભાગે વૈદ્ય કે ડાકટર સાચા ઠરે છે પણ કેટલીક વખત ભુલ થાય છે. મોતીઓ કાચો છે કે પાકો તે જાણવા માટે નીચેની બાબતો ઉપર ધ્યાન રાખવું:—(૧) મોતીઆનો રંગ (૨) દરદીની નજર (૩) કીકી પહોળી કરી કરવાની પરિક્ષા (૪) કનીનિકા મંડળના પડદાનો પડછાયો (૫) નેત્રદર્શક યંત્રથી પરીક્ષા.

(૧) **મોતીઆનો રંગ**—મોતીઓ જયારે તદન પાકી ગયો હોય છે ત્યારે ઘણે ભાગે તેનો રંગ એકસરખો ધોળો અથવા મેલો ધોળો થઇ જાય છે. આમાં એક અપવાદ છે. કેટલીક જાતના મોતીઆનો રંગ કાળાશ ઉપર થાય છે. આવા મોતીઆને "કાળા મોતીઆ" કહે છે. જો દરદીને સૂર્યના અજવાળામાં અથવા બતીના પ્રકાશથી તપાસવામાં આવશે તો દરદીની કીકી સફેદ દેખાવાને બદલે લગભગ તંદુરસ્ત કીકી જેવી કાળી જોવામાં આવશે. કીકી કાળી દેખાવા છતાં દરદી એકાદ ફુટને છેટે આંગળાં પણ ભાગ્યે જ ગણી શકતો હશે. આવે વખતે જો કીકીને પહોળી કરી નેત્રદર્શક યંત્રથી કીકીમાં બતીનો પ્રકાશ પાડશું તો અંદરથી જે લાલાશ આવવી જોઇએ તે બિલકુલ દેખાશે નહિં; માત્ર જો મોતીઓ થોડોક કાચો હશે તો કયાંક કયાંક રાતી રેખા જોવામા આવશે, આ ઉપરાંત બીજા એક જાતના મોતીઆ થાય છે તેનો રંગ કોઇ પણ દિવસ તદન ધોળો થતો જ નથી પણ મેલા ધોળા અથવા પીળા રંગનો દેખાય છે. આવા મોતીઆ ઘણે ભાગે ટુંકી નજર વાળા દરદીઓની આંખમાં જોવામાં આવે છે. કેટલાક એવા પણ દરદીઓ હોય છે કે જેની આંખમાં ટુંકી નજર બિલકુલ નહોય છતાં મોતી-આનો રંગ મેલો હોય; આવા દરદીઓ ઘણે ભાગે ઘણા વૃદ્ધ હોય છે. જો મોતીઓ દૂધ જેવા રંગનો સફેદ દેખાય તો તેવો મોતીઓ જોઇએ તેના કરતાં પણ વિશેષ પાકી ગયો છે એમ માની લેવામાં

ઘણે ભાગે ભૂલ થતી નથી. આવા મોતીઆને "દૂધીઓ" મોતીઓ કહે છે. મોતીઓ તદ્દન પાકી જવા પછી તેમાં કેટલાક ફેરફારો થાય છે અને તેને લીધે તેનો ગર્ભ ભાગ પ્રવાહી થઇ જઇ દૂધ જેવો થઇ જાય છે અને મોતીઆનો બી અથવા બીજ આ દૂધ જેવા પ્રવાહીથી ભરેલી કોથળીને તળીએ જઇ બેસી રહે છે. જો દરદી પોતાની આંખ હલાવે તો બીજ આ પ્રવાહીની કોથળીમાં ડુબકી મારતું જોવામાં આવે છે. આવા મોતીઆઓ ઉતારવામાં વધારે સહેલા હોય છે અને આવા મોતીઆમાં દરદીની નજર પણ સારી થાય છે.

(૨) **દરદીની નજર**—ઉપર કહ્યું તે પ્રમાણે જ્યારે મોતીઓ તદ્દન પાકી ગયો હોય છે ત્યારે દરદીની નજર બહુ થોડી જ હોય છે. માત્ર તે પોતાની આંખ આગળ હાલતા હાથનો પડછાયો જોઇ શકે છે અથવા તો બારી બારણામાંથી આવતું અજવાળું જ બતાવી શકે છે. બતીને પોતાને જોઇ શકતો નથી પણ બતીનો પ્રકાશ જોઇ શકે છે. જો દરદી પોતાની આંખથી છેટે એક ફુટને અંતરે નેત્રવૈદ્યના આંગળા બરોબર ગણી શકે તો મોતીઓ કાચો છે એમ ખાત્રીથી કહી શકાય છે. આગળ કહેવામાં આવશે તે પ્રમાણે કેટલાક નેત્રવૈદ્ય પચાસ વર્ષની અવસ્થા ઉપરના દરદીઓમાં કાચો મોતીઓ ઉતારવામાં હરકત ગણતા નથી. આવા નેત્રવૈદ્યોની નજરે આવા મોતીઆ કાચા ગણાવા ન જોઇએ પણ ખરી રીતે તો આવા મોતીઆ કાચા ગણવાજ અમે સલામતીભર્યા ગણીએ છીએ. જો મોતીઓ કાચો હોય તો દરદીની નજર વધારે ઓછી હોય છે. આવી સ્થિતિમાં માત્ર બત્તીના અજવાળાં સિવાય દરદીને કંઇ પણ દેખાતું નથી. જો મોતીઓ મેલા ધોળા અથવા પીળા રંગનો હોય તો જરા વધારે નજર હોય છે પણ સાફ ધોળા મોતીઆથી તો ઓછી.

(૩) **કીકી પહોળી કરી કરવાની પરિક્ષા**—ઉપર કહેલી

બે પરિક્ષાઓથી મોતીઓ પાકયો છે કે નહિં તે ઘણે ભાગે કહી શકાય છે પણ સોએ સો ટકા ખાત્રી તો તોજ આપી શકાય કે કીકીને પહોળી કરી અંધારા ઓરડામાં દરદીને તપાસવામાં આવે અને ત્યાં મોતીઓ પાકેલો જોવામાં આવે.

કીકીને પહોળી કરવા માટે મુખ્ય ત્રણ ઔષધો વાપરવામાં આવે છે; એટ્રોપીન, હોમેટ્રોપીન અને યુફ્થેલમીન. એટ્રોપીન ૪૦ વર્ષ ઉપરના દરદીઓમાં વાપરવું જોખમભર્યું છે, એટલે એટ્રોપીનને તો આપણે બાજુએ જ મૂકીએ છીએ, અર્થાત એટ્રોપીન બિલકુલ વાપરવું નહિં. હોમેટ્રોપીન એટ્રોપીન કરતાં ઓછું નુકશાનકારક છે પણ તે એક ઔંસ પાણીમાં ૪ ગ્રેનના પ્રમાણથી વધારે વાપરવું નહિ. એક ગ્રેન હોમેટ્રોપીન હાઇડ્રોબ્રોમાઇડ લઇ તેમાં બે ડ્રામ પાણી નાંખવાથી જોઇતું પ્રવાહી બને છે. આ પ્રવાહીમાં જો ચાર ગ્રેન કોકેન હાઇડ્રોક્લોરાઇડ નાખવામાં આવે તો હોમેટ્રોપીનની અસર સારી અને જલદી થાય છે. હોમેટ્રોપીન કોકેનના પ્રવાહીના એક બે ટીપાં આંખમાં નાંખ્યા પછી દરદીને આંખ લગભગ વીસ મીનીટ સુધી બંધ રાખવા કહેવું. આ વીસ મીનીટની અંદર કીકી પહોળી થવા માંડી હશે અને લગભગ ૪૫ મીનીટે કીકી બરોબર પહોળી થઇ ગઇ હશે. હવે દરદીને અંધારી કોટડીમાં લઇ જઇ એક ખુરસી ઉપર બેસાડી સામે બીજી ખુરસી ઉપર નેત્રવૈદ્યે બેસવું. બતી દરદીના માથા પછવાડે હોય છે. નેત્રદર્શક યંત્ર લઇ નેત્રવૈદ્ય પોતાના જમણા હાથમાં પકડી પોતાની જમણી આંખ આગળ રાખે છે અને દરદીની આંખમાં પ્રકાશ આપે છે. હવે જો મોતીઓ અપક્વ હશે તો કીકીમાં કયાંક પણ રતાશવાળો પ્રકાશ જોવામાં આવશે. જો આખી કીકીમાં કયાંક પણ લાલાશવાળો પ્રકાશ ન જોવામાં આવે તો સમજવું કે મોતીઓ પાકી ગયો છે. કેટલીક વખત મોતીઓ કાચો હોય ત્યારે લાલાશ ન દેખાતાં કીકીના મધ્યભાગમાં નાના નાના ત્રિકોણો ગોઠવાયલા હોય એવો દેખાવ થાય છે. આ

દેખાવ પણ મોતીઆની અપક્વ સ્થિતિની ખાત્રી આપે છે. યુફ્થેલમીન હોમેટ્રોપીન કરતાં પણ વધારે સલામતીભર્યું છે, તે પણ એક ઔંસ પ્રવાહીમાં ૫ થી ૮ ગ્રેનના પ્રમાણમાં વપરાય છે. જો દરદી ચાલીસ વર્ષથી ઉપર અવસ્થાનો હોય તો તપાસ કરી લીધા પછી તેની આંખમાં ઇસરીન સલ્ફેટ (ગ્રેન ૧. પાણી ડ્રામ બે)નું એક એક ટીંપું નાંખી દેવું. કેટલાક દરદીઓને ઇસરીનનું ટીંપું નાખ્યા પછી આખમાં ખેંચ ઉપડે છે અને કેટલાકને તો મોળ અને ઉલટી સુધાં થઇ આવે છે. થોડો વખત રહી આ ચિન્હો શાંત થઇ જાય છે.

(૪) કનીનિકા મંડળના પડદાનો પડછાયોઃ—આ પરિક્ષા જલદી અને સહેલાઇથી થઇ શકે છે એટલું જ નહિં પણ તેનાથી મોતીઓ પાકવાની ખાત્રી પણ સચોટ થઇ શકે છે. મુશ્કેલી માત્ર એટલી જ છે કે આ પરીક્ષા માટે નેત્રવૈદ્યને થોડા અનુભવની જરૂર હોય છે. આ પરિક્ષા કરવા માટે દરદીને અંધારા ઓરડામાં લઇ જવો પડે છે. દરદીને ખુરસી ઉપર બેસાડી નંબર ૧૬ થી ૨૦ નો એક બીલોરી બાહ્ય ગોળ કાચ લઇ તેનાથી દરદીની આખ ઉપર એક બાજુએથી પ્રકાશ પાડવો. પ્રકાશ પડવાની સાથે જ જો મોતીઓ કાચો હશે તો મોતીઆને કનીનિકાના પડદાની વચ્ચે એક અર્ધચંદ્રાકાર પડછાયો અથવા કાળાશ મારતો અંતરાય જોવામાં આવશે. આ ચિન્હ જોવામાં આવે તો મોતીઓ કાચો છે એમ ખાત્રીથી કહી શકાય છે. જો પડછાયો ન જોવામાં આવે તો મોતીઓ પાકી ગયો છે એમ સમજવું.

(૫) નેત્રદર્શક યંત્રથી પરીક્ષાઃ—આ પરિક્ષા કેમ કરવી તે ઉપર (૩) ની નીચે કહેલું છે.

મોતીઓ કાચો પણ ઉતરી શકે કે નહિં?—આ પ્રશ્ન ઘણી વખત દરદીઓ કરે છે. જો એક આંખમાં મોતીઓ આવતો હોય અને બીજી આંખમાં સારી જેવી નજર હોય તો કોઇ પણ દિવસ કાચો મોતીઓ ઉતરાવવો એ સલામતીભર્યું નથી. જો એક

આંખ પાકી ગઇ હોય અને બીજીમાં કાચો મોતીઓ હોય તો પણ કાચાને ન અડતાં પાકો જ ઉતરાવવો.

જો બેઉ આંખમાં મોતીઓ સરખો જ આવતો હોય અને દરદીની નજર એટલે સુધી કમી થઇ હોય કે તે પોતાનું કામ ન કરી શકે એટલું જ નહિં પણ હરવા ફરવામાં પણ મુશ્કેલી પડતી હોય અને બન્ને આંખે મોતીઓ કાચો હોય તો એક આંખનો કાચો મોતીઓ ઉતરાવવાની સલાહ આપી શકાય છે. આમ તો જ બને છે કે જો દરદી પચાસ વર્ષની ઉપર અવસ્થાનો હોય. પચાસ વર્ષની નીચેની અવસ્થાના દરદીઓએ તો કાચો મોતીઓ નજ ઉતરાવવો એજ ઉત્તમ છે. કાચો મોતીઓ નેત્રવૈદ્યો બે રીતે ઉતારે છે. કેટલાક નેત્રવૈદ્યો સાધારણ રીતે એટલે પડને ફોડી મોતીઓ કહાડે છે અને જે કાચો ગર્ભનો ભાગ અંદર રહે છે તે જેટલો ધોઇને કહાડી શકાય એટલો કહાડે છે અને જે રહી જાય તેને શોષાવા માટે છોડી દેછે. શોષાઇ રહ્યા પછી જે પડ રહે છે તેને ફરી એક વખત ફોડવું પડે છે અને તેથી ઘણે ભાગે દરદીની દૃષ્ટિ સારી થાય છે. બીજા નેત્ર-વૈદ્યો તેમ ન કરતાં મોતીઆને પડ સહીત જ બહાર કહાડી લે છે. અલબત આ શસ્ત્ર ક્રિયામાં ખાસ અનુભવની જરૂર રહે છે. જેને ખાસ આ શસ્ત્ર ક્રિયાનો અનુભવ ન હોય તેમણે તો આ શસ્ત્ર ક્રિયાની અજમાયશ નજ કરવી એજ ઉત્તમ રસ્તો છે. જો આ શસ્ત્ર-ક્રિયા આ ક્રિયાના અનુભવી નેત્રવૈદ્યને હાથે થઇ હોય તો અમારા અનુભવ પ્રમાણે તેમાં પડને ફોડીને મોતીઓ કહાડવાની ક્રિયા કરતાં લેશપણ વિશેષ જોખમ નથી; એટલુંજ નહિ પણ આ ક્રિયા પછી દરદીની દૃષ્ટિ ઘણીજ સારી થાય છે. વળી દરદીને બીજી શસ્ત્રક્રિયા કરાવવી પડતી નથી. એટલે અમારી તો એજ સલાહ છે કે જો ખાસ કારણ અથવા સંજોગોને લઈ કાચો મોતીઓ ઉતરાવવોજ પડે તો આ ક્રિયાથી આ ક્રિયામાં કુશળ હોય તેવા નેત્રવૈદ્યને હાથે મોતીઓ ઉતાવવો એજ ઉત્તમ માર્ગ છે.

મોતીઓ પાકયા પછી કેટલોક વખત નીકળી જાય તો હરકત ખરી કે ?—મોતીઓ એક વખત આવવો શરૂ થયો ત્યાર પછી તેમાં ચાલુ ફેરફાર થયાજ કરે છે. એક વખત મોતીઓ પાકયો એટલે તેમાં ફેરફાર થતા અટકતા નથી પણ ચાલુ કંઇને કંઇ ફેરફાર થયા કરે છે. કેટલાક મોતીઆ દિવસે દિવસે વધારે કઠણ અને મોટા થતા આવે છે. વળી કેટલાક મોતીઆમાં તો કાળો રંગ આવી જાય છે. આવા મોતીઆને કાળા મોતીઆ કહે છે. કેટલાક મોતીઆ પાકી ગયા પછી તેનો ગર્ભભાગ પ્રવાહી બની જઇ દુધ જેવો થઇ જાય છે. મોતીઆની કોથળીમાં આ દૂધ જેવો પ્રવાહી ભરાઇ રહે છે અને તેમાં નાનું જેવું મોતીઆનું બીજ ડુબકી માર્યા કરે છે. જયારે દરદી ઊંચે જુવે છે અથવા આંખનો ડોળો હલાવે ચલાવે છે ત્યારે મોતીઆના પડથી બનેલી કોથળીને તળીએ બેઠેલું બીજ ઉપર તરી આવે છે પણ ઝટદેતે (એકાએક) ફરી નીચે બેસી જાય છે. આવા મોતીઆમાં પ્રવાહી કવચિત શોષાઈ જાય છે અને ઝીર્ણું બીજ કનીનીકાના પડદાની પછવાડે તળીએ પડી રહે છે. આમ થવાની સાથે દરદી જે અત્યાર સુધી તદન આંધળો હતો તે જોવા માંડે છે. કાતાલીય ન્યાયે જો આ વખત દરમ્યાન દરદીએ કોઇની માનતા કરી હોય અથવા બાધા રાખી હોય તો તે દેવને યશ મળે છે અને ભાવિક લોકોની એક સારી જેવી સંખ્યા તે દેવના પૂજારી બની જાય છે. વળી કોઈ પીર, ફકીર, કે બ્રાહ્મણ સન્યાસીએ વચન આપ્યું હોય તો તે પણ મહાન્ શક્તિમાન્ " દૈવી જીવ " મનાય છે. આ બધાનું તાત્પર્ય એ કે કવચિત કવચિત કુદરત પોતાની અદ્દભૂત કૃતિથી મોતીઆ જેવા વ્યાધિ પણ ઉપર કહ્યું તે પ્રમાણે મટાડી દે છે અને બે ત્રણ કે તેથી વધારે વર્ષ સુધી અંધાપો ભોગવતા દરદીઓને અચિંતી (એકાએક) દૃષ્ટિ પણ પ્રાપ્ત થાય છે. કુદરતને માટે કશું પણ અશક્ય નથી. માત્ર આપણી અજ્ઞાનતાને લીધે તેની કૃતિનું ખરૂં સ્વરૂપ આપણે સમજી શકતા નથી અને કોઇક વ્યક્તિ જેમાં

તેવો કંઇ પ્રભાવ ન હોય તેને પ્રભાવશાળી માની બેસીએ છીએ.

મોતીઓ પાકયા પછી કેટલેક વખત ફુલી અથવા ફુગી પડે છે; જો તેમ થાય તો દરદીને પીડા થવા માંડે છે. આગળ કહેવામાં આવ્યું છે તે પ્રમાણે મોતીઆની શરૂઆતથી તે તેને શસ્ત્ર ક્રિયાથી કહાડી નાંખવામાં આવે ત્યાં સુધી તેમાં વેદના હોતી નથી પણ ઉપર કહ્યું તે પ્રમાણે જો મોતીઓ ફુગી પડે છે તો આંખમાં વેદના થવા માંડે છે. આ વેદના ખરી રીતે ઝામરની વેદના સમજવી કારણકે મોતીઓ ફુગવાથી ઝામરજ પેદા થાય છે. જો આવી સ્થિતિ ઉત્પન્ન થાય એટલે આંખમાં મોતીઓ હોય અને તે પાકયો હોય અથવા પાકવા ઉપર હોય અને આંખમાં એકદમ વેદના ઉપડે તો તેને માટે એકજ ઉપાય છે અને તે એ કે મોતીઆને જેમ બને તેમ તરત શસ્ત્રક્રિયાથી બહાર કાઢવો. કદાચ કોઇ પણ કારણથી તેમ કરવાની જોગવાઇ નહોય અથવા બની શકે તેમ નહોય તો દરદીને એકાદ બે જુલાબ આપવા, પસીનો લાવનારી દવાઓ આપવી અને લમણામાં છએક જળો લગાડવી. આ ઉપાયોથી શરીરમાંથી થોડું ઘણું પ્રવાહી નીકળશે અને તેને લીધે મોતીઆની અંદરના પ્રવાહીનું દબાણ થોડું ઘણું ઓછું થશે અને દરદીને ;વેદના કમી થશે. જરૂર જણાય તો થોડું અફીણ ગ્રેન ૧ થી ૨ દરદીને આપવું. વૃદ્ધાવસ્થાના દરદીઓને અફીણ આપતાં જરા સંભાળ રાખવી. જો દમનો વ્યાધિ હોય, શરીર બહુ અશકત હોય, પગ ઉપર કે મોઢા ઉપર સોજો હોય, મૂત્ર ઓછું થઇ ગયું હોય, આવી સ્થિતિ હોય ત્યારે અફીણ આપવું નહિ.

બીજી જાતના મોતીઆ દિવસે દિવસે વધારે કઠણ થતા આવે છે અને વળી તેના કદમાં પણ વધારો થાય છે એટલે શસ્ત્રક્રિયા વખતે છેદ મોટો કરવો પડે છે, એટલું જ નહિ પણ મોતીઆને બહાર કહાડવામાં વધારે જોખમ અને મુશ્કેલી નડે છે.

ઉપર લખી બધી બાબતો ધ્યાનમા લેતાં આપણે એ સિદ્ધાંત

ઉપર આવીએ છીએ કે મોતીઓ પાક્યા પછી ન કઢાવવામાં કોઇ પણ જાતનો ફાયદો નથી, બીજી તરફ નુકશાન ઘણું છે; એટલે એક વખત મોતીઓ પાક્યો તો પછી જેમ બને તેમ તરત શસ્ત્રક્રિયા કરાવી તેને કહડાવી લેવો.

મોતીઓ ઉતરાવવામાં શરીરને કે આંખને કંઇ જોખમ લાગે કે નહિં ?—મોતીઆની શસ્ત્રક્રિયા ઘણે ભાગે કોકેનના વપરાશથી આંખને ચૈતન્યરહિત કરી કરવામાં આવે છે અને ઘણે ભાગે ક્લોરોફોર્મ જેવી દવાઓ વાપરી દરદીને બેશુદ્ધ કરવામાં આવતો નથી એટલે દરદીના શરીરને કશું નુકશાન પહોંચતું નથી. માત્ર ક્વચિત જ જો દરદી બહુ નબળો અને વૃદ્ધ હોય તો ઘણો વખત સુધી ચતા સુવાને લીધે "ન્યુમોનીઆ" થઇ આવે છે એમ કહેવામાં આવે છે. અમારા વીશ વર્ષના હઝારો દરદીઓના અનુભવમાં એવો એક પણ દરદી અમને જોવામાં નથી આવ્યો કે જેને મોતીઓ ઉતારવા પછી "ન્યુમોનીઆ" લાગુ પડ્યો હોય. આ ઉપરથી આપણે સહજ અનુમાન કરી શકીએ છીએ કે વિલાયત જેવા ઘણા ઠંડા મુલકોમાં કવચિત એમ બનતું હશે. આપણા દેશમાં ઘણા સખ્ત શિયાળા સિવાય તેવી ભીત્તિ રાખવા અમે કારણ જોતા નથી. કેટલીક વખત બન્ને આંખે પાટા બાંધવાથી દરદીને મુંઝારો થઈ આવે છે અને કેટલાક દરદીઓમાં ઉન્માદના ચિન્હો જોવામાં આવે છે. આ સ્થિતિ પણ જવલ્લેજ જોવામાં આવે છે. આ ઉપરથી વાંચનારને સ્પષ્ટ સમજાયું હશે કે મોતીઓ ઉતરાવવાની શસ્ત્રક્રિયામાં દરદીના શરીરને જોખમ લગભગ નથી જ એમ કહીએ તો પણ ચાલે.

હવે આંખને માટે જોખમ ખરો કે નહિં તે બાબત લખીએઃ—આગળના વખતમાં એટલે લોર્ડ લીસ્ટર નામના શસ્ત્ર વૈદ્યે શસ્ત્રક્રિયા પહેલાં શરીરના ભાગો, શસ્ત્રો વિગેરે શુદ્ધ કરવાથી ચેપ રહિત બનાવી શકાય છે તે શોધી કહાડયું તે પહેલાં મોતીઆ માટે થતી શસ્ત્રક્રિયાના પરિણામ બહુ સારાં આવતાં નહોતાં.

મોતીઓ ઉતરાવ્યા પછી આંખમાં ઘણાક દિવસ સુધી લાલાશ રહેતી, આંખમાં સોજો આવતો, દરદીને ઘણી વેદના થતી. આ પ્રમાણે કેટલાક દિવસ અથવા મહિનાઓ ચાલી સોજો નરમ પડે તો તો થોડી ઘણી દ્રષ્ટિ પ્રાપ્ત થતી, અથવા આંખ જતી. કોઇ નેત્રવૈદ્યોએ આવા દરદીઓની નોંધ રાખી હોય એમ જાણવામાં નથી એટલે સો દરદીઓમાં કેટલાકની નજર બહુ સારી થતી, કેટલાકની સાધારણ સારી થતી અને કેટલાકની જતી એ કહેવું મુશ્કેલ છે; પણ કચ્છમાં જે પરિણામો ૧૯૦૫ થી ૧૯૦૭ લગભગ જોયેલાં તેથી એટલું કહી શકાય છે કે ઓછામાં ઓછી સોમાંથી પચાસ આંખોમાં તો દ્રષ્ટિ ખરાબ થતી, બાકીની પચાસ આંખોમાંથી લગભગ પચીસ આંખોમાં થોડો વખત સુધી થોડી ઘણી નજર રહેલી અને પછી ખરાબ થતી; માત્ર પચીસ ટકા જેટલી આંખોમાંજ લાંબો વખત સુધી સારી નજર રહેલી. આ આપણે જે લખ્યું તે "વાઢકુટીઆ" "આંખના હકીમો" કે "માધવબાગીઆ વૈદ્યો" ની રીતીથી ઉતારેલા મોતીયાની બાબતમા લખ્યું. આ લોકો મોતીઆને બહાર ન કહાડતાં આંખની અંદરજ દાબી દેતા; પરિણામ એ આવતું કે તે વખતે દરદીની દ્રષ્ટિ સારી થતી, પણ થોડો વખત રહી ઉપર પ્રમાણે પરિણામ આવતાં ડાકટરો મોતીયાને બહાર કહાડવાની શસ્ત્રક્રિયા કરતા તેના પરિણામ અલબત ઉપર કહેલા કરતા તો સારાજ આવતાં પણ સોએ સાઠથી વધારે સારાં તો નહિજ. આખમા સોજો આવવા ઉપરાંત ઘણી વખત આખ પાકી આવતી અને તેમાં પરૂ થતું. પરૂ થયા પછી ડોળો ફુટી જઇ આંખમાં "કુત્રો પડી" જતો. લોર્ડ લીસ્ટરની શોધોને પરિણામે સ્થિતિ તદન બદલી ગઇ છે. શસ્ત્રક્રિયાને પરિણામે આંખનું પાકવું તો કવચિતજ થાય છે. સારા શસ્ત્રવૈદ્યોના હાથમાં પાંચસોએ એક આંખમાં પરૂ ભાગ્યેજ થાય છે. આંખના ગંભીર પ્રકારના સોજા પણ ઘણા ઓછા થઇ ગયા છે. મોટી મોટી ઇસ્પીતાલો અને સારા શસ્ત્રવૈદ્યોના પરિણામો જોતાં એવું

જોવામાં આવ્યું છે કે સો આંખો ઉપર મોતીયાની શસ્ત્રક્રિયા કર-વામાં આવે તો તેમાંથી લગભગ ૯૫થી ૯૭ જેટલી આંખો તો સારી નજર પ્રાપ્ત કરે છે. આ પરિણામ એકંદરે સારાં કહી શકાય અને સાથે એમ પણ કહી શકાય કે મોતીઆ માટેની શસ્ત્રક્રિયા લગ-ભગ જોખમરહિત છે.

કેટલાક દરદીઓ પોતાની ભુલથી અથવા શસ્ત્રવૈદ્યની ભુલથી એવી સ્થિતિ પેદા કરે છે કે જેથી આગળ જતાં અથવા તે વખતે આંખને નુકશાન થયા વગર રહેતું નથી. આ સ્થિતિ પૈકી મુખ્ય નીચે મુજબ છેઃ—

(૧) **આંખને દબાવવી**—કેટલાક દરદીઓને શસ્ત્રક્રિયાના નામથીજ એટલોબધો ભય ઉત્પન્ન થાય છે કે તે ભયને પરિણામે તેઓ પોતાના શરીર ઉપરનો કાબુ ખોઇ બેસે છે. જ્યારે આંખને ઉઘાડવાનું કહેવામાં આવે ત્યારે તેઓ જોરથી દાબે છે; એટલુંજ નહીં પણ પોતાની મેળે આંખને દબાવ્યા કરે છે. જ્યારે આંખ ઉપર, આંખને ખુલી રાખવાનો ચીમટો ચડાવ્યો હોય ત્યારે પણ તેઓ એવી રીતે આંખને દબાવ્યા કરે છે. અહીં કહેવું જોઇએ કે મોતીઆ માટેની શસ્ત્રક્રિયામાં આંખની અંદરના ડોળામાં મોટો છેદ કરવો પડે છે. જો આ છેદ પુરો થવાની સાથે દરદી આંખને દબાવે તો ચીમટા નીચેની પાંપણ ડોળાના નીચેના ભાગ ઉપર દબાણ કરે છે અને તેથી આંખનો જખમ ખુલી જઇ આંખમાંથી મોતીઓ તેમજ કાચરૂપરસનો કેટલોક ભાગ બહાર નીકળી પડે છે. જો શસ્ત્રવૈદ્ય અનુભવી ન હોય અથવા ચાલાક ન હોય અથવા તેનો મદદનીશ ચપળ ન હોય તો આંખનો ડોળો આખો ખાલી થઇ જાય છે અને આંખ-ના ડોળાની અંદરના ભાગો બહાર નીકળી પડે છે. પરિણામે આંખ જાય છે. દરદી અને શસ્ત્રવૈદ્યના સદ્ભાગ્યે અનુભવી હાથમાં આવા અક-સ્માત ક્વચીતજ બને છે પણ શરૂઆતના શસ્ત્રવૈદ્યોના હાથમાં આવા બનાવો ઘણી વખત બની જાય છે. ખરી રીતે જોતાં આમાં શસ્ત્ર

વેદનો લેશ પણ વાંક કહાડી શકાય નહીં. માત્ર દરદીની કાળજીની ખામીને લીધેજ આવાં ભયંકર પરિણામ આવે છે. કેટલીક વખત શરૂઆતમાં આંખને ન દબાવતાં મોતીઓ કાઢી લીધા પછી દબાવે છે અને તેથી પણ કાચરૂપરસ બહાર નીકળી જઇ દરદીની આંખને જોખમમાં નાંખે છે. મોતીઓ બરોબર સરખો ઉતર્યો હોય અને તે છતાં જો દરદી પહેલા બે ત્રણ દીવસ દરમ્યાન આંખને વધારે દબાવે છે તો આંખની અંદરનો કાળો પડદો બહાર નીકળી આવી જખમમાં સપડાઇ જાય છે અને તેથી પણ દ્રષ્ટિને હરકત થાય છે; એટલુંજ નહીં પણ એ આંખમાં લાલાશ, સોજો વિગેરે વિક્રિયાઓ પેદા થાય છે.

(૨) **શસ્ત્રક્રિયા પછી આરામની ખામી**–આગળ કહેવામાં આવશે તે પ્રમાણે મોતીઓ ઉતાર્યા પછી દરદીને લેશ પણ શ્રમ ન પડે અથવા દરદીને માથું ઊંચકવું ન પડે એ રીતે તેને તેના બીછાના પર લઈ જવામાં આવે છે અને ત્યાં લગભગ ચોવીસ કલાક સુધી તેને એકજ સ્થિતિમાં સુવાડી રાખવામાં આવે છે. આમ કરવાનો હેતુ માત્ર એટલોજ છે કે આંખમાં થયેલો જખમ બરોબર મળી સંધાઇ જાય ત્યાં સુધી આંખની અંદરનું દબાણ જરા પણ વધે નહીં અને જખમ બરોબર રૂઝાઇ જાય. કેટલાક દરદીઓ આ સૂચનાનો બીલકુલ અમલ કરતા નથી, પછી તે જડતાથી હોય કે હઠાગ્રહતાથી હોય, પણ પરિણામ એ આવે છે કે આંખનો જખમ ખુલી જઇ તેમાંથી આંખની અંદર રહેલું પાણી નીકળી જાય છે અને પાણીની સાથે કાળો પડદો પણ થોડો બહાર નીકળી આવી જખમમાં સપડાઇ જાય છે.

પડદો જખમમાં સપડાવાને પરિણામે ડોળાના અંદરના ભાગમાં સોજો, અનુસંગી ઝામર ઇત્યાદી વિક્રિયાઓ પેદા થાય છે. પરિણામે દરદીની દ્રષ્ટિને થોડે ઘણે અંશે નુકશાન થાય છે.

(૩) **પાટા બરોબર રાખવામાં દરદીની ગફલત**–કેટલાક

દરદીઓ મોતીઓ ઉતારવા પછી પાટો સરખો રહેવા દેતા નથી; કેટલાક આંખથી દેખાય છે કે નહીં એ અજમાવવાને માટે પાટાને ખસેડે છે. બીજા કેટલાક દરદીઓ સંભાળની ખામીને લીધે પાટાને ખસેડી નાંખે છે, પરિણામે આંખમાં સોજો પેદા થાય છે અને દ્રષ્ટિને નુકશાન પહોંચે છે.

(૪) પાટો છોડયા પછી આંખને થતું નુકશાન–મોતીઓ કહાડયા પછી કેટલોક વખત સુધી આંખ પ્રકાશ સહન કરી શકતી નથી અથવા કંઇ પણ મહેનત થઇ શકતી નથી; કારણ કે આંખમાં થયેલા જખમને પરિણામે આંખમાં કેટલેક દરજે સોજો રહે છે. હવે જો દરદી બેદરકારીથી અથવા પોતાની અજ્ઞાનતાથી આંખને વધારે પ્રકાશ બતાવે અથવા તે આંખથી બહુ જોવાની તજવીજ કરે તો તેથી પણ સોજો વધી પડે છે અને દરદીને નુકશાન થાયછે.

(૫) દરદીના શરીરમાં રહેલા કેટલાક વીકારો-કેટલાક દરદીઓ એવા જોવામાં આવે છે કે જેની આંખ ઉપર શસ્ત્રક્રિયા બહુજ હુશીઆરીથ અને સારી રીતે કરવામાં આવી હોય છે, તેમણે આરામ પણ બરોબર લીધો હોય છે, પાટાને પણ બરોબર રાખ્યો હોય છે અને કોઇપણ રીતે દરદીની કે શસ્ત્રવૈદની કસુર ન થઇ હોય તે છતાં મોતીઓ ઉતાર્યા પછી થોડા દિવસ પછી આંખ લાલ થઇ આવે છે અને આંખના અંદરના ભાગમાં સોજો થઇ આવે છે. પરિણામે દ્રષ્ટિ ઘણી ઓછી થઇ જાય છે અથવા તદન જાય છે. ખરી રીતે જોતા નથી કસુર હોતી દરદીની કે નથી ભુલ હોતી શસ્ત્રવૈદની છતા આવું પરિણામ શા માટે આવે છે? અનુભવને પરિણામે જોવામાં અને જાણવામાં આવ્યું છે તેમ આ દરદીઓના અંગમાં કેટલાક વ્યાધીઓ હોય છે અને તે વ્યાધીઓને પરિણામે તેનું લોહી દોષિત થએલું હોય છે. આ વિકાર પામેલા લોહીને લીધે આંખમાં સોજો થઇ આવે છે. આ દરદમાં મુખ્ય નીચે પ્રમાણે છેઃ—

દાંતમાં પરૂ, સંધીવા, મધુપ્રમેહ, અથવા સાકરીઓ પરમો, ગુદાના વ્યાધી, પેશાબમાં પરૂ જવું, ઉપદંશ, પ્રમેહ, દીર્ઘબંધ કોષ, આંતરડામાં સડો, અને શરીરના કોઇ પણ ભાગમાં ક્ષય અથવા પરૂનું અસ્તિત્વ આમાંના કેટલાક વ્યાધી આગળથી જાણવામા આવે છે અને કેટલાક શસ્ત્રવૈદને પાછળથી જણાય છે. આ કારણથીજ શસ્ત્રક્રિયા પહેલાં દરેક દરદીની મુત્રપરિક્ષા કરાવવી એ સલામતીભર્યું છે. આ ઉપરથી વાંચનારને સ્પષ્ટ સમજાયું હશે કે મોતીઆ માટેની શસ્ત્રક્રિયા તદન જોખમ રહિત તો નથીજ. કોઇ કોઇ દરદીને કમ ભાગ્યે ઉપર લખેલા ન ઇચ્છવાજોગ સંજોગો મળી આવે છે અને તેને પરિણામે દ્રષ્ટિને નુકશાન થાય છે, પણ સારે ભાગ્યે ઉપર લખ્યા નેષ્ટ સંયોગો જવલ્લેજ ઉત્પન્ન થાય છે. સોએ નેવું દરદીઓમાં તો બધું સરળતાથી પાર ઉતરે છે અને આંધળી આંખ લઇ આવેલા દરદી દેખતા થઇ ઘેર જાય છે.

મોતીઓ શસ્ત્રક્રિયા વગર મટશે કે નહી !—ઘણા દરદીઓ અમને ઉપરના પ્રશ્ન પૂછે છે. કેટલાકને શસ્ત્રક્રિયાનો આટલો બધો ભય હોય છે કે કોઇ પણ ઉપાયે ગમે તેટલા પૈસા ખરચતાં પણ શસ્ત્રક્રિયા વગર મોતીઓ મટી શકતો હોય તો તેમ કરવા તેઓ તૈયાર થાય છે, અહીંયાં ચોખે ચોખું અને ભાર દઇને સ્પષ્ટ કહેવું જોઇએ કે ખરેખરો મોતીઓ માત્ર દવાથીજ મટયો એવો દરદી અમે આજ દિવસ સુધી કોઇ જોયો નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે મોતીઓ શસ્ત્રક્રિયા શીવાય મટતોજ નથી. કેટલીક દવાઓથી નીચે સમજાવવામાં આવશે તેવી રીતે થોડા વખતને માટે થોડો ઘણો ફાયદો થાય છે. પણ વખત જતાં તે ફાયદો ટળી જાય છે અને શસ્ત્રક્રિયાના ભયથી રકમબંધ પૈસા ખરાબ કરી જુદી જુદી દવાઓ અજમાવી થાકેલા દરદીઓને શસ્ત્રવૈદના શસ્ત્રનો સ્વાદ ચાખવો પડે છે. અને ત્યાર પછી જ દેખતા થવાય છે.

આજકાલ મોતીઓ મટાડનારી સંખ્યા બંધ દવાઓની જાહેર·

ખબરો વર્તમાનપત્રોમાં વાંચીએ છીએ. કેટલાકને આવી દવાઓ હિમાલયની યાત્રા દરમ્યાન સાધુ મહાત્માઓની સેવાને પરિણામે મળેલી કહેવામાં આવે છે, બીજાઓ પાસે એવી દવાઓ તેમના કુટુંબમાં પંદર પેઢીથી મળેલી કહેવામાં આવે છે, વળી બીજા કેટલાક કોઇ છેવટની આરાધનાને લીધે મેળવેલી છે એમ કહે છે અને બીજા કેટલાક ઘણા વરસના સતત્ પ્રયાસને અંતે મહા મહેનતે વીકટ જંગલો ફરી જડીબુટીઓ શોધી કહાડી છે એમ કહે છે, કોઇ કેટેરેકટોડાઇન એવું નામ આપે છે. કોઈ વળી **સેનેરીયા મેરીટીયા** કહે છે, કોઇ **કેટેરેકટ કયોર** કહે છે અને કોઇ વળી એકાદ અદ્દ્ભૂત નામ લાવી વર્તમાનપત્રોમાં મુકી દે છે. લોકોની ખાત્રી કરાવવાને માટે મોટા મોટા નામાંકીત પુરૂષોના સર્ટીફીકેટો રજુ કરે છે. ઘણે ભાગે તો આવા સર્ટીફીકેટો મુંબઈ ઇલાકાના વર્તમાનપત્રોમાં પંજાબમાં રહેતા પુરૂષોનાં હોય છે, અને બંગાળી વર્તમાનપત્રોમાં મદ્રાસના ગામડાઓમાં રહેતા પુરૂષોના હોય છે. આવી અનેક દવાઓ વાપર્યા છતાં છેવટે શસ્ત્રક્રિયા કરાવવા માટે આવનારા ઘણા દરદીઓ અમે જોએલા છે અને તે ઉપરથી એમ સિદ્ધ કર્યું છે કે આવી દવાઓ માત્ર ભોળા દરદીઓ પાસેથી પૈસા કઢાવવા સિવાય કશો પણ અર્થ સાધતી નથી. ઘણી ખરી દવાઓમાં કીકીને પહોળી કરનારી દવાઓ હોય છે અને તેથી દરદીને થોડા વખતને માટે દ્રષ્ટિમાં ઠીક સુધારો થાય છે અને દવાઓ ઉપર શ્રદ્ધા બેસે છે. કીકી પહોળી થવાથી દ્રષ્ટિમાં સુધારો કેવી રીતે થાય છે તે સમજાવવાની અહીં કોશેશ કરી છે. કેટલાક મોતીઆઓ માત્ર વચલા ભાગમાં જ શરૂ થાય છે એટલે જ્યારે પ્રકાશથી કીકી સંકોચાય ત્યારે દરદીને દ્રષ્ટિમાં વધારે અડચણ પડે. જ્યારે કીકી પોહોળી થાય ત્યારે આજુબાજુનો મોતીઆનો ભાગ પારદર્શક હોય છે તેમાંથી દરદી સારી રીતે જોઇ શકે છે. બપોરના ભાગમાં દરદીને દ્રષ્ટિમાં વધારે હરકત પડે છે તે પણ આજ કારણથી સમજવી.

ઉપર લખી કાંઈ પણ દવાઓથી જ્યારે કીકી પોહોળી થાય ત્યારે આજુબાજુનો પારદર્શક ભાગ વધારે ખુલ્લો થાય છે અને તેથી દરદીને વધારે દેખાય છે, આ ઉપરથી મોતીઆના દરદીઓ જો નીચેની વાત ધ્યાનમાં રાખશે તો તેમને ઉપર લખ્યું છે તેની ખાત્રી થશે.

જો દરદીને મોતીઓ શરૂ થવાને પરિણામે જેમ જેમ દીવસ ચડતો જાય તેમ તેમ દ્રષ્ટિમાં વધારે હરકત પડતી જાય અને સાંજે જેમ જેમ સૂર્ય અસ્ત થતો જાય તેમ તેમ દૃષ્ટિ સારી પડતી જાય તેવા દરદીઓની જો કોઇ પણ દવા નાખવાથી દ્રષ્ટીમાં સુધારો જણાય તો તે ઉપર લખ્યા કારણથી એટલે કીકી પહોળી થવાથી છે એમ સહેલાઇથી સમજી શકાય છે. જે દરદીઓને આખો દિવસ સરખી ઝાંખાશ રહે છે તેમને જો આ દવાથી દૃષ્ટિમાં ફાયદો ન થાય બલકે દવા નાખવાથી દૃષ્ટિ થોડી ઘણી ઘટે તો પણ ઉપરની બાબતને ટેકો મળે છે.

જે દરદીને મોતીઓ થોડો ઘણો વધેલો હોય તેને દૃષ્ટિમાં હરકત સારી રીતે શરૂ થઇ ગએલી હોવી જોઇએ. આવે વખતે જો કોઇ પણ દવા નાખવાને લીધે તેની દૃષ્ટિમાં સુધારો થાય તો તે દવા ઉપર તેને શ્રદ્ધા ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે; અને વધારે સુધારાની આશામાં તે દરદી એક પછી એક શીશી ખરીદતો જાય અને વાપરતો જાય એ પણ બનવા જોગ છે. છેવટે જ્યારે મોતીઓ વધારે પાકે અને તેની દૃષ્ટિ દવા વાપર્યા પહેલાં હતી તેના કરતાં પણ ઓછી થઇ જાય ત્યારે જ તેને તે દવાની નિષ્ફળતાની ખાત્રી થાય છે. ઉપર લખેલી હકીકતનું પુનરોક્તન કરીએ તો ટુંકામાં તેનો સારાંશ એટલો જ આવે છે કે અમારા જાણવા પ્રમાણે આજ દિવસ સુધી મોતીઆને મટાડનારી દવા શોધવામાં આવી નથી અને જે જે જાહેર ખબરીયા દવાઓ મોતીઓ મટાડવાનો દાવો કરે તે તે દવાઓ માત્ર દરદીના ખીસા થોડા હલકા કરવા સિવાય બીજો

કશો ફાયદો કરતી નથી એમ અમે ખાત્રીથી માનીએ છીએ. આવી મોતીઓ મટાડનારી દવાઓ બનાવનારા અને વેચનારાઓ, વૈદો હકીમો, કે બીજા સખસોને આથી અમે ખાસ આગ્રહથી કહીએ છીએ કે ઉપર લખી અમારી માન્યતાને ખોટી પાડવા જેવી દવા કોઇની પાસે હોય અને તેની અમને ખાત્રી કરાવી અપાવવા તૈયાર હોય તો તેઓ અમારી ઓફીસમાં આવી અમને મળે અને અમારી ખાત્રી થયેથી એવી જાતનું લખાણુ જાહેરમાં મૂકવા અમે જરાપણુ સંકોચ કરીશું નહીં, એટલું જ નહીં પણુ તેવા પુરૂષને જનસમાજના એક કલ્યાણુકર્તા મોટા પુરૂષ તરીકે જાહેરમાં લાવવા અમારાથી બનતું કરીશું.

મોતીઓ દવાથી મટે કે નહી એ સબંધમાં અમારા અનુભવમાં આવેલી એક વિશેષ સૂચના કરવાને અમો જરૂરની ધારીએ છીએ. અમારા અનુભવમાં કેટલાક એવા દરદીઓ આવ્યા છે કે જેઓને મોતીઆની તદ્દન શરૂઆત હતી તેમને એક જાતની દવા પીચકારી વડે આંખના ડોળાના પડની નીચે ઉતારવામાં આવી અને તેનાથી ઘણાઓને મોતીઓ થતો અટક્યો એટલું જ નહીં પણુ મોતીઆને લીધે દૃષ્ટિમાં ખામી આવે છે તે ખામી દૂર થઇ આવી જાતનો સુધારો માત્ર શરૂઆતના મોતીઆમાં જ જોવામાં આવ્યો પણુ થોડા આગળ વધેલા મોતીઆમાં આ ઇન્જેકશનથી કશો ફાયદો જોવામાં આવ્યો નહીં

ઉપર જે હકીકત લખી તે આજ દિવસ સુધીના નેત્રવૈદોના જ્ઞાનને આધારે લખી છે, આવતી કાલે વિજ્ઞાન શું શું શોધો કરી શકશે તે કહેવું અશક્ય છે, એટલું જ નહિ પણુ અમને દ્રઢ આશા છે કે એક દિવસ એવો પણુ આવશે કે જ્યારે મોતીઆને મટાડવાની દવાની શોધ કરવામાં આવશે અને મોતીઆ માટે શસ્ત્રક્રિયાની જરૂર રહેશે નહિ.

મોતીઆ માટેની શસ્ત્રક્રિયા કરાવનારા દરદીએ શું શું કરવું જોઇએ:—મોતીઓ ઉતરાવવા પહેલાં દરદીએ પોતાને ઉલટી, ઉધરસ, શ્વાસ, પેટનો દુઃખાવો, પેસાબનું બંધ થવું, આંખોનું ચોંટવું ઇત્યાદિ વ્યાધિ થવાની ટેવ હોય તો શસ્ત્રવૈદ્યને તે જણાવવું જોઇએ. ઉધરસ કે ઉલટીને માટે યોગ્ય બંદોબસ્ત ન થયલો હોય અને શસ્ત્રક્રિયા કરવામાં આવી હોય તે વખતે જો જોરથી ઉધરસ કે ઉલટી થાય છે તો જખમ ખુલી જાય છે અને કવચિત આંખને નુકશાન લાગે છે. આવો એક દાખલો અમને બરોબર યાદ છે. એક ૯૦ વર્ષની વૃદ્ધ ડોસીમાને બે આંખે મોતીઓ હતો. તેઓ અશક્ત હોવાથી અમારી ઔષધશાળામાં ન આવતાં પોતાને ગામ શસ્ત્રક્રિયા માટે અમોને બોલાવ્યા તેમનું ગામ છેટે હોવાથી બન્ને આંખો ઉપર શસ્ત્રક્રિયા એકી વખતે જ કરવામાં આવી. મોતીઓ ઉતારી દરદીને બીછાનામાં સુવાડવામાં આવી. શસ્ત્રક્રિયા પછી અડધોએક કલાક રહી દરદીને ઉલટીઓ થવા માંડી. ઉપરાસાપરી દશેક ઉલટીઓ થઇ. પરિણામે બેઉ આંખોમાંના જખમ ખુલી ગયા અને બન્ને આંખોમાંથી રક્તાસ્રાવ થયો અને બેઉ આંખો ગઇ. જો દરદીને વાયુનો ગોળો ચડવાની અથવા ઉલટી થવાની ટેવ છે એમ આગળથી કહેવામાં આવ્યું હોત તો અમે બેઉ આંખો ઉપર એક જ વખતે શસ્ત્રક્રિયા કરત નહીં. અને બન્ને આખો સાથે ખરાબ થઇ જાત નહીં.

શસ્ત્રક્રિયાને આગલે દિવસે દરદીએ હલકો જુલાબ લઇ લેવો. અહીં કહેવું જોઇએ કે બધા નેત્રવૈદ્યો દરદીને જુલાબ આપતા નથી. કેટલાક નેત્રવૈદ્યો તો દરદી પોતાની આખ બતાવવા આવે તે જ દિવસે શસ્ત્રક્રિયા કરી નાખે છે. બીજા કેટલાક નેત્રવૈદ્યો જુલાબ ન આપતાં દરદીને એક દિવસે હલકા ખોરાક ઉપર રાખે છે. અહીં તેઓ **ये गुणालंधने प्रोक्ता ते गुणाः लघुभोजने** એ વૈદ્યક વાક્યને બદલાવી **ये गुणारेचौ प्रोक्ता ते गुणाः लघुभोजने** નો

ઉપયોગ કરે છે. અમારા અનુભવમાં દરદીને હલકા ખોરાક ઉપર રાખવાથી પણ એવાંજ સારાં પરિણામ આવ્યાં છે. શસ્ત્રક્રિયાને આગલે દિવસે રાત્રિના ભાગમાં દરદીને સારી ઉંઘ આવે તેવી બનતી કોશેશ કરવી; કારણ કે જો ઉંઘ સારી થઈ હોય તો બીજે દિવસે દરદી બરોબર ઉમંગમાં રહે છે. જો દરદી જડબુદ્ધિનો હોય તો આંખનો ડોળો કહેવાની સાથે નીચે ફેરવવાની તાલીમ તેને આપવી જોઇએ. જો આ તાલીમ ન આપવામાં આવી હોય તો ઘણા દરદીઓ ખાસ અણીને વખતે ડોળો નીચો રાખવાને બદલે ઉંચે ચડાવી મૂકે છે અને શસ્ત્રવૈદ્યને તેમજ પોતાને ઘણી મુશ્કેલીમાં મૂકી દે છે. હવે આપણે ધારી લઇએ કે દરદી જુલાબ લઇ, અથવા હલકા ખોરાક ઉપર રહી, સારી ઊંઘ લઈ શસ્ત્રક્રિયાને દિવસે સવારના આનંદમાં ઉઠે છે. તેણે દાતણપાણી કરી, શૌચ જઇ આવી મ્હોડું બરોબર ધોઇ લેવું. જો પુરૂષ દરદીની હજામત વધી હોય તો તે કરાવી નાંખવી; દરદી સ્ત્રી હોય તો તેના વાળ ઓળીને બરોબર કરી મુકવાં, પણ અંબોડો વાળવો નહિં; કારણ કે અંબોડો વાળવાથી દરદીને ચતા સુતી વખતે અંબોડાની ગાંઠ અડચણ કરે છે. મોઢાંને સાબુ અને ગરમ પાણીથી બરોબર ધોઇ સાફ કરવું. આ પ્રમાણે મોઢું સાફ કરતી વખતે આંખના અંદરના ખુણાનો ભાગ તેમજ આંખની આજુ-બાજુનો ભાગ બરોબર સાફ કરવો. જો દરદીને પેટમાં આંટી હોય કે સહેજ ઉધરસ કે ઉછાળો આવતો હોય તો જરા અફીણ આપવું. હવે દરદી શસ્ત્રક્રિયાને માટે તૈયાર થયલો ગણી શકાય. અહીં દરદીને એક સૂચના કરવી ઘણીજ અગત્યની ધારી છે. કેટલાક દરદીઓ વિનાકારણ એટલા બધા ગભરાયલા હોય છે કે શસ્ત્રક્રિયા પહેલાં જ તેઓ ધ્રુજ્યા કરે છે. આ ગભરામણને લીધે તેઓ આંખને જોરથી દાબે છે. આગળ કહેવામાં આવ્યું છે તે પ્રમાણે આંખ દબાવવાથી ડાક્ટરને અડચણ થાય છે એટલું જ નહિં પણ કેટલીક વખત આંખમાં છેદ પુરો થવાની સાથે જ મોતીઓ, કાચરૂપ રસ ઇત્યાદિ આંખની

અંદરના ભાગો બહાર નીકળી પડે છે અને આંખને નુકશાન થાય છે. મોતીઆની શસ્ત્રક્રિયામાં દરદીને બિલકુલ ઈજા કે દરદ થતું નથી. આંખમાં કોકેન નાંખેલું હોય છે અને તેથી આંખનો ડોળો તદ્દન ચૈતન્યરહિત બની ગયલો હોય છે એટલે કાપ મૂકવાથી કે શસ્ત્ર વાપરવાથી જરા પણ દરદ થતું નથી. જો દરદીને આ બાબતની ખાત્રી હોય તો તેને ગભરાવાનું કારણ રહેતું નથી. પણ દરેક દરદીને આવી ખાત્રી કરાવવી મુશ્કેલ હોય છે અથવા આંખ જેવી ચીજ ઉપર શસ્ત્રક્રિયા કરવામાં આવે અને દરદ ન થાય એ વાત દરદીના માનવામાં આવતી નથી, કેટલાક દરદીઓ તો આ બધું જાણતા હોવા છતાં ગભરાયા કરે છે. અહીં ફરી કહેવું જોઇએ કે આંખ ઉપર થતી શસ્ત્રક્રિયા તદ્દન પિડારહિત છે, માત્ર કાળો પડદો કાપતી વખતે "કીડી ચટકો આપે" એટલી સહજ વેદના થાય છે એટલે દરદીએ બિલકુલ ગભરાવું નહિ.

આંખને યોગ્ય રીતે સાફ કરી દરદીને ટેબલ ઉપર સુવાડવામાં આવે છે. શસ્ત્રક્રિયા કેવી રીતે થાય છે તેનું લંબાણથી વર્ણન મારા "નેત્રરોગ" નામના પુસ્તકમાં આપવામાં આવ્યું છે. અહીં તે આપવાની જરૂર ધારી નથી.

શસ્ત્રક્રિયા ચાલતી હોય તે વખતે દરદીએ શાંત પડી રહેવું. માત્ર શસ્ત્રવૈદ્ય શું સૂચના આપે છે તે ઉપર જ ધ્યાન રાખવું; અને તેની દરેક સૂચના ઝડપથી અને બરોબર અમલમાં ઉતારવી. આથી શસ્ત્રવૈદ્યને શસ્ત્રક્રિયા કરવામાં સુગમતા મળે છે અને દરદીને વિનાકારણ ઇજા થતી નથી; એટલુંજ નહિ પણ કામ ઘણુંજ સંતોષકારક થાય છે.

હવે આપણે ધારી લઇએ કે શસ્ત્રક્રિયા પૂર્ણ થઇ. દરદીને ટેબલ ઉપરથી બિછાના ઉપર લઇ જવામાં આવ્યો. જે વખતે દરદીને ટેબલ ઉપરથી બિછાના ઉપર લઇ જવામાં આવે છે તે વખતે અથવા પાટો બાંધતી વખતે દરદીએ બિલકુલ માથું ઉંચકવું નહિ;

તેમજ કોઇ જાતનું જોર કરવું નહિ. ઘણી વખત અમારે દરદીઓને કહેવું પડે છે કે "તમારામાં અત્યારે પ્રાણુજ નથી એમ સમજવાનું છે." તે પ્રમાણે દરદીએ વર્તવું.

ટેબલ ઉપરથી બિછાના ઉપર લાવવા પછી દરદીએ શાંત સુઇ રહેવું. લગભગ ચોવીસ કલાક સુધી દરદીઓ પોતાની પીઠ ઉપર જ સુઇ રહેવાનું હોય છે. આ બાબતમાં પણ બધા શસ્ત્રવૈદ્યોના નિયમો સરખા હોતા નથી. કેટલાક શસ્ત્રવૈદ્યો એટલા ચોક્કસ હોય છે કે દરદીને સહેજ પણ માથું ફેરવવા આપતા નથી, વળી બીજા કેટલાક દરદીને થોડી ઘણી છુટ આપે છે. ઉત્તમ માર્ગ તો એ છે કે દરેક દરદી માટે એકજ નિયમ રાખવો બની શકે નહિ. જો દરદી પાતળો હોય કે સરખા શરીર વાળો હોય તો તેને ચોવીસ કલાક એક સરખા સુઇ રહેવામા અડચણ આવતી નથી, જો દરદી શરીરે જાડો હોય અને બહુ વૃદ્ધ હોય તો તેનાથી ચોવીસ કલાક સુધી સરખું સુવાતું નથી, વળી દરદીના સ્વભાવ ઉપર પણ ઘણો આધાર રાખે છે. જો દરદી શાંત સ્વભાવનો હોય તો તે કંઇ પણ બડબડયા સિવાય સુઇ રહે છે. જો ઉતાવળીઓ હોય તો શાંત સુઇ શકતો નથી. આંખની સ્થિતિ ઉપર પણ ઘણો આધાર રાખવો પડે છે, પણ આંખ સંબધી વિચાર કરવાનું કામ નેત્રવૈદ્યનું છે માટે દરદીએ તેનીજ સૂચના પ્રમાણે વર્તવું.

મોતીઓ ઉતરાવ્યા પછી ચોવીસ કલાક સુધી દરદીને પ્રવાહી ખોરાકજ આપવામા આવે છે. આ ખોરાક ફીડીંગ કપ અથવા નાળ વાળી ઝારીથી દરદીના મોઢામા સુતાં સુતાંજ રેડવામાં આવે છે. દૂધ, કાંજી કે રાબ જેવી ચીજો જ અપાય છે. ખોરાક જેમ બને તેમ થોડો લેવાથી "પેટમાં સુખ" રહે છે. કેટલાક દરદીઓને થોડા કલાક પછી પેટમાં અને બરડામાં એક જ સ્થિતિમાં સુઇ રહેવાથી દરદ થાય છે. આ દરદ કળતર જેવું હોય છે. ઘણે ભાગે તો આ દરદ સહી શકાય એવું હોય છે એટલે દરદી ચોવીસ

કલાક જેમ તેમ કરીને કહાડી નાંખે છે. કેટલાક ઉગ્ર સ્વભાવના અથવા અધીરીયા દરદીઓ બૂમે બૂમ મારે છે. આ બધો દુઃખાવો માત્ર ચતા સુઇ રહેવાથી જ થાય છે અને ચોવીસ કલાક પછી એક બાજુ ફેરવવાની દરદીને રજા આવવાથી પીડા શાંત થાય છે; તે છતાં જો દરદીથી નજ સહેવાય તો ચોવીસ કલાક પુરા થવા પહેલાં પણ તેને પાસું ફેરવવાની રજા આપવી પડે છે. ઝાડા પેસાબ માટે પણ દરદીને ઉઠવાની રજા આપી શકાતી નથી. આ ક્રિયાઓ પણ સુતે સુતે જ કરવી પડે છે. તેને માટે બેડપાન (Bedpan) યુરીનલ (Urinal) ઇત્યાદિ સાધનો આવે છે તેનો ઉપયોગ કરવો.

દરદીની આંખમાં વેદના—શસ્ત્રક્રિયા વખતે તો આંખ ચૈતન્યરહિત બનાવેલી હોવાથી દરદીને બિલકુલ વેદના હોતી નથી. લગભગ પંદર મીનીટ પછી આવી દવાઓની અસર નીકળી જાય છે. અને જખમને ઠેકાણે સહજ બળતરા થવા માંડે છે. આ બળતરા લગભગ ત્રણથી ચાર કલાક સુધી ચાલે છે અને પછી શાંત થઇ જાય છે. જો બધું બરોબર ચાલતું હોય તો ત્યાર પછીથી વેદના બિલકુલ ન હોવી જોઇએ. ત્રણ ચાર કલાક પછી જો આંખમાં વેદના હોય તો દરદીએ નેત્રવૈદ્યને જરૂર ખબર આપવી જોઇએ. જો આંખમાં સોજો આવવા માંડે અથવા જખમ પાકવા માંડે અથવા જખમમાં કાળો પડદો સપડાઇ જાય તોજ વેદના થાય છે. કેટલાક દરદીઓને આઠમે નવમે દિવસ પાટો છોડયા પછી સહજ પાણી પડે છે તેમાં કશું હરકત જેવું નથી. વળી બીજા કેટલાક દરદીઓને આંખમાં લાલાસ થઇ આવી થોડી ઘણી વેદના થવા માડે છે. આ વેદના આંખમાં થોડો હલકા પ્રકારનો સોજો આવવાને લીધે થાય છે.

આંખમાં લાલાશ—શસ્ત્રક્રિયા પછી આઠેક દિવસ સુધી આંખમાં થોડી લાલાશ હોય છે. પછી દિવસે દિવસે ઓછી થતી આવે છે. લગગગ પંદરેક દિવસમાં લાલાશ માત્ર જખમની આજુ-બાજુજ જોવામાં આવે છે અને એક મહિના સુધીમાં આંખ તંદુ-

સ્ત સ્થિતિએ પહોંચી જાય છે. જો આંખમાં સોજો થાય તો લાલાશ વધી આવે છે અને ઘણા દિવસ ચાલે છે.

શસ્ત્રક્રિયા પછી દરદીને બિછાના ઉપર લઇ જવામાં આવે છે એ આગળ કહેવામાં આવ્યું છે. ચોવીસ કલાક સુધી દરદીને ચતોજ સુવાડવામાં આવે છે. ચોવીસ કલાક વિત્યા પછી જે બાજુની આંખ ઉપર શસ્ત્રક્રિયા કરી હોય તેની સામેની બાજુ નીચે આવે એવી રીતે દરદીની એક બાજુ અથવા પાસું ફેરવવા દેવામાં આવે છે. બીજા ચોવીસ કલાક એટલે શસ્ત્રક્રિયા પછી ૪૮ કલાક વિતતાં બન્ને બાજુ ફરવા દેવામાં આવે છે અને ૭૨ કલાક પછી દરદીને થોડો વખત સુધી બેસવા દેવામાં આવે છે. ત્યાર પછી દરદી હરફર કરી શકે છે. આઠેક દિવસ પછી બહાર હરીફરી શકે છે પણ આંખે નીલો (લીલો) પાટો અથવા કાળાં ચસ્માં રાખવાં પડે છે, કારણકે દરદીથી પ્રકાશ સહન થતો નથી.

શસ્ત્રક્રિયા પછી દરદીનો ખોરાકઃ—શસ્ત્રક્રિયાને દિવસે દરદીને થોડું દૂધજ એકાદ બે વખત આપવું એજ ઉત્તમ રસ્તો છે. બીજે દિવસે નરમ કાંજી, રાબ કે ભાત કે ખીચડી દૂધમાં ચોળીને ચારણી કે ગરણીથી ગળીને આપવી. ત્રીજા દિવસથી દરદી નરમ ખોરાક કોઇપણ જાતનો ખાઇ શકે છે. માત્ર ચાવવું પડે એવો ખોરાક આપવો નહિં. આઠ દિવસ પછી કોઇપણ જાતનો ખોરાક દરદી ખાઇ શકે છે. આપણામાં તેલ, ખટાણ, નાખવાનો રિવાજ છે. અલબત તેલ ખટાણ ન ખાવાથી ફાયદો છે પણ ખાટો કે તીખો ખોરાક ખાવાથી કંઇ ખાસ નુકશાન થતું હોય એમ અમે જોયું નથી.

દરદીની દૃષ્ટિઃ—મોતીઆ ઉતારવા પછી તરતજ દરદીને દેખાવા માંડે છે પણ તે વખતે આંખને ખેંચવી એ સલામતીભર્યું નથી, માટે દરદીએ જોવાની તજવીજ નહીં કરવી. બાર ચૌદ દિવસે દરદીની દષ્ટિ સારી રીતે પડવા માંડે છે. જો દરદીની આંખમાં મોતીઆનું પડ રહી ગયું હોય છે તો દ્રષ્ટિ ઓછી પડે છે અને વીસમા

દિવસ લગભગ જ્યારે આ પડ ફોડવામાં આવે છે ત્યારે દ્રષ્ટિ સાફ થઇ જાય છે.

મોતીઓ ઉતરાવવા પછી દરદીને ચસ્મા વાપરવાની જરૂર પડે છે—નિયમ એવો છે કે જેટલી જાડાઇ મોતીઆની હોય તેટલીજ જાડાઇનો કાચ આંખ આગળ મુકવાથી દરદીને ચોખ્ખું દેખાય છે. દૂર જોવા માટે + ૧૦ લગભગનો કાચ આપવામાં આવે છે. નજદીક જોવા માટે + ૧૪ નો કાચ આવે છે. જો દરદીની આંખમાં લાંબી નજર અથવા ટુંકી નજર હોય તો તે પ્રમાણે કાચ વધારે કે ઓછા નંબરનો આપવામાં આવે છે. મોતીઓ ઉતરાવ્યા પછી દરદીને બે ચસ્માની–એક દૂરને માટે અને એક નજદીકને માટે–જરૂર અવશ્ય રહે છે. આ બિના દરદીને જો આગળથી ન સમજાવવામાં આવી હોય તો તેને અસંતોષ રહે છે.

જો એક આંખમાંથી મોતીઓ ઉતરાવ્યો હોય અને બીજી આંખ તંદુરસ્ત અથવા લગભગ તંદુરસ્ત હોય તો દરદીને જોવામાં ઘણી અડચણ પડે છે; કારણ કે મોતીઓ ઉતરાવેલ આંખે + ૧૦ નો કાચ હોય છે, જ્યારે સારી આંખે બિલકુલ કાચ હોતો નથી એટલે દરદી મુંઝાય છે. બન્ને આંખો સાથે હળીમળી કામ કરતાં શીખે તેને લગભગ એકથી બે મહિના લાગે છે. આ પ્રમાણે મહિનો, બેમહિના અગવડ ભોગવી ચસ્માં વાપરવાનું થોડાજ દરદીઓ ચાલુ રાખે છે. ઘણાખરા તો કંટાળો ખાઇ વચમાં જ ચસ્માં છોડી દે છે. અને સારી આંખનો ઉપયોગ જ કરે છે. આમ કરવા દેવામાં કશી અડચણ નથી; પણ મોતીઓ ઉતરાવેલ આંખ પણ અવારનવાર વાપરવી જોઇએ.

કેટલા દરદીઓને મોતીયો ઉતરાવવા પછી બધી ચીજો રાતી દેખાય છે. આ અડચણ થોડો વખત ચાલી પોતાની મેળે મટી જાય છે. માટે દરદીએ આ ચિન્હને લીધે કોઇ તરેહની ચિંતા કરવી નહિ.

પ્રકરણ ૯ મું.

નજલો-ઝામરવા.

આ દરદની બે જાતો છે, તીક્ષ્ણ ઝામર અથવા વેદના સહીત ઝામર અને દીર્ઘ ઝામર અથવા વેદના રહિત ઝામર.

તિક્ષણ ઝામર—આ દરદના કેટલાંક ચિન્હો સાધારણ વૈદ્ય ડાકટરોને તેમજ ગામના "ડાહ્યા" માણસો તે સારી રીતે જાણીતા હોવા જોઇએ. કોઇ પણ દરદીનું માથું દુઃખતું હોય તો તેને એવા માણસો પહેલી ભલામણ એ કરે છે કે "આંખની સંભાળ રાખજો." "માથું કઢાય તો નજરને હરકત લાગે" ઇત્યાદિ વાક્યો દરરોજ સાંભળવામાં આવતાં હોવાં જોઇએ; વળી આપણા લોકોમાં સામાન્ય માન્યતા એવી છે કે માથાના કઢાપાને લીધે જે આંખની નજર બંધ થાય છે તે ફરી સારી થતી નથી. આ બધી માન્યતાઓ ઝામરના સંબંધમાં છે. ઝામર આખનું એક ભયંકર દરદ છે. તેને લીધે આંખની નજરને જે નુકશાન પહોંચે છે તે સદંતર કોઇ પણ રીતે સારૂં થતું નથી. કેટલાક દરદીઓ તો એવાં જોવામા આવે છે કે એક રાતમાંજ દરદીની દૃષ્ટિને હમેશ માટે નુકશાન થઇ જાય છે.

ઉપર કહ્યું તે પ્રમાણે આ દરદની બે જાતો છે. તેમાંથી તીક્ષણુ ઝામરનું વર્ણન પહેલાં આપીએ.

ચિન્હ—દરદીની ઉમર ઘણે ભાગે ચાલીસ વર્ષની ઉપર હોય છે. પણ ક્વચિત ૩૦ વર્ષની ઉમરના સ્ત્રીપુરૂષોને પણ આ દરદ થતું જોવામાં આવે છે. પુરૂષો કરતાં સ્ત્રીઓને વિશેષ થાય છે. ઘણે ભાગે કોઇ ખાસ ચિન્હો દરદ થવા પહેલાં જોવામાં આવતાં નથી. કેટલાક દરદીઓને દરદ થવા પહેલાં બંધકોષ-કબજીયત હોય, અથવા મન ઉપર ચિંતાનો બોજો હોય કે નિંદ્રા બરોબર નહીં આવતી હોય. સ્ત્રીઓને રૂતુ આવવામાં અનિયમિતતા હોય; દરદી રાત્રે હમેશની માફક સુવા જાય છે અને તેને સારી ઉંઘ આવી

જાય છે. આંખ પણ હંમેશની માફક સારી હોય છે. રાત્રે એક બે વાગે માથામાંથી ચસકો નીકળે છે અને દરદી નિદ્રામાંથી જાગી જાય છે. માથાનો દુઃખાવો વધતો જ આવે છે. માથા ઉપરાંત આંખમાંથી પણ ચસકો નીકળે છે. આંખ લાલ થઈ જાય છે. ઉપલા પોપચામાં થોડો ઘણો સોજો આવી જાય છે. દરદી જો બીજી આંખ બંધ કરી દુઃખતી આંખથી જોવાની તજવીજ કરશે તો તેને જણાશે કે તે આંખની નજર ઘણી ઓછી થઈ ગઇ છે. સવાર પડતાં દુઃખાવો સહજ સાજ નરમ પડે છે. ફરી રાત્રે વધી આવે છે. ઘણી વખત માથાના દુઃખાવા સાથે દરદીને ઉલટીઓ થવા માંડે છે. સવાર પડતાં કોઈ વૈદ્ય કે ડાકટરને બોલાવવામાં આવે છે. જો આખના દરદોનું સામાન્ય જ્ઞાન હોય અને તિક્ષણ ઝામરના ચિન્હો ધ્યાનમાં હોય તો વૈદ્ય કે ડાકટરને દરદનું નિદાન કરવામાં અડચણ આવશે નહિં. કીકી પહોળી થયેલી જોવામાં આવશે. આંખના ડોળાનું તેજ ઓછું થયલું જણાશે અને ડોળો બીજા ડોળા કરતાં જરા કઠણ જણાશે. ડોળાની કઠણતાના સંબધમાં નિર્ણય કરવા માટે થોડા અનુભવની જરૂર રહે છે. તે સિવાય થોડો ઘણો ફેરફાર જાણ-વામાં આવતો નથી. હવે જો વૈદ્ય-ડાકટર દરદનું બરોબર નિદાન કરી શકે છે અને તેના ઉપચાર સંબધી તેનું જ્ઞાન સારૂં હોય છે.તો તે દરદીને કોઇ યોગ્ય નેત્ર વૈદ્ય પાસે પહોચવાની સલાહ આપે છે અને ત્યાં પહોંચવા સુધીમાં આંખને નુકશાન ન થાય તેને માટે યોગ્ય ઔષધોપચાર કરે છે. જો તેવું જ્ઞાન ન હોય તો વાયુ ઇત્યાદિના ઉપ-ચાર થયા જાય છે અને માથાનો દુઃખાવો કોઇ વખતે ઘટે છે, કોઇ વખત વધે છે અને નજર દિવસે દિવસે કમિ થતી જાય છે. ઉપર કહ્યું તે પ્રમાણે આંખનો દુઃખાવો કેટલાક દિવસ અથવા કલાક પર્યંત ચાલી પછી હટવા માંડે છે. દરદીની નજર જે માથાના દુઃખાવા વખતે ઘણીજ ઓછી થઇ ગયલી હતી તે હવે થોડે થોડે સુધરવા માંડે છે; પણ સુધારો બહુ થતો નથી. થોડા દિવસ અથવા અઠ-

વાડીયાં રહી ફરી એવી જ જાતનો એક હુમલો થાય છે અને દરદીની દૃષ્ટિ આગળ કરતાં વિશેષ ઘટી જાય છે. આ પ્રમાણે એક, બે, કે તેથી વધારે હુમલાઓને પરિણામે દરદીની દૃષ્ટિ સદંતર બંધ થઇ જાય છે. કેટલીક વખત પહેલાજ હુમલામાં આંખની નજર તદ્દન બંધ થઇ જાય છે અને ફરી આવતીજ નથી. ઘણા ખરા દરદીઓને નજર બંધ થવા પછી માથાની અને આંખની વેદના મટી જાય છે પણ કેટલાક દરદીઓને નજર ગયા પછી પણ માથાનો અને આંખનો દુઃખાવો કાયમ રહે છે. જો આંખમાં દુઃખાવો હોય તો આંખમાં થોડી ઘણી લાલાશ પણ રહે છે. આપણા લોકોમાં એક એવી ખોટી માન્યતા છે કે જ્યાં સુધી આંખમાં લાલાશ હોય ત્યાં સુધી તે આંખને જીવતી લેખવી; એટલે લાલાશ હોય ત્યાં સુધી તે આંખમાં દૃષ્ટિ પ્રાપ્ત કરી શકાય છે. ખરી રીતે જોતાં આ માન્યતામાં લેશ માત્ર પણ સચ્ચાઇ નથી. આંખમાં દૃષ્ટિ થવી કે ન થવી તેનો મુખ્ય આધાર આંખની તે વખતની સ્થિતિ ઉપર છે. એવા ઘણા દરદો છે કે જેમાં આંખની નજર હમેશને માટે બંધ થવા છતાં આંખમાં લાલાશ રહે. ઝામર એવા દરદોમાંનું એક છે. કહેવાનું તાત્પર્ય એ કે આંખની નજર હમેશને માટે ગયા છતાં આંખમાં લાલાશ તેમ જ વેદના રહ્યા કરે છે. કેટલોક વખત ગયા પછી આવી આંખોમાં મોતીયો પેદા થાય છે. આ મોતીઓ બિનઅનુભવી વૈદ્યોને ભુલાવે છે. કીકીની વચમાં સફેદ અપારદર્શકતા જોઇ તેઓ મોતીઓ છે એમ નિદાન કરે છે—માત્ર વૈદ્યો જ ભુલે છે એટલું જ નહિં પણ ખાસ આંખનું જ્ઞાન હોય તેવા ડીગ્રીવાળા ડાક્ટરોની પણ ઘણી વખત એવી ભુલ થાય છે. આવા મોતીઆઓ ઉતારવા છતાં દરદીને દેખાતું નથી. ઘણી વખત આવી આંખો ઉપર શસ્ત્રક્રિયા કરવાથી તેમાંથી પુષ્કળ લોહી નીકળી પડે છે અને દરદીને બહુ વેદના ભોગવવી પડે છે. આ દરદ ઘણે ભાગે એકજ આંખમાં થાય છે. બન્ને આંખમાં એકી સાથે જવલેજ થાય છે.

એક આંખમાં જો દરદ થયું તો બીજી આંખમાં આ દરદ થવાનો સંભવ ઘણો રહે છે. પણ એક આંખમાં થયા પછી કેટલો વખત રહી બીજી આંખમાં થાય તેને માટે ખાસ નિયમ નથી. કેટલાક દરદીઓને ઘણા વર્ષ સુધી બીજી આંખમાં દરદ થતું નથી અને કેટલાક તો એક આખ ઝામરથી ખોવા છતાં બીજી આંખે મરણ પર્યંત સારી નજર ધરાવે છે.

ઉપચાર—ઝામરવા એ એક ભયંકર દરદ છે એમ આગળ કહેવામાં આવ્યું છે. આજથી લગભગ ૩૦ વર્ષ પહેલાં આ દરદને માટે ચોકસ ઉપાય નહોતો. આંખનો દુઃખાવો મટાડવા માટે બ્રોમાઇડ ઇત્યાદિ મગજને ઠંડક આપનારી દવાઓ આપવામાં આવતી. દરદીને નિદ્રા આવે એટલા માટે અફીણ, ક્લોરલ હાઇડ્રેટ જેવી દવાઓ અપાતી આંખમાં જુદી જુદી દવાઓના ટીંપાં નાંખવામાં આવતાં. જળો લગાડવામાં આવતી. આ બધા ઉપાયો કરવા છતાં દરદીની નજર હળવે હળવે બંધ થઇ જતી, અને હમેશને માટે અંધાપો આવતો. ટુંકામાં ઝામરને એક અસાધ્ય દરદ ગણવામાં આવતું અને ઝામરનો કોઇ દરદી સારા વૈદ્યના જોવામાં આવતો તો તેની દૃષ્ટિને માટે નિરાશા બતાવવામાં આવતી. છેવટે આ દરદને સાધ્ય દરદના લીસ્ટમાં દાખલ કરવાનું માન વૉનગ્રેફે નામના જર્મન નેત્રવૈદ્યને મળ્યું. આ શસ્ત્રવૈદ્યે એમ સિદ્ધ કરી આપ્યું કે ઝામરવા શસ્ત્રક્રિયાથી મટી શકે છે. ઘણા વર્ષો સુધી શસ્ત્રક્રિયા એ ઝામરને માટે ચોકસ ઇલાજ ગણાતો અને છે પણ તેમજ. હાલમાં વળી કેટલાક વર્ષથી કેટલાક નેત્રવૈદ્યો તેનાથી જુદો અભિપ્રાય દર્શાવવા માંડયા છે. અમારો અંગત અભિપ્રાય એ છે કે ઝામરવાનું દરદ ઔષધોપચારથી થોડા વખતને માટે કદાચ શાંત કરી શકાય પણ હમેશને માટે તો માત્ર શસ્ત્રક્રિયાથીજ મટાડી શકાય છે. અહીંઆ ફરી ફરીને કહેવું જોઇએ કે ઝામરવાનું દરદ થયેલું જોવામાં આવે કે તરતજ કોઈ સારા નેત્રવૈદ્ય પાસે શસ્ત્રક્રિયા કરાવવાની સલાહ આપવી. અમારા

અનુભવમાં ઘણી વખત જોવામાં આવ્યું છે કે દરદી વેદનાથી બૂમે-બૂમો પાડતો હોય, માથું ભીંત સાથે પછાડતો હોય, નિંદ્રાનું તો નામ પણ ન હોય તે વખતે પણ જો દરદીની આંખ ઉપર શસ્ત્ર-ક્રિયા કરવામાં આવે તો જાણે જાદુએ અસર કરી હોય એવી રીતે એકદમ દરદીની વેદના બંધ થઇ જાય છે અને દિવસો સુધી જે દરદીએ નિંદ્રા ન લીધી હોય તે દરદી મજાની કેટલાક કલાક સુધીની ઉંઘ લે છે. શસ્ત્રક્રિયા પછી દરદીની દૃષ્ટિ દિવસે દિવસે વધતી આવે છે અને જો દરદ ઘણા દિવસ ન ચાલ્યું હોય અને તેથી આંખની અંદરના ભાગોને નુકશાન ન થયું હોય તો દરદીને સારી જેવી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. જો દરદ ઘણા દિવસ ચાલ્યું હોય અને નેત્રવૈદ્ય પાસે દરદી પહોંચે તે વખતે તેની દૃષ્ટિ નામની જ હોય અથવા થોડીક જ હોય તો શસ્ત્રક્રિયા કરવા પછી પણ બહુ સારી દૃષ્ટિની આશા રાખી શકાતી નથી.

જો કોઇ પણ કારણથી શસ્ત્રક્રિયા ન કરાવી શકાય તો શું કરવું? આ સવાલ ઘણી વખત આપણી આગળ આવી ઉભો રહે છે. જો શસ્ત્રક્રિયા કરાવી શકાય એમ ન જ હોય તો દરદીના ઉપ-ચારો નીચે પ્રમાણે કરવાઃ—દરદીને એકાદ સખ્ત જુલાબ આપવો જેથી તેને ત્રણ ચાર સારા ઝાડા આવી જાય. આંખમા ઇસરીન સલ્ફેટ નામની દવા આવે છે તેનાં ટીપાં નાંખવા. ઇસરીન સલ્ફેટની એક એક અથવા પાંચ પાંચ ગ્રેનની નાની ટયુબો અથવા કાચની નળીઓ મળે છે. આવી એક નળી ૧ ગ્રેનની લઇ તેને બે ડ્રામ એટલે ૧૨૦ ટીપાં પાણીમાં પીગળાવી પ્રવાહી બનાવવું. આ પ્રવા-હીમાંથી એક એક ટીપું દર ચારથી છ કલાકે નાંખતા રહેવું. દરદ ઓછું થાય એટલે દિવસમાં એકાદ બે વખતજ નાખવું, દરદ બહુ વધેલું ન હોય તો ઇસરીનથી એકદમ પીડા ઓછી થઇ જાય છે, આંખમાં લાલાશ ઘટવા માંડે છે અને દરદીની દૃષ્ટિમાં વધારો જોવામાં આવે છે. કમભાગ્યે આવી સારી અસર દરેક દરદીમાં

ઘણા દિવસ ચાલતી નથી. માત્ર થોડાક જ દરદીમાં અસર ટકે છે અને કેટલાકને તો હમેશને માટે અથવા કેટલાક માસ સુધી દરદ તદ્દન મટી જાય છે. બાકીનાઓને થોડો વખત થોડી ઘણી અસર થાય છે પણ ફરી દરદનો ઉથલો થાય છે. જુલાબ આપવા ઉપરાંત દરદીના લમણામાં છએક જળો લગાડવી. પસીનો આવે એવી દવાઓ આપવી. અફીણ જો યોગ્ય માત્રાથી અને સંભાળથી આપવામાં આવે તો દરદીને સારો ફાયદો કરે છે. વૃદ્ધાવસ્થાના દરદીઓને અફીણ સંભાળીને આપવું.

દીર્ઘ ઝામર—વેદના રહિત ઝામર—ઘણા લોકોને એવો ખ્યાલ છે કે આંખ અથવા માથાના દુઃખાવા સિવાય ઝામરનો વિચાર સુદ્ધાં પણ કરવા કારણ નથી. આ માન્યતા સાધારણ લોકોની છે એટલું જ નહિં પણ ઘણા વૈદ્ય ડાકટરો પણ એમજ માને છે કે માથાનો કે આંખનો કઠાપો હોય, આખ લાલચોળ થઇ હોય, દરદીની દૃષ્ટિ એકદમ ઓછી થતી આવતી હોય તોજ ઝામર હોઇ શકે. આ માન્યતા તદ્દન ખોટી છે અને આ માન્યતાને લીધે હઝારો કે લાખો આખો ખરાબ થઇ ગઇ હશે. દીર્ઘ ઝામરમાં દુઃખાવો લગભગ નથી જ હોતો; અથવા હોય છે તો એટલો થોડો કે દરદી બહુ જ તેજ બુદ્ધિનો ન હોય તો તેના ધ્યાનમાં ભાગ્યે જ આવે છે. દીર્ઘ ઝામર તેના નામ પ્રમાણે દરદીની આંખને પુરતું નુકશાન કરવામાં ઘણો લાંબો વખત લે છે. દરદીને માત્ર એક જ ચિન્હ હોય છે અને તે એ કે તેની દૃષ્ટિ દિવસે દિવસે ઓછી થતી આવે છે. આ સિવાય તેને કોઇ જાતની હરકત હોતી નથી. અહીં અમારા અનુભવમાં આવેલા સંખ્યાબંધ દરદીઓ પૈકી એક બુદ્ધિશાળી દરદીની કથા કહી બતાવીએ છીએ કે જેથી વાંચનારને આ દરદના સ્વરૂપનો કંઇક ચિતાર આવે. આ દરદી લગભગ પચાશેકની અવસ્થાનો મુત્સદ્દી વર્ગનો ગ્રહસ્થ હતો. તેનું કામ એવા પ્રકારનું હતું કે દિવસ અને રાત્રીના ૨૪ કલાકમાંથી

તેને લગભગ ૧૮ થી ૧૯ કલાક સુધી લખવા વાંચવાનું કામ જ કરવું પડતું હતું. ડાબી આંખે થોડી થોડી ઝાંખાશ પડવાનું શરૂ થયું; પણ દરદીને તેનું ભાન રહ્યું નહિં. એક વખત કોઇક કારણથી જમણી આંખ થોડો વખત બંધ કરવા કારણ બન્યું, ત્યારે જ દરદીને જાણવામાં આવ્યું કે ડાબી આંખની નજર જમણી કરતાં ઘણી ઓછી હતી. તેજ વખતે અમારી પાસે સલાહ લેવા માટે આ દરદી આવ્યો. અમે આંખ તપાસી દીર્ઘ ઝામર હોવાની સલાહ આપી અને જેમ બને તેમ તરત સદરહુ આંખ ઉપર શસ્ત્રક્રિયા કરાવવા સલાહ આપી. દરદીને ગળે આ વાત કંઇક ઉતરી ન ઉતરી પણ પોતાના કુટુંબીઓ અને સ્નેહીઓ પાસે જઇ વાત કરી. તે લોકોએ કોઇ પણ રીતે શસ્ત્રક્રિયા કરાવવા સલાહ ન આપી. બીજા એક ડાકટરની સલાહ લીધી. તેનું આંખના રોગો સંબધી જ્ઞાન સાધારણ હતું એટલે તેમણે ઝામરવાની વાત માન્ય ન રાખી અને શસ્ત્રક્રિયાની સલાહ મળી છે એમ જાણતાં તે વાતને હસી કહાડી. ફરી દરદી અમારી પાસે આવ્યો. અમે તે વખતે પણ આગળ આપેલી સલાહ જ આપી. સાથે એટલું પણ કહ્યું કે એક આંખ ખોવી તો તમારે સરજાયલી જ છે પણ બીજી પણ એજ રીતે ન જાય તેની સંભાળ રાખશો. દરદી બુદ્ધિશાળી હોવાથી આઠ પંદર દિવસે અમારી પાસે આવ્યો. સામેની ભીંત ઉપર આંખની નજર તપાસવાનું પાટીઉં ટાગેલું હતું તે વાંચતાં ડાબી આંખથી સાત લીટીમાંથી પાંચ વંચાતી હતી અને જમણી આખથી સાતે સાત વંચાતી હતી. દર એક મહિને ડાબી આંખથી એક એક લીટી વંચાતી બંધ થઇ. છેવટે ડાબી આંખથી કોઇ પણ લીટી ન વંચાઇ. હવે દરદીએ છેટેથી આંગળાં ગણવા માંડયા. છેવટે આંગળાં ગણવાનું પણ ત્રણથી ચાર ફીટ સુધી રહ્યું. હવે જમણી આંખ જે આજ દિવસ સુધી તદન સોળેસોળઆના સારી હતી તેનો વારો આવ્યો. આ આંખે સાતે સાત લીટી વંચાતી હતી

તેમાંથી નીચેની એટલે સાતમી લીટી વંચાતી બંધ થઇ. અહીં ફરી કહેવું જોઇએ કે આંખની નજર ઘટવા સિવાય દરદીને બીજી કોઇ જાતની વ્યાધિ નહોતી, આંખમાં નહોતી રતાશ કે નહોતી વેદના. જ્યારે જમણી આંખથી એક લીટી દેખાતી બંધ થઇ ત્યારે દરદીને અમારી સલાહની ખાત્રી થઇ. તેણે ચોક્કસ કહ્યું કે જે રીતે ડાબી આંખની નજર ગઇ તેજ રીતે જમણી આંખમાં પણ નજર ઘટવાની શરૂઆત થઇ ચુકી છે. હવે તેની ગભરામણનો પાર રહ્યો નહિં "હવે શું કરવું." એમ અમારી સલાહ માગી. અમારી તો પહેલેથી જ એકજ સલાહ હતી અને તે હતી "શસ્ત્રક્રિયા." આ વખતે દરદીએ તેના "ડહાપણના ભંડાર" સગાવહાલા અને સ્નેહીઓની સલાહ લેવાનું માંડી વાળ્યું અને શસ્ત્રક્રિયાને માટે દિવસ નક્કી કરવાનું અમને કહ્યું. હમણાં આવું છું એમ કહી જ્યોતિષીને ત્યાં દોડયા કારણ કે જ્યોતિષ ઉપર તેમને દૃઢ શ્રદ્ધા હતી. જ્યોતિષી મહારાજે પણ બીજે દિવસે મૂહુર્ત કહાડી આપ્યું. જમણી આંખ જે પાછળથી બગડવા માંડી હતી તેના ઉપર શસ્ત્રક્રિયા કરવામાં આવી. એક અઠવાડીએ જ્યારે દરદીને ખાત્રી થઇ કે જમણી આંખ બરોબર થઇ ગઇ ત્યારે તેણે ડાબી આખ ઉપર પણ શસ્ત્રક્રિયા કરાવવા આગ્રહ કર્યો. અમે ડાબી આંખ ઉપર શસ્ત્રક્રિયા કરવાથી કંઇ ફાયદો નથી એમ સમજતા હતા અને તે પ્રમાણે દરદીને સલાહ આપી પણ દરદીને જમણી આંખની શસ્ત્રક્રિયા એટલી સરળ અને સુગમ લાગી કે ડાબી આંખ ઉપર પણ શસ્ત્રક્રિયા કરાવવાની હઠ પકડી. છેવટે ડાબી આંખ ઉપર પણ શસ્ત્રક્રિયા કરવામાં આવી અને તે આંખમાં પણ હતી એટલી નજર ટકી રહી. આ વાતને આજે લગભગ તેર વર્ષ થયાં. આજે તેર વર્ષ પછી પણ આ દરદી જમણી આંખથી ઝીણામાં ઝીણા અક્ષરો વાંચી શકે છે અને દૂરથી સારી રીતે જોઇ શકે છે. ઉપરની લંબાણ કથા આપવાનું કારણ એટલું જ છે કે વાંચનારને આ દરદના ચિન્હ બરો-

બર સમજાય. અહીં ફરીથી પુનરોક્ત વાત કહીએ છીએ કે દરદીને કોઇ જાતની વેદના હોતી નથી. જો હોય છે તો પણ એટલી થોડી કે દરદીનું ધ્યાન તે તરફ જતું જ નથી. માત્ર માથામાં સહેજ ભાર જેવું લાગે અથવા તે બાજુની ભ્રમરમાંથી કોઇ વખત સહજ ચસકો નીકળે. દરદીની :દષ્ટિ દિવસે દિવસે ઓછી થતી જાય છે. પહેલાં તો ફક્ત સહજ સાજ ધુમસ જેવું લાગે છે, પછી હળવે હળવે છેટેની વસ્તુઓ દેખાતી ઓછી થાય છે. દરદ ઠીક આગળ વધેલું હોય તે છતાં દરદી લખી વાંચી શકે છે. જ્યારે દરદ ઘણું જ આગળ વધે ત્યારે તે લખવા વાંચવાનું બંધ થાય છે. કેટલાક દરદીઓ અપવાદ રૂપે પણ હોય છે. તેઓને છેટે જોવામાં અડચણ પડવા માડે તે પહેલાં લખવા વાંચવામાં અડચણો પડે છે. બેતાળાંનાં ચસ્માં તો લીધેલાં જ હોય છે તે માફક આવતાં નથી એટલે ચસ્માના નંબર વધારવામાં આવે છે. એકાદ માસ પછી આ નંબર પણ દરદીને બેસતા નથી. આમ નંબર ઉત્તરોત્તર વધારવા છતાં પણ દરદીને સંતોષકારક દેખાતું નથી. હવે કદાચ કોઇ વૈદ્ય ડાક્ટરની સલાહ લેવામાં આવે છે. જો તેને આંખના રોગોનું ખાસ જ્ઞાન ન હોય તો આખને તપાસી અથવા તપાસવાનો ડોળ કરી "મોતીઓ છે" એમ અભિપ્રાય મળે છે. "હજુ કાચો છે પાકશે ત્યારે ઉતરાવવાથી ઠીક થઇ જશે." એવી અથવા એવી મતલબની સલાહ મળે છે. દરદી આ સલાહ ઉપર ભરોસો રાખી બેસી રહે છે. જેમ જેમ વખત જાય છે તેમ તેમ નજર ઓછી થતી જાય છે અને છેવટે જ્યારે નજર બંધ થાય છે ત્યારે કોઇ આંખના ડાક્ટરની સલાહ લેવા દરદી પહોંચે છે ત્યાં તેમને ચોંકાવનારી સલાહ મળે છે. જો આખમાં દરદી પાકેલો મોતીઓ માનતો તે આંખ હમેશને માટે ગઇ એમ જ્યારે અભિપ્રાય મળે છે ત્યારે દરદીની નિરાશા અને અચંબાનો પાર રહેતો નથી. આ વખતે ઘણે ભાગે બીજી આંખમાં પણ દરદના થોડાં ઘણાં ચિન્હો શરૂ થઇ ગયાં

હોય છે એટલે તેમાં શસ્ત્રક્રિયા કરાવવા સલાહ મળે છે. દરદીના કિસ્મત સારાં હોય તો તે તે સલાહ માને છે અને શસ્ત્રક્રિયા બરોબર પાર ઉતરે છે તો એક આંખમાં સારી જેવી નજર હમેશને માટે ટકી રહે છે.

દીર્ઘ ઝામરના નિદાનમાં થતી ભુલો:—અમારે ઘણી દિલગીરી સાથે એક કરતાં વધારે વખત લખવું પડે છે કે દીર્ઘ ઝામરનો વ્યાધિ, જે વૈદ્ય ડાક્ટરોએ આંખના વિષયનો ખાસ અભ્યાસ કર્યો નથી તે પૈકી બહુજ થોડા ઓળખી શકે છે. દરદી ઘણે ભાગે ૪૦–૪૫ થી ઉપરની અવસ્થાનો હોય છે. આંખમાં નજર ઓછી થતી આવે છે એમ ફરિયાદ કરતો વૈદ્ય ડાક્ટર પાસે આવે છે. અવસ્થાને લીધે સ્ફટિક રૂપરસનો રંગ જરા મેલો તો હોય છે જ એટલે "મોતીઆ આવે છે," "પાકે ત્યારે ઉતરશે," હાલ કંઇ કરવાનું નથી. ઇત્યાદિ અભિપ્રાયો આપવામાં આવે છે. આ અભિપ્રાયોને ભરોસે દરદી બેસી રહે છે અને છેવટે હમેશને માટે પોતાની આંખ ખુવે છે. અહીંઆ અમારે એક ખુલાસો કરવાની જરૂર છે. દીર્ઘ ઝામરના નિદાન સંબંધી ફરી ફરી જે કંઇ અમે કહ્યું છે તેમાં અમારો ઉદ્દેશ કોઇપણ વૈદ્ય ડાકટરને હલકા પાડવાનો બિલકુલ નથી. જેને જેનું જ્ઞાન નથી તે દરદનું અમુક માણસ નિદાન કરી શકે તેને માટે તેને કોઇ રીતે દોષિત ગણી શકાય નહિં. અહીં આટલો ભારદઇને આ બાબત ફરી ફરી ચર્ચવાનો અમારો એક જ હેતુ છે અને તે એ કે વૈદ્ય ડાક્ટરો જેમ બને તેમ આંખના ચાલુ દરદોનો ખાસ અભ્યાસ કરે અને આવા સામાન્ય દરદો ખાત્રીથી પારખી શકે અને તેથી જે અસંખ્ય આંખો હમેશને માટે જાય છે તે આંખોમાં યોગ્ય ઉપચારો વડે થોડી ઘણી દૃષ્ટિ જાળવી શકાય. અમે "નેત્રરોગ" પુસ્તકની શરૂઆત કરી તે મુખ્યત્વે કરીને આવા દરદીઓ મોટી સંખ્યામાં જોવામાં આવ્યા તેને પરિણામે જ કરી. લગભગ દરરોજ આવા દરદીઓ મોટી સંખ્યામાં અમારી પાસે આવે છે અને તેમને

જ્યારે દરદ "અસાધ્ય થઇ ગયું" એવા અભિપ્રાય આપવામાં આવે છે ત્યારે તેમને જે આઘાત થાય છે અને તે આઘાતને લીધે તેમના ચહેરા ઉપર જે દુઃખ અને નિરાશા છવાઇ રહે છે તેથી અમારા જીવને જે દુઃખ થાય છે તે અમે કોઇ રીતે અહીં વર્ણવી શકતા નથી. આ દુઃખને પરિણામે ઘણી વખત અમને પ્રશ્ન ઉદ્દભવે છે કે આવું ન બને તેને માટે ઇલાજ શું! ઘણા વિચાર કરતાં એક જ ઇલાજ સૂજયો અને તે એ કે હિંદુસ્તાનની દરેક ભાષામાં આંખના વિષય ઉપર એક એક પુસ્તક હોય તો જ્ઞાન મેળવવા ઇચ્છનારાઓને તેવું જ્ઞાન મળી શકે અને તેવા વિચારથી જ અમે "નેત્રરોગ"નું પુસ્તક લખવાનું શરૂ કર્યું.

ઉપર કહ્યું તે પ્રમાણે દીર્ઘ ઝામરના દરદીને મોતીઆના રોગી તરીકે ગણવા એ એક મુખ્ય ભુલ છે. કેટલીક વખત જો દરદની શરૂઆત જ હોય અને મોતીઆના કાચના રંગમાં કંઇ ફેરફાર ન થયો હોય તો "આંખમાં કશું દરદ જોવામાં આવતું નથી." એવો અભિપ્રાય મળે છે. અમારા મત પ્રમાણે ઝામરના દરદીને મો-તીઆનો દરદી ગણી અભિપ્રાય આપવો એ જેટલું નુકશાનકારક છે તેટલું નુકશાનકારક "આંખમાં કંઇ દરદ જોવામાં આવતું નથી" એવો અભિપ્રાય આપવામાં નથી, કારણ કે મોતીઓ હોવાની ખાત્રીથી દરદી આંખ તદ્દન બંધ થતાં સુધી બીજા કોઇ યોગ્ય વૈદ્યની સલાહ લેતો નથી. બીજો અભિપ્રાય મળ્યો હોય અને દૃષ્ટિ દિવસે દિવસે ઓછી થતી હોય તો દરદીને બીજી સલાહ લેવાની જરૂર પડે છે અને ત્યાં જો દરદનું ખરૂં સ્વરૂપ સમજવામાં આવે અને યોગ્ય ઉપચાર થાય તો થોડી ઘણી નજર બચી જાય છે.

દીર્ઘ ઝામરનું નિદાન કેવી રીતે કરવું:—જો દરદ તદ્દન શરૂ થતું હોય તો તેનું નિદાન કરવામાટે સારામાં સારા નેત્રવૈદ્યને પણ ઘડીભર વિચાર કરવો પડે છે અને દરદીને અનેક સાધનોથી તપાસવો પડે છે. આવા બધાં સાધન બધુ કામ સાથે કરતા વૈદ્ય

ડાક્ટર પાસે હોવાનો સંભવ પણ બહુ ઓછો હોય. કદાચ સાધન હોય તો તે સાધનોનો ઉપયોગ લેવા પુરતું જ્ઞાન ન હોય. દરદ થોડું આગળ વધવા પછી કેટલાક ચિન્હો ઉપરથી સહેલાઇથી ઓળખી શકાય છે અને વધારે વધેલું હોય ત્યારે તો એથી પણ વધારે સહેલાઇથી જાણી શકાય છે. અહીં કહેવું જોઇએ કે વૈદક જ્ઞાનરહિત વૈદકલ્પતરૂના વાંચકવર્ગ ગમે તેટલા પાના ચીતરવા છતાં પણ દીર્ઘઝામરનું નિદાન કરી શકે કે કેમ એ અમને મોટા પ્રશ્ન થઇ પડે છે; એટલે અહીં નિદાન વિગતવાર આપ્યું નથી. જે વૈદ્ય ડાક્ટરોને નિદાન કેમ કરવું તે જાણવું હોય તેમણે અમારૂં "નેત્રરોગ" નામનું પુસ્તક જોવું. તે પુસ્તકમાં આ વિષય સારી રીતે લંબાણથી ચર્ચવામાં આવ્યો છે. જ્યારે કોઇપણ એવો દરદી જોવામાં આવે કે જેની ઉમર ચાલીસ વર્ષની ઉપર હોય અને જેને દષ્ટિમાં આસ્તે આસ્તે ઘટાડો થતો હોય તેણે કોઇપણ સારામાં સારા નેત્રવૈદ્યની સલાહ લઇ ખરી સ્થિતિ શું છે તે જાણવી, એજ ઉત્તમ માર્ગ છે.

ઉપચાર:—દીર્ઘઝામરનેમાટે કોઇપણ દવા કામ કરે છે કે કેમ એ એક સવાલ છે. અલબત આ બાબતમાં નેત્રવૈદ્યોના ભિન્ન ભિન્ન મતો છે. કેટલાક નેત્રવૈદ્યો એમ માને છે કે ઇસરીન જેવી દવાઓ જો લાંબો વખત સુધી ચાલુ વાપરવામાં આવે તો દરદ ઘણાં વર્ષો સુધી છેટે હડસેલી શકાય છે. કેટલાક તો વળી તેથી પણ આગળ વધી એમ માને છે કે એવી દવાઓથી દરદ મટાડી શકાય છે. અમારા અનુભવમાં આવેલા અસંખ્ય દરદીઓ ઉપર કરેલા અવલોકનને પરિણામે અમે કહી શકીએ છીએ કે ઇસરીન જેવી દવાઓ માત્ર થોડો વખત સુધી ફાયદો કરે છે. તેનાથી દરદ મટતું તો નથી જ. વળી ઘણા દરદીઓ એવા જોવામાં આવ્યા છે કે જેમાં ઇસરીન વાપરવા છતાં દરદીની દષ્ટિ દિનપ્રતિદિન ઘટતી જાય છે. અમારા મત પ્રમાણે તો દીર્ઘઝામરને માટે જો કોઇપણ ઉપાય હોય તો એક જ છે અને તે શસ્ત્રક્રિયા છે. અહીંઆ અમારે કહેવું જોઇએ કે

શસ્ત્રક્રિયા તદન જોખમરહિત નથી; તેમ દરેક દરદીને શસ્ત્રક્રિયાથી ફાયદો થાય છે તેમ પણ નથી. શસ્ત્રક્રિયા કરાવવા પછી પણ આંખને થોડું ઘણું જોખમ રહે છે. તે છતાં પણ શસ્ત્રક્રિયા કરાવવા પછી જેટલા દરદીઓ સારી દૃષ્ટિ જાળવી રહ્યા છે તેટલા બીજા કોઇપણ ઉપાયથી જાળવી રહેતા નથી. વળી આપણે એટલું પણ યાદ રાખવાનું છે કે ઘણાખરા દરદીઓ શસ્ત્રક્રિયા માટે નેત્રવૈદ્ય પાસે એટલા મોડા આવે છે કે આંખના અંદરના ભાગોને સારી રીતે નુકશાન પહોંચી ગયું હોય છે. આ નુકશાન શસ્ત્રક્રિયાથી કોઈ પણ દિવસે મટાડી શકાતું નથી. શસ્ત્રક્રિયાથી એટલું જ થાય છે કે આંખને વિશેષ નુકશાન થતું અટકે છે. આ બાબત વાંચકવર્ગ સારી રીતે સમજી શકે તેને માટે ઝામરમાં નજર કેવી રીતે બંધ થાય છે તે સમજાવવાની જરૂર છે. આ વિષય સમજવા પહેલાં તંદુરસ્ત આંખમાં પાણીનું દબાણ કેવી રીતે સરખી રીતે જળવાઇ રહે છે તે સમજવું જોઇએ. નેત્રવૈદ્યોને સારી રીતે જાણીતું છે કે આંખનો ડોળો ત્રણ પડનો બનેલો છે, બહારના પડનો વચલા પડનો અને અંદરના પડનો બહારનો પડ સારી રીતે જાડો છે, અને ધોળા રંગનો છે. તેમાં સ્થિતિસ્થાપકતા ઘણે થોડે અંશે રહેલી છે. આ સ્થિતિસ્થાપકતા નાની અવસ્થામાં કંઇક વિશેષ પ્રમાણમાં હોય છે, પણ જેમ માણસની ઉમર વધતી આવે છે તેમ તેમ આ પડ ઓછો સ્થિતિસ્થાપક થતો આવે છે. વચલો પડ રંગે કાળો, બારીક અને સહેલાઇથી ત્રુટી જાય એવો છે. અંદરનો પડ તેથી પણ વધારે બારીક છે. આંખના ડોળામાં ત્રણ પડ ઉપરાંત ત્રણ રસો આવેલા છે, આ રસોનાં નામ જળરૂપરસ, સ્ફટિકરૂપરસ, અને કાચરૂપરસ છે. જળરૂપરસ તેના નામ પ્રમાણે તદન પાણી જેવો જ છે. સ્ફટિકરૂપરસ મોતીના જેવો પણ મોતી કરતાં નરમ હોય છે. આ રસ નાની અવસ્થામાં તદન નરમ હોય છે અને જેમ જેમ અવસ્થા વધતી જાય છે તેમ તેમ વધારે કઠણ થતો આવે છે. વૃદ્ધાવસ્થામાં તો તેનો

વચલો ભાગ જેને બીજ કહે છે તે સારી રીતે કઠણ થઈ જાય છે. કાચરૂપરસ લગભગ સરખોજ રહે છે. તે ગુંદાના રસજેવો ઘટ્ટ હોય છે. જળરૂપરસ આંખની અંદર રહેલા પિંડજેવા તંતુરૂપ સમૂહમાં બને છે. એકબાજુ આ રસ પેદા થયા કરે છે અને બીજી બાજુ વધારાનો રસ તેને માટે નિર્મિત કરેલ માર્ગ વાટે ડોળાની બહાર નીકળી જાય છે. આ રસને લીધે ડોળાની કઠણતા સરખીજ રહ્યા કરે છે. જ્યારે કોઇપણ કારણથી આ માર્ગનો સંકોચ અથવા અવરોધ થાય ત્યારે જળરૂપરસ બરોબર બહાર જઇ શકતો નથી. બીજી તરફ પેદા તો થાય છે એટલો જ થાય છે એટલે આંખની અંદર તેનું દબાણ થવા માંડે છે. આ દબાણ જો એકદમ જલદી થાય તો આંખમાં વેદના થવા માંડે છે અને તીક્ષ્ણ ઝામરના બધા ચિન્હો દેખાય છે; જો દબાણ હળવે હળવે થાય તો દીર્ઘઝામરના ચિન્હ થવા માંડે છે. ડોળાનો બહારનો પડ મોટી અવસ્થામાં બિલકુલ સ્થિતિસ્થાપક ન હોવાથી આ પ્રવાહીનું દબાણ ડોળાની અંદરના ભાગોમાં અસર કરવા માડે છે. આ ભાગો પૈકી જે નસ ડોળાને મગજ સાથે જોડે છે તે મુખ્ય છે. આ નસ અથવા જ્ઞાનતંતુ અસંખ્ય તંતુઓનું બનેલું છે. આ તંતુઓ ઉપર દબાણની અસર થવાથી દિવસે દિવસે તેઓ ક્ષીણ થતા આવે છે અને પોતાનું કામ કરવામાં વધારે ને વધારે શિથિલ થતા આવે છે. અને છેવટે એટલે દરજ્જે ક્ષીણ થઇ જાય છે કે મગજને દૃષ્ટિ પહોંચાડવાનું પોતાનું કામ તદન કરતાજ નથી. આ સ્થિતિ થાય ત્યારે દરદી તદન આંધળો થઈ જાય છે. આ ઉપરથી સાધારણ બુદ્ધિવાળા વાંચનારને પણ સ્પષ્ટ સમજાયું હશે કે ઝામરના ઉપાય તરીકે પહેલું તો એ કરવું જોઇએ કે ઉપર લખ્યા પ્રવાહીનું દબાણ ઓછું કરવું જોઇએ. પ્રવાહી ઓછું પેદા થાય એવા સાધન કે ઉપાય હજી સુધી આપણે જાણતા નથી. કુદરતી રીતે પ્રયાસ એક જ દિશામાં થવા જોઇએ અને તે એ કે પ્રવાહીને જવાના માર્ગ ખુલા કરવા. જે કુદરતી માર્ગો છે તે તો

અનેક કારણોને લીધે સંકુચિત થયેલા હોય છે અને તે આપણાથી પહોળા કરી શકાતા નથી. માત્ર ઇસરીન જેવી દવાઓથી કીકીને સંકુચિત કરી આ માર્ગો થોડા વખતને માટે કંઇક પહોળા કરી શકાય છે એટલે તેવી દવાઓથી થોડા વખતને માટે ફાયદો કરી શકાય છે. હવે માત્ર એક જ રસ્તો રહ્યો અને તે એકે એ પ્રવાહીને બહાર જવા માટે કોઇ નવો માર્ગ આપવો અને તે માત્ર શસ્ત્રક્રિયાથી બની શકે છે. આ શસ્ત્રક્રિયા પણ એટલું જ કરે છે કે અંદરના પ્રવાહીને માર્ગ આપી દબાણ ઓછું કરે. દબાણ ઓછું થવાથી નસના તંતુને વધારે નુકશાન થતું બંધ થાય છે. જે નુકશાન થઇ ગયું હોય તે તો ભાગ્યે જ સુધરી શકે છે. આ કારણથી જ દીર્ઘઝામર જેવા દરદોમાં દરદીને અભિપ્રાય આપવામાં આવે છે કે "શસ્ત્રક્રિયા કરાવવાથી તમારી નજર છે એટલી કાયમ રહે તો પણ બસ છે.વળી આ જ કારણથી જેમ બને તેમ તરત શસ્ત્રક્રિયા કરાવવાની દરદીને સલાહ આપવામાં આવે છે. જેમ શસ્ત્રક્રિયા જલદી કરાવવામાં આવે તેમ તેમ અંદરનું દબાણ જલદી ઓછું થાય અને જેમ દબાણ જલદી ઓછું થાય તેમ નસ અથવા જ્ઞાનતંતુઓને નુકશાન ઓછું થાય અને જેટલું નુકશાન જ્ઞાનતંતુઓને ઓછું થાય તેટલી નજર વધારે થાય. ઉપરના ખુલાસાથી ચોખ્ખું અને સાફ સમજાયું હશે કે નેત્ર વૈદ્ય જ્યારે દરદીને શસ્ત્રક્રિયાની સલાહ આપે છે અને તે છતાં તેના જે મિત્રો અથવા સગાં વહાલાંઓ શસ્ત્રક્રિયામાં વિલંબ કરવા સલાહ આપે છે તે મિત્રો અને સગાંવહાલાંઓ ખરી રીતે તેના શત્રુની ગરજ સારે છે અને તેની નજર ઓછી થવા દેવામાં મદદગાર બને છે. અલબત તેઓ આવી સલાહ તેમની અજ્ઞાનતા તે લીધે અથવા ખોટી માન્યતાને લીધે આપે છે પણ દરદીને તો નુકશાન થવાનું તે થાય છે જ.

ઝામર માટે શસ્ત્રક્રિયાનું પરિણામ—તીક્ષ્ણ ઝામર માટે જે શસ્ત્રક્રિયા કરવામાં આવે છે તે જો બરોબર સંભાળથી અને

સારી રીતે થઇ હોય તો તેની અસર અથવા ફાયદો એટલો ઝડપથી જણાય છે કે દરદીને જાણે જાદુઇ અસર થઇ હોય એમ જ જણાય છે. શસ્ત્રક્રિયા થઇ રહી કે તરતજ માથા અને આંખમાં જે અસહ્ય વેદના હોય તે એકદમ બંધ થઈ જાય છે. માત્ર શસ્ત્રક્રિયા-ને લીધે જે જખમ કરવામાં આવ્યો હોય તેમાં થોડી બળતરા હોય છે. આ બળતરા લગભગ ત્રણથી ચાર કલાક ચાલે છે. ત્યાર પછી તો બધું બરોબર ચાલતું હોય તો દરદીને વેદના બિલકુલ થતી નથી. જો આંખની અંદર લોહી કે એવી કોઇ પણ ક્રિયા ન હોય તો ચોથે દિવસે જ્યારે પાટો છોડવામાં આવે ત્યારે દરદીની દૃષ્ટિ સારી જેવી થવી જોઇએ. તીક્ષ્ણ ઝામરમાં શસ્ત્રક્રિયા કરવાની મુશ્કેલીઓ ઘણીજ હોય છે એ અહીં યાદ આપવાની જરૂર છે. પહેલાં તો આંખમાં વેદના અને લાલાશ સારી રીતે હોય છે. આવી આંખ ઉપર શસ્ત્રક્રિયા કરવાથી દરદીને થોડી ઘણી વેદના તો થાય છે જ એટલે શસ્ત્રક્રિયા વખતે આંખને જેટલી સ્થીર રાખવી જોઇએ તેટલી સ્થીર દરદી રાખતો નથી અને તેને લીધે શસ્ત્રવૈ-ધને મોટી મુશ્કેલી વેઠવી પડે છે. અને મુશ્કેલી વેઠવા છતાં પણ તેની કોઇ પણ જાતની ભુલ ન હોવા છતાં દરદીને થોડું ઘણું નુકશાન થઇ જાય છે. અહીં કેટલાક વાંચકોને પ્રશ્ન થશે કે જો દરદીને સીસી સુંઘાડી બેશુદ્ધ કરવામાં આવતો હોય તો આ મુશ્કેલી નડે નહિં. તેમનું ધારવું કેટલેક દરજ્જે સાચું પણ છે અને કેટ-લાક નેત્રવૈદ્યો સીસી સુંઘાડીનેજ આ શસ્ત્રક્રિયા કરે છે. અમે પોતે ઘણે ભાગે સીસી સુંઘાડતા નથી કારણ કે સીસી સુંઘાડવામાં એક મોટું જોખમ સમાયેલું છે અને તે એ કે સીસી સુંઘાડયા પછી દરદી થોડી ઉલટી અથવા ઉબકા જરૂર કરે છે અને તેને પરિણામે આંખની અંદરનો જખમ ઉઘડી જઇ ડોળાની અંદરના ભાગો બહાર નીકળી આવે છે, એટલું જ નહિં પણ ક્વચિત આંખની અંદરથી ભયંકર રક્તસ્રાવ થઇ પડે છે. જો આવી કોઇ મુશ્કેલી

નડે તો આંખ અવશ્ય જાય છે. આ પ્રમાણે આંખ તદ્દન જવાનો જોખમ ખેડવા કરતાં જો દરદી આંખને સ્થીર ન રાખે તો જે થોડી ઘણી હરકત આવે તેને માટે તૈયાર થવું એ વધારે સારૂં છે. ઝામરની શસ્ત્રક્રિયાની બાબતમાં એક બીજી વાત પણ સ્પષ્ટ કરવાની અમને જરૂર જણાય છે. દરદીને ગમે તેટલું સમજાવવામાં આવ્યું હોય તે છતાં શસ્ત્રક્રિયા પછી દરદી લગભગ સોળઆની નજરની આશા રાખે છે અને તેમાં તેને ઘણે ભાગે નિરાશ પણ જરૂર થવું પડે છે. ઝામરને લીધે આંખની દૃષ્ટિને નુકશાન તો થઇ ગયું છે તે વાત દરદી ભુલી જાય છે અને તેથી જ તેને શસ્ત્રક્રિયાના પરિણામથી સંતોષ થતો નથી. શસ્ત્રક્રિયા કરવા પછી પણ સોળેસોળઆના નજર નહિ થઇ શકે એ વાત દરદી અને તેની સાથે આવનારાઓના મન ઉપર બરોબર ઠસાવવી જોઇએ. તેમ નહિ કરવામાં આવ્યું હોય તો નેત્રવૈદ્યને વગર કારણે અપયશ મળે છે અને દરદી અસંતુષ્ટ રહે છે. દીર્ઘ ઝામરમા શસ્ત્રક્રિયામા એટલી મુશ્કેલીઓ નડતી નથી; કારણ કે દરદીને વેદના હોતી નથી તેમ રતાશ પણ વધારે હોતી નથી. શસ્ત્રક્રિયામાં આજ કારણોથી સીસી સુંઘાડવી પડતી નથી. શસ્ત્રક્રિયા પછી દરદીની નજર હોય એટલી જ ટકી રહે છે. ઘણા દરદીઓ અમને પુછે છે કે ત્યારે શસ્ત્રક્રિયાથી ફાયદો શું? તેમને માટે ઉત્તર એ છે કે જો શસ્ત્રક્રિયા કરવામાં ન આવે તો આંખની નજર દિવસે દિવસે ઓછી થવાની અને છેવટે એક દિવસ તદ્દન બંધ થઇ જવાની એ ચોકસ વાત છે અને તે થતું અટકે એ દરદીને માટે ઓછું ફાયદાકારક ન ગણાય.

ઝામર માટે શસ્ત્રક્રિયામાં દરદીએ રાખવી જોઇતી સંભાળ—ઝામર માટે જુદી જુદી શસ્ત્રક્રિયાઓ કરવામાં આવે છે; તેમાં મુખ્યત્વે કરીને કનીનિકાનો છેદ અને નેત્ર બાહ્યપડમાં સાયડીથી ગોળછેદ એ એમાંથી એક કરવામાં આવે છે. તીક્ષ્ણ ઝામર

માટે કનીનિકાનો છેદ ઘણે ભાગે પુરતો થઇ રહે છે. દીર્ઘ ઝામર માટે કનિનીકામાં છેદ કરવાથી જોઇએ તેટલો ફાયદો થતો નથી એટલે શસ્ત્રવૈદ્યોને બીજી શસ્ત્રક્રિયાઓ શોધવી પડી. આ શસ્ત્રક્રિયાઓમાં નેત્રબાહ્ય પડમાં સાયડીથી ગોળ છેદ કરવાથી ઉત્તમ પરિણામ આવ્યાં છે એટલે આ શસ્ત્રક્રિયાને વધારે પસંદ કરવામાં આવે છે. આ બન્ને શસ્ત્રક્રિયામાં જે સંભાળ રાખવી જોઇએ તેનું વિગતવાર વર્ણન મોતીઆની શસ્ત્રક્રિયામાં શું શું સંભાળ રાખવી એ મથાળા નીચે આપવામાં આવ્યું છે, એટલે અહીં પુનરોક્તન કરવા જરૂર ધારી નથી. મુખ્યત્વે દરદીએ શાંત સુઇ રહેવાનું હોય છે. આંખ બરોબર થઇ રહ્યા પછી પણ લગભગ બે માસ સુધી આંખને ખેંચ પડે એવું કંઇ પણ કામ કરવું નહિં. લખવા, વાંચવાનું તેમજ ધુમાડો આંખને લાગે એવું કામ કરવું નહિં. આંખને દાબ ન આવે તેની સંભાળ રાખવી જોઇએ.

જો શસ્ત્રક્રિયા નજ કરાવી શકાય તો ઇસરીન અથવા પીલો-કારપીનના ટીંપાં ચાલુ રાખવાં. ઇસરીન સલ્ફેટ એક ગ્રેન લઇ તેમાં બેથી ચાર ડ્રામ પાણી નાંખી ટીંપાં બનાવવાં. જો દરદ સખ્ત પ્રકારનું હોય તો પાણી ડ્રામ બે નાંખવું. દરદ હલકું હોય તો પાણી ચાર ડ્રામ લેવું. પીલોકારપીન એક ગ્રેનમાં પાણી બે ડ્રામજ નાંખવું. આ દવાઓના ટીંપાં દિવસમાં એકજ વખત વાપરવાં. બેમાંથી એક દવા વાપરવી. ટીપાં રાત્રે સુતી વખતે નાંખવાથી વધારે ફાયદો જણાશે. આ ટીપાં ઉપરાત દરદીને માનસિક ચિંતા હોય તો તેનો બને તેટલો ઉપાય કરવો. ઉંઘ ન આવતી હોય તો તેને માટે યોગ્ય દવાઓ આપવી. બંધકોષ હોય તો હલકા જુલાબો આપવા. સ્ત્રી-ઓમાં જો ૠતુશ્રાવની અનિયમીતતા હોય તો તેને લગતા યોગ્ય ઉપાયો કરવા.

પ્રકરણ ૧૦ મું.

પોપચાના સામાન્ય વ્યાધિ.

જ્યારે જ્યારે આંખ દુઃખવા આવી હોય અથવા ડોળાના કોઇપણ ભાગમાં સોજો હોય ત્યારે પોપચાં સુજી આવે છે. તેમાં પણ ખાસ કરીને પ્રમેહજન્ય વ્યાધિઓમાં પોપચાં એટલાં બધાં સુજી આવે છે કે ઉથલાવી શકાતાં નથી. આ સ્થિતિને માટે ખાસ ઉપાય કરવાની જરૂર રહેતી નથી. મુખ્ય વ્યાધિ હટવા સાથે પોપચાનો સોજો પણ હટવા માંડે છે.

આંજણીઃ—આપણાં લોકોમાં પોપચાંમાં નાના મોટા જે ગાંઠાઓ જોવામાં આવે તેને આંજણી કહેવાનું ધોરણ છે. ખરી રીતે આ ગાંઠાઓની બે જાતો તો જરૂર જુદી પાડવી જોઇએ. **આંજણી** અને **પોપચી.** આંજણી પોપચાની ધાર પાસે પાંપણના વાળના મુળ નજીક થાય છે. જે દરદીની પાચનશક્તિ સારી ન હોય અથવા જેને કોઇ જાતની રક્તની અશુદ્ધિ હોય તેવા લોકોને આંજણી વિશેષ થાય છે. કેટલીક વખત એવું કશું કારણ જાણવામાં આવતું નથી.

ચિન્હઃ—પોપચામાં થોડોઘણો સોજો આવે છે. આ સોજો પાંપણની ધાર પાસે વધારે હોય છે. સોજાવાળો ભાગ કંઇક લાલાશ-વાળો અને ચળકાટ મારતો જોવામાં આવે છે. દરદીને વેદના થાય છે. કેટલાક નબળા બાંધાના દરદીઓને વેદનાથી તાવ આવી જાય છે. કદાચિત કાનની આગળ એકાદ વળ અથવા ગાંઠો થઇ આવે છે. આ પ્રમાણે બે ત્રણ કે ચાર પાંચ દિવસ ચાલી આંજણી ફુટી જાય છે અથવા બેસી જાય છે. બેસવાની હોય તો વેદના અને સોજો આસ્તે આસ્તે કમી થવા માંડે છે. ફુટવાની હોય તો વેદના તેમજ સોજો વધી આવે છે, અને છેવટે ફૂટી જઇ તેમાંથી પરૂ નીકળી જાય છે અને ત્યાર પછી વેદના સોજો વિગેરે શાંત થઇ જાય છે.

ઉપચારઃ—આંજણી માટે અનેક ઘરગતુ ઇલાજો કરવામાં

આવે છે. લોઢાને કાટ ઘસી ચોપડવામાં આવે છે, આંબલીના કચુકો ઘસી લગાડવામાં આવે છે, અફીણને ઘસીને પણ લગાડવામાં આવે છે અને બીજી કેટલીએક દવાઓનો ઉપયોગ કરાય છે. અમારા મત પ્રમાણે અફીણ જેવી સારી દવા બીજી એક પણ નથી. જો શરૂ. આતમાં તેના ઉપયોગ કરવામાં આવે તો ઘણે ભાગે આંજણી બેસી જાય છે અને તેનાથી વેદના એકદમ શાંત થઇ જાય છે. જો આંજણી આગળ વધેલી હોય અને તેમાં પરૂ જોવામાં આવે તો તેના ઉપર કોઇપણ જાતનો શેક શરૂ કરવો. બોરીક એસીડના પ્રવાહીનો શેક, ખસખસના ડોડાંનો શેક, શુલાની પોટીસ વિગેરેનો શેક કરવો. ઇંગ્રેજી દવાઓમાં "એન્ટીફ્લોજીસ્ટીન" નામની દવા દવાઓમાં આવે છે તે લગાડવાથી સારો ફાયદો થાય છે. આ દવાના નાના મોટા ડબા તૈયાર આવે છે. એક નાનો ડબો લઇ તેનું ઢાંકણું ખોલી ડબાને ગરમ પાણીમાં રાખવો. પાણી ઉકળતું જોઇએ. પણ ઉકળતું થયા પછી ચુલા ઉપર મુકવાની જરૂર રહેતી નથી. ઘણા ગરમ પાણીમાં દશેક મીનીટ રાખવા પછી અંદરની મલમ જેવી દવા ગરમ થઇ જાય છે. આ દવામાંથી થોડી લઇ આંજણી ઉપર લગાડી, તેના ઉપર કપાસનો પોલ મુકી પાટો બાંધી લેવો. ચોવીસ કલાક સુધી આ પાટો રહેવા દેવો. ચોવીસ કલાકે જુનો પાટો કહાડી નાખી બીજી દવા પહેલીજ રીતે લગાડી દેવી. ઘણેભાગે એક કે બે પટીથી આંજણી ફૂટી જાય છે. જો આવા કોઇ ઉપાયથી ન ફુટે અને દરદીથી વેદના ન સહેવાતી હોય તો ઝીણું નસ્તર મારી પરૂને માર્ગ આપવો અને પછી એકાદ બે દિવસ બોરીક એસીડના પ્રવાહીનો શેક કરવાથી જખમ રૂઝાઇ જાય છે.

પોપચીઃ—આપણા લોકો આને પણ આંજણી કહે છે, પણ આંજણી અને પોપચી વચ્ચે બહુ ફેર છે. આંજણી એક વખત શરૂ થઇ તો આઠેક દિવસની અંદર પાકીને ફુટે છે અથવા બેસી જાય છે, આંજણી વેદના કરે છે, આંજણી પાંપણના વાળની નજ.

દીઠ જ હોય છે; આંજણીમાં પરૂ હોય છે, આંજણી નરમ હોય છે. પોપચી મહિનાઓ સુધી પડી રહે છે, પોપચીમાં વેદના હોતી નથી, માત્ર જ્યારે પાકે ત્યારે જ વેદના કરે છે. પોપચી પોપચામાં હોય છે. પાપણના વાળથી ઘણી ઉપર હોય છે. પોપચીમા શરૂઆતમાં પરૂ હોતું નથી પણ ઘટ્ટ પાણી હોય છે, પોપચી શરૂઆતમાં સખ્ત હોય છે. આંજણી સાથે સોજાના બધા ચિન્હો જેવાકે રતાશ, સોજો, તાવ વિગેરે હોય છે. પોપચી પાકે નહિં ત્યાં સુધી આવા કશાં ચિન્હ હોતાં નથી.

ચિન્હ:—પોપચી ઘણેભાગે પોપચાના વચલા ભાગમાં થાય છે. ઉપલા પોપચામાં વધારે થાય છે, નીચલા પોપચામાં ક્વચિત જ થાય છે. શરૂઆતમાં મગના દાણા જેવડી એક ફોડકી તરીકે જોવામાં આવે છે. આ સ્થિતિમાં તે મહિનાઓ પર્યંત પડી રહે છે. ક્વચિત તેમાં વધારો થઇ આવે છે અને ફરી અસલ સ્થિતિએ આવી જાય છે, પણ તદ્દન અદૃશ્ય તો નથી જ થતી. જ્યારે મોટી થવા માડે ત્યારે દરદીને સહજસાજ પીડા થાય છે. પુરૂષો કરતાં સ્ત્રીઓને વધારે પ્રમાણમા થાય છે. કેટલીક વખત એકજ પોપચામા એક કરતાં વધારે હોય છે. કેટલાક મહિનાઓ પર્યંત ચાલી ક્વચિત તેમાં સોજો થઇ આવે છે, પણ ઘણી વખતેતો સોજો થયા સિવાયજ મોટી થતી આવે છે. દુઃખાવો ન હોવાને લીધે શરૂઆતમાં દરદી બહુ દરકાર કરતો નથી. જ્યારે વધારે મોટી થાય ત્યારે દરદીને સ્વાભાવિક નેત્રવૈદ્યની સલાહ લેવાનો વિચાર થાય છે; અથવા ઘરગતુ ઉપાયો અજમાવે છે. સ્ત્રીઓને તેનો ઇલાજ કરાવવા ઘણેભાગે ફરજ પડે છે, કારણ કે તેનાથી તેમની ખુબસુરતીમાં અડચણ આવે છે.

ઉપાય—પોપચી ઘણેભાગે કોઈ બહારની દવા લગાડવાથી મટતી નથી, તો પણ ચાલુ ઉપાયો જેવા કે અફીણ, કાકચાં ઇત્યાદિ દવાઓ ઘસી લગાડવી. થોડા દિવસ શેક કરવાથી કદાચ ઓછી થઇ જાય છે. પોપચી માટે ખરો ઉપાય તો નસ્તરજ છે. જે જગાએ

પોપચી હોય તેના અંદરના ભાગમાં એટલે પોપચાના અંદરના ભાગમાં એક કંઈક વાદળી રંગનો ડાઘ જોવામાં આવે છે. આ ડાઘમાં ઝીણું નસ્તર મારવામાં આવે છે. નસ્તર મારવાથી અંદરનું પ્રવાહી બહાર નીકળી આવે છે. પ્રવાહી ઉપરાંત જે ઘટ્ટ પદાર્થ અંદર રહે છે તેને દાબી કાઢી નાંખવો પડે છે. આ ઉપરાંત પોપચાની અંદર એક ઝીણું પડ પણ હોય છે. આ પડને એક ઝીણી ધારવાળી ચમચીથી ઉખેડી લેવું પડે છે. જો તેમ કરવામાં ન આવે તો પોપચી ફરી થઇ આવે છે. શસ્ત્રક્રિયાથી ખાલી કરવા પછી પણ પોપચી થોડા દિવસ ભરાયલી લાગે છે કારણ કે તેની અંદર લોહી ભરાઇ રહે છે. આ લોહી એકાદ અઠવાડીયામાં શોષાઇ જાય છે એટલે ગાડા જેવું હતું તે બેસી જાય છે. કેટલીક વખત એક મટતાં બીજી થાય છે અને બીજી મટતા ત્રીજી થાય છે. એમ એક પછી એક થયાજ કરે છે. આમ થાય તો દરદીને હલકા જુલાબ અને લોહીને સાફ કરનારાં ઔષધો આપવાં.

પરવાળાં અને પોપચાંનું અંદર વળવું—આ દરદો સંબંધી ઉલ્લેખ ખીલના પ્રકરણમાં કરવામાં આવ્યો છે; પણ આ દરદો એટલા બધા પ્રચલિત છે કે તે સંબધી વધારે લંબાણુથી વિવેચન કરવાનું યોગ્ય ધાર્યુ છે. અહીં ફરી કહેવું જોઇએ કે પરવાળાં એક સ્વતંત્ર દરદ તરીકે ઘણે ભાગે થતુંજ નથી. એ દરદ હમેશા ખીલને પરિણામે જ થાય છે, ખીલ લાંબો વખત સુધી આંખમાં ચાલુ રહેવાથી પોપચાના ભાગોમાં ફેરફારો થાય છે. આમ ફેરફારોને લીધે પોપચાનું કોમળાસ્થિ અંદર એટલે આંખના ડોળા તરફ વળી પડે છે. જો તેમ થાય તો પાપણના વાળ ડોળા ઉપર ઘસાય છે અને તેને લીધે નીચે જણાવેલા ચિન્હો પેદા થાય છે. વળી કેટલીક વખત પોપચું અંદર ન વળતાં માત્ર પાપણના વાળની એક હાર ઉપરાંત બીજાં કેટલાક વાળ ઉગી આવે છે. આ વાળની દિશા નીચે અને બહારની તરફ ન હોતાં નીચે અને અંદર

વળેલાં હોય છે, એટલે ડોળામાં ઘસાયા કરે છે. કેટલીક વખત આ બે સ્થીતિ—પોપચાનું અંદર વળવું અને વાળની વિશેષ હાર ઉગી આવવી—સાથેજ હોય છે. આપણા લોકોમા આ બધી સ્થીતિને પરવાળાંજ કહે છે.

ચિન્હ—પરવાળાનું મુખ્ય ચિન્હ આંખમાંથી પાણી પડવું એ છે. પાંપણના વાળની દિશા બદલાવાથી તે ડોળા ઉપર ઘસાયા કરે છે અને તેથી આંખમાંથી ચાલુ પાણી પડયા કરે છે. વળી આંખમાં હમેશ લાલાશ રહ્યા કરે છે. ડોળા ઉપર વાળ ઘસાવાથી ડોળાની પારદર્શકતા દિવસે દિવસે ઓછી થતી આવે છે. શુકલમંડળ બરોબર પારદર્શક હોય તોજ દૃષ્ટિ સારી પડે છે. આ સ્થિતિમાં શુકલમંડળની પારદર્શકતા ઘણી ઓછી થઇ જાય છે વધારામાં ખીલને લીધે છારી આવી જાય છે અને તેથી પણ શુકલમંડળની પારદર્શકતા ઘણી કમતી થઇ જાય છે. આ બધાં કારણોને લીધે દરદીની નજર સારી રીતે ઘટી જાય છે. કેટલાક દરદીઓમાં તો માત્ર બે ત્રણ ફૂટને છેટેથી આંગળીઓ મુસ્કેલીથી ગણી શકાય એટલે દરજ્જે દૃષ્ટિમાં ખામી આવી જાય છે. દરદીના સુભાગ્યે યોગ્ય ઉપચાર વડે પરવાળાં મટવાથી એટલીજ ઝડપથી દૃષ્ટિ વધી આવે છે.

ઉપચાર—પરવાળાં માટે શસ્ત્રક્રિયા સિવાય અનેક ઉપચારો અજમાવવામાં આવ્યા છે પણ તેમાંનાં કોઇ દર્દને હમેશ મટાડવામાં ફતેહમંદ થતું નથી. આ ઉપાય પૈકી માત્ર એકજ ઉપાયથી દરદીને થોડી ઘણી રાહત મળે છે. આ ઉપાય નીચે પ્રમાણે છે. થોડું ગુંદરનું પાણી (જાડું) લઇ પાંપણના વાળને લગાવવું કે જરાક સુકાય એટલે વાળને એવી રીતે વાળવા કે તે ડોળા તરફ ન વળતાં બહારની તરફ વળે આ ઉપાય જ્યાં સુધી આંખને પાણી ન લાગ્યું હોય અથવા અંદરથી નીકળતા પાણીથી વાળ ન ભીંજાયા હોય ત્યાં સુધી કામ કરે છે. અમે એવા કેટલાક દરદીઓ જોયા છે કે જેઓ વર્ષોના વર્ષો સુધી આ ઉપાયથી આંખને બચાવી શકે છે એટલું જ નહિં

પણ તેમને કશી અડચણ આવતી નથી. અલબત આ ઉપાય અજ-
માવવા માટે દરદી કેટલેક દરજ્જે બુદ્ધિશાળી અને ખંતીલો જોઇએ.
આ ઉપાયમાં બીજી પણ એક અડચણ છે. આગળ કહેવામાં આવ્યું
તે પ્રમાણે પાંપણના વાળની એક કરતાં વધારે હાર ઉગી આવે છે.
જો આ વાળ લાંબા હોય અને સરખી હારમાં હોય તો તો ગુંદરના
પાણીથી હારમાં વળી શકે છે પણ જો તે ટુંકા હોય અથવા અનિ-
યમીત હોય તો વળી શકતા નથી એટલે આ ઉપાય તેવા સંજોગમાં
કામે લાગી શકતો નથી. બીજો ધરગતુ ઉપાય ચીમટીનો ઉપયોગ
છે. વાળ ખેંચવાની ચીમટી તો લગભગ દરેક ગામડામા અને દરેક
ધરમાં મળી આવે છે. જો બીજે કયાં ન હોય તો ગામના હજામ
(ગાંયજા) પાસેથી તો જરૂર મળી આવે છે. આવા વાળ
ખેંચવાના ચીમટાથી વાળ ખેંચી કાઢવામાં આવે છે. આ
પ્રમાણે ખેંચેલા વાળ કેટલાક દરદીઓમાં આઠ પંદર દિવસે
ઉગી આવે છે અને કેટલાકને તો બએ ત્રણ મહિના સુધી
ઉગતા નથી. જયા સુધી ઉગે ત્યા સુધી દરદીને બીજી અડચણ હોતી
નથી. માત્ર પાંપણના વાળની ગેરહાજરીને લીધે થોડી કદરૂપતા જ-
ણાય છે એટલું જ. આ બન્ને ઉપાયો માત્ર થીગડા તરીકે જ કામ
કરે છે. પરવાળાંને હમેશને માટે મટાડવાનો ઉપાય તો શસ્ત્રક્રિયા
છે. આ શસ્ત્રક્રિયા ધણા લાંબા કાળથી ચાલી આવે છે. ચરક, સુશ્રુત
અને ભાવપ્રકાશ જેવા પુસ્તકોમા પણ તેનું વર્ણન આપેલું છે. તે
વખતે જે શસ્ત્રક્રિયા કરવામાં આવતી તે એટલે સુધી જ હતી કે
પોપચાંની ચામડીમાંથી એક લંબગોળ કટકો કાપી લેવામાં આવતો
અને આ પ્રમાણે ચામડી કાપી કાઢવાથી થએલો જખમ સોધી લેવામાં
આવે તો અથવા તેને એમજ રૂજાવા દેવામાં આવતો—આ શસ્ત્ર-
ક્રિયાથી થોડાક વખતને માટે સારો ફાયદો થતો જોવામાં આવે તો,
પણ કેટલાક વખત જવા પછી પરવાળાં ફરી થઇ આવતાં. હાલના
વખતમાં પશ્ચિમના શસ્ત્રવૈદ્યોની રીત પ્રમાણે જે શસ્ત્રક્રિયા કરવામાં

આવે છે તે વધારે ગુંચવણી વાળી હોય છે ખરી પણ તેના પરિણામ પણ બહુ સારાં આવે છે. જો યોગ્ય શસ્ત્રવૈદ્યને હાથે આ શસ્ત્રક્રિયા સારી રીતે કરવામાં આવી હોય તો દરદીને કશી ઇજા થતી નથી અને જખમ એક અઠવાડીઆમાં રૂઝાઇ જાય છે, એટલું જ નહિ પણ પરિણામ પણ બહુ સારૂં આવે છે. સોએ લગભગ પંચાણું દરદીઓ હમેશને માટે આ દુઃખદાયક વ્યાધિથી મુકત થઇ જાય છે. શસ્ત્રક્રિયા કરાવવા પછી જે ખીલનો દરદ આ વ્યાધિનું મૂળ હોય છે તેના ઉપચાર લાંબા વખત સુધી ચાલુ રાખવા જોઇએ. અહીં વાંચનારને ફરી યાદ આવવું જોઇએ કે પરવાળાંનું દરદ માત્ર ખીલના દરદને પરિણામે જ થાય છે એટલે દરદનું મુખ્ય કારણ મટાડયા સિવાય જો માત્ર પરવાળાને જ મટાડવા તજવીજ કરવામાં આવશે તો દરદ ફરી થઇ આવશે અને નેત્રવૈદ્યને અપયશ મળશે. આ કારણથી ખીલની ચાલુ દવા કરવા માટે દરદીને પુરતી રીતે સમજાવવો જોઇએ.

પોપચાનું બહાર વળવું—આ સ્થિતિ વૃદ્ધાવસ્થાને લીધે તેમજ ખીલને લીધે થતી જોવામાં આવે છે. કેટલીક વખત નીચલા પોપચાની ચામડી દાઝી જવાને લીધે અથવા તેમા જખમ થવાને લીધે અથવા તેમા પિત્ત જેવી સ્થિતિ થવાને લીધે તે ચામડીનો સંકોચ થાય છે અને તેને લીધે પણ નીચેનું પોપચું બહાર વળી આવે છે. પોપચાનું બહાર વળવું ઘણો ભાગ નીચેના પોપચામાં જ થાય છે.

ચિન્હ—આ દરદનું એકજ ચિન્હ છે અને તે આંખમાથી પાણી પડવું. આંખમાંથી પાણી પડવાને લીધે પોપચાની નીચેની ચામડી ઉડી આવે છે. અને તેને લીધે અસલ સ્થીતિમાં વધારો થાય છે.

ઉપચાર—શસ્ત્રક્રિયા સિવાય બીજો ઉપચાર નથી.

પ્રકરણ ૧૧ મું.

નાકશુળ.

આ વ્યાધિમાં, આંસુઓ આંખમાંથી નાકમાં લઇ જનારા નળનો તીક્ષ્ણ અથવા દીર્ઘ વરમ થાય છે.

તીક્ષ્ણ નાકશુળ—આ વ્યાધિનો આયુર્વેદમાં એક મહાન્ વ્યાધિ તરીકે ગણવામાં આવે છે. દરદીના આંખના અંદરના ખુણાની નીચે એક ગુંમડું થાય છે તેને નાકશુળ કહેવામાં આવે છે.

ચિન્હ-આગળથીજ દરદીના અશ્રુ લઇ જનારા નળમાં અથવા નાકમાં કંઇ વ્યાધિ હોય છે પણ દરદીને તેનું ભાન ભાગ્યેજ હોય છે. શરૂઆતમા આંખની અંદરના ખુણામાં થોડો થોડો દુઃખાવો થાય છે. દુઃખાવો થવાની સાથે ચામડીનો રંગ બદલાઇ થોડી લા- લાશ પકડે છે. ચામડીમાંજ કુદરતી રીતે સળ હોય છે તે ઓછા થવા માંડે છે. દરદીને કદાચ સહજ તાવ આવે છે. સોજો આગળ ચાલતાં ઉપર લખ્યા બધા ચિન્હો વધી પડે છે. વેદના બહુજ થાય છે. સોજો પણ વધી આવે છે અને હવે એક ખજુરની પેસી આકારનો ગાંઠો જોવામાં આવે છે. ચામડી લાલાશ મારતી હતી તેને બદલે કંઇક કાળી રાતી થવા માંડે છે, આ ભાગને હાથ લગાડતાં આજુબાજુના ભાગ કરતાં વધારે ગરમ લાગે છે. આં- ગળીથી દબાવતાં દરદીને પીડા થાય છે. આ સ્થીતિએ દરદ પહોં- ચવા પછી ઘણે ભાગે સોજો બેસી જતો નથી પણ અંદર પરૂ થઇ ફુટે ત્યારેજ દરદીને વેદના શાંત થાય છે. જો શરૂઆતમાંજ ચાપતા યોગ્ય ઉપાયો લેવામાં આવે તો કદાચ સોજો બેસી જાય છે. જો ન બેસી જાય તો, પોતાની મેળે ફુટે અથવા નસ્તર મારી ફોડવું પડે છે. ફુટયા પછી અથવા ફોડયા પછી જે જખમ થાય છે, તે સુહેલાઇથી રૂઝાતું નથી એટલુંજ નહિં પણ મહિના અને વર્ષો પર્યંત ચાલે છે. આ કારણથી, દેશી વૈદકમાં આ દરદને કષ્ટ

સાધ્ય કહેલું છે. કેટલીક વખત નાકના હાડકામાં સળો પેદા થાય છે અથવા આગળથી જ હાડકામાં સળો હોય છે. જો સળો હોય તો જ્યાં સુધી સળેલો હાડકાનો કટકો નીકળતો નથી ત્યાં સુધીજ જખમ રૂઝાતું નથી.

ઉપચાર—શરૂઆતમાં ઠંડા ઉપચાર લેવા. સોજા ઉપર સ્યુગર લેડના પાણીના, અથવા ફટકડીના પાણીના પોલ અથવા પોતાં મુકવાં. સ્યુગરલેડ અથવા ફટકડીના પાણી સાથે થોડું અફીણ નાખવાથી સોજો ઉતારવામાં મદદ મળશે એટલુંજ નહિ પણ દરદીને વેદના કમી થશે. જો ઠંડા ઉપચારો કામ ન કરે તો શેકનો ઉપયોગ માટે અળસીની પોટીસ, ખસખસના ડોડા ગરમ પાણીમાં નાંખી તેનો શેક, ખસખસના ડોડાની પોટીસ, બોરીક એસીડના પ્રવાહીનો શેક, ઇત્યાદિ જાતના શેક કરવા. કેટલાંક પાંદડાઓ પણ શેક તરીકે ઠીક ઉપયોગમાં આવે છે. લીંમડાના પાન બાફી તેનો શેક કરવાનો અથવા દરીયા કાંઠે રેતીમાં ઉગેલી રાવળપત્રીના પાંદડા બાફી તેનો શેક કરવો. હાલના વખતમાં આ બધી કડાકુટ વાળી ક્રિયાઓ પણ સૌને, ખાસ કરી શહેરના માણસોને પસંદ આવતી નથી. તેમને માટે એંટીફલોજીસ્ટાન નામનો મલમ આવે છે તેનો શેક ઠીક પડે છે. આ દવા કેવી રીતે વાપરવી તે આગળ કહેવામાં આવ્યું છે. તાવને માટે ચાલુ દવાઓ આપવી. આ ઉપચારો થોડો વખત ચાલુ રાખવાથી નાકશુળ ફુટે છે અને અંદરથી પરૂ વહી જાય છે. પરૂ નીકળી જવાની સાથે દરદીને વેદના શાંત થઇ જાય છે. આમ પોતાની મેળે ફુટવાથી જખમને રૂઝાવવામાં અડચણ આવે છે એટલા માટે નાકશુળ પાકી નરમ થયેલું જોવામાં આવે એટલે તેને નસ્તર મારી ફોડવું એ ઉત્તમ રસ્તો છે. ફોડવા પહેલાં જખમ દુષિત ન થાય તેને માટે યોગ્ય સાવચેતી રાખવી જોઇએ. શું શું સાવચેતી રાખવી, ચામડીને તેમજ શસ્ત્રોને કેવી રીતે શુદ્ધ કરવાં તેનું વિગતવાર વર્ણન મારા "નેત્રરોગ" નામના પુસ્તકમાં આપવામાં

આવ્યું છે. પરૂને માર્ગ આપ્યા પછી જખમમાં શુદ્ધ કરેલું ગોઝ ભરવું. સાથે થોડું આયડોફાર્મ નાંખવાથી વધારે સારા પરિણામ આવે છે. ચોવીસ કલાક પછી ભરેલી વાટ કહાડી નાખી. જખમને બોરીક એસીડના પ્રવાહથી, અથવા રસકપુરના પ્રવાહથી પીચકારી વડે ધોવું. ધોયા પછી જખમના ઉંડા ભાગમાં સીલ્વરનાઇટ્રેટ એટલે કાસ્ટીક બરોબર લગાડવી. આ ક્રિયાથી પરૂ ઉત્પન્ન કરતું પડ બળી જશે અને જખમ ઉંડાણમાંથી રૂઝાવા માડશે. આ પ્રમાણે ત્રીજે ચોથે દિવસે જખમને દાંભવું પડે છે. દરરોજ ઉપર પ્રમાણે વિધીથી જખમને મલમપટી કર્યા કરવી. જ્યારે જખમ તદન રૂઝાઇ જાય ત્યારે જ બંધ કરવું. જો અંદર સળેલું હાડકું હશે તો જખમ બહારથી રૂઝાઇ ગયલું જણાશે પણ ત્રણચાર દિવસ રહી ફરી તેમાં પરૂ દેખાવ દેશે. આવિ સ્થિતિ જોવામા આવે ત્યારે હાડકું છુટું થવા સુધી રાહ જોવી પડે છે અથવા જખમ ઘણો મોટો કરી તે વાટે સળેલા હાડકાને કહાડી નાખવો પડે છે.

જુનું નાકશુળ—આ નામ બે જાતના વ્યાધિને આપવામાં આવે છે. ઉપર કહ્યુ તે પ્રમાણે જો તીક્ષણ નાકશુળ પોતાની મેળે ફૂટે તો જખમ ચાલુ રહ્યા કરે છે અને તેમાંથી થોડું ઘણું પરૂ નીકળ્યા કરે છે. આ સ્થિતિ વર્ષ પર્યંત ચાલ્યા કરે છે. આ સ્થીતિને જુનું નાકશુળ કહેવામાં આવે છે. જો નાકશુળની જગાએ જખમ ન હોય તે છતાં આંસુની કોથળીમાં જુનો સોજો હોય તો નાકના અંદરના ખુણામાં દબાવતાં આંખમાં પરૂ નીકળી આવે છે. આ સ્થિતિને પણ જુનું નાકશુળ કહેવામાં આવે છે.

નાકશુળની જગાએ લાંબા વખતનો જખમ હોય તેને માટે શું કરવું—આવા જખમમાંથી થોડું ઘણું પરૂ હમેશાં નીકળ્યા કરે છે. જખમના બે છેડા અંદર દબાએલા જણાય છે અને ત્યાં સહજ ખાડા જેવું જોવામાં આવે છે. પરૂ હમેશાં વહેવાથી દરદીને ઘણીજ અડચણ થાય છે એટલુંજ નહિં પણ પરૂ

આંખમાં જવાથી આંખને પણ નીચે કહેવામાં આવશે તે પ્રમાણે ચાલુ જોખમ રહે છે.

ઉપચાર—આ વ્યાધિને માટે શસ્ત્રોપચાર સિવાય બીજો ઉપાય નથી. કેટલાક હકીમો અને વૈદ્યો કેટલાક દંભક ઔષધો નાંખી કેટલાંક મલમો ઇત્યાદિ બનાવે છે અને તેવા ઉપયોગથી કવચિત કોઇ કોઇ દરદીને મટી જાય છે પણ તેવા દાખલા કવચિતજ બને છે. વળી કેટલાક વૈદ્યો નાકશુળને દાંભે છે. જો દાંભવાની ક્રિયા ઉપર ઉપરથીજ કરવામાં આવી હોય તો કશો ફાયદો થતો નથી પણ જો સારી રીતે કરવામાં આવી હોય અને જખમના છેડા તેમજ અંદર રહેલું પરૂ પેદા કરતું પડ બરોબર બાળવામાં આવ્યું હોય, વળી અંદર હાડકાનો સડો ન હોય તો અને પાછળની મલમપટી બરોબર કાળજીથી કરવામાં આવી હોય તો કેટલાક દરદીઓને દરદ મટવાનો સંભવ ખરો.

જુનું નાકશુળ—જુના નાકશુળનું ખરૂં સ્વરૂપ સમજવા માટે વધારાના આંસુ આંખના ડોળા ઉપરથી નાકમાં કેવી રીતે જાય છે તે અહીં સમજાવવાની જરૂર છે.

આંખના અંદરના ખુણામાં ઉપલાં અને નીચલા પોપચાંઓને લગભગ અંદરના છેડા આગળ એક એક છિદ્ર આવેલું છે. આ છિદ્ર તે બે નળીઓના બહારના દ્વાર છે. આ બે નળીઓ આ દ્વારથી આસુંની કોથળી સુધી જાય છે. ઉપલી નળી ઉપર વળી પછી સીધી અંદરની તરફ વળે છે; નીચેની નળી નીચે ચાલી પછી જરા ઉપર અને અંદર જાય છે. ત્યાં આસુની કોથળીમાં દાખલ થાય છે. આંસુની કોથળી નાકના ઉપરના ભાગમાં આવેલી છે. હાડકાની અંદર તેને માટે એક ખાડો આવેલો છે. તેમાં તે રહે છે. આ કોથળી લગભગ અડધાથી પોણો ઈંચ લાંબી અને કલમ જેટલી પહોળી છે. આ કોથળીનો નીચેનો છેડો નાકમાં જાય છે. આંસું, આંસુ પેદા કરનાર પીંડમાં ઉત્પન્ન થઇ લગભગ વીસેક નળીયો વાટે આંખના

ડોળા ઉપર છવાઈ જાય છે. આંખના ડોળાને ભીનો રાખવા માટે જોઇએ તેના કરતાં વધારે હોય તો ઉપર લખી નળીઓ વાટે કોથળીમાં દાખલ થાય છે અને કોથળીમાંથી નાકમાં જા છે, ત્યાં શ્વાસ સાથે ભળવાથી વરાળરૂપે શ્વાસની સાથે બહાર નીકળી જાય છે. હવે ઉપર લખી આંસુની કોથળીમાં કોઇ પણ કારણથી અવરોધ થાય એટલે તેના નાક તરફના છેડામાં સંકોચ થાય તો આસુઓ નીચે નાકમાં ન જતાં કોથળીમાં જ ભરાઇ રહે છે. આ પ્રમાણે ભરાઇ રહેલા આસુઓ સાથે આંખના ડોળા ઉપરથી ધોવાઇ કોથળીમાં ગયેલા જંતુઓ દાખલ થાય છે અને ત્યાં સોજો ઉત્પન્ન કરે છે. આ સોજાને લીધે કોથળીમાં પરૂ પેદા થાય છે. આવો કોઇ દરદી તમારી પાસે આવે અને તેની આંખના અંદરના ભાગમા જરા દાબશો તો આખના અંદરના ખુણામાંથી ચીકણો પુરૂ જેવો પ્રવાહી નીકળશે. આ સ્થિતિને ખરેખરૂં જુનું નાકશુળ કહે છે.

ચિન્હ—દરદીને વેદના કે બીજી કોઇ જાતની અડચણ હોતી નથી. માત્ર તેની આંખમાંથી ચાલુ પાણી પડયા કરે છે અને તે ફ-રીયાદ માટે તે નેત્રવૈદ્ય પાસે જાય છે. ઘણે ભાગે પાણી એક જ આંખમાંથી પડે છે. આંખના અંદરનાં ખુણામા દાબતાં ઉપર કહ્યું તે પ્રમાણે ચીકણો પ્રવાહી નીકળે છે; અને તેથી જ આ દરદનું નિદાન થાય છે. કોથળી હમેશાં પરૂથી ભરેલી રહેવાથી વધારાનું પરૂ ડોળા ઉપર ચાલુ પથરાયલું જ રહે છે. આ પરૂમાં એક જાતના દુષ્ટ જંતુઓ રહેલા હોય છે. આ જંતુનો ગુણ એવો હોય છે કે જ્યાં સુધી આંખના પારદર્શક ભાગમાં કાંઇ પણ ઉજરડો કે જખમ હોતો નથી; ત્યાં સુધી આ જંતુઓ નુકશાન કરતા નથી; પણ એક વખત આ ભાગને સહજ પણ ઇજા થઇ કે તેમાં સહજ ઉજરડો પડયો તો એકદમ આ જંતુઓ પોતાનું નુકશાન કારક કામ શરૂ કરી દે છે, અને જે જગોએ જખમ કે ઉજરડો હોય તે જગોએ એક નાના ચાંદાની શરૂઆત થાય છે. આ ચાંદુ દિવસો દિવસ વધતું

જાય છે અને છેવટે તેને લીધે આંખ જાય છે. આ ઉપરથી સ્પષ્ટ સમજાયું હશે કે આંખના ખુણામાંથી જો ચાલુ પરૂ નીકળ્યા કરતું હોય તો તેનાથી આંખને ચાલુ જોખમમાં રહેવું પડે છે.

ઉપચાર—આ દરદને માટે ઔષધોપચાર કંઈ કામ આવતાં નથી. કેટલીક વખત, ખાસ કરી નાના બચ્ચાંઓમાં યોગ્ય જાતની પીચકારીથી મારવારી દરદ મટી જાય છે પણ મોટા દરદીઓ-માં તેમ થતું નથી. બીજાં કેટલાંક દરદીઓમાં સળીના ઉપયોગથી આંસુની કોથળીના નીચેના છેડામાં રહેલો સંકોચ પહોળો કરી શ-કાય છે અને ત્યાર પછી યોગ્ય ઉપચારથી નાકશુળ મટાડી શકાય છે; પણ દરદીના કમભાગ્યે આવા દાખલા બહુજ થોડા બને છે. એક વૈદરાજ અમને મળેલા તેમણે જાતે હામ ભીડેલી કે નાકશુળ-નું દરદ દાંભ દેવાથી તેઓ મટાડી શકે છે. વિશેષ વાતચિતને અંગે એમ જાણવામાં આવ્યું કે તેઓએ ઘણા દરદીઓને એ પ્રમાણે સારા કર્યા છે. અમોએ તેમને વિનંતી કરી કે કૃપા કરી તેવા થોડાક દરદીઓ અમને બતાવવા પણ આજ દિવસ તેવો કોઇ દરદી અમને બતાવવામાં આવ્યો નથી એટલે વૈદરાજે કરેલા દાવાને અમે અમારા જાતિ અનુભવથી ટેકો આપી શકતા નથી. ઘણા દરદીઓમાં તો આંસુની આખી કોથળી કહાડી નાંખવી પડે છે. આ શસ્ત્રક્રિયામાં ઘણે ભાગે દરદીને સીસી સુંગાડવી પડે છે. કદાચ કેટલાંક મજબુત મનના દરદીઓમાં ચામડીમાં " નોવોકેન " જેવી દવાઓની પીચ-કારી મારી ચામડીને તેમજ નીચેના ભાગોને શૂન્ય કરી શસ્ત્રક્રિયા કરી શકાય છે. એક વખત જો એમ ચોકસ નિદાન થયું કે આંસુની કોથળીમાં પરૂ પેદા થયું છે તો બીજા ઇલાજને થોડો વખત અજ-માયસ આપવી અને જો તે નિષ્ફળ થાય તો કોથળી કઢાવી નાખવી એજ ઉત્તમ ઇલાજ છે.

પ્રકરણ ૧૨ મું.

આંખને સારી રાખવા માટે કેટલીક સુચનાઓ.

કુદરતનો સામાન્ય નિયમ છે કે કુદરતે રચેલા શરીરને નિયમીત રાખવા માટે બહારના કશા ઇલાજની જરૂર પડતી નથી. માત્ર જો કુદરતે નિયત કરેલા ધારાધોરણનો આપણે ભંગ ન કરીએ અને તે પણ વારંવાર ભંગ ન કરીએ તો શરીર આરોગ્ય રહે છે, એટલુંજ નહિં પણ આપણી થોડી ઘણી ભુલને પરિણામે એ સંચો થોડો ઘણો બગડે છે તોપણ કુદરત તેને નિયમમાં મુકવા તજવીજ કરે છે. દાખલા તરીકે સાદો અને પુષ્ટીકારક ખોરાક લેનારા જંગલની ખુલી હવામાં રહેનારા કુપથ્ય કદી ન કરનાર, આહાર નિદ્રા ઇત્યાદિ દિનચર્યા અને રાત્રિચર્યા નિયમીત રાખનાર પુરૂષ પોતાનું શરીર વૃદ્ધાવસ્થા પર્યંત આરોગ્ય રાખી શકે છે. આંખ એ પણ શરીરનો એક ભાગ છે અને જે નિયમો આખા શરીરને અથવા શરીરના કોઇપણ ભાગને લાગુ પડે છે તેજ નિયમો આંખને લાગુ પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો કુદરતે આંખને એવી રીતે બનાવી છે કે જો તેનો દુરૂપયોગ ન કરવામાં આવે, અને તેને સાફસુફ રાખવામાં આવે, તે સહી શકે તેનાથી વિશેષ મહેનત ન આપવામાં આવે તો લગભગ ૪૫ વર્ષની અવસ્થા સુધી તો તે બરોબર નિયમીત કામ આપી શકે. તેને નથી રહેતી સુરમાની કે નથી જોઇતું કાજળ, નથી છાંટવું પડયું ત્રિફળાનું પાણી કે નથી આંજવું જોતું મધ. આ બધા દ્રવ્યો માણસે પોતાની ટેવ તરીકે માની લીધેલા છે અને પોતાના અનુભવને અંગે આંખને સારી રાખવા માટે આવશ્યક માની લીધા છે. ઘણા વૃદ્ધ સ્ત્રી પુરૂષો આપણને કહેશે કે અમુક જાતનો સુરમો વાપરવાથી, કે અમુક જાતનું આંજણ આંજવાથી, કે આંખમાં દરરોજ સુતી વખતે તલનું તેલ નાંખવાથી, કે સવારે ઊઠી ત્રિફળાનાં પાણીથી ધોવાથી કે અમુક અમુક દવાઓ આંજવાથી તેમની આંખ

આટલી મોટી અવસ્થાએ પણ "દીવા જેવી" રહી છે. અમે ખાત્રીથી માનીએ છીએ કે તેમની આંખ મોટી ઉમરે પણ દીવા જેવી રહી તેનું કારણ અમુક ઔષધ કે સુરમો કે અંજન નહિં પણ તેમની આંખને માટે કાળજી અને કુદરતના બાંધેલા નિયમોનું પાલન. અમુક ઔષધને લીધે સારી રહી છે તે તો માત્ર મનથી માની લીધેલા સિદ્ધાંતો અથવા અમુક ઔષધ ઉપર શ્રદ્ધા. જેમ આંખમાં બને છે તેમ શરીરના આરોગ્યને માટે પણ એવીજ માન્યતા ઘણાઓની હોય છે. અહીં એક ખરેખરો બનેલો દાખલો અમને યાદ છે તે રસુજની ખાતર અહીં આપીએ છીએ. એક પારસી ગૃહસ્થ લગભગ ૭૫ વર્ષની અવસ્થા સુધી પોતાનું શરીર બરોબર આરોગ્ય રાખી શક્યા હતા, જ્યારે તેમની નાની અવસ્થા હતી ત્યારે કોઇ ડાક્ટરે કે ડાહ્યા માણસે બતાવેલું કે ક્વીનાઇનની બે ગ્રેનની એક એક ગોળી જો દરરોજ તમે લેતા જશો તો તમારૂં શરીર બરોબર સારૂં રહેશે. આ ગૃહસ્થ લગભગ સાઠ વર્ષની અવસ્થા સુધી તો નિયમીત રીતે દવા વેચનારને ત્યાંથી ક્વીનાઇનની ગોળીઓ બનાવરાવી લેતા હતા અને વાપરતા હતા. ત્યારપછી તેમનો પુત્ર ડાક્ટરીમાં પાસ થઇ પોતાનું દવાખાનું ચલાવવા લાગ્યો એટલે તે દવાખાનામાંથી એ ગોળીઓ તૈયાર થઇ આવતી. લગભગ પાંચેક વર્ષ એમજ નીકળી ગયા. ૬૫ વર્ષની અવસ્થાએ આંખમાં મોતીઆની શરૂઆત થઇ. ડાક્ટર પુત્રે પોતાની ભુલ ભરેલી માન્યતાને લીધે માની લીધું કે આખમાં આવતી ઝાંખાશ ક્વીનાઇનની ગરમીને લીધે છે એવો પોતાના પિતાને સમજાવ્યા કે ક્વીનાઇન ચાલુ રાખશો તો આંખની ઝાંખાશ વધશે. પિતાએ પુત્રની સલાહ માની ક્વીનાઇનની ગોળીઓ છોડી આપી; પણ છોડવાની સાથેજ તેમની તબીયત બગડી આવી; આથી ડાક્ટરને ક્વીનાઇનની ગોળીઓ ફરી ચાલુ કરવી પડી. ક્વીનાઇનની ગોળી મળતાંજ પિતાની તબીયત સારી થઇ ગઈ. બે ત્રણ દિવસ એમજ ચલાવી પછી જ્યારે પિતાએ ક્વીનાઇનની ગોળીઓ મંગાવી ત્યારે

ક્વીનાઇનની ગોળીઓ ન આપતાં માત્ર ઘઉંની પડસુલીની ગોળીઓ વાળી આપી. આ ગોળીઓમાં પણ એકેક ગોળી લેવાથી વૃદ્ધ ગૃહસ્થની તબીયત સારી રહેવા લાગી. એજ પ્રમાણે અમુક ઔષધથીજ આંખ સારી રહે છે એમ માનનારાઓને એક જાતની માનસિક શ્રદ્ધાજ બેસી ગયલી હોય છે. આંખને સારી હાલતમાં રાખવા માટે કુદરતે બધી જોગવાઇ કરીજ રાખેલી છે. આ ગોઠવણ બધી કેવી રીતે થયેલી છે તેનું વિગતવાર વર્ણન અહીં આપવા બેસીએ તો લગભગ સો પાના ભરાય, એટલે અહીં એ ગોઠવણનો કંઇક ખ્યાલ વાચકવર્ગને સંક્ષેપમાંજ આપીએ છીએ. આંખના ડોળાની રક્ષા માટે બે પોપચાં બનાવેલાં છે. આ પોપચાં જાણે પોતાની મેળે બંધ થતા બે દરવાજા હોયની. આંખને કોઇપણ પ્રકારની ઇજાનો સંભવ ઉત્પન્ન થાય કે તે પહેલા તો આ દરવાજા પોતાની મેળે બંધ થઈ જાય છે. પોપચાની ધારમાં વાળની હાર એક એક ગોઠવેલી છે તે પણ એજ મતલબથી કે આંખમા ધુળ વિગેરે કંઇ બહારનો પદાર્થ જાય નહિં. દરવાજા પાસે ચોકીદારોની હાર ગોઠવાઇ જાય છે, તે પ્રમાણે આ વાળ ગોઠવાઇ ગયલા હોય છે. રાત્રે આપણે સુઇ જઇએ છીએ ત્યારે આંખના ડોળાને બહારની હવા કે પવન લાગે નહિ તેને માટે રાત્રે પોપચાં બરોબર બંધ થાય છે એટલું નહિં પણ તેમાથી વરાળ પણ બહાર ન નીકળી શકે એવા બંધ થવા માટે પાંપણના વાળની નીચે એક ઘટ્ટ પદાર્થ પેદા કરતી કેટલીક નળીઓ આવેલી છે. આ ઘટ્ટ પદાર્થ બે પોપચાં વચ્ચે આવી જાય છે તેથી આંખની અંદરની વરાળ પણ બહાર આવી શકતી નથી અને તેને લીધે તેમજ બહારની હવા ડોળાને ન લાગતી હોવાથી ડોળો બિલકુલ સુકાતો નથી. ડોળો સુકાય તો પરિણામ ઘણું ખરાબ આવે છે. આ બાબતની પ્રતિતી આપણને ત્યારે થાય છે કે જ્યારે દરદી કોઇ તાવ કે એવા વ્યાધિને લીધે કેટલાક દિવસ સુધી બેશુદ્ધ પડી રહે અને તેની આંખ અર્ધ ઉઘાડી રહી

જાય છે. આંખ ઉઘાડી રહેવાથી ખુલ્લો રહેલો ડોળાનો ભાગ સુકાઈ જઈ ત્યાં ચાંદુ પડી આવે છે. હવે કદાચ થોડો ઘણો કચરો આંખની અંદર ગયો તો તેને ધોઇ નાંખવા માટે આંસુઓ તૈયારજ હોય છે. જ્યારે કચરો કે એવું કંઇ ધોઇ નાંખવાનું ન હોય ત્યારે ડોળાને ભીનું રાખવાને પુરતા થઈ પડે એટલાજ આંસુઓ પેદા થાય છે. જયારે કચરો વિગેરે ધોઇ નાંખવાનું હોય અથવા ધુમળા જેવા પદાર્થો જેનાથી આંખને નુકશાન થવાનો સંભવ હોય તેવા પદાર્થોની અસર ઓછી કરી નાંખવાની હોય ત્યારે પણ આંસુઓ જથાબંધ પેદા થાય છે. આ ઉપરાંત આંસુઓમાં એક બીજો પણ ગુણ હાલના વિદ્વાનોએ શોધી કહાડયો છે. આ ગુણ તે જંતુઓને મારી નાંખવાનો ગુણ છે. હવા અથવા કચરા માર્ફતે આંખમાં પડતાં જંતુઓ આંસુનો સ્પર્શ લાગવાથી મરી જાય છે અને આંખને કશું નુકશાન કરી શકતાં નથી. કચરો વિગેરે સાફ કરી નાંખવા માટે વધારામાં કુદરતે પોપચાંના પલકારા ગોઠવેલા છે. આ પલકારાથી પણ એક મિનીટમાં વીસેક વખત આખનો ડોળો સાફ થઇ જાય છે. આ બધી ગોઠવણ આંખને સ્વચ્છ રાખવા માટે કરવામાં આવી છે. હવે આંખની અંદર વધારે પ્રકાશ ન જાય તેને માટે પણ એવીજ અમુક ગોઠવણ રચવામાં આવી છે. આંખની અંદર રહેલા નેત્રદર્પણ જેવા નાજુક પડદાને વધારે તેજથી નુકશાન થાય છે. આંખની અંદર વધારે તેજ દાખલ ન થાય તેને માટે આખા ડોળાની અંદર કાળો રંગ આવેલો છે. માત્ર એકજ કીકી વાટેજ પ્રકાશ આંખમાં દાખલ થઇ શકે છે. આ કીકીમાં પણ ઘણીજ બારીક પણ ચોકસ ગોઠવણ રાખેલી છે. જો પ્રકાશ થોડો હોય તો કીકી મોટી થાય છે એટલે વધારે પ્રકાશ આંખની અંદર દાખલ થઇ શકે છે પણ જો પ્રકાશ વધારે હોય તો કીકીનો એકદમ સંકોચ થઈ જાય છે એટલે ઘણો થોડોજ પ્રકાશ આંખમાં દાખલ થાય છે. આ બધી બાબતો ઉપરથી આપણે સહજ વિચારી શકીએ છીએ કે આંખને તે તંદુ-

રસ્ત રાખવા માટે કુદરતે કોઇપણ જાતની ઉણપ રાખી નથી. માત્ર કુદરતે નિયત કરેલા કેટલાક નિયમો બરોબર પળાવા જોઇએ.

બાળક જન્મે ત્યાર પછી તરતજ તેને નવડાવવામાં આવે છે. નવડાવતી વખતે આંખોને પણ ધોવામાં આવે છે. ત્યાર પછી આપણા લોકોમાં બાળકની આંખમાં કાજળ નાંખવામાં આવે છે. યુરોપીયનો જેવી કોમોના બાળકોની આંખોમાં કંઇ પણ નાંખવામાં આવતું નથી. બન્ને કોમોના બાળકોની આંખો સરખાવતાં ખીલ જેવાં વ્યાધિ યુરોપીયન બાળકોની આંખોમાં જવલેજ જોવામાં આવે છે. આગળ કહેવામાં આવ્યું છે તે પ્રમાણે કાજળ બાળકની આંખમાં નાંખવાથી કોઇ જાતની હરકત નથી. તેમ કાજળની ખાસ જરૂર હોય એમ પણ અમે માનતા નથી. માત્ર કાજળ નાખવામાં એક જોખમ રહેલું છે જે આગળ કહેવામાં આવ્યું છે; તો પણ ફરીથી તે કહીએ છીએ. જો કાજળ નાખનાર સ્ત્રીની આંખમાં ખીલ જેવા વ્યાધિ હોય અથવા તેની આંખ આવી હોય તો તે સ્ત્રી પોતાની આંગળી પોતાની આંખને લગાડી ત્યાર પછી તરતજ કાજળની દાબલીમાં આંગળી બોળશે તો કાજળ દુઃષિત થશે એટલું જ નહિ પણ જે બાળકની આંખમાં કાજળ નાખવામાં આવશે તેને ખીલ થવાનો અથવા આંખ આવવાનો સંભવ રહે છે. જો તે સ્ત્રીને પ્રમેહજન્ય પ્રદરનો વ્યાધિ હોય તો તે તેવી સ્ત્રીએ કોઇપણ બાળકને કાજળ નજ નાખવું એજ વધારે સારૂં છે. જો તેને પ્રદરનો વ્યાધિ હશે અને તેનો ચેપ બાળકની આંખને લાગશે તો ભયંકર જાતનો આંખનો સોજો થઇ આવવા સંભવ રહે છે અને તેને પરિણામે કદાચ બાળકની આંખ જવાનો પણ ભય રહે છે. વળી આગળ કહેવામાં આવ્યું તે પ્રમાણે દરેક બાળક માટે કાજળની દાબલી જુદી રાખવી જોઇએ. આપણા સ્ત્રી વર્ગમાં ખાસ કરી ગામડાઓમાં એવો રિવાજ છે કે પોતાને ઘેર કાજળની દાબલી ન હોય, અથવા સારા કાજળ ન હોય તો કોઇકને ઘેરથી કાજળની દાબલી માગી લાવે છે. આવી રીતે માગી

લાવી નાંખેલું કાજળ વાપરવામાં પણ ઉપર સમજાવ્યું તે પ્રમાણે જોખમ રહે છે, આવી રીતે કોઇ આપણે ત્યાંથી કાજળની દાબલી માગી જાય તો દાબલી તેનેજ આપી દેવી તે ઉત્તમ માર્ગ છે અને આપણે બીજી નવી દાબલી બનાવી લેવી જોઇએ. બાળકની આંખ કેટલીક વખત ઉઠી આવે છે. તેના કારણો આગળ સમજાવવામાં આવ્યા છે. અહીં પણ સ્વચ્છતાની ખામી એ મુખ્ય કારણ છે. બાળકનું મોઢું લુંછવા માટે ખાસ ટુવાલ કે લુગડાનો કટકો રાખવો જોઇએ અને તેનો ઉપયોગ બીજા કશા માટે ન કરવો. બાળક પાંચ સાત વર્ષનો થાય અને ભણવાનું શરૂ કરે ત્યારે નીચેની બાબતો ઉપર ધ્યાન રાખવું. તેને લખવા વાંચવાનો ઓરડો પુરતા અજવાળા વાળો હોવો જોઇએ. બની શકે ત્યા સુધી તેને બેસવાનો પાટલો કે ખુરસી ટેબલ ઉત્તર તરફની બારી આગળ ગોઠવવો જોઈએ જેથી તેને સરખું અજવાળું મળે. ખુરસી ટેબલની બેઠક હોય તો ટેબલ એટલી નીચી ન જોઇએ કે ચોપડી ઉપર બાળકને પોતાનું માથું નમાવી રાખવું જોઇએ કારણ કે તેમ કરવાથી આખ નીચેના ભાગમાં રહે છે અને ગુરૂત્વાકર્ષણના નિયમાનુસાર તેમાં વધારે લોહી ભરાય છે અને તેથી આંખનો ડોળો લાંબો થઇ ટુંકી નજર શરૂ થાય છે. આને માટે ઊંચી ડેસ્ક અથવા ઢાળી ટેબલ વધારે ઉપયોગી થાય છે. બની શકે તો તે ડેસ્ક એવી જોઇયે કે તેનું ઉપરનું પાટીઉં ઊંચું નીચું થઇ શકે અથવા ખુરસીની બેઠક ઉચી નીચી થઇ શકે એવી જોઇએ જેથી દરેક બાળકની ઉંચાઇના પ્રમાણમાં ખુરસી અને ડેસ્ક ગોઠવી શકાય. બાળક ચોપડી આંખની નજદીક ન રાખે તેની સંભાળ રાખવી; કારણ કે તેમ થવાથી સારી આખ હોય તેમાં ટુંકી નજર શરૂ થાય છે. ટુંકી નજર એવું દરદ છે કે એક વખત શરૂ થયું તો પછી તેને અટકાવવું મુશ્કેલ પડે છે જો બાળકને અક્ષરો જોવામાં હરકત પડતી હોય તો સારા નેત્ર વૈદ્ય પાસે આખની તપાસ કરાવવી જોઇએ. બાળકને જે ચોપડી વાચવા આપવામાં

આવે તેના અક્ષરો ઝીણા ન હોવાં જોઈએ. કુમળી અવસ્થાના બાળકોને બની શકે ત્યાં સુધી રાત્રે વાંચવા આપવું નહિ. જો વાંચવા વિના નજ ચાલે તો બતીનો પ્રકાશ પુરતો હોય તેમ ગોઠવણ કરવી. અહીં કેવી જાતની બતી આંખને હિતકારક છે તે સંબંધી બે બોલ લખવા ઠીક પડશે. આજના વખતમાં મુખ્યત્વે કરીને વીજળીના, ગ્યાસના, ઘાસલેટ તેલના જુદી જુદી જાતના ચીમનીવાળા, એસેટીલીનના, પેટ્રોલના, કોપરેલ તેલના, તલના તેલના, અને એરંડીયા તેલના દીવાઓ વાપરવામાં આવે છે. તે ઉપરાંત મીણની અને માછલીના તેલની બનાવટની "મીણબતીઓ" પણ વપરાય છે. આ બધી જાતોની બતીઓમાંથી કઇ જાતની બતી વાપરવી સારી છે એમ સ્વભાવિક પ્રશ્ન થાય છે. આજના જમાનાના નેત્રવૈદ્યોએ અનુભવને પરિણામે નકી કર્યું છે કે વીજળીની બતી બધી જાતની બતીઓ કરતાં શ્રેષ્ટ છે; કારણકે (૧) તેમાંથી કોઇ જાતનો ધુમાડો કે બીજો કોઇ હાનિકારક પદાર્થ નીકળતો નથી. (૨) તે બહુ ગરમ નથી. (૩) તેનું તેજ સ્થીર છે. વીજળીની બતીઓ વપરાતા ગોટાઓ અથવા ગ્લોબો ઓછામાં ઓછા ૧૬ મીણબતી જેટલો પ્રકાશ આપનારા આવે છે અને વધારેમાં વધારે ૫૦૦ અને તેથી પણ વધારે પ્રકાશ આપનારા આવે છે. આ ગોટાઓમાં બે જાતના ગોટાઓ મુખ્યત્વે કરીને વાપરવામાં આવે છે. કાર્બન ગ્લોબ અને ટ્રોનવાયર ગ્લોબ કાર્બન, ગ્લોબમાં કાર્બન નામના કોલસાને મળતા પદાર્થના તાર બતીના અંદર ગોઠવેલા હોય છે અને વીજળીનો પ્રવાહ તેને લાગતાં તે લાલચોળ થઇ પ્રકાશ આપે છે. આ દીવાઓનો પ્રકાશ મંદ અને ઠંડો લાગે છે પણ આ દીવાઓમાં વીજળીનો પ્રવાહ વધારે વપરાઇ જતો હોવાથી તેનું ખર્ચ વધારે આવે છે. ટ્રોન વાયર ગ્લોબમાં અથવા લેમ્પમાં ઝીણા એક જાતની ધાતુના ગોઠવેલા હોય છે. આ ધાતુના તાર વીજળીના પ્રવાહથી ગરમ થતાં બહુ તેજ આવે છે. અમારા મત પ્રમાણે જે લોકો ૧૬ બતીથી વધારે પ્રકાશ આપનારા દીવાઓ

વાપરે છે તે લોકો પોતાની આંખને વધારે પ્રકાશ મળવાની ટેવ પાડે છે તેથી બીજું કશું નુકશાન કદાચ નહિં થતું હોય પણ તે લોકો-ને જ્યારે ઓછા પ્રકાશમાં અથવા જ્યાં વીજળીના દીવાઓ ન હોય તેવે ઠેકાણે વાંચવું પડે છે ત્યારે બહુ મુશ્કેલ પડે છે. અમારી એ સલાહ છે કે જેમ બને તેમ ઓછી બતીના પ્રકાશ વાળા દીવા વાપરવા. વીજળીના દીવાથી બીજે નંબરે ગ્યાસના દીવા આવે છે. આ દીવાઓ ઉપર મેન્ટલ ચડાવેલા હોય તોજ તેને બીજે નંબરે મુકી શકાય છે. ગ્યાસનું તેજ વીજળીના તેજ જેટલું સ્થીર હોતું નથી એટલે વીજળી કરતાં તેને બીજે નંબરે મુકવામાં કોઇ જાતે વાંધો નથી. જ્યાં વીજળી કે ગ્યાસ હોતા નથી ત્યાં આજના વખ-તમાં ધાસતેલના જુદી જુદી જાતના દીવા વપરાય છે. આ જાતના દીવાઓમાં સાદામાં સાદી બતી, એક ટીનની દાબલી અને તેમાં એક વાટ નાંખેલી હોય એ રૂપે હોય છે. આ જાતની બતીઓ ઘણી રીતે નુકશાન કરે છે. ધાસતેલનો કાળો ધુમાડો ઘર અને દીવાલોને ખરાબ કરે છે એટલુંજ નહિં પણ તે ધુમાડો ઓરડાની અંદર રહેલા મનુષ્યોના ફેફસાંમાં નાકમાં અને આંખોમાં જાય છે અને આ ત્રણે અવયવોના શ્લેષ્માવરણોમા રતાસ અને ક્વચિત સોજો પેદા કર્યા વગર રહેતું નથી. જે ઓરડામાં આવા ધાસતેલના ખુલા દીવા બળતા હોય તે ઓરડામાં આખી રાત સુનારા માણસોના બળખા અને નાકમાંથી નીકળતા શ્લેષ્મનો કાળો રંગ ઘણા માણસોને પરિચિત હોવો જોઇએ. આવી બતી તો બની શકે ત્યાં સુધી બિલકુલ વાપ-રવી ન જોઇએ. કાચની ચીમની ચડાવેલી ધાસતેલની બતીઓ તેમજ કીટસન લાઇટ અને તેને મળતી જાતની બતીઓ પણ આંખને માટે બહુ સારી તો ન ગણી શકાય. આપણા લોકોમાં સાધારણ માન્યતા એવી છે કે વાંચવા માટે મીણબતી અથવા કોપરેલની બતી સારી અને ઠંડો પ્રકાશ આપનારી છે. આ માન્યતામાં ઘણે દરજ્જે સચાઇ છે. માત્ર એટલી સગવડ કરવામાં આવી હોય કે બતી સ્થીર બળે

તો બધી રીતે આવી બતીઓ સારી છે. મીણબતીને માટે કેન્ડલ સ્ટીક અથવા આપણા લોકો જેને "કાનસ્ટી" કહે છે તે કાચના ફોટા સહીત હોવી જોઇએ. કોપરેલ તેલ બાળવા માટે એક ખાસ જાતની બતી આવે છે, અને જેને "રીડીંગ લેમ્પ" અથવા વાંચવાની બતી કહે છે તે ઉત્તમ છે. એટીલીનના દીવાઓ ઘરમાં બિલકુલ બાળવા લાયક નથી. તેમાંથી જે ગ્યાસ નીકળે છે તે ઘણી ઝેરી છે અને લાંબો વખત શ્વાસની સાથે જાય તો નુકશાન કરે છે. પેટ્રોલના દીવાઓમાં કેટલેક દરજ્જે જોખમ રહેલું છે અને પેટ્રોલ દરેક ઠેકાણે ન મળવાથી ચાલુ વપરાશમાં આવ્યા નથી. વળી આવા દીવાઓ ઘણા પ્રકાશવાળા હોવાથી વાંચવા માટે વાપરવા ઠીક નથી. તલ અને એરંડીયા તેલના દીવા બહુ ઓછો પ્રકાશ આપતા હોવાથી તેની મદદ વડે વાંચવાથી આંખને ખેંચવી પડે છે એટલે વાંચવા માટે આવા દીવા વાપરવાની ભલામણ કરી શકાતી નથી. ચંદ્રમાના અજવાળામાં વાંચવાની કેટલાક લોકોને ટેવ હોય છે અને તેઓ પોતાની આંખની શ્રેષ્ટા માટે ગર્વ કરે છે. આવા લોકોના લાભ માટે કહેવું જોઇએ કે ચંદ્રમાના અજવાળાથી વાંચવાથી આંખ ખેંચાય છે અને લાબો વખત વાંચવાથી આંખ થાકે છે. અલબત ચંદ્રમાનું અજવાળું ઠંડુ છે પણ વાંચવા માટે તે પુરતું નથી. હાલે વિલાયતમાં સૂર્યના અજવાળાની બરોબર નકલ કરે એવું અજવાળું પેદા કરનારા દીવાઓ નીકળ્યા છે. આ દીવાઓ હજુ આપણા મુલકમાં આવ્યા નથી. અલબત આવા દીવાઓ આંખને માટે સારા હોય એમાં કશો શક નથી પણ એવા દીવાઓ ખર્ચાળ એટલા બધા હોય છે કે શ્રીમંત લોકો સિવાય બીજાઓને તે વાપરવા પરવડી શકે કે કેમ એ સવાલ છે.

બાળકને ઓરી, માતા, અછબડા જેવા રોગો થાય છે અને તેમાં અછબડામાં આંખને કંઇ હરકત આવતી નથી. ઓરી અને માતામાં આંખને સારી રીતે જોખમ રહે છે અને ગામડાઓમાં

ઘણા લોકોની આંખમાં ફુલાં જોવામાં આવે છે તેનું મુખ્ય કારણ આ ગણી શકાય.

કેટલાંક બાળકોને એવી ટેવ હોય છે કે આખો દિવસ તેઓ પોતાનું મોહું ચોપડીમાંથી બહાર કહાડતાંજ નથી. વળી કેટલાક માબાપો પોતાના છોકરાઓને જેમ વધારે વખત વાંચે તેમ સારૂં એમ સમજી ઘણો વખત વાંચવા માટે આગ્રહ કરે છે. આ રીત કોઇ તરેહ પસંદ કરવા જેવી નથી. કુદરતે આપણી આંખ એવી બનાવી છે કે જ્યારે આપણે છેટે જોતા હોઇએ ત્યારેજ આંખ આરામની સ્થીતિમાં હોય છે. નજદીકનું કંઇપણ કામ કરતાં તેને થોડો ઘણો શ્રમ તો પડે છેજ. આવી રીતે વિશેષ શ્રમ આપવાથી આંખ થાકે એમાં કંઇપણ નવાઇ નથી. માટે નાના બાળકોને એકી વખતે એથી વધારે કલાક વાંચવા દેવા નહિં. એક બે કલાક વાચે કે ત્યાર પછી થોડો વખત આરામ લેવા દેવા. જે જે સુચનાઓ બાળકના વાંચવાના ઓરડાના સંબંધમાં આપવામાં આવી તેજ સુચનાઓ બાળકની શાળાના ઓરડા માટે સમજવી. અમેરિકા અને જર્મની જેવા સુધરેલા દેશોમાં શાળાઓના ઓરડાઓ પુરતા હવા અજવાળા છે કે નહિં તેની તપાસ રાખવા માટે યોગ્ય વૈદકીય સલાહકારો રાખવામાં આવે છે. આ ડાકટરો વળી દરેક વિદ્યાર્થીની ત્રણ ત્રણ મહિને કે છ છ મહિને શારીરિક તપાસ કરે છે. જો કંઇપણ ખામી જોવામાં આવે તો વિદ્યાર્થીના વાલીઓને જાણ કરવામાં આવે છે. આવી જાતની વૈદકીય તપાસનું ધોરણ મુંબઇની કેટલીક શાળાઓમાં દાખલ કરવામા આવ્યું છે અને તેને લીધે કેટલાક માબાપોને પોતાના બાળકોમાં કંઇ રોગ છે કે નહિં તેની જાણ પણ થાય છે. પણ તેના ઉપર ધ્યાન આપી યોગ્ય ઉપચાર કરાવનારા માબાપો બહુ થોડા હોય છે. ઉપર કહ્યા પ્રમાણે સુધરેલા દેશોની શાળાઓમાં ભણતા બાળકોની શારીરિક તપાસને પરિણામે જો આંખની કંઇપણ ખામી જોવામાં આવે છે તો તે બાળકને યોગ્ય નેત્રવૈદ્ય પાસે મોકલી તેની આંખની

પુરતી તપાસ કરાવવામાં આવે છે અને તે તપાસને પરિણામે જે જે સુચનાઓ નેત્રવૈદ્ય કરે છે તેનો પુરતી રીતે અમલ થાય છે. તે મુલકોમાં ઘણેભાગે વિદ્યાર્થીઓને રહેવાનું તેમજ ખાવા પીવાનું શાળાના અધિકારીઓની દેખરેખ નીચેજ હોય છે એટલે નેત્રવૈદ્યની સુચનાઓ ઉપર અમલ કરવાનું પુરતી રીતે અને સહેલાઇથી બની શકે છે. આવી કાળજી રાખવાથી અમેરિકા અને જર્મની જેવા દેશોમાં, જ્યાં આજથી વીસેક વર્ષ પહેલાં ટુંકી નજરવાળાનું પ્રમાણ વધતું જતું હતું, તેને બદલે વીસ વર્ષ પહેલાં હતું તેના કરતાં ઘણે દરજ્જે ઓછું કરવામાં આવ્યું છે. આ બધા લખાણનું તાત્પર્ય એટલુંજ કે બાળકની આંખમાં સહજ પણ ખામી જોવામાં આવે કે તરતજ યોગ્ય નેત્રવૈદ્યની સલાહ લેવી અને ત્યાર પછી તેણે કરેલી સુચનાઓ બરોબર પાળવી અથવા પળાવવી.

સૂર્ય ગ્રહણ જોવાથી થતી હાનિ—કેટલાંક બાળકો સૂર્ય ગ્રહણને સાદા કાચમાંથી જુએ છે. તેમને એટલું ભાન નથી હોતું કે સૂર્ય ગ્રહણને જોવા માટે કાચ ઉપર મેસ ચડાવવો જોઇએ. આ પ્રમાણે સૂર્ય ગ્રહણને કાચમાંથી જોવાથી કેટલોક વખત સુખી નજર તદન બંધ થઇ જાય છે. કેટલાંક દરદીઓને વખત જતાં દૃષ્ટિ સાફ થઇ જાય છે અને કેટલાંકમાં થોડી ઘણી ખામી રહી જાય છે. જ્યારે સૂર્ય ગ્રહણ આવે ત્યારે સાદા કાચમાંથી ગ્રહણને ન જોવા બાળકોને સમજાવટ આપવી જોઇએ.

સીનેમા જોવાથી થતી હાનિ—આજકાલ, ખાસ કરી મોટા શહેરોમાં સીનેમેટોગ્રાફ જોવાનો શોખ બહુ વધી પડયો છે. સ્વભાવિક રીતે બાળકોને સીનેમા જોવા બહુ પસંદ હોય છે. સીનેમા એટલે ચાલતા ચિત્રો. આ ચિત્રો એટલી બધી ઝડપથી ચલાવવામાં આવે છે કે જુદા જુદા ચિત્રો એકજ ચિત્ર તરીકે લાગે છે. વળી કેટલાક સીનેમાઓમાં અજવાળું ઓછું વધારે થયા કરે છે. આથી ઘણી આંખોને નુકશાન થાય છે. નબળી આંખોને નુકશાન થવાનો

વધારે સંભવ હોય છે. પડદાની પાસેજ બેસનારાઓને પણ નુકશાન થવાનો વધારે સંભવ હોય છે. નાના બાળકોને સીનેમા જોવા જેમ બને તેમ થોડી વખત લઇ જવા અને લઇ ગયા હોઇએ ત્યારે પણ પડદાથી છેટે બેસાડવા.

ઊંઘ ઓછી થવાથી આંખને થતું નુકશાન—શરીરનો જેમ દરેક અવયવ કામ કર્યા પછી આરામ માગે છે તેમ આંખ પણ કામ પછી આરામ માગે છે. આંખને ખરેખરો આરામ તો નિદ્રામાંજ મળી શકે છે. નિદ્રા કેટલી લેવી જોઇએ તેને માટે જુદા જુદા વિદ્વાનોના જુદા જુદા મત છે. કેટલાક દશ કલાકની નિદ્રા જરૂરની ધારે છે, કેટલાક છ કલાકની બસ ગણે છે. અમારા મત પ્રમાણે તંદુરસ્ત શરીરને સાત કલાકથી ઓછી નિદ્રા ન જોઇએ. બાળકોને વધારે જોઇએ. તેમને માટે ઓછામાં ઓછી આઠ કલાકની નિદ્રા તો જોઇએજ. હવે નાટક સીનેમા જેવા મોજ શોખના સાધનોને લીધે બાળકોની નિદ્રામાં ખલલ પહોંચે તો તેથી આંખને મળતો આરામ ઓછો થાય છે અને આરામ ઓછો મળવાથી આંખ થાકે છે. પરિણામે ટુંકી નજર જેવા વ્યાધિ શરૂ થાય છે.

અહીં બાળકોની આંખો સારી રાખવા માટે શું શું સંભાળ રાખવી જોઇએ તે ફરીથી લખી જઇએ છીએ.

(૧) **બાળકની આંખ ઉપર સીધું અજવાળું ન પડે તેની ખાસ સંભાળ રાખવી**—બાળકને સુવાડવાની જગ્યા એવી જોઇએ કે તેની આંખ ઉપર બારીમાં આવતું અજવાળું અથવા સૂર્યના કિરણો તેની આંખ ઉપર ન પડે. બતી અથવા દીવો પણ એવી રીતે ગોઠવવો કે તેનું સીધું અજવાળું આંખ ઉપર ન પડે. વીજળીની બતી હોય તો તેના ઉપર નીલા અથવા રાતા રંગનું શેડ લગાડવું જોઇએ. બાળક નિદ્રામાં હોય અને તેની આંખો બંધ હોય તે છતાં પણ અજવાળું તેની આંખની અંદર જઈ શકે એ વાત ભુલવી ન જોઇએ. કારણકે બાળકનાં પોપચાં ઘણાં ઝીણાં હોય છે. બાળકને બાબા ગાડીમાં ફેરવવા લઇ જવામાં આવે

તે વખતે પણ ગાડીની ધમણ એવી રીતે રાખવી કે તેના મોંઢા ઉપર અજવાળું ઓછું પડે.

(૨) બાળકના જન્મ પછી પ્રમેહ જન્ય આંખનો સોજો થાય છે, એ આગળ કહેવામાં આવ્યું છે. આ દરદને અટકાવવા માટે શું શું કરવું જોઇએ એ પણ આગળ કહેવામાં આવ્યું છે. આ દરદ ઘણું ભયંકર છે અને તેના પરિણામ બહુ ખરાબ આવે છે એમ પણ આગળ સમજાવવામાં આવ્યું છે.

(૩) બાળક રમવાનું શરૂ કરે તે વખતે તેને જે રમકડાં આપવામાં આવે તે બહુ નાના ન જોઇએ. કારણકે નાના રમકડાંને બરોબર જોવા માટે બાળક પોતાની આંખની બહુ નજદીક લે છે. એ પ્રમાણે રમકડાંને આંખની નજદીક લેવાની ટેવ પડે છે તેથી જ્યારે બાળક વાંચવાને શરૂ કરે છે ત્યારે તે ચોપડી આંખની નજદીક લે છે. આ બે કારણોથી ટુંકી નજરનો પાયો મંડાય છે. આમ ન બને તેની ખાસ સંભાળ રાખવી જોઇએ. બાળક ભણવાનું શરૂ કરે ત્યારે જે ચોપડીઓ આપવામાં આવે તેના અક્ષર મોટા અને લીટીઓ છુટી છુટી જોઇએ. ઝીણા અક્ષરવાળી ચોપડીઓ બાળકના હાથમાં ન મુકવી જોઇએ. કીન્ડરગાર્ટન રીતથી બાળકને શીખવવામાં આવતો હોય તો તેમાં રાખેલી ચીજો નાની ન હોવી જોઇએ.

(૪) **બાળકનો અભ્યાસ ક્યારે શરૂ કરવો**—જો બાળક બરોબર તંદુરસ્ત હોય તો સાતથી આઠ વર્ષની અવસ્થાએ તેને નિશાળ મોકલવો એમ યુરોપ અને અમેરિકા તરફના વિદ્વાનોનો મત છે. બાળક જો નબળો હોય તો ૧૨ વર્ષની અવસ્થાએ અભ્યાસ શરૂ કરવો. આપણા કમ ભાગ્યે આપણને તે પરવડી શકતું નથી; કારણકે બાળકને સ્વભાષાની પાંચેક ચોપડીઓ શીખવાની હોય છે. ત્યારપછી અંગ્રેજી અભ્યાસ શરૂ કરવાનો હોય છે અને ૧૬–૧૭ વર્ષની અવસ્થાએ તો તેણે મેટ્રીકની પરીક્ષા પસાર કરવાની હોય છે. એટલે આપણા બાળકોને, ખાસ કરી છોકરાઓ જે પાંચથી ૭ વર્ષના બાળકોને

અભ્યાસ શરૂ કરાવવામાં આવે છે. પરિણામે કાલેજોના વિદ્યાર્થીઓ, અને ભણેલા વર્ગમાં યુવકાનો મોટા ભાગ ચશ્મા પહેરનારો થઇ પડે છે અને કેટલાકની આંખ તો એટલે દરજ્જે ખરાબ થઈ જાય છે કે તેમને અભ્યાસ છોડવો પડે છે. આ સ્થીતિના ઉપાય નેત્ર-વૈદ્યોના હાથમાં તો નથી. એ તો જ્યારે કેળવણીની આવી પદ્ધતિ ફેરવવામાં આવે અને શાસ્ત્રીય વિષયો સ્વભાષામાંજ શીખવવાની ગોઠવણ થાય ત્યારેજ વિદ્યાર્થીઓ ઉપરથી બોજો ઓછો થાય અને ત્યારેજ બાળકોને સાત આઠ વર્ષની અવસ્થાએ અભ્યાસ શરૂ કર-વાનું પરવડે. બાળકનો અભ્યાસ શરૂ થાય ત્યારે વધારે વખત વાચવા લખવાનું રાખવું ન જોઇએ. બેકવર્ષ પછી થોડું કામ વધારવું જોઇએ. આ બાબત ઉપર આપણા કેળવણી અધિકારીઓ લક્ષ આપે એમ તેમને અમારી વિનંતી છે.

જો બાળક ચોપડી આંખની બહુ નજદીક લેવા સિવાય નજ વાંચી શકતો હોય તો પછી તેને કોઇ સારા નેત્રવૈદ્ય પાસે લઈ જવો એજ ઉત્તમ રસ્તો છે. જો તેની સલાહ ચશ્મા આપવાની થાય તો તો ચશ્મા અવશ્ય અપાવવાજ જોઇએ. આવે વખતે ખોટા વહેમ અથવા શરમ રાખવી એને માત્ર મુર્ખતાજ કહી શકાય. કારણકે જો ચશ્મા ન લેવામાં આવે તો આંખ દિવસાદિવસ વધારે ને વધારે બગડે છે. જો ચશ્મા વેળાસર આપવામાં આવે તો ઘણી વખત ચશ્મા ઉતરી જાય છે અને થોડો વખત ચશ્મા વાપર્યા પછી બાળક ચશ્મા વગર ચલાવી લઇ શકે છે. આવા ટુંકી નજરવાળા બાળકો માટે ખાસ સંભાળ લેવાની જરૂર હોય છે. તેમને વાંચવા લખવાનું એકી વખતે લાંબો વખત સુધી ન કરવા આપવું જોઇએ. શરીરનો બાંધો સારો રહે તેની તજવીજ રાખવી. ચોપડીઓ પણ મોટા અક્ષરોવાળી આપવી-ઇત્યાદિ સુચનાઓ આગળ આપવામાં આવી છે.

(૫) ખીલ જેવા ચેપી રોગ બાળકોને લાગુ પડે નહિં તેને માટે શું શું સંભાળ રાખવી તે આગળ કહેવામાં આવ્યું છે. અહીં

ફરી ભાર દઈ કહેવું જોઇએ કે ખીલ જેવા વ્યાધિ એવી જાતના છે કે એક વખતે આંખમાં તે દાખલ થયા તો પછી તેને નિર્મૂળ કરવામાં અસાધારણ ખંત, ધીરજ અને ખર્ચ જોઇએ છીએ. આ ત્રણે બાબતોમાં આપણા લોકો ઘણા પછાત છે. ખીલને આપણા લોકો સાધારણ દરદ સમજે છે. તેના પરિણામ કેટલા ભયંકર આવે છે તેનો ખ્યાલ તેમને હોતો નથી. જ્યારે કોઇ નેત્રવૈદ્યની સલાહ લેવામાં આવે છે અને જ્યારે તે નેત્રવૈદ્ય "છ માસ, કે બાર માસ પર્યંત દવા ચાલુ રાખવી જોશે એમ અભિપ્રાય આપે છે ત્યારે દરદીના લાગતાવળગતા માત્ર એકજ અર્થ કરે છે અને તે એ કે "ડાક્ટરો તો પોતાના સ્વાર્થ માટે એવા અભિપ્રાય આપે, બાકી ખીલ જેવા સાધારણ દરદ માટે એટલો લાંબો વખત દવા તે હોય" આવા ટુંકા વિચારોને લીધે થોડો વખત દવા લઇ ખીલ જરા નરમ પડે એટલે દવા છોડી દે છે. થોડો વખત રહી ખીલ ફરી જોર કરી આવે છે. એમ ચાલ્યાજ કરે છે અને દરદીની આંખો દિવસો દિવસ ખરાબ થતી જાય છે એટલુંજ નહિં પણ બીજા કેટ-લાક ખીલને પરિણામે થતાં વ્યાધિ આંખમા થતાં આવે છે; માટે ખીલનો ચેપ ન લાગે તેને માટે પુરતી કાળજી રાખવી અને કદાચ ખીલ આંખમાં શરૂ થાય તો તે તદન નાબુદ થાય ત્યાં સુધી કાળજી પૂર્વક તેના ઉપચાર ચાલુ રાખવા.

યુવાવસ્થા અને ત્યાર પછી આંખની લેવી જોઈતી સંભાળ– યુવાવસ્થા એ જીંદગીનો સારામાં સારો ભાગ ગણી શકાય. જેમ જીંદગીના એ ભાગમાં શરીર સારામાં સારી સ્થીતિમાં રહેવું જોઇએ તેમ આંખો પણ જો તંદુરસ્ત હોય તો સારામાં સારી રહેવી જોઇએ. અહીં એટલું યાદ રાખવાનું છે કે આંખો સારામાં સારી હોવા છતાં આ અવસ્થાએ આંખોને કામ પણ એટલુંજ કરવું પડે છે. ખાસ કરી મોટા શહેરોની પ્રવૃતિમય જીંદગીમાં અને આજના જમાનામાં વધી પડેલા અભ્યાસક્રમને લીધે આંખ ઉપર બોજો પણ અપાર પડે

છે. તંદુરસ્ત આંખો તો ઘણે ભાગે આવી સહેલાઇથી સહી શકે છે પણ જે આંખો આગળથીજ નબળી હોય, ટુંકી નજરવાળી હોય, અથવા બીજી રીતે ચસ્માના ઉપયોગથીજ કામ આવતી હોય તેવી આંખોની પુરતી સંભાળ રાખવામાં ન આવે તો જીંદગીના આ ભાગમાં અવશ્ય વધારે બગડે છે. ટુંકી નજરવાળી આંખો આજ અવસ્થામાં વધારે બગડે છે. વાંચનારને યાદ આપવાની જરૂર છે કે ટુંકી નજર જન્મથી હોતી નથી. કદાચ હોય તો બહુ થોડા લોકોમાંજ હોય છે. બાકીના જેટલા ટુંકી નજરવાળા દરદીઓ જોવામાં આવે છે તે બધા દરદીઓમાં આંખને નજદીકના કામ માટે વધારે વાપરવાથીજ નુકશાન થાય છે; તેમાં પણ ખાસ કરી લખવા વાંચવાનું કામ વધારે કરવામાં આવે તેમ આંખ વધારે ખેચાયછે અને ટુંકી નજર વધે છે. આવા દરદીઓએ ખાસ ત્રણ બાબતની સંભાળ રાખવાની જરૂર છે. (૧) વાંચવાની અથવા અભ્યાસની ચોપડીઓના અક્ષરો ઝીણા ન હોવા જોઇએ. કુદરતની એક વિચિત્રતા છે કે જેઓ ટુંકી નજરવાળા હોય છે તેઓ ઘણે ભાગે વાંચવાના બહુ શોખીન હોય છે. જો આ શોખ પુરો પાડવા તેઓ ઝીણા અક્ષરની ચોપડીઓ વાંચે તો તેમને ચોપડી આંખની બહુ નજદીક લેવી પડે છે અને તેથી આંખ ખેંચાય છે. રેનોલ્ડન નોવેલો જેવા પુસ્તકો આવા ઝીણા અક્ષરોના પુસ્તકોના નમુના તરીકે ગણી શકાય. (૨) વાંચવાની ચોપડી ઉપર અજવાળું પુરતું પડવું જોઇએ. વિલાયત જેવા દેશોમાં સૂર્યનું અજવાળું ખાસ કરી શિયાળામા બહુ ઓછું મળતું હોવાથી વાંચવા માટે બતીના પ્રકાશ ઉપરજ આધાર રાખવો પડે છે. આપણે ત્યાં દિવસના ભાગમાં સૂર્યનો પ્રકાશ પુરતો મળે છે. આ પ્રકાશનો લાભ સારી રીતે મળે એ કારણથી વાંચનારે ઉત્તર તરફની બારી પાસે બેસવું જોઇએ અને પોતાની બેઠક એવી રીતે ગોઠવવી જોઇએ કે પોતાની ડાબી બાજુ તરફથી પ્રકાશ ચોપડી ઉપર પડે. રાત્રીને સમયે પણ બતી એવાજ રીતે ગોઠવવી જોઇએ કે

બતીનો પ્રકાશ પાછળના ભાગમાંથી તેમજ ડાબી બાજુથી માત્ર ચોપડીઓ ઉપરજ પડે. કેટલાક વિદ્યાર્થીઓ બતીને પોતાની સામે રાખી, પોતાના કપાળ ઉપર શેડ રાખે છે. આ રીત બહુ પસંદ કરવા જેવી નથી. કારણકે સામેથી આંખ ઉપર પ્રકાશ આવવાથી આંખ ખેંચાય છે અને તેથી તેને થાક લાગે છે. (૩) વાંચવાનો વખત એકી સાથે બહુ લાંબો ન રાખવો—જેમ લાંબો વખત ચાલવાથી પગ થાકે છે, હાથે કામ કરવાથી હાથને થાક લાગે છે તેમ આંખને પણ એકજ તબકે બહુ લાંબો વખત વાપરવાથી થાક લાગે છે. આ થાક તંદુરસ્ત આંખવાળાને અસર કરે છે તેના કરતાં ટુંકી નજરવાળાઓને વધારે નુકશાન કરે છે. માટે એકાદ બે કલાક વાંચી પંદરવીસ મીનીટ સુધી આંખને આરામ આપવો. આંખને આરામ આપવાનો સારો રસ્તો એ છે કે આંખ બંધ કરી પડી રહેવું. આ સ્થીતિમાં આંખને મુકવાથી તેને વધારેમાં વધારે આરામ મળે છે કારણકે તેના ઉપર બતીનો કે સૂર્યનો પ્રકાશ સુદ્ધાં પડતો નથી.

યુવાન સ્ત્રી પુરૂષોએ ચાલતી ગાડી વિગેરેમાં વાંચવાથી થતી હરકત સામે—પ્રવૃતિના જમાનામાં, ખાસ કરી મોટા શહેરોમાં કામવાળા માણસોને વર્તમાનપત્રો વિગેરે વાંચવાનો વખત બહુ ઓછો મળે છે એટલે તેઓ એવું વાંચન ટ્રેનમાં, ચાલતીમોટરમાં અથવા ચાલતી ગાડીમા કરે છે. એકતો વર્તમાનપત્રોના અક્ષરો ઝીણા હોય છે તેમાં વળી ટ્રેન વિગેરે ચાલતાં, અક્ષરો અને આંખ ની વચ્ચેનું અંતર દર સેંકડે બદલાય છે. આ બદલાતાં અંતરને પહોંચી વળવા આંખનું [૧]નેત્રસંયોજન દર વખતે બદલાય છે.

---

(૧) નેત્રસંયોજન શબ્દ વાંચકવર્ગને નવો લાગશે એટલે નેત્રસંયોજન એટલે શું તે અહીં સમજાવવાની જરૂર છે. આપણે જ્યારે આંખથી દૂર એટલે ૨૦ વીસ અથવા તેથી દૂર જોઇએ છીએ ત્યારે આપણી આંખ આરામની સ્થીતિમાં હોય છે. વીસ ફીટની અંદરની ચીજો જોવા માટે અંતરના

અને તેથી આંખમાં રહેલાં ઝીણાં સ્નાયુઓ થાકે છે. કેટલાક માણસોને ટ્રેનમાં અથવા મોટરમાં લાંબો વખત વાંચવાથી લમણામાં ભાર અથવા દુઃખાવો થાય છે તેનું આ કારણ છે. એટલા માટે અમારી ખાસ સલાહ છે કે પોતાની આંખ સારી સ્થીતિમાં રાખવા ચાહનારા માણસોએ ટ્રેનમાં અથવા મોટરમાં બની શકે ત્યાં સુધી વાંચવું નહિં.

સૂતે સૂતે વાંચવાની ટેવ ઘણા માણસોને એવી ટેવ હોય છે કે પલંગમાં કે ગાદલામાં સુઈ, વાંચે ત્યારેજ તેમને ઉંઘ આવે. વળી કેટલાક જમ્યા પછી જરા આળોટતા હોય અને વાંચતા હોય. આ ટેવ બિલકુલ પસંદ કરવા જેવી નથી. અલબત આવી રીતે સૂઇને વાંચવાથી શરીર આરામની સ્થીતિમા રહે છે એ ખરૂં, પણ આંખને તો તેથી ઘણીજ ખેંચ પડે છે; માટે સૂતે સૂતે વાંચવાની ટેવ પસંદ કરવા જેવી નથી.

મોઢા ઉપર જાળી રાખવાથી થતું નુકશાન હાલ યુરોપ જેવા સુધરેલા મુલકોમાં સ્ત્રીવર્ગ, ખાસ કરી શ્રીમંત કુટુંબોના સ્ત્રીવર્ગમાં મોઢા ઉપર એક ઝીણી જાળી પહેરવાનો રિવાજ દાખલ થયો છે. સંભવ છે કે આ રીત ચહેરાની ખુબસુરતી જાળવવા માટે હશે. યુરોપના સ્ત્રીઓની નકલ પણ આપણા લોકોમાં, ઘણે ભાગે પારસી સ્ત્રીઓમાં દાખલ થઇ છે. જો જાળી મોટા છિદ્રોવાળી હોય તો આંખને બહુ ખેંચ પડતી નથી પણ છિદ્રો જો બહુ બારીક હોય તો આંખને

પ્રમાણમાં આંખની અંદર રહેલા સ્નાયુને સંકોચાવું પડે છે અને વાંચવા લખવા જેવા નજદીકના કામો માટે તો વિશેષ સંકોચ થાય છે. આંખની અંદર રહેલા સ્નાયુના સંકોચને લીધે આંખમાં રહેલા સ્ફટિકરૂપ રસનું ઉદ્‌બંધન ઢીલું પડે છે અને તેથી આ રસ, જે ઘણું સ્થીતિસ્થાપક છે તે વધારે બાહ્યગોળ બને છે. આ બાહ્યગોળતા આંખ અને ચોપડી વચ્ચેના બદલાતા જતા અંતર પ્રમાણે બદલાય છે. આ પ્રમાણે સ્ફટિકરૂપ રસની બદલાની બાહ્યગોળતા તેને નેત્રસંયોજન કહેવામાં આવે છે.

બહુ ખેંચ પડે છે. આટલા કારણથી આ રિવાજ આંખને હાની-કારક ગણી શકાય.

યુવાવસ્થામાં થતાં પ્રમેહ, ઉપદંશ ઇત્યાદિ વ્યાધીઓથી આંખને થતું નુકશાન–પ્રમેહ, ઉપદંશ જેવા વ્યાધઓ માણસને કોઇ પણ અવસ્થાએ થઇ શકે પણ જો દરદોના કારણો જોતાં યુવાવસ્થામાં થવાનો વધારે સંભવ ગણી શકાય. આ બન્ને દરદો આંખને બહુ નુકશાનકર્તા છે. વધારે નુકશાનકર્તા કયું દરદ છે તે કહેવું મુસ્કેલ છે માટે આપણે એક એક દરદથી થતું નુકશાન જુદું જુદું વર્ણવીએ.

પ્રમેહથી થતું નુકશાન—

આગળ કહેવામાં આવ્યું છે કે પ્રમેહમાં દરદીને મૂત્રમાગમાંથી સફેદ અથવા પીળા રંગનું પરૂ પડે છે. આ પરૂમાં અસંખ્ય જંતુઓ હોય છે. જો દરદીની આંગળીઓ અથવા હાથ અથવા રૂમાલ કે બીજા કોઇ કપડાને આ પરૂનો સ્પર્શ થાય અને પછી તે આંગળી કે હાથ કે કપડું દરદીની અથવા બીજા કોઇની આંખને અડકે તો તે આંખમાં એક ભયંકર જાતનો સોજો થાય છે. આ સોજો બે રીતે ભયંકર છે. એક તો એ કે તેનાથી તે વખતે દરદીને વેદના, રતાશ, આંખનો સોજો ઇત્યાદિ ભયંકર લાગે એવા થાય છે અને તેથી પણ વધારે ભયંકર તેને લીધે આવતા પરિણામ છે. આ સોજાને પરિણામે દરદીની આંખમાં ઊંડા ચાંદા પડે છે. આ ચાં-દાઓ ઘણે ભાગે ઊંડા જઇ ફૂટે છે એટલે આંખનો શુકલમંડળનો ભાગ થોડો ઘણો ભાગ બદાઇ જાય છે અને પછી ફૂટે છે. ફૂટવાને લીધે આંખની અંદર રહેલા ભાગોએ થયલા જખમમા સપડાઇ જાય છે અને પરિણામે આંખના અંદરના ભાગોની રચના તદન બદલી જાય છે. જ્યારે રચનામાં ખલલ પહોંચે ત્યારે દૃષ્ટિમાં ખલલ પહોંચવી જ જોઇએ. દૃષ્ટિમાં જે અડચણ આવે છે તે તાત્કાલિક તે વખતે જ આવે છે એટલું જ નહિ પણ ઘણો લાંબો વખત સુધી દૃષ્ટિને નુકશાન કરનારા ફેરફારો ચાલુ થયા જ કરે છે અને

તેથી ઘણા દરદીઓમાં એક અથવા બે આંખની નજર જાય છે અને દરદીને અસાધ્ય અંધાપો પ્રાપ્ત થાય છે. એક આંખમાં સોજો આવેલો હોયતો બીજી આખમાં તેનો ચેપ લાગ્યા વિના રહેતો નથી. આ ભયંકર દરદ અને તેથી પણ વધારે ભયંકર તેના પરિણામો અટકાવવાનો માત્ર એક જ ઉપાય છે અને તે એકે પ્રમેહ ના દરદીએ જનનેંદ્રિયમાંથી નીકળતા પરૂનો સ્પર્શ જે હાથને થયો હોય તે હાથ બરોબર સાબુ અને પાણીથી અને ત્યારપછી રસકપુરના પ્રવાહી અથવા કારબોલીકના પ્રવાહીથી ધોઇ નાંખવો. આ બે દવાઓમાંની કોઇ હાથ ન લાગે તો કોલોનવોટરથી પોતાના હાથ બરોબર ધોઇ નાંખવા. આ પ્રમાણે હાથને ધોવા સિવાય પોતાની કે બીજા કોઇની આંખને આ હાથનો સ્પર્શ ન થાય તેની ખાસ સંભાળ રાખવી. રૂમાલ કે બીજું કોઇ કપડું એ પ્રમાણે દુઃષિત થયું હોયતો તો તેને તરત જ ઉકળતા પાણીમા ઉકાળી નાંખવું. આ ઉપરાંત આવા દરદીઓ પોતાની સ્રીઓને તેમ જ થનારા બાળકોને પણ ઘણા મોટા જોખમરૂપ છે. જો પુરૂષને પ્રમેહ હોય અને તે મટયા પહેલાં તે લગ્ન કરે તો તેનો ચેપ તેની સ્રીને લાગે છે, સ્રીને કદાચ પ્રમેહના બધા ચિન્હો જણાય કે ન જણાય પણ ચેપ તો સ્રીના ગુહ્યભાગમાં પડી જ રહેવાનો. હવે જ્યારે એવી સ્રીને બાળકનો પ્રસવ થાય છે ત્યારે તેના ગુહ્યભાગમાં રહેલો ચેપી પરૂ બાળકની આંખને પ્રસવ વખતે લાગે છે. અને તેને લીધે પ્રકરણ પેલામાં લખ્યા પ્રમાણે તે બાળકની આંખમાં સોજો થઇ તેની આંખોને જન્મતાં જ અથવા જન્મ પછી દશ પંદર દિવસની અંદર નુકશાન પહોંચે છે અને બિચારો બાળક પોતાના પિતા અથવા માતાના દોષને પરિણામે આખી જીંદગી અંધાપામાં ગાળે છે. આ ભયંકર સ્થીતિને અટકાવવા અને આવી જન્મ અંધતાનો સંભવજ ન રહે એવા ઇરાદાથી કેટલાક ડાકટરો અમેરીકા જેવા આગળ વધેલા મુલકોમાં, આવા પ્રમેહથી પીડાતા યુવકોને, દરદ મટયા

પહેલાં લગ્ન કરતા અટકાવવાનો કાયદો ઘડાવવા મથી રહ્યા છે. છેવટના ભયંકર પરિણામોનો વિચાર કરતાં આવા ડાકટરોને આપણે આપણી સહાનુભુતિ દર્શાવીએ તો જરાએ ખોટું નથી પણ હિંદમાં તેવા કાયદાના અથવા તેનો અમલ થવાના સ્વપ્ના લાવવાનો પણ આપણે ખ્યાલ ન કરી શકીએ.

પ્રમેહનો વ્યાધિ કેટલાક વખત સુધી દરદીના અંગમાં પડી રહ્યા પછી તેનું ઝેર લોહીમાં મળે છે અને તેને લીધે પણ આંખનો સોજો અને અંદર રહેલા પડદાનો સોજો કેટલીક વખત થઇ આવે છે. કાળા પડદાના સોજાને લીધે આંખને કેટલીક વખત નુકશાન પહોંચે છે.

આ ઉપરથી યુવાન સ્ત્રીપુરૂષોને ચેતવણી આપવાની કે પ્રમેહ જેવા વ્યાધિઓ એકાદ વખતની ભુલને પરિણામે પણ થઇ આવે છે અને એક વખત થયા પછી આંખને ભયંકર નુકશાનનો સંભવ રહે છે. બલકે હમેશને માટે અંધાપાનું ક્વચિત કારણ બને છે. આવા અસંખ્ય દાખલાઓ અમે જોયા છે, તેમાંનો એક કરૂણાજનક દાખલો અહીં આપીશું તો વાંચકવર્ગને કંઇક ચિતાર આવશે. એક બ્રાહ્મણનો એકનો એક છોકરો હતો. છોકરાને વિદ્યા કંઇ ભણાવી નહિં એટલુંજ નહિં પણ હલકા લોકોની સોબતમાં ચડવા દીધો. આ બ્રાહ્મણે અતિ કૃપણતા કરી કરી પાંચ પૈસા બચાવેલા. છોકરાની ઉમર સોળ વર્ષની થઈ ત્યારે જે કંઇ બચાવેલો પૈસો હતો તે છોકરાના હાથમાં સોંપી પરલોકવાસી થયો. પૈસો હાથમાં આવતાંજ છોકરો કુમાર્ગે ચડયો અને તેના પિતાના મરણ પછી માત્ર ત્રણ મહિનામાંજ બેઉ આંખોમાં પ્રમેહ જન્ય ચાંદાઓ લઇ અમારા પાસે આવ્યો, ચાંદાઓનું સ્વરૂપ જોઇ પ્રમેહ જન્ય હોવાનું નિદાન કર્યું અને તેવું મૂળ છોકરાને જણાવતાં પોતાની ભૂલ કબુલ કરી. મહા મહેનતે એક આંખમાં થોડી ઘણી દૃષ્ટિ લાવી શકાઇ, બીજી આંખ તો તદન ગઇ. ત્રણ વર્ષ પછી એવીજ મુર્ખતાને લીધે પ્રમેહનો

બીજો ઉથલો થયો અને જે કંઇ થોડી ઘણી દૃષ્ટિ મળી હતી તે ગઇ. આ વાતને પંદર વર્ષ થયા. સોળ વર્ષની અવસ્થાએ લગભગ આંધળો બનેલો, અને ઓગણીસ વર્ષની અવસ્થાએ તદન આંધળો બનેલો આ યુવક ભીખારી સ્થીતિમાં રખડતો અને દુઃખી થતો હજીપણ અમારી નજરે પડયા કરે છે.

ઉપદંશના વ્યાધિને લીધે પણ આંખને એક કરતાં વધારે રીતે નુકશાન થાય છે. જનનેંદ્રિય ઉપર ચાંદી થવા પછી લગભગ એક મહિના સુધી આંખમાં કશાં ચિન્હ જોવામાં આવતાં નથી. અંગ ઉપર ચાંઠાં નીકળવાનું શરૂ થાય ત્યારથી આંખના ચિન્હ દેખાવાનું શરૂ થાય છે. અલબત ઉપદંશના બધા દરદીઓને આંખમાં નુકશાન થતું નથી પણ ઘણાને થાય છે એ પણ ખરૂં છે. પહેલું ચિન્હ આંખમાં રતાશ જોવામાં આવે છે. ઘણે ભાગે રતાશ થવાની સાથે દરદીની આંખમાં તેમજ માથામાં સખ્ત વેદના થવાનું શરૂ થાય છે. આંખ પ્રકાશ બિલકુલ સહી શકતી નથી. આખમાથી પાણી પડયા કરે છે. આ બધા ચિન્હો આંખમાં રહેલા કાળા પડદાના સોજાના છે. આ પડદામાં સોજો થવાથી એક જાતનો રસ પેદા થાય છે. આ રસ કીકી (જે કાળા પડદામાં એક ગોળ છિદ્ર છે.) ની વચમાં આવી નજરમાં હરકત કરે છે. આગળ જતાં આ રસ બંધાઇ જાય છે. તેને લીધે કીકીની ધાર નીચે રહેલા કાચ જેવા સ્ફટીકરૂપ રસના પડને ચોંટી જાય છે; એટલુંજ નહિં પણ રસ બંધાઇ જવાથી એક ઝીણું કપડું કીકીમાં સીવી લીધું હોય તેવી સ્થાતિ ઉત્પન્ન થાય છે. આવી રીતે કપડા જેવું પડ કીકીની આડે આવવાથી દૃષ્ટિમાં ઘણીજ હરકત આવે છે. આટલેથી પુરતું થતું નથી; પણ દૃષ્ટિને વિશેષ નુકશાન તો હવે થવા માંડે છે. ઉપર કહ્યું તે પ્રમાણે કીકીની કિનારી નીચે રહેલા પડને ચોંટી જવાથી આંખની અંદર રહેલું પ્રવાહી અંદરનાજ ભાગમાં ગોંધાઇ રહે છે, તેને લીધે આંખની અંદર પ્રવાહીનું દબાણ વધી પડે છે. આ દબાણ પાછળની નસો ઉપર તેમજ આંખના

બધા ભાગો ઉપર અસર કરે છે અને તેને લીધે ઓછી થયલી નજર વધારે ઓછી થાય છે અને થતી જાય છે, અને છેવટે આંખ તદન જાય છે. કેટલાક દરદીઓમાં આંખ તદન ન જતાં થોડી ઘણી ખરી જાય છે. ઉપર જે જે વિક્રિયાનું વર્ણન આપ્યું તે ઉપદંશ થયા પછી એકાદ વર્ષની અંદર થાય છે. એકાદ વર્ષ નીકળી ગયા પછી અને દશ વીશ વર્ષ સુધીમાં કોઇપણ વખતે ઉપદંશના વિકારોને લીધે આંખમાં બાજી કેટલીક રીતે નુકશાન થઇ શકે છે. આવી રીતે નુકશાન કરનારી સ્થિતિઓમાં, કાચા પડદામાં ઉગતી નાની રસોળીમાં, કાચરૂપરસમાં થતી અપારદર્શકતાઓ, અને આંખની પછવાડેના ભાગમાં આવેલી દર્શનતંતુ નામની નસોનો સોજો મુખ્ય છે. આ ત્રણે વ્યાધિઓ ગંભીર વ્યાધિઓ છે અને તેનાથી દષ્ટિને સારી રીતે નુકશાન થાય છે. કાળા પડદામાં રસોળીઓ ઉગે તો બહારની તપાસ ઉપરથી જોઇ શકાય છે; બાકીની બે સ્થિતિઓમાં બહારની તપાસથી આંખ તદન સારી લાગે છે તે છતાં નજર દિનપરદિન ઘટતી જાય છે. અંદર રહેલી નસના સોજામાં આસ્તે આસ્તે નજર એટલે દરજ્જે ઓછી થઇ જાય છે કે દરદી પરાધીન થઈ જાય છે; અને જયારે એ નસનો ક્ષય શરૂ થાય છે ત્યારે નજર વધારે ઝડપથી ઘટે છે અને છેવટે આંખ તદન જાય છે. જ્યારે નજર તદન બંધ થઇ ગયલી હોય છે ત્યારે પણ જો આંખને બહારથી તપાસશું તો લગભગ તંદુરસ્ત આંખ જેવીજ દેખાશે. માત્ર અનુભવી નેત્રવૈદ્ય એટલું જોઇ શકશે કે કીકી ઉપર પ્રકાશ નાંખવાથી જે કીકીનો સંકોચ થવો જોઇએ તે આ સ્થીતિમાં થતો નથી અથવા નહિં જેવોજ થાય છે.

ઉપદંશ એ એવો ખરાબ વ્યાધિ છે કે દરદીને પોતાને તો ખુવાર કરી નાંખે છે એટલુંજ નહિં પણ તેની સ્ત્રીને પણ આ વ્યાધિ લાગુ પડે છે. સ્ત્રીને જો ઉપદંશનું દરદ લાગુ પડે તો ઘણે ભાગે તેને બચ્ચાં થતાં નથી અથવા થાય છે તો અધુરે જ જન્મે છે, એટલે કસુવાવડો ઉપરા ઉપરી થતી આવે છે. ઘણા વર્ષો ગયા પછી

જ્યારે દરદનું ઝેર ઓછું થાય છે ત્યારે બચ્ચાંઓ જીવતાં અવતરે છે ખરાં પણ તેઓ આ દરદ જન્મથી જ સાથે લેતાં આવે છે. શરીર ઉપર આ દરદના ઘણાંક ચિન્હો હોય છે પણ અહીં તેની સાથે આપણે સંબધ નથી. અહીં તો આપણે આંખને શું નુકશાન થાય છે તે જોવાનું છે. શરીરના બીજા ભાગો માફક આંખ પણ બચી જતી નથી. જેના માબાપોને ઉપદંશ થઇ હોય અને તેને લીધે બચ્ચાંઓને એ દરદ વારસા તરીકે મળે છે તેવા બચ્ચાંઓને લગભગ ૧૦–૧૨ વર્ષની અવસ્થાએ આંખનો એક ખાસ વ્યાધિ થાય છે. આ વ્યાધિમાં આંખમાં જે ઘડીયાળના કાચ જેવો વચલો પારદર્શક ભાગ છે તેમાં સોજો થાય છે. આ સોજાને લીધે આ કાચ જેવો ભાગ જાણે કાચને ઘસી નાંખ્યો હોય તેવો દેખાય છે અને તેમાં ઝીણી ઝીણી ઊંડી રક્તશિરાઓ દેખાવ દે છે. દરદીની આંખ લાલ થઇ આવે છે, આંખમાંથી પાણી પડયા કરે છે, તેજ સહન થતું નથી, અને દૃષ્ટિ ઘણીજ કમતી થઈ જાય છે. આ દરદને અંગે આંખમાં રહેલા અંદરના ભાગો જેવા કે કાળો પડદો ઇત્યાદિ તે ભાગોમાં સોજો થાય છે અને યોગ્ય ઉપચારો વેળાસર ન કરવામાં આવે તો આંખની નજરને સારી રીતે ધક્કો પહોંચે છે. આ વ્યાધિ મહિનાઓ પર્યંત ચાલે છે અને છેવટે ઉપર લખ્યું તે પ્રમાણે પરિણામ આવે છે. દરદીના સારા ભાગ્યે જો વેળાસર યોગ્ય ઉપચાર લેવામાં આવે તો દરદ સારૂં થઇ જાય છે અને દરદીની દૃષ્ટિ ફરી હતી તેવી થઇ જાય છે અથવા સહજ ખામી રહે છે.

આ લાંબુ લખાણ લખવાનો મુખ્ય હેતુ એ છે કે જે યુવકો ક્ષણિક સુખની લાલચોને વશ થઇ કુમાર્ગે ચડે છે તેઓ પોતાને નુકશાન કરે છે, એક કરતાં વધારે રીતે અંધાપો વોરી લેવાનું જોખમ ખેડે છે એટલુંજ નહિં પણ પોતાની સંતતિને પણ પોતાના પાપને લીધે ભોગવવું પડે એવી સ્થિતિમાં લાવી મુકે છે.

પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થામાં આંખની લેવી જોઇતી સંભાળ—આ અવસ્થાએ જેમ શરીરને સારૂં રાખવા માટે ખાસ કાળજી રાખવી પડે છે તેમ આંખને પણ સારી રાખવા માટે ખાસ સંભાળ લેવી પડે છે.

બેતાળાને લીધે અક્ષરો વિગેરે વાંચવામાં હરકત પડે છે તે તો આગળ કહેવામાં આવ્યું છે અને તેને માટે ચસ્માંની જરૂર પડે છે એ પણ આગળ કહેવામાં આવ્યું છે. અહીં ફરીથી કહેવાની જરૂર ધારીએ છીએ કે, જ્યારે ચસ્માંની જરૂર પડવા માંડે ત્યારે ખોટી શેખી ન કરતાં અને ચસ્માં વગર ચલાવવાની કોશેશ ન કરતાં વેળાસર ચસ્માં લેવાં. તેમ કરવાથી આંખને કેટલોક શ્રમ બચે છે અને તેથી કેટલાક ભયંકર વ્યાધિ થતા અટકે છે.

તડકામાં ફરવાથી થતું નુકશાન—જ્યારે તડકો બહુ સખ્ત હોય ત્યારે કોઈપણ આંખને ઠીક લાગતો નથી પણ યુવાન માણસોની આંખમાં તેથી વિશેષ નુકશાન થતું નથી. વૃદ્ધ મનુષ્યોની આંખની સ્થિતિ જુદી હોય છે, શુક્લમંડળ, સ્ફટીકરૂપરસ, અને કાચરૂપરસ જેવા ભાગોના પોષણનો આધાર રક્ત એટલે લોહીમાંથી નીકળતા પાણી જેવા પદાર્થ ઉપર છે. વૃદ્ધાવસ્થામાં એક તરફ આ ભાગો જીર્ણ બને છે, બીજી તરફ તેમના પોષણમાં ન્યુનતા આવવા માંડે છે. તોપણ જો શરીર તંદુરસ્ત હોય તો આ ભાગો પોતાનું ચલાવી લે છે. તડકામાં ફરવાથી શુક્લમંડળ જેવા ભાગો ઉપરથી પાણી સુકાતું આવે છે અને બીજું પાણી જલદી ઉત્પન્ન થતું નથી. એજ પ્રમાણે સ્ફટીકરૂપરસમાં એમજ બને છે અને તેથી મોતીઓ થવાનો વધારે સંભવ રહે છે. એ તો સિદ્ધ થયું છે કે તડકામાં ફરવાવાળા તેમજ બહુ ઉષ્ણ દેશોમાં રહેતા મનુષ્યોને મોતીઓ વિશેષ થાય છે. આજ કારણથી ચાલીસ પીસ્તાળીસની અવસ્થા પછી તડકામાં જેમ બને તેમ થોડું ફરવું. ફરવાની ખાસ જરૂર જણાય તો કાળા કે કાળાપીળા રંગના ચસ્માં આંખ ઉપર લગાડવાં. આવા

ચશ્માં ઘણી જાતનાં આવે છે. ઘણા વર્ષો પહેલાં આવાં ચશ્માં બહુજ સાદાં આવતાં. બે બાજુ લોઢાની જાળી આવતી અને એક એક આંખ આગળ એક એક કાળો કાચ આવતો. પાછળ બાંધવા માટે રબરની દોરી આવતી. પાછળથી બાજુમાં પણ કાળા કાચવાળાં ચશ્માં આવવા લાગ્યાં. ત્યારપછી બાજુમાં જાળીવાળા અને કાળા કાચવાળા ચશ્મા આવવા લાગ્યા. પાછળથી કાળા કાચ કરતાં અમ્બરના રંગના એકલા પીળા કાળા કાચ વધારે ઠંડા રહે છે એમ સમજાતાં તેવા રંગના ચશ્માં આવતાં. હાલ આ જાતનાં ચશ્માંમાં, બીજી જાતનાં ચશ્માંની માફક ઘણા સુધારા વધારા કરવામાં આવ્યા છે. ધાતુની કમાનો, જે તડકામાં ગરમ થઇ જતી તેને બદલે કચકડા જેવી, બનાવટી કચકડાની કમાનો બનાવવામાં આવે છે. આવી કમાનો તદન કચકડાની અથવા અંદર ધાતુ અને ઉપર કચકડાનું પડ આપી બનાવવામાં આવે છે. આ કમાનો હલકી અને તરત ગળી ન જાય એવી હોય છે. કાચમાં પણ સુધારો કરવામાં આવ્યો છે. સાદા રંગવાળા કાચોને બદલે સર વિલીયમક્રુકશ નામના રસાયણ શાસ્ત્રીએ બનાવેલા રસાયણી કાચો વાપરવામાં આવે છે. આ કાચોમાં એવી રસાયણી બનાવટ કરેલી હોય છે કે તેમાંથી પસાર થતાં સૂર્યના કિરણો પૈકી જે આંખને નુકશાન કરનારા કિરણો છે તે પસાર થતાં અટકી જાય છે. આ કાચમાં પણ ત્રણ જાતો આવે છે. A. B. અને U. A. જાતના કાચમાં સહજ કાળાશ જણાય છે. B માં વધારે કાળાશ હોય છે અને U પીળા કાળા રંગના હોય છે. જ્યારે જ્યારે આવા "આંખને ઠંડક" આપનારા ચશ્માંની જરૂર જણાય ત્યારે સાદા કાળા કાચવાળા ચશ્માં ન લેતાં આવા રસાયણી કાચના ચશ્માં લેવાં વધારે સારાં છે.

તંબાકુ, દારૂ, ઇત્યાદિ કેફી ચીજોની આંખ ઉપર અસર— હાલના વખતમાં ચા, અને તંબાકુનો ઉપયોગ બહુજ વધી પડેલો છે. આ બે વસ્તુઓ આંખને નુકશાન કર્તા છે કે નહિં તે સંબંધી કંઇક કહેવું જરૂરનું છે.

શરીરને આથી નુકશાન થાય છે એ બાબતમાં ઘણાક વિદ્વાન ડાક્ટરો લગભગ એકમત છે. જઠરાગ્નિ મંદ થાય છે, દસ્તની કબજીઅત થાય છે ઇત્યાદિ દોષો ચા ઉપરથી સાબિત થયા છે; પણ ચા વધારે પીવાથી આંખ ઉપર કંઇ ખરાબ અસર થાય છે એમ કોઇ વિદ્વાને સાબીત કર્યું છે એમ અમારા જાણવામાં નથી. આ ઉપરથી કોઇએ ઉંધો અર્થ કરવાનો નથી કે ચાના અમે હિમાયતી છઇએ. ચાથી હિંદુસ્તાનના વતનીઓને શારીરિક અને આર્થિક અનહદ નુકશાન થયું છે અને થાય છે એ અમે સ્પષ્ટ જોઇએ છીએ અને ચાનું વ્યસન જેમ નાબુદ થાય તેમ અમે ઇચ્છીએ છીએ. છતાં પણ સત્યતાની ખાતર કહેવું જોઇએ કે ચાથી આખને કશું નુકશાન થાય છે એમ અમારા જાણવામાં નથી.

તંબાકુની વાત આથી તદન જુદીજ છે. તમાકુમાં જે એક કરતાં વધારે ઝેરી તત્વો રહેલાં છે તે તત્વો આંખની અંદર રહેલી નસને નુકશાન કરે છે. આપણા આંખના ડોળાના પાછળના ભાગમાં એક સુતરની જાડી દોરી જેવી નસ આવેલી છે. આ નસ આંખના ડોળાને મગજ સાથે જોડે છે. આ નસ અસંખ્ય તંતુઓની બનેલી છે. તમાકુનો જે લોકો બહુ ઉપયોગ કરે છે તેમની નસના અમુક તંતુઓ કેટલીક વખતે મરી જાય છે અથવા તેમનો ક્ષય થાય છે એમ તપાસને પરિણામે ચોકસ જાણવામાં આવ્યું છે અને આ ક્ષયને લીધે આંખની નજરમાં થોડી ઘણી હરકત આવવા વિના રહેતી નથી. હવે તમાકુનો બહુ ઉપયોગ એ શું? આ બાબતમાં જુદી જુદી પ્રકૃતિના મનુષ્યો ઉપર જુદી જુદી અસર થાય છે. કેટલાક લોકો દરરોજની પચાશ બીડીઓ અથવા સીગારેટો અથવા બે ડઝન એટલે ચોવીશ ચીરૂટો કોઇપણ જાતની હાનિ વગર વાપરી શકે છે, બીજા કેટલાક તેનાથી અડધી વાપરવા છતાં દૃષ્ટિને નુકશાન કરી બેસે છે. તોપણ એટલું તો ચોકસ કહી શકાય કે દરરોજની પંદરથી વધારે બીડીઓ અથવા સીગારેટો અને છ થી વધારે ચીરૂટો

કોઈક વખત આંખને નુકશાન કરવાનો સંભવ રહે છે. વળી જે લોકોની પાચન શક્તિ સારી નથી હોતી, જે લોકોના ગુરદા બરોબર કામ કરતા નથી, એટલે જે લોકો તંબાકુનું ઝેર શરીરની બહાર સહેલાઈથી કહાડી શકતા નથી તેમને વધારે નુકશાન થવા સંભવ રહે છે. હુકામાં તંબાકુ પીનારાઓને કવચિતજ નુકશાન થાય છે. બીડી અને સીગારેટો પીનારાઓને કંઇક વધારે નુકશાન થાય છે. ચીરૂટો પીનારાઓને તેથી વધારે નુકશાન થાય છે અને પાઈપ એટલે ભુંગળીમાં તંબાકુ પીનારાને વધારેમાં વધારે નુકશાન થાય છે.

તંબાકુના ઝેરને લીધે આંખમાં કેવી જાતની અંધતા આવે છે તથા તેમાં શું શું ચિન્હો જોવામાં આવે છે તેનું વિગતવાર વર્ણન મારા "નેત્રરોગ" નામના પુસ્તકમાં આપવામાં આવ્યું છે. અહીં એટલું જ કહેવું બસ થશે કે વૃદ્ધાવસ્થામાં આંખને સારી હાલતમાં રાખવા ઇચ્છનારાઓએ તંબાકુનો જેમ બને તેમ ઓછો ઉપયોગ કરવો. કદાચ કરવા વિના મન નજ રહે તો હુકાનો ઉપયોગ કરવો, બીજે દરજ્જે બીડી અથવા સીગારેટ વાપરવી, અને ચીરૂટ અને ભુંગળીનો તો ઉપયોગ નજ કરવો-એજ સલામતી ભરેલું છે.

જો તંબાકુ વધારે વાપરવાથી આંખને નુકશાન થતું જાણવામાં આવે તો તંબાકુ એકદમ છોડી દેવી, અને પાચન શક્તિ સુધરે એવા ઉપાયો લેવા. વધારામાં ઝેરકોચલાની ફાકી કોઈ કુશળ વૈદ્યની સલાહ પ્રમાણે લેવાથી દૃષ્ટિમાં સુધારો થાય છે.

દારૂ—જેમ તંબાકુ આંખને નુકશાન કરે છે તેમ દારૂ પણ નુકશાન કરે છે. કેટલાકનો મત એવો છે કે એકલા દારૂથી અથવા એકલી તંબાકુથી બહુ નકશાન થતું નથી પણ જ્યારે એ બે દુષ્ટ ચીજો સાથે મળે છે ત્યારે વધારેમાં વધારે નુકશાન થાય છે. અમારા મત પ્રમાણે એક દુષ્ટ મનુષ્ય પણ નુકશાન કર્તા છે, અને બે મળે ત્યારે વધારે નુકશાન કરે છે; તેમ તંબાકુ કે દારૂ બેમાંથી કોઇપણ એક નુકશાન તો કરે છેજ પણ જ્યારે બન્ને સાથે મળે ત્યારે

વિશેષ નુકશાન કરે છે. દારૂ પીનારા લોકોનાં લીવર (કલેજું) અને ગુરદા ઘણે ભાગે બહુ સારી સ્થિતિમાં હોતાં નથી અને તેને લીધે તંબાકુ જેવા ઝેર શરીરની બહાર મુશ્કેલીથી નીકળી શકે છે એટલે નુકશાન કરવા માટે તે ઝેરો અંગમાં રહી શકે છે.

દારૂમાં પણ તંબાકુની બાબતમાં કહ્યું તે પ્રમાણે બધાને સરખું નુકશાન થતું નથી. કેટલાક લોકો વર્ષો પર્યંત સારી રીતે લઈ શકે છે અને તે છતાં તેમને જાણવાજોગ નુકશાન થતું નથી, જ્યારે બીજા કેટલાક લોકો થોડો લે છે તે છતાં તેમને તરતજ નુકશાન કરવા માંડે છે. વિલાયતી દારૂ કરતાં દેશી દારૂ વધારે નુકશાન કરે છે એમ ઈંગ્રેજી ડાકટરોનો મત છે.

દારૂને લીધે આંખમાં જણાતા ચિન્હોનું વર્ણન પણ અહીં આપવું જરૂરનું ધાર્યું નથી. માત્ર એટલું કહેવું બસ થશે કે દારૂ વાપરનારાઓને જયારે જ્યારે આંખમાં હરકત આવવા માંડે ત્યારે તેમણે દારૂ વાપરવો બંધ કરવો અને યોગ્ય નેત્રવૈદ્યની સલાહ લેવી.

દારૂથી આંખને થતું નુકશાન એ વિષય ચર્ચતી વખતે એક બાબત ઉપર ઇસારો કરવા સિવાય રહેવાતું નથી અને તે રંગમાં વપરાતા મેથીલેટેડ સ્પીરીટ બાબતમાં છે. મેથીલેટેડ સ્પીરીટમાં જેને ડીનેચર્ડ સ્પીરીટ કહે છે તેનાથી બહુ નુકશાન થતું જોયું નથી પણ જે ખરૂં મેથીલેટેડ સ્પીરીટ છે તેનાથી આંખને જરૂર નુકશાન થાય છે. આ દારૂનો ઉપયોગ રંગ વારનીસમાં કરવામાં આવે છે એટલે તેની અસર રંગવાળા અને વારનીસનું કામ કરનારાઓ ઉપર થાય છે અને કવચિત તરતજ રંગાવેલા ઘરમાં રહેનારા સ્ત્રી પુરૂષો અને બાળકો ઉપર થાય છે. આંખમાં હરકત થવા ઉપરાંત ઉલટી, ઝાડો વિગેરે ચિન્હો પણ જણાવા માંડે છે.

ઉપર લખી ઝેરી ચીજોથી અળગા રહેવા ઉપરાંત વૃદ્ધાવસ્થાએ પહોંચેલા મનુષ્યોએ આંખને સારી રાખવા માટે સુવા ઉઠવાનો વખત નીયમીત રાખવો. બની શકે ત્યાં સુધી રાત્રે વાંચવું લખવું

નહિં અને વિના કારણે આંખને ખેંચવી નહિં; તેમજ વૃદ્ધાવસ્થામાં આંખને તરત જ નુકશાન લાગી જાય છે એ વાત ધ્યાનમાં રાખી આંખમાં સહજ પણ દરદ થાય તો તેનો તરત યોગ્ય ઉપચાર કરવો. આમ કરવાથી ઘણી વખત વધારે નુકશાન થતું બચી જાય છે. આંખમાં થતાં ચાંદાંઓ તેનું દૃષ્ટાંત છે. મોટી ઉમરના સ્ત્રી પુરૂષોમાં આંખમાં ચાંદાઓ બહુ જલદી અને સહેલાઈથી પડી આવે છે. આ ચાંદાઓના ઉપચાર જો શરૂઆતમાંજ કરવામાં આવે તો સહજસાજ નુકશાન થઇ અથવા કંઈ પણ નુકશાન થયા વિના મટી જાય છે પણ જો તેજ ચાંદાઓને થોડો વખત એમજ ચાલવા દેવામાં આવે તો ઘણી વખત આંખનો નાશ થાય છે.

સમાપ્ત.